# વૈષ્ણવજન

# ડો. રામભાઇ પટેલ



# વૈષ્ણવજન

# ડૉ. રામભાઈ પટેલ




સંપાદક

**મણિભાઈ પ્રજાપતિ**



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ

કડી- 2022

**VAISHNAVAJAN DR. RAMBHAI PATEL**
*Ed. by* Manibhai Prajapati
Published by Vallabhbhai M. Patel, Chairman,
Sarva Vidyalaya Kelavani Mandal,
Sarva Vidyalaya Campus,
Opp, Railway Station Kadi-382715,
Dist. Mehsana, Gujarat
First Edition : December 2022

પૃષ્ઠ : 12 + 156

પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર, 2022

કિંમત ₹ 500

પ્રકાશક
**વલ્લભભાઈ એમ. પટેલ**
ચૅરમૅન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,
સર્વ વિદ્યાલય કૅમ્પસ,
રેલવે સ્ટેશન સામે,
કડી-382715,
જિ. મહેસાણા, ગુજરાત

મુદ્રક ટાઇપસેટિંગ
**શારદા મુદ્રણાલય**
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-6.
ફોન : 26564279 ઇ-મેઈલ : sharda.mudranalay@gmail.com

**બ્રહ્મલીન પ્રમુખસ્વામી મહારાજ**
**સદ્‌ગત માણેકલાલ પટેલસાહેબ**
**સદ્‌ગત ડૉ. રામભાઈ પટેલ-ની**
પુણ્યસ્મૃતિમાં સાદર અર્પણ

ડૉ. રામભાઈ સમાજહિતૈષી વૈષ્ણવજન હતા. બીજાનાં દુઃખે દુઃખી થવું અને ઉપયોગી થવું એ રામભાઈનો જીવનમંત્ર હતો. કવિ નરસિંહ મહેતાએ વૈષ્ણવજન કાવ્યમાં જે-જે ગુણોનું નિદર્શન કર્યું છે તે તમામ ગુણો ડૉ. રામભાઈમાં હતા. નાત, જાત કે અન્ય કોઈ અવરોધોને અવગણીને ગુણદર્શન અને પરોપકારને જ અપનાવેલ હતા. પરિણામે ડૉ. રામભાઈ લોકપ્રિય ડૉક્ટર, સેવાભાવી માનવી અને શૈક્ષણિકક્ષેત્રોની ગુણવત્તા સુધરે તેવા તમામ પ્રયત્નો જિંદગીભર કરતા હતા.

મનુભાઈ જે. પટેલ

*

કરણનગર ગામના સૌ પ્રથમ ડૉક્ટર એવા શ્રી ડૉ. રામભાઈસાહેબે પોતાના મિલનસાર સ્વભાવથી, ઉદાર દાનવીર રહી પોતાનાં માતાપિતા અને વતનનું નામ ઉજાગર કર્યું છે.

ડૉ. કનુભાઈ ધનાભાઈ પટેલ

*

પૂજ્ય રામભાઈકાકાનું મોટું ઋણ મારે શિરે એ છે કે મારા પિતાશ્રીના આકસ્મિક નિધન બાદ તેમણે અમને પૂરી પાડેલી હૂંફ. કૌટુંબિક અને સંસ્થાનાં કામકાજમાં મને જે પ્રેરણા, પ્રોત્સાહન, માર્ગદર્શન અને પીઠબળ પૂરાં પાડ્યાં છે તે અણમોલ હોઈ સદાકાળ સ્મરણીય બની રહેશે. તેઓશ્રી એક ડૉક્ટર અને વ્યક્તિ તરીકે ખરા અર્થમાં ઋજુસ્વભાવના અદના-સ્ફટિક સમ નિર્મલ વ્યક્તિ હતા. તેમના મુખારવિંદ ઉપર કરુણા, અહિંસા અને પરહિત કાજે કંઈક કરી છૂટવાની ભાવના સહજમાં દૃષ્ટિગોચર થતાં.

વલ્લભભાઈ એમ. પટેલ

*

નથી વિદ્વતા વાપરી દેશદાઝે,
નથી વાપરી પાઈ જો લોકકાજે.
નથી કામ કીધાં સ્વદેશાભિમાની,
વૃથા જન્મ ખોયો કરી શી કમાણી.

- દલપતરામ

# પ્રાક્કથન

પૂજ્યપાદ બ્રહ્મલીન પ્રમુખસ્વામી મહારાજના વિશેષ કૃપાપાત્ર, પૂજ્ય સાધુ ભક્તિપ્રિયદાસજી - કોઠારીસ્વામી (શ્રી સ્વામિનારાયણ મંદિર, દાદર, મુંબઈ)ના સર્વ વિદ્યાલયમાં સહાધ્યાયી, પ્રબુદ્ધ સ્વામિનારાયણ સત્સંગી, માનવધર્મી ડૉક્ટર અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના સદ્‌ગત પ્રમુખ - સેવક ડૉ. રામભાઈ પટેલસાહેબની સ્મૃતિમાં સંપાદિત પ્રસ્તુત ગ્રંથ **'વૈષ્ણવજન ડૉ. રામભાઈ પટેલ'**ને આવકારતાં પ્રસન્નતાની લાગણી અનુભવું છું. ડૉ. રામભાઈસાહેબે M.B.B.S.ની ડિગ્રી મેળવ્યા બાદ થોડાંક વર્ષો પ્રારંભમાં સરખેજના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ત્યાર બાદ કટોસણ રોડમાં ખાનગી પ્રેક્ટિસ કર્યા બાદ વર્ષ 1967માં કડીમાં પોતાની ડૉક્ટરી પ્રેક્ટિસ શરૂ કરીને કડીને જીવનપર્યંત કર્મભૂમિ બનાવી હતી. એક ઉમદા સેવાપરાયણ ડૉક્ટર અને મૂઠી ઊંચેરા માનવ એવા ડૉ. રામભાઈસાહેબનું કડીનગર અને સવિશેષતઃ સર્વ વિદ્યાલય ઉપર ભારે મોટું ઋણ રહ્યું છે. સમયાંતરે સર્વ વિદ્યાલય કેળવણીમંડળમાં વિવિધ હોદ્દાઓ ઉપર સેવાઓ આપવાની સાથે-સાથે વખતોવખત મંડળને દાન પણ આપતા રહ્યા હતા. તેમણે છેલ્લે વર્ષ 2017માં મંડળને રૂપિયા એક કરોડનું દાન આપ્યું હતું, જેમાં તેમનાં ઉદારચેતા દાનવીરતા અને સર્વ વિદ્યાલય માટે કંઈક કરી છૂટવાની ભાવનાનાં દર્શન જોઉં છું. તેમના દૂરંદેશિતાશીલ, સમર્પિત અને પ્રતિબદ્ધ નેતૃત્વ હેઠળ સર્વ વિદ્યાલયે નોંધપાત્ર પ્રગતિ સાધી છે. આ લખી રહ્યો છું ત્યારે મારા પિતાશ્રી અને આ મંડળના પૂર્વ-ચૅરમૅન સ્વ. માણેકલાલ એમ. પટેલસાહેબ અને ડૉક્ટરસાહેબ (મારા પૂજ્ય રામભાઈકાકા) વચ્ચેનો ઉદાહરણસ્વરૂપ હેતભાવ અને આ બંનેએ સર્વ વિદ્યાલય અને કડીનગરનાં પોતીકી કર્તવ્યનિષ્ઠા સાથે અનાસક્તભાવે સંપન્ન કરેલાં કાર્યો મારા માનસપટલ ઉપર તાજાં થયાં છે, જેની ગદ્‌ગદિત હૈયે નોંધ લેતાં ગર્વની લાગણી અનુભવું છું.

પૂજ્ય ડૉક્ટરસાહેબની સ્મૃતિ જાળવવાના સદાશયથી તેમની સાથે અંતરંગ નાતો ધરાવનાર સમાજજીવનની વિવિધ ક્ષેત્રોની વ્યક્તિઓનો સંપર્ક કરતાં તેમના દ્વારા પ્રાપ્ત થયેલાં સંસ્મરણો અહીં ગ્રંથસ્થ કરવામાં આવ્યાં છે. આ બધાં સંસ્મરણો ડૉ. રામભાઈસાહેબના ઉમદા વ્યકિતત્વની ઓળખના અરીસા સમાન દીપી રહ્યાં છે. મને પૂર્ણ શ્રદ્ધા છે કે આ બધાં સંસ્મરણો તેના વાચકને ડૉ. રામભાઈસાહેબ એટલે શું તેનો સ્નેહભીનો પરિચય કરાવવાની સાથે જ પોતાના જીવનઘડતર માટેનો ભાવિ રાહ પસંદ કરવામાં ઉપકારક બની રહેશે. અહીં ગ્રંથસ્થ સંસ્મરણોના લેખકો અમારા જ્ઞાનયજ્ઞના ઋત્વિજો છે, તેમણે શ્રદ્ધાભાવ સાથે અર્પેલ સંસ્મરણોરૂપી સમિધ માટે આ સૌ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરું છું અને ખાસ તો ડૉ. રામભાઈસાહેબના સુપુત્રો શ્રી કિરીટભાઈ પટેલ અને શ્રી પ્રદીપભાઈ પટેલે હૃદયના ઉમળકાથી આ સ્મૃતિગ્રંથના પ્રકાશનનો સઘળો ખર્ચ ઉપાડી લઈને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીને પ્રકાશકનું શ્રેય અપાવવા બદલ - તેમની ઉદાહરણ સ્વરૂપ ઉમદાભાવના માટે અભિવંદના પાઠવું છું.

તારીખ : 01-07-2022
અષાઢી બીજ

**વલ્લભભાઈ એમ. પટેલ**
ચૅરમૅન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,
કડી - ગાંધીનગર
પ્રેસિડેન્ટ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

# સંપાદકીય

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના સદ્ગત પ્રમુખ ડૉ. રામભાઈ પટેલસાહેબ (1937-2021) કડીનગરના એક સેવાભાવી ડૉક્ટર હોવાની સાથે સર્વ વિદ્યાલય અને કડી નગરને જીવનપર્યંત સમર્પિત બની રહ્યા હતા. તેમણે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના મંત્રીશ્રી (1976-77થી 2008-09), ઉપપ્રમુખ (2009-10થી 2011-12) અને પ્રમુખ (2012 13થી તા. 13 મે, 2021) તરીકે સેવાઓ આપી હતી. આ ઉપરાંત કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રથમ ડાયરેક્ટર (કુલપતિ) તરીકે પણ સેવાઓ આપી હતી. કડીનગરના એક સહૃદયી અને તજ્જ્ઞ ડૉક્ટર, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સન્માનનીય હોદ્દેદારશ્રી, આર્થિક રીતે સંપન્ન અને કડીના અગ્રણી પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પૈકીના એક હોવાની સાથે જ તેમનાં વિનમ્રતા અને સ્નેહભીની પ્રકૃતિ અજાણ્યાને પણ સ્પર્શી જાય તેવાં સ્પૃહણીય રહ્યાં હતાં. પરિણામે કોઈ પણ વ્યક્તિ તેમને સહજતાથી મળીને પોતાની વાત કહી શકતો અને સાથે-સાથે શાતા પણ અનુભવતો. ખરા અર્થમાં તેઓશ્રી મૂઠી ઊંચેરા માનવ એવા કડીના ગૌરવપુરુષ હતા.

સર્વ વિદ્યાલયના આવા ગરવા પ્રમુખ સ્વ. ડૉ. રામભાઈ પટેલસાહેબ વિશે સ્મૃતિગ્રંથ સંપાદિત - પ્રકાશિત કરવા માટે મંડળના ચેરમૅન શ્રી વલ્લભભાઈ એમ. પટેલસાહેબના મનોરથનું, તેમજ તેમનાં સહૃદયતાપૂર્વકનાં હૂંફ, પ્રેરણા અને માર્ગદર્શનનું સુફળ એટલે પ્રસ્તુત સ્મૃતિગ્રંથ. તેમના તરફથી પ્રાપ્ત બહુઆયામી સહયોગની ઋણસ્વીકારની ભાવના સાથે નોંધ લેતાં ગર્વની લાગણી અનુભવું છું. ડૉ. રામભાઈસાહેબ સાથે પ્રત્યક્ષ સંસર્ગમાં આવેલ વિવિધક્ષેત્રોના વ્યક્તિઓ, જેમ કે સર્વ વિદ્યાલયના સેવકો (વિવિધ હોદ્દાઓ ઉપર સેવાઓ આપનાર સન્માનનીય પદાધિકારીશ્રીઓ અને કર્મચારીઓ), સ્નેહીજનો, કડીના સુજ્ઞ ડૉક્ટરો, કુટુંબીજનો વગેરે તરફથી પ્રાપ્ત કુલ 45 સંસ્મરણાત્મક લેખોનો અહીં સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં તેમના સેવાપરાયણ માનવીય વ્યક્તિત્વનો ઉજાશ તેના વાચકને સ્પર્શી જવા સાથે કંઈક પામ્યાની સંતર્પક અનુભૂતિ કરાવશે. આ બધાં સંસ્મરણો પૈકી સર્વ વિદ્યાલયમાં અભ્યાસ દરમિયાનના તેમના સહાધ્યાયી તેમજ અભ્યાસકાળ બાદ પણ સતત સંપર્કમાં રહેલા પ્રજ્ઞાવાન સાધુ ભક્તિપ્રિયદાસજી (કોઠારીસ્વામી, શ્રી સ્વામિનારાયણ મંદિર, દાદર, મુંબઈ) એ પોતાની વ્યસ્તતા વચ્ચે પણ પોતાના ભૂતપૂર્વ સત્સંગી સહાધ્યાયી માટે સમય ફાળવી આપીને લખી મોકલેલ સંસ્મરણો આ ગ્રંથની અણમોલ મૂડી છે. આ માટે પરમ પૂજ્ય સાધુ ભક્તિપ્રિયદાસજીને સાદર વંદન પાઠવું છું.

આ સ્મૃતિગ્રંથ માટે સંસ્મરણો લખી મોકલી આપી ડૉ. રામભાઈસાહેબના બહુઆયામી વ્યક્તિત્વને ઉજાગર કરવામાં સહયોગ આપનાર સૌ સન્માનનીય સ્નેહીજનો અને ડૉ. રામભાઈ સાહેબનાં કુટુંબીજનોના હૂંફાળા સહયોગ તેમજ પ્રોત્સાહન બદલ કૃતજ્ઞતાની લાગણી સાથે આભાર વ્યકત કરું છું. આ સ્મૃતિગ્રંથના સંપાદન-કાર્યમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં સહૃદયી ગ્રંથપાલિકા ડૉ. ઊર્જિતા પટેલનો પ્રશસ્ય સહયોગ સાંપડ્યો છે તેની, તેમજ પ્રાપ્ત લેખોની કાળજીપૂર્વક ડેટા-એન્ટ્રી કરવા માટે શ્રી અનોપસિંહ ચાવડાના કાર્યની નોંધ લેતાં પ્રસન્નતા અનુભવું છું. આ ઉપરાંત પ્રસ્તુત ગ્રંથના કલાત્મક મુદ્રણ માટે શારદા મુદ્રણાલય, અમદાવાદ અને શ્રી મનીષ ગજ્જરનો સર્વ વિદ્યાલય પરિવાર વતી આભાર માનું છું.

**મણિભાઈ પ્રજાપતિ**
સંપાદક

# અનુક્રમ


## ● આશીર્વચન

1. તમે સાધુ જ છો
*પ્રમુખસ્વામી મહારાજ* ........ 1

2. ભક્તરાજશ્રી ડૉ. રામભાઈ પટેલ
*સાધુ ભક્તિપ્રિયદાસ* ........ 2

## ● સર્વ વિદ્યાલય પરિવારની ભાવવંદના

3. સાચા વૈષ્ણવજનઃ ડૉ. રામભાઈ પટેલ
*મનુભાઈ જે. પટેલ* ........ 5

4. દરદી–મિત્ર ડૉ. રામભાઈ
*ડૉ. કનુભાઈ ધનાભાઈ પટેલ* ........ 13

5. સમર્પિત સ્વયંસેવક
*વિષ્ણુભાઈ પી. પટેલ (વી.પી.પટેલ)* ........ 16

6. પૂજ્ય ડૉ. રામભાઈકાકા
*વલ્લભભાઈ એમ. પટેલ* ........ 19

7. સંતની વસમી વિદાય
*વિઠ્ઠલભાઈ અં. પટેલ* ........ 24

8. સદ્‌ગૃહસ્થ સાધુપુરુષ ડૉ. રામભાઈ પટેલ
*ડૉ. મણિભાઈ એસ. પટેલ* ........ 28

9. સન્માનનીય પ્રેરણામૂર્તિ મુરબ્બી ડૉ. રામભાઈ
*ડૉ રમણભાઈ જી. પટેલ* ........ 37

10. વાત્સલ્યનું ઝરણું
*પ્રિ. ડૉ. ગાર્ગી રાજપરા* ........ 45

11. સ્વર્ગસ્થ ડૉ. રામભાઈ પટેલસાહેબ સાથેનાં સંસ્મરણો
*દિલીપ કાપડીઆ* ........ 47

12. ડૉ. રામભાઈ સાહેબ: પ્રભાવી અને સૌમ્ય વ્યક્તિત્વદર્શન
*ડૉ. સોમભાઈ સી. પટેલ* ........ 51

13. સદૈવ સ્મરણીય ડૉ. રામભાઈ
*પ્રિ. ડાહ્યાભાઈ જયરામદાસ પટેલ* ........ 54

14. સૌજન્યમૂર્તિ ડૉ. રામભાઈ સાહેબ
*પ્રિ. ગિરીશભાઈ એન. પટેલ* ........ 57

15. પરોપજીવી અને ધર્મનિષ્ઠ ડૉ. રામભાઈ સાહેબ
*ડૉ. રમેશ વ્યાસ* ........ 60

16. સર્વ વિદ્યાલયનું સોનેરીરત્ન પૂજ્ય ડૉ. રામભાઈ સાહેબ
*કૌશલ્યાબહેન એન. પટેલ* ........ 63

17. નિષ્કામ કર્મયોગી અને સેવાવ્રતી : ડૉ. રામભાઈ પટેલસાહેબ (1937-2021)
*મણિભાઈ પ્રજાપતિ* ........ 66

## • સમાજની ભાવવંદના

18. સહોદરથી અધિક
*જી. જી. પટેલ* ........ 81

19. અનુકંપાશીલ અને પુસ્તકપ્રેમી ડૉક્ટરસાહેબ
*પ્રા. તુલસીભાઈ પટેલ* ........ 84

20. ખંતીલા પ્રમુખ
*નારાયણભાઈ એ. પટેલ* ........ 86

21. કડીના કર્મયોગી સ્વ. ડૉ. રામભાઈ પટેલ
*પ્રકાશ પટેલ* ........ 87

22. મારી નજરે ડૉ. રામભાઈસાહેબશ્રી
*જીવાભાઈ પટેલ* ........ 89

23. કરણનગરનું ગૌરવઃ ડૉ. રામભાઈ પટેલસાહેબ
*શ્રી કરણનગર કેળવણી ઉત્તેજક મંડળ* ........ 90

24. કરણનગરના સર્વાંગી વિકાસના શિલ્પી : ડૉ. રામભાઈ એમ. પટેલ
*શેઠશ્રી ઉત્તમભાઈ ધૂરાલાલ શાહ* ........ 96

25. ડૉ. રામભાઈ સાહેબ : પ્રતિભાવંત વ્યક્તિત્વ
*આર. પી. પટેલ* ........ 97

26. એક કર્મઠ સાધુપુરુષ
*ડૉ. પ્રભુદાસ પટેલ* ........ 98

27. અસલ પટેલની પ્રભુતાને જીરવનાર
*સેંધાભાઈ પુરુષોત્તમદાસ પટેલ* ........ 100

28. કરણનગરના પનોતા પુત્ર તેમજ સર્વ વિદ્યાલય, કડીના કર્મયોગી
*મહેન્દ્રભાઈ જી. પટેલ, (એડવોકેટ)* ........ 101

29. ડૉ. રામભાઈ સાહેબ
*જીવણલાલ માધવલાલ પટેલ* ........ 103

30. ડૉ. રામભાઈ સાથેનાં સંસ્મરણો
*અમૃતભાઈ કે. પટેલ* ........ 105

31. શ્રીજી સ્વરૂપ
*ચંદુભાઈ કે. પટેલ* ........ 110

32. માનવરત્ન ડૉક્ટર રામભાઈ પટેલ
*સતીષ પટેલ* ........ 112

## • ડૉક્ટર પરિવારની ભાવવંદના

33. ઈશ્વરનો ફિરસ્તો
*ડૉ. કિરીટ બી. નાયક* ........ 114

34. શ્રદ્ધેય વડીલ
*ડૉ. કીર્તિભાઈ પટેલ* ........ 116

35. સ્વ. ડૉ. રામભાઈ સાહેબનાં સંસ્મરણો
*ડૉ. પી. કે. પટેલ* ....................117

36. ભાવાંજલિ
*ડૉ. મુકુન્દ જાની*....................119

37. ધૂપસળીની મહેક....
*ડૉ. યજ્ઞેશ એમ. ત્રિવેદી*....................121

38. પ્રેરણાદાયી વ્યક્તિત્વ
*ડૉ. સી. એસ. પરમાર*.................... 123

39. ધર્મપરાયણ ડૉ. રામભાઈ પટેલસાહેબ
*ડૉ. હરીશ બી. ત્રિવેદી 'અમર'*....................124

## • કુટુંબની ભાવવંદના

40. વાત્સલ્યમૂર્તિ મોટાભાઈ
*ડૉ. જયંતીભાઈ એમ. પટેલ*....................126

41. પૂજ્ય ભાઈ
*કિરીટ પટેલ*....................131

42. ત્વમેવ સર્વં મમ દેવદેવ
*પ્રદીપ પટેલ*.................... 136

43. મારા પિતાશ્રીઃ એક સંત પુરુષ
*પ્રવીણા પટેલ* ....................141

44. સેવાના ભેખધારીઃ પૂજ્યશ્રી સાથેનાં સંસ્મરણો
*વિશ્વજિત પટેલ*....................146

45. અમારા ઘરનો રૂતબો
*ધારા દીપન પટેલ*.................... 148

46. પૂજ્ય દાદાજીને પદ્યમાં શ્રદ્ધા-સુમન...
*ધારા દીપન પટેલ*....................151

વૈષ્ણવજન

# ડૉ. રામભાઈ પટેલ

•

સંપા. મણિભાઈ પ્રજાપતિ

*पितुराज्ञा परो धर्मः स्वधर्मो मातृरक्षणम् ।।*

*महाभारत शान्तिपर्व, 266/11*

પુત્રનો મુખ્ય ધર્મ પિતાની આજ્ઞાનું પાલન કરવાનો અને માતાનું રક્ષણ કરવાનો છે.

*

*पितरं चाप्यवज्ञाय कः प्रतिष्ठामवाप्नुयात् ।।*

*महाभारत शान्तिपर्व, 266/12*

પિતાની આજ્ઞા ન પાળનાર કઈ વ્યક્તિ પ્રતિષ્ઠા મેળવી શકે છે?

*

*पिता धर्मः पिता स्वर्गः पिता हि परमं तपः ।*
*पितरि प्रीतिमापन्ने सर्वाः प्रीयन्ति देवताः ।।*

*महाभारत शान्तिपर्व, 266/11*

પિતા જ ધર્મ છે, પિતા જ સ્વર્ગ છે અને પિતા જ સૌથી મોટી તપસ્યા છે. પિતા પ્રસન્ન હોવાથી દેવતા પણ પ્રસન્ન થઈ જાય છે.

૧

# તમે સાધુ જ છો

**પ્રમુખસ્વામી મહારાજ**

“રામભાઈ, તમે સાધુ છો જ. તમારે સાધુ થવાની જરૂર નથી તમે કેળવણી અને લોકકલ્યાણનાં કામ કરો છો તે સાધુનું જ કામ છે.”

પ્રમુખસ્વામી મહારાજ



*ડૉ. રામભાઈના કડીના નિવાસસ્થાને પૂ. પ્રમુખસ્વામી મહારાજના આગમન સમયે ચરણવંદના કરી રહેલા ડૉ. રામભાઈ*

૨

# ભક્તરાજશ્રી ડૉ. રામભાઈ પટેલ

સાધુ ભક્તિપ્રિયદાસ

## "સ્વામી શ્રીજી"

સાધારણ પરિસ્થિતિના પરિવારમાં જન્મ મળ્યો, પણ પૂર્વના બલિષ્ઠ સંસ્કારને કારણે ભગવાન સ્વામિનારાયણના ઉત્તમ ભક્તરાજ બન્યા. તેઓના સત્સંગી પાડોશીને કારણે તેમનામાં સત્સંગની દૃઢતા થયેલ. વતન કરણનગરથી દરરોજ ચાલતા કડી સ્ટેશન પરની સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં ભણવા આવતા.



*સર્વ વિદ્યાલય, કડીમાં અભ્યાસકાળ દરમ્યાનના મિત્રો - સર્વશ્રી ડૉ. રામભાઈ પટેલ, સાધુ ભક્તિપ્રિયદાસજી, શ્રી કરશનભાઈ પટેલ (ચાલાસણ) વગેરે.*

ભાગ્યજોગે અમે બંને એક જ વર્ગમાં ભણતા હતા. સત્સંગી હોવાને કારણે અમારે બંનેની પરમ મિત્રતા થઈ હતી, તેથી વર્ગમાં જ્યારે ફ્રી પિરિયડ હોય ત્યારે અમે સૌ સત્સંગી મિત્રો ફરતાં-ફરતાં રમતના મેદાન પર જતા ને સત્સંગ સંબંધી ગોષ્ઠિ કરતા. તેઓ બ્ર. સ્વ. શાસ્ત્રીજી મહારાજને બ્ર. સ્વ. યોગીજી મહારાજના દિવ્યજીવનના પ્રસંગોની વાતો કરતા તેથી મને બંને સત્પુરુષોનો મહિમા પ્રથમ વાર જાણવા મળેલ. મારે સ્કૂલના કંપાઉન્ડમાં જ – કડવા પાટીદાર બૉર્ડિંગમાં રહેવાનું હતું.

11મા ધોરણ સુધી સાથે અમે ભણ્યા, રમ્યા, ગોષ્ઠિ કરી. પછી મારે ગુજરાત કૉલેજ, અમદાવાદમાં ભણવાનું થયું ને હૉસ્ટેલમાં રહેવાનું થયું. ડૉ. રામભાઈને બીજી કૉલેજમાં ભણવાનું ને કડવા પાટીદાર બૉર્ડિંગ, અમદાવાદમાં કૉલેજ પાસે રહેવાનું થયું.

બ્ર. સ્વ. યોગીજી મહારાજે આદેશ આપેલ કે તમારે દર શનિવારે, શાહીબાગ, અ. પુ. મંદિરે યોજવામાં આવતી યુવકમંડળની સભામાં આવવું. તેથી હું હૉસ્ટેલથી ચાલતો, બૉર્ડિંગે જાઉં ને ત્યાંથી રામભાઈ સાથે અમે

ચાલતાં-ચાલતાં, ગોષ્ઠિ કરતા શાહીબાગ દર અઠવાડિયે જતા, તેથી સત્સંગનો રંગ વિશેષ લાગી ગયેલ.

ઈન્ટર સાયન્સ પાસ કર્યા પછી મને અમદાવાદમાં એન્જિનિયરિંગમાં ને મુંબઈમાં ટેક્સ્ટાઈલ એન્જિનિયરિંગમાં પ્રવેશ મળેલ. બ્ર. સ્વ. યોગીજી મહારાજની આજ્ઞાથી મુંબઈ વી.જે.ટી.આઈ.માં ભણવા જવાનું થયું, જ્યારે શ્રી રામભાઈને અમદાવાદમાં જ મેડિકલ કૉલેજમાં ભણવાનું થયું, છતાં બંનેનો સંપર્ક ચાલુ રહેલ.

શ્રી રામભાઈ M.B.B.S. ડૉક્ટર થયા ને મને બ્ર. સ્વ. યોગીજી મહારાજના દિવ્ય આકર્ષણથી સાધુ બનવાની પ્રેરણા મળી. 1960માં મુંબઈમાં બ્ર. સ્વ. યોગીજી મહારાજે સૌ પ્રથમ નવ યુવકોને પાર્ષદદીક્ષા આપી, તેમાં મને પાર્ષદદીક્ષા મળી.

બ્ર. સ્વ. યોગીજી મહારાજે 1961માં ભણેલાગણેલા 51 યુવાનોને ગઢપુરમાં ભાગવતીદીક્ષા આપી. તેમાં મારો સાધુ થવાનો યોગ થયો. સાધુ થયા પછી પણ અમારો બંનેનો સતત સંપર્ક રહેતો.

શ્રી રામભાઈએ ડૉક્ટર બન્યા બાદ કડીમાં દવાખાનું કર્યું. સેવાભાવી સ્વભાવને કારણે ગરીબ દર્દીઓને રાહતમાં કે સંપૂર્ણ ફ્રીમાં સારવાર આપતા. તેમના સરળ સ્વભાવને, યોગ્ય નિદાનને અને યોગ્ય સારવારને કારણે ખૂબ જ લોકપ્રિય બન્યા.

સર્વ વિદ્યાલયમાં કેળવણી લીધેલ તેથી તેનું સહેજે મમત્વ થાય, તેથી શ્રી માણેકલાલભાઈ સાથે રહી, સંસ્થાના વિકાસ માટે પ્રયત્નો કરતા. ત્યારે



*પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજ ભવનના ખાતમુહૂર્ત પ્રસંગે પૂ. પ્રમુખસ્વામી મહારાજ, પૂ. ભક્તિપ્રિયદાસજી, શ્રી બળદેવભાઈ (કાલુપુર બૅંક), શ્રી નટુભાઈ એ. પટેલ વગેરે.*

જ પોતે સંસ્થાના અધ્યક્ષ બન્યા ને સંસ્થાનો સર્વાંગી વિકાસ થાય તે માટે ખૂબ જ પરિશ્રમ કર્યો.

શ્રી રામભાઈએ B.A.P.S. સંસ્થા પાસેથી 'પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજ' માટે દાન મેળવી આપ્યું હતું. તેમણે સ્વયં પણ પોતાના પરિવારજનોની સ્મૃતિ માટે પણ સંસ્થામાં સહાય કરેલ છે, તેમજ સમાજજીવનની વિવિધ સંસ્થાઓમાં પણ સારી સેવા કરી છે.

પોતાના પરિવારના સભ્યો-પુત્રો, પૌત્રો વગેરેમાં પણ સત્સંગ દૃઢ કરાવી, તેમણે સત્સંગનો સાચો વારસો આપી સૌને ઉપકૃત કર્યાં છે. આમ, આધ્યાત્મિક, શૈક્ષણિક, સ્વાસ્થ્ય સંબંધી, સામાજિક દરેક ક્ષેત્રમાં પોતાનું યોગદાન આપી, પોતાનું જીવન સફળ કરી, ભગવાનના ધામમાં બિરાજી ગયા છે.

એ જ લિ.

તા. 18/08/2021, બુધવાર

દાદર, મુંબઈ-14

સાધુ ભક્તિપ્રિયદાસના

સસ્નેહ

જયશ્રી સ્વામિનારાયણ

3

# સાચા વૈષ્ણવજનઃ ડૉ. રામભાઈ પટેલ

**મનુભાઈ જે. પટેલ**

સર્વ વિદ્યાલય, કડીએ સમાજને શૈક્ષણિક, સામાજિક અને તેમના વ્યવસાયિક ક્ષેત્રોમાં નૈતિક મૂલ્યો જાળવીને ઉત્તમ સેવાઓ આપેલ છે. જે ભાવિ પેઢીને દીવાદાંડીની જેમ પથદર્શક અને પ્રોત્સાહિત કરતી રહેશે. ડૉ. રામભાઈ પણ આવા નરરત્ન સમાન મૂઠી ઊંચેરા માનવી હતા. સર્વ વિદ્યાલયની સૌરભ સમગ્ર ગુજરાતમાં વ્યાપ્ત છે. પરિણામે હજારો વિદ્યાર્થીઓ છગનભાએ સ્થાપેલ અને માણેકલાલસાહેબ જેવા અનેક કાર્યકરોએ વિકસાવેલ ઓપન યુનિ.જેવા જ આ કેમ્પસમાં અભ્યાસ માટે આવીને શિક્ષણ સાથે જીવનનું ઘડતર કરીને સમાજની સેવા અને સમર્પણ કરીને કૃતાર્થ થયેલ છે. સર્વ વિદ્યાલય કેળવણીમંડળ દ્વારા જીવનમૂલ્યો પ્રસ્થાપિત કરીને સામાજિક ક્રાંતિ કરીને આજે સમગ્ર ગુજરાતનું કલેવર ઉજ્જ્વળ બનવા પામ્યું છે.



*સર્વ વિદ્યાલયમાં આયોજિત સમારોહમાં ડૉ. રામભાઈ પટેલ, આચાર્યશ્રી મનુભાઈ જે. પટેલ વગેરે દૃશ્યમાન થાય છે.*

1985માં પ્રત્યક્ષ રીતે સર્વ વિદ્યાલય કડીના પ્રાચાર્યશ્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો. સાથે કડી કેમ્પસના શાળા, કૉલેજોના છાત્રાલયોના મુખ્ય ગૃહપતિની જવાબદારી આપોઆપ સ્વીકારવાની હોય છે. કાર્યભાર સંભાળવાના ત્રણેક માસમાં જ સર્વ વિદ્યાલય, કડીના છાત્રાલયમાં ધો.૯માં ભણતો એક છાત્ર રાત્રે દશ વાગે માંદગીમાં પટકાયો. પેટના અસહ્ય દુખાવાના કારણે કણસતો હતો. મદદનીશ ગૃહપતિ મને બોલાવવા માટે આવ્યા. રૂબરૂમાં જોયું તો બાળકને પેટમાં ભારે વેદના થતી હતી. આટલી રાતે ડૉક્ટરને બોલાવવા પણ અજૂગતું ગણાય. છાત્રાલયના ફેમિલી ડૉક્ટર એટલે ડૉ. રામભાઈને લૅન્ડલાઇન ટેલિફોન કરી બીમાર છાત્ર અંગે વિગત આપીને હવે શું કરવું ? બાળક આખી રાત વેદના સાથે વીતાવી પણ કેવી રીતે શકે ?



*ડૉ. રામભાઈ પટેલ વિદ્યાર્થિનીઓને ટ્રોફી એનાયત કરી પુરસ્કૃત કરી રહ્યા છે.*

ડૉ. રામભાઈએ ગંભીરતા જાણીને તુર્ત જ જણાવ્યું કે બીમાર બાળકને લઈને દવાખાને જ આવો. હું હાલ જ દવાખાને આવું છું. અડધી રાતે ડૉ. રામભાઈ ખૂબ જ કાળજીપૂર્વક બાળકને તપાસ્યો. ઍક્સ-રેમાં પણ ચકાસણી કરી. પૂરો અડધો કલાક છાત્ર સાથે ગાળ્યો. પીવાની દવા પણ આપી અને ગોળીઓ પણ આપી. બાળકનું દર્દ ઓછું થતાં જણાવ્યું કે રાત્રે ચાર વાગે ફરીથી આ દવા/ટેબ્લેટ્સ તેને આપશો. સવાર થતાં સુધીમાં રાહત થઈ જશે અને બન્યું પણ એમ જ. આખી રાત બાળક પીડાથી કણસતો રહ્યો અને સવારના છ વાગે નિરાંતે આરામથી નિંદમાં સરી પડ્યો. સવારે નવ વાગે તો બાળક સાવ તંદુરસ્ત બનીને હરતો-ફરતો થઈ ગયો. બૉર્ડિંગના કોઈ પણ છાત્ર ડૉ. રામભાઈના દવાખાને જઈ શકતા અને છાત્રો પાસેથી ડૉ. રામભાઈ કોઈ પણ જાતની ફી પણ લેતા નહિ. આવા હતા ડૉ. રામભાઈ. છાત્રોના વડીલની ભૂમિકા નિભાવતા. સાચું નિદાન કરતા અને મફતમાં દવાઓ પણ આપતા હતા.

કડી શહેરમાં વડીલ ડૉ. માણેકલાલ પણ રવિવારે છાત્રાલયમાં આવીને બાળકોનાં શારીરિક દુઃખ પીડાઓનો ઉપચાર કરતા હતા. કડી શહેરમાં બૉર્ડિંગની આગવી સૌરભ અને પ્રતિષ્ઠા હતી. સૌ ડૉક્ટર મિત્રો છાત્રોને પોતાનાં બાળકોની જેમ સાચવતા અને જરૂરી ઉપચાર પણ કરતા હતા. માત્ર છાત્રો જ નહિ, પણ છાત્રાલયના કર્મચારીઓ, શાળાઓના અધ્યાપકોના પરિવારને પણ ડૉ. રામભાઈ પોતીકાં ગણીને જ ઉપચાર કરતા હતા. આવા હતા અમારા હમદર્દ ડૉ. રામભાઈ. જેઓ અમારા સમગ્ર કૅમ્પસના ફૅમિલી ડૉક્ટર હતા.

ડૉ. રામભાઈએ પિતાની છત્રછાયા નાનપણમાં જ ગુમાવી હતી. માતા કુંવરબાએ ભારે પરિશ્રમ અને પ્રેમથી ડૉ. રામભાઈનું ઘડતર કર્યું. અભ્યાસમાં સખત પરિશ્રમ કરીને તેજસ્વી વિદ્યાર્થી બન્યા હતા. સર્વ વિદ્યાલયના ઋષિ પ્રાચાર્યશ્રી નાથાભાઈ દેસાઈસાહેબના તેઓ પ્રીતિપાત્ર વિદ્યાર્થી હતા. ધો.-11 પછી મેડિકલ વિદ્યાશાખામાં પ્રવેશ મળ્યો. નાનપણથી જ પેટીપૂજાનું વ્રત લીધું. કપાળમાં ચાંલ્લો કરીને મેડિકલ કૉલેજમાં જતાં ગૌરવ અનુભવતા. શારીરિક કૌશલ્ય પણ સારું. થોડોક સમય સરકારી હૉસ્પિટલમાં સેવાઓ આપી. દર્દીઓ અને સહકાર્યકરો ઉપરાંત જનસમુદાયનો પણ પ્રેમ સંપાદન કરીને લોકપ્રિયતા

મેળવી હતી. કડીમાં ખાનગી દવાખાનું શરૂ કર્યું. પ્રેમ, સહયોગ અને યોગ્ય નિદાન અને માવજત દ્વારા કડીપંથકમાં સેવાભાવી ડૉક્ટર અને સમાજસેવક તરીકેની પ્રતિષ્ઠા મેળવી હતી. જ્ઞાન-વિજ્ઞાનના ઉપાસક જેથી અંધશ્રદ્ધા, વહેમો અને કુરિવાજોને દૂર કરવા સતત પ્રયત્નશીલ રહ્યા હતા.

સર્વ વિદ્યાલયમાં ધો.11-12નાં બાળકો માટે રાષ્ટ્રીય સેવા યોજનાનું યુનિટ ચાલતું હતું. જે દ્વારા બાળકોમાં શિસ્ત, સહકાર, રાષ્ટ્રીયતા અને સેવાભાવનો વિકાસ થતો હતો. સર્વ વિદ્યાલય દ્વારા N.S.S..ના વાર્ષિક કેમ્પના ઉદ્દઘાટનના પ્રસંગે અમારી સાથે અચૂક ગામડે આવતા. વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને ઉપયોગી થાય તેવી પ્રેરક વાતો કરીને સૌને પ્રોત્સાહિત પણ કરતા હતા. ગામડાંના ભોળા અને અશિક્ષિત વ્યક્તિઓને છેતરતા ભૂવા-ભારાડીઓના દંભને ખુલ્લો પાડતા અને લોકોને પ્રભુ પર શ્રદ્ધા રાખીને પુરુષાર્થી બનવા હંમેશાં જણાવતા. વ્યાપક જનસમાજને પરોક્ષ રીતે જાગ્રત અને સમજદાર બનવા સૌને કહેતા સંતોષ અને આનંદ અનુભવતા હતા.



*વિદ્યાર્થી આશ્રમ ભવનનું નિરીક્ષણ કરી રહેલા સર્વશ્રી ડૉ. રામભાઈ પટેલ, શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબ, આચાર્ય શ્રી મનુભાઈ પટેલ વગેરે.*

નાનપણથી જ ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે ડૉ. રામભાઈને અનુરાગ હતો. પૂજાપેટીના ઉપયોગ દ્વારા ભગવાન સ્વામિનારાયણ અને ગુરુપૂજા નિયમિત કરતા હતા. ડૉ. રામભાઈના બંગલામાં જ સ્વામિનારાયણ સાધુવૃંદો હંમેશાં રહેતા. કડીમાં પ્ર.બ્ર.સ્વામીશ્રી પ્રમુખસ્વામી જ્યારે-જ્યારે આવ્યા છે ત્યારે તેમનો ઉતારો પણ પોતાના બંગલાના ઉપલા મજલામાં રહેતો. સ્વામીને સ્નાન કરાવવું, જરૂરી ચીજવસ્તુઓ લાવવી અને ઉપયોગી થવામાં ડૉ. રામભાઈ ધન્યતા અનુભવતા. શાહીબાગ સંસ્થાના મકાનના પાયાના ખોદકામમાં પણ ડૉ. રામભાઈ પરિશ્રમ કરીને સ્વામીના કૃપાપાત્ર બન્યા હતા. શાહીબાગના મંદિરમાં કે સારંગપુર



*ડૉ. રામભાઈના કડીના નિવાસસ્થાને પૂ. પ્રમુખસ્વામી મહારાજની ભાવવંદના કરતા ડૉ. રામભાઈ વગેરે*

કે અટલાદરાના મંદિરમાં સ્વામી જ્યાં હોય ત્યાં હંમેશાં જવા પ્રેરાતા. ડૉ. રામભાઈની સાથે મુ. શ્રી માણેકલાલ અને હું પણ ઘણી વાર સ્વામીનાં દર્શને જતા હતા. સ્વામીશ્રીના ધબ્બાના પ્રસાદનો અમને પણ ઘણી વાર લાભ મળેલ છે. જે અમારા જીવનનું પરમમંગલ હતું. જેનો શ્રેય ડૉ. રામભાઈને મળે છે. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજને મળેલ દાન ડૉ. રામભાઈને આભારી છે. પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજના નામાભિધાન અને આશીર્વાદ પછી જ સંસ્થાની પ્રગતિ અને પ્રતિષ્ઠામાં વધારો થયો છે. ગુજરાતની સારી ગણાતી સાયન્સ કૉલેજોમાં પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજ ગૌરવનું નામ અને પ્રતિષ્ઠા છે. સ્વામિનારાયણ સંસ્થાના પ્રમુખ સંતોના આશીર્વાદ મળતા જ રહે છે. પૂ. ડૉક્ટરસ્વામી, વિવેકસ્વામી, પૂ. કોઠારીસ્વામી શ્રી ભક્તિપ્રિયદાસજી અને હાલના વડા મહંત પૂ. મહંતસ્વામીના મંગલ આશીર્વાદ મળતા જ રહે છે. ડૉ. રામભાઈની સેવા, નિષ્ઠા અને ભક્તિનાં પરિણામે સર્વ વિદ્યાલય, કડીને પણ ગૌરવવંતુ સ્થાન સ્વામિનારાયણ સંસ્થા થકી મળેલ છે. જેની સાદર નોંધ લેતાં આનંદ અનુભવું છું.

ડૉ. રામભાઈ એટલે સેવા, ત્યાગ અને સમર્પણની મૂર્તિ. વ્યાપક જનહિતનાં કાર્યો હોય કે કોઈ વ્યક્તિની અંગત તકલીફ હોય ત્યારે તેને દૂર કરવા માટે જરૂરી દાન કે કાર્યો કરવા માટે હંમેશાં ડૉ. રામભાઈ તત્પર રહેતા. ડૉ. રામભાઈના ઘડતરમાં સ્વામિનારાયણ ભગવાનના વિચારોનો મહદંશે ફાળો છે. ડૉ. રામભાઈ એટલે વાચનરસિયો જીવ. ઉત્તમ પુસ્તકો હંમેશાં વસાવે. તેનું વાચન પણ ભાવપૂર્વક કરે અને બીજાંઓને પણ તે માટે પ્રેરતા હતા. ૩૦ જેટલાં શિષ્ટ અને માનવતાપ્રેરક સામયિકો અંગત રીતે મંગાવતા હતા. દવાખાનામાં લાઇબ્રેરીનો ખંડ અલગ રાખતા. સર્વોદય વિચાર અને સત્સંગનાં ઉત્તમ પુસ્તકો વસાવતા. નિરાંતે વાંચતા અને વાચનમાંથી મળેલ વિચાર-નવનીત સૌને જણાવતા. દરેક વ્યક્તિની ઊજળી બાજુ જ જોતા. તેઓ હંમેશાં માનતા કે માનવી તેજ અને તિમિરનું પૂતળું છે. તિમિર જોવાથી મન નકારાત્મક બનતું હોય છે. જેથી હંમેશાં તેજ એટલે ગુણદર્શન કરવું અને ગુણગ્રહણ માટે વિકસતા રહેવું. તેથી જ તો રામભાઈ પ્રસન્નતા, આનંદ અને શાંતિની અનુભૂતિ હંમેશાં કરતા અને અન્યને કરાવતા. સંવાદિતા એ ડૉ. રામભાઈનો વિશેષ ગુણ હતો. જેથી તેઓ સમાજમાં સૌના પ્રિય થઈ ગયા હતા. વાંચેલાં સારાં પુસ્તકો અન્યને વાંચવા માટે આપતા અને તેનો પ્રસાર થાય તેવું હંમેશાં કરતા હતા. તેમના ઘરમાં વાચનશોખ બધાંને છે, પણ દીકરી પ્રવીણાબહેનને સવિશેષ છે. સર્વ વિદ્યાલયના ગ્રંથાલયમાંથી પ્રત્યેક સપ્તાહે ત્રણ-ચાર પુસ્તક લઈ જતા, બીજા સપ્તાહે પરત આપીને બીજાં લઈ જતા. વાચનદ્વારા દૃષ્ટિ વિકસે છે. ભાવપ્રધાન થાય છે. કરુણાનો વિકાસ થાય છે. પરિણામે સમસંવેદનાનો અનુભવ પણ વિકસે છે.

ડૉ. રામભાઈ વાચનપ્રિય, ચિંતનશીલ અને માનવતાવાદી કર્મયોગી હતા.

મહાત્મા ગાંધી પ્રેરિત સર્વોદય પ્રવૃત્તિઓમાં ડૉ. રામભાઈ કાર્યરત હતા. ભૂદાન પ્રવૃત્તિઓ, ગ્રામસ્વરાજના વિચારો ગ્રામજનો સુધી સુપેરે પહોંચાડવામાં ડૉ. રામભાઈ પદયાત્રાઓમાં પણ સહભાગી થતા હતા. ગુજરાત સર્વોદય મંડળના પ્રમુખ ડૉ. દ્વારકાદાસ જોષીની પ્રેરણાથી સમગ્ર મહેસાણા જિલ્લામાં સર્વોદય અને ગ્રામોદ્ધારની અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલતી હતી. પૂજ્ય રતનબહેન, વિચારક અને પ્રખર વક્તા ડૉ. વસંતભાઈ, રત્નપ્રભાબહેન જેવા અનેકવિધ કાર્યકરો કડી તાલુકાના પ્રવાસે આવતા ત્યારે ડૉ. રામભાઈને સમગ્ર યાત્રાનો આતિથ્યધર્મ બજાવતા જોયા છે. 'ભૂમિપુત્ર' સામયિકના 100થી વિશેષ ગ્રાહકો પ્રત્યેક વર્ષે ડૉ. રામભાઈ નોંધતા. ઉપવાસ દાન અને સર્વોદય મિત્રોનું મોટું વર્તુળ કડી તાલુકામાં હતું. પ્રત્યેક માસે મળનારી સર્વોદય કાર્યકરોની બેઠકમાં જિલ્લાના પ્રથમ પંક્તિના વિચારશીલ કાર્યકરોની હાજરી પ્રોત્સાહક બની જતી. ડૉ. દ્વારકાદાસ જોષી, મોતીભાઈ ચૌધરી, રિખવચંદ શાહ, રામુભાઈ પટેલ, ઈશ્વરભાઈ શિ. પટેલ, માલજીભાઈ દેસાઈ, બાબુભાઈ શાહ હંમેશાં હાજર રહેતા. અમારા જેવા અનેક યુવાનો પણ ઉપસ્થિત રહીને ગાંધીવિચારને દઢ બનાવીને જીવનમૂલ્યો સાચવીને કર્તવ્ય અભિમુખ થતાં અમે જોયા છે. જરૂર પડે તો ડૉ. રામભાઈની મોટરગાડી અને આર્થિક સહયોગ મળી રહેતો. સર્વોદયસાહિત્ય મંગાવીને વાચકોને રાહતના દરે આપતા હતા. ખાદીનો પરિવેશ અને તેનો પ્રચાર હંમેશાં ડૉ. રામભાઈ કરતા હતા. પરિણામે સર્વ વિદ્યાલય કેળવણીમંડળની અનેકવિધ શૈક્ષણિક સંસ્થાઓના પ્રાચાર્યો અને સહકાર્યકરો પણ ખાદીના પરિવેશ પહેરતા થયા હતા. સમાજના છેવાડે બેઠેલા માનવીઓનાં દુઃખ દૂર કરવાની અનેકવિધ પ્રવૃત્તિઓ કરતાં ડૉ. રામભાઈને નિહાળ્યા છે. પરોપકારી પ્રવૃત્તિઓમાં સક્રિય છતાં સહજ કરતા હોય તેવા નમ્ર અને નિરભિમાની રામભાઈ હંમેશાં દેખાતા હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી દ્વારા સેવા વિસ્તરણ-શૈક્ષણિક પ્રવૃત્તિઓ હાથ ધરવા ઉપરાંત જિલ્લાના અનેકવિધ નગરોમાં માધ્યમિક શાળાઓનું ઉત્તમ સંચાલન કરવામાં આવતું હતું. ગુજરાત સરકારશ્રીએ સંસ્થાને શૈક્ષણિક કાર્યો કરવા માટે પાટનગર ગાંધીનગરમાં નિમંત્રણ આપતાં માધ્યમિક અને ઉચ્ચશિક્ષણની અનેકવિધ સંસ્થાઓ શરૂ કરવાનો યશ પુરુષોત્તમદાસ, માણેકલાલ, ધનાભાઈ વકીલ અને ડૉ. રામભાઈ જેવા કાર્યકરોને આભારી છે. આજે તો સર્વ વિશ્વ વિદ્યાલય કડી – ગાંધીનગર સંલગ્ન ૫૦ કરતાં વધારે શૈક્ષણિક સંસ્થાઓ છે. ગાંધીનગર કેમ્પસમાં હરણફાળ વિકાસમાં માણેકલાલ અને ડૉ. રામભાઈની બેલડીએ અસાધારણ પુરુષાર્થ કરીને શૈક્ષણિકયજ્ઞ સફળ બનાવ્યો છે. આજે પણ સંસ્થાના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ અને સંવાદિતા સાધવામાં કુશળ

ડૉ. કનુભાઈ પટેલ પણ ભારે પુરુષાર્થ ચિંતન સાથે વહન કરી રહેલ છે. રૂપિયા એક કરોડનું માતબર દાન સંસ્થાના શતાબ્દી ઉજવણી પ્રસંગે ડૉ. રામભાઈ દ્વારા મળેલ છે. સંસ્કારમંદિર, પી.ટી.સી. કૉલેજ, ડૉ. રામભાઈ સ્કૂલ જેવી અનેક સંસ્થાઓના નામાભિધાન સાથે દાનનો પ્રવાહ ડૉ. રામભાઈ દ્વારા મળતો રહેલ છે. ઊંચાં અને ઉત્તમ પરિણામો, નૈતિક મૂલ્યોની જાળવણી, શૈક્ષણિક કાર્યકરો સાથે સહયોગ અને સદ્ભાવ માણેકલાલ અને ડૉ. રામભાઈ દ્વારા હંમેશાં મળતો રહે છે. ગુજરાતની અનેક યુનિવર્સિટીઓમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગરનું ગૌરવભર્યું સ્થાન છે. 1929માં પધારેલા મહાત્મા ગાંધીજીએ સાચું નિદાન કરીને પોતાના પ્રવચનમાં નોંધ્યું હતું કે, "આ સંસ્થા સમાજનાં બાળકો માટે ઉત્તમ કાર્ય કરી રહેલ છે. સંસ્થા પાસે નાણાં નથી એ સારી વાત છે. મને શ્રદ્ધા છે કે સમાજ આ સંસ્થાને પોષશે અને મદદ કરશે." આજે આ વાત યથાર્થ સિદ્ધ થઈ છે. દેશ-પરદેશમાં વસતા સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓ ઘણી મોટી આર્થિક સહાય અને હૂંફ પૂરી પાડી રહ્યા છે. રામચંદ્ર અમીન, ધનાભાઈ વકીલ, દાસકાકા, હરગોવનદાસ વકીલ, માણેકલાલ, ડૉ. રામભાઈ જેવા કુશળ સેનાનીઓ મળેલ છે. પ્રાચાર્યશ્રી પોપટલાલ જી. પટેલ, છગનભાઈ કા. પટેલ, બાપુભાઈ ગામી, નાથાભાઈ દેસાઈ, મોહનલાલ પટેલ જેવા શિક્ષણને સમર્પિત આચાર્યો થકી સર્વ વિદ્યાલય પરિવાર ગૌરવ અનુભવે છે. માણેકલાલભાઈનો ઉત્સાહ, પુરુષાર્થ અને ઊંચું ધ્યેય પ્રાપ્ત કરવા સાથે ડૉ. રામભાઈની દીર્ઘદૃષ્ટિ, સંવાદિતા અને પ્રસન્નતાસભર વ્યક્તિત્વ અને ઉદારતા પણ પ્રશંસનીય રહેવા પામી છે.



*તા. ૨ ઑક્ટોબર, 2015 ના રોજ ગાંધીજયંતીની ઉજવણી પ્રસંગે પ્રમુખશ્રી ડૉ. રામભાઈ પટેલ, ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ, ડૉ. મણિભાઈ પટેલ વગેરે...*

ડૉ. રામભાઈનું કુટુંબજીવન અને ગૃહસ્થજીવન પ્રસન્નતાસભર અને મંગલમય રહેવા પામ્યું છે. કુંવરબાનું વાત્સલ્ય અને પુરુષાર્થ તેઓ હંમેશાં યાદ કરતા. ધર્મપત્ની ગોમતીબહેન પણ સરળ અને વત્સલતાની મૂર્તિસમાં છે. મહેમાનો અને સંત-સાધુઓનું આતિથ્ય અને સેવાધર્મ સહજ રીતે બજાવે છે. સ્મિતભર્યું દર્શન અને સંયુકત કુટુંબની માવજત ગોમતીબહેનને સહજ છે. મોટા દીકરા કિરીટભાઈ કૅમિકલ એન્જિનિયર બનીને મોટા ઉદ્યોગપતિ બન્યા છે. તેમના દીકરા અને દીકરી પણ અમેરિકામાં કૅમિકલનો ઉચ્ચ અભ્યાસ કરીને કિરીટભાઈને

સહયોગ આપી રહેલ છે. તેમના ઉદ્યોગજગતમાં સૌ કર્મચારીઓ કામ શરૂ કરતાં પહેલાં સમૂહ પ્રાર્થના કરે છે અને ઘેર જતાં પહેલાં પણ સ્તુતિ કરવાનો ઉમદા શિરસ્તો જાળવી રાખેલ છે. નાના પુત્ર પ્રદીપભાઈ પણ અમદાવાદમાં જાણીતા બિલ્ડર છે. દીકરી પ્રવીણાબહેન અને જમાઈ ડૉ. વિશ્વજિત પણ સુશીલ અને સંસ્કારી છે. ડૉ. જયંતીભાઈ કડીમાં ખાનગી દવાખાનું ચલાવે છે. તેઓ હંમેશાં ડૉ. રામભાઈને સગા મોટા ભાઈ જેવું ગૌરવ આપતા અને માનમર્યાદા સાચવે છે. ડૉ. રામભાઈનો પરિવાર પ્રેમ, સંપ, સહકાર અને ઉદારતા માટે જાણીતો છે. સંયુકત કુટુંબભાવના આ પરિવારમાં ધબકતી સૌને દેખાય છે.

ડૉ. રામભાઈ સમાજહિતૈષી વૈષ્ણવજન હતા. બીજાનાં દુઃખે દુઃખી થવું અને ઉપયોગી થવું એ રામભાઈનો જીવનમંત્ર હતો. કવિ નરસિંહ મહેતાએ વૈષ્ણવજન કાવ્યમાં જે-જે ગુણોનું નિદર્શન કર્યું છે તે તમામ ગુણો ડૉ. રામભાઈમાં હતા. નાત, જાત કે અન્ય કોઈ અવરોધોને અવગણીને ગુણદર્શન અને પરોપકારને જ અપનાવેલ હતા. પરિણામે ડૉ. રામભાઈ લોકપ્રિય ડૉક્ટર, સેવાભાવી માનવી અને શૈક્ષણિકક્ષેત્રોની ગુણવત્તા સુધરે તેવા તમામ પ્રયત્નો જિંદગીભર કરતા રહ્યા હતા. દવાખાનાની જગા અન્યને આપતાં તેની પાઘડીના મળેલા 50 લાખ જેટલી રકમ સંસ્થાઓને દાન આપવા ઉપરાંત તેમના દવાખાનામાં કાર્યરત રહેલા કાર્યકરોને ગુણવત્તા પ્રમાણે મોટી રકમનું દાન આપીને નવતર અને માનવતાવાદી અભિગમનાં અનેરાં દર્શન કરાવેલ છે. ડૉ. રામભાઈ જનસમાજ માનસમાં હંમેશાં સ્મરણીય બની રહેશે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગર અને શ્રી કડવા પાટીદાર કેળવણી મંડળ, કડી ડૉ. રામભાઈની યશસ્વી સેવાઓ અને કાર્યોને પ્રેરક સંભારણા તરીકે યાદ રાખશે એવી શ્રદ્ધા છે.

*

પૂ. પ્રમુખસ્વામી તરફથી આપણી સાયન્સ કૉલેજને મળેલ રૂપિયા 11 લાખના દાન સંદર્ભે એક વાતનો હું સાક્ષી છું અને ડૉ. રામભાઈએ પણ આ વિશે મૌન સેવ્યું છે તે પ્રકાશમાં લાવવામાં મારો ધર્મ સમજું છું. પ્રારંભમાં પૂ. પ્રમુખસ્વામી તરફથી કૉલેજને રૂપિયા 10 લાખનો પ્રસ્તાવ કરવામાં આવ્યો હતો. આ રકમમાં ડૉ. રામભાઈએ પોતાના તરફથી રૂપિયા 1 લાખ ઉમેરીને પૂ. પ્રમુખસ્વામીની દાનની રકમ રૂપિયા 11 લાખ કરી હતી. આ છે ડૉ. રામભાઈની ગુરુભક્તિ અને ઉમદા ચારિત્ર્યનું ઉદાહરણ. પૂ. પ્રમુખસ્વામીની પણ અમીદૃષ્ટિ સદાય ડૉ. રામભાઈ ઉપર રહેતી. તેમના પ્રત્યેક બોલમાં સચ્ચાઈનો રણકો અનુભવતા અને ડૉ. રામભાઈની વાત સ્વીકારી લઈને તેમના સૂચવ્યા અનુસાર અનુમતિ પણ આપતા. વાત એમ છે કે ‘ઉમિયા માતાજી સંસ્થાન’, ઊંઝાના તત્કાલીન પ્રમુખ શેઠ શ્રી કેશવલાલ વિ. પટેલ ‘સર્વ વિદ્યાલય કેળવણી મંડળ’ કડીના પણ



*પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજ, કડીના નવા ભવનનું ઉદ્‌ઘાટન કરતા પ્રમુખસ્વામી મહારાજ અને અન્ય મહાનુભાવો*



*'રામભાઈ પટેલ પી.ટી.સી. કૉલેજ'માં ડૉ. રામભાઈ પટેલ, શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબ અને મહેમાનશ્રીઓ*

પ્રમુખ હતા. જેથી બંને સંસ્થાઓના વિકાસની વાતો અને વિચારણા એકસાથે ઘણી વાર થતી રહેતી. શેઠ શ્રી કેશવલાલ શિક્ષણ, સમાજસેવા અને ધાર્મિક પ્રવૃત્તિઓના કેન્દ્રવર્તી બળ તરીકે અમદાવાદમાં ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા માટે વિશાળ જમીન મળે તેવા પ્રયત્નો કરતા હતા. મહિપતરામ આશ્રમ અને સ્ત્રીકેળવણી મંડળની જમીન જે-તે વખતે બી.એ.પી.એસ.(બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સંસ્થાન) પાસે હતી. આ જમીન ઊંઝા માતાજી ટ્રસ્ટને મળે તે માટે ડૉ. રામભાઈએ પૂજ્યપાદ પ્રમુખ સ્વામીને વાત કરી. સ્વામીશ્રી એ સમયે લંડનમાં હતા. જેથી વારંવાર ફોન દ્વારા સ્વામીજી સાથે વાર્તાલાપ કરીને આ જમીન ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનમાં વાજબી ભાવે મળે તેવા ભગીરથ પ્રયત્નો કર્યા હતા. ડૉ. રામભાઈ ઉપર સ્વામીજીને પૂર્ણ વિશ્વાસ. ડૉ. રામભાઈની વાત સાચી જ માની લેતા. તેમણે ડૉ. રામભાઈની વાત સ્વીકારીને આજની સોલા કૅમ્પસની સઘળી જમીન તથા તે વખતની હયાત ઇમારત ઊંઝાને મળી શકી હતી. ડૉ. રામભાઈ સ્વભાવે સંવાદી વ્યક્તિત્વ ધરાવતા હતા. ઉમિયા માતાજી સંસ્થાનની વિશાળ સમાજલક્ષી પ્રવૃત્તિઓ માટે ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા આજે પણ ડૉ. રામભાઈને યાદ કરે છે.

સ્વાતંત્ર્ય પર્વ
15 ઓગસ્ટ 2021
ચાણસ્મા


**મનુભાઈ જે. પટેલ**
પ્રમુખ, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી
પૂર્વ પ્રાચાર્યશ્રી,
સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી
રૂપાણીનો માઢ, ખાડિયા ચોક પાસે, ચાણસમા
મો. 7874761929

૪

# દરદી – મિત્ર ડૉ. રામભાઈ

**ડૉ. કનુભાઈ ધનાભાઈ પટેલ**

**કૂદતાં જઈએ પડતાં જઈએ ને પાછાં હસતાં જઈએ !**
**કાંટાઓને છોડી રંગબેરંગી ફૂલડાં વીણતાં જઈએ.**

**કાલે ક્યાં રાત પડશે શું ખબર !**
**તારાઓને આજે ગણતાં જઈએ**
**બોલ દોસ્ત તારે શું જોઈએ ?**
**જે છે મારી પાસે તે વહેંચતાં જઈએ**
**થોડું તું ખાય અને થોડું અમે, એમ**
**સાથે મળી જિંદગી જીવતાં જઈએ**

- ભૈરવી પરીખ

ભૈરવી પરીખની આ પંક્તિઓને ગણગણતાં બાલ્યાવસ્થામાં જિંદગીના પાઠ ભણતાં-ભણતાં શ્રી ડૉ. રામભાઈ મોટા થતા ગયા. કરણનગરમાંથી કડીની નામાંકિત સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ કે જેમાં આ લખનાર પણ અને અમારા પિતાશ્રી સ્વ. શ્રી વકીલ ધનાભાઈ પણ ભણેલા, ત્યાં હાઈસ્કૂલમાં દાખલ થયા અને સૌ વિદ્યાર્થીઓની જેમ સપનાં જોવા માંડ્યા...

**કોક દી હું સપનાંમાં ડૉક્ટર થાતો**
**દરદી સાથે મારે નજદીકનો નાતો**
**ઓછા પૈસામાં કરું દરદીને સાજો**
**મારા રુદિયાની વાતો ભાઈ સાંભળજો...**
**મારા સપનાંની વાત ભાઈ સાંભળજો.**

શેઠ સી. એમ. હાઈસ્કૂલ, ગાંધીનગરના નવમા ધોરણના ધ્રુવ પટેલની ‘સપનાની વાત’ રચના કેટલી બધી લાગુ પડે છે તે ડૉક્ટરોને કે જેઓ જનરલ પ્રેક્ટિસ કરી પ્રજાની સેવા કરી રહ્યા છે. શ્રી ડૉ. રામભાઈ તેવા ડૉક્ટરોમાંના એક હતા. બાહ્ય-દેખાવથી તેઓ ખૂબ કમાતા હશે તેવું લાગે, પણ ભૌતિક રીતે જોઈએ તો આ લખનારને અને અમારી સાથેના ઘણા બધા ડૉક્ટર મિત્રોએ ફક્ત પચાસ પૈસામાં દવા-ગોળી-કન્સલ્ટેશન સાથે પ્રેક્ટિસ શરૂ કરેલ છે. આ

બધા ડૉક્ટરો દરદી-મિત્ર હતા અને છીએ.

છગનભાના 'કર ભલા, હોગા ભલા' મંત્રને હૈયે રાખી 'સર્વ વિદ્યાલય કેળવણીમંડળ' – કડી, 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજકમંડળ' – કડી, 'સર્વ વિદ્યાલય કેળવણીમંડળ', ગાંધીનગરના સર્વે હોદ્દેદારોએ સમાજને દોરવાનું – સમાજની માવજત કરવાનું કાર્ય કર્યું છે. શ્રી ડૉ. રામભાઈએ પણ સૌની સાથે રહી ઓછું બોલી યથાશક્તિ ફાળો આપ્યો છે.

સંસ્થામાં વિવિધ હોદ્દા પર રહી સંસ્થાની સેવા કરી છે. 1976-77થી 1996-97 સુધી અમારા પિતાશ્રી વકીલ ધનાભાઈ હ. પટેલ સાથે 'સર્વ વિદ્યાલય કેળવણીમંડળ'ના મંત્રીશ્રી તરીકે અને ત્યાર પછી 2008-09 સુધી આ લખનાર સાથે મંત્રીશ્રી તરીકેની ફરજ નિભાવી છે. તે પછી 2009-10થી 3 વર્ષ સુધી 'સર્વ વિદ્યાલય કેળવણીમંડળ' – કડીના ઉપપ્રમુખ તરીકે પદ શોભાવ્યું. 2012-2013થી સ્વ. પ્રમુખ પદ્મશ્રી ભોળાભાઈ પટેલના નિધન પછી 8 વર્ષ સુધી – અવસાનપર્યંત 'સર્વ વિદ્યાલય કેળવણીમંડળ' કડીના પ્રમુખશ્રી તરીકે હોદ્દો સંભાળ્યો. અમારા પિતાશ્રી સાથે ઘણો સમય રહી તેમણે સંસ્થાની સેવા કરી. પિતાશ્રીને (સ્વ. વકીલ ધનાભાઈને) તેઓ કહેતા કે તમારા ખોળિયામાં બ્રાહ્મણનો વાસ છે. આ તે એટલા માટે કહેતા કે સંસ્થાની આર્થિક જરૂરિયાતો માટે અને વિકાસ માટે ફંડફાળાનું કામ બહુ કુનેહપૂર્વક અને સફળતાપૂર્વક નિભાવેલું, પછી તે પૂ. દાસકાકા સ્મારકનિધિ ફંડ હોય, પૂ. છગનભા સ્મારક ફંડ હોય, અમૃતમહોત્સવ ફંડ હોય કે અમેરિકા જઈ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું દાન મેળવવાનું હોય. આ બધી જવાબદારીઓ સંસ્થાના સર્વે કાર્યકરોને સાથે રાખી સફળતાપૂર્વક બજાવેલી, એટલે (ડૉ. રામભાઈ) અભિનંદન આપવામાં તેઓ અગ્રેસર રહેતા. તેઓ પોતે પણ શક્ય હોય તેટલી માતબર રકમનું દાન સંસ્થાના વિકાસમાં આપતા રહ્યા હતા. ડૉ. રામભાઈ કડી અને કરણનગરની વિવિધ સંસ્થાઓમાં પણ દાન આપી સહકાર આપતા હતા.



*સેરા ગ્રૂપના મોવડીઓ સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડીમાં એન્જિનિયરિંગ કૉલેજના ભવન માટે સર્વ વિદ્યાલયના કર્ણધારોને દાન પેટે ચેક આપી રહ્યા છે. (તા. 21/12/2017)*

કરણનગર ગામના સૌ પ્રથમ ડૉક્ટર એવા શ્રી ડૉ. રામભાઈસાહેબે પોતાના મિલનસાર સ્વભાવથી, ઉદાર દાનવીર રહી પોતાનાં માતાપિતા અને વતનનું નામ

ઉજાગર કર્યું છે. મુ. શ્રી ડૉ. રામભાઈ ઉત્તમ અધ્યાત્મિક જીવ હતા, એટલે તેઓશ્રી પ્રભુચરણોમાં અવશ્ય સ્થાન પામશે જ. તેઓશ્રીના આત્માને ચિરશાંતિ પ્રાપ્ત થાય તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરી સૌ કુટુંબજનોને તેમની ખોટ સહન કરવાની શક્તિ પ્રાપ્ત થાય તે આશા સાથે જયશ્રી સ્વામિનારાયણ.

પ્રમુખ,
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી
(મો. 9725424113)

*આ અણસમજું વન વચ્ચે શું મારે મરવાનું છે આમ?*
*નથી દશાનન દક્ષિણે અને ઉત્તરમાં નથી રામ.*

*- સિતાંશુ યશશ્ચંદ્ર*

*પરાગ જો અંતરમાં હશે તો*
*એ પાંગરીને કદી પુષ્પ ખીલશે,*
*મનોરથો સ્વપ્ન મહીં હશે તો*
*સિદ્ધિરૂપે કાર્ય વિશે જ જન્મશે.*

*- ઉમાશંકર જોશી*

*વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે,*
*પરદુ:ખે ઉપકાર કરે તોય મન અભિમાન ન આણે રે.*
*સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે,*
*વાચ-કાછ-મન, નિશ્ચલ રાખે, ધન્ય ધન્ય જનની તેની રે.*

*- નરસિંહ મહેતા*

૫

# સમર્પિત સ્વયંસેવક

**વિષ્ણુભાઈ પી. પટેલ (વી.પી.પટેલ)**

કડી સર્વ વિદ્યાલય કૅમ્પસનું 'સંસ્કારભવન' અનેક પ્રવૃત્તિઓના કેન્દ્ર સમું છે. કેટકેટલી વૈવિધ્યસભર પ્રવૃત્તિઓથી એ ગાજતું રહ્યું છે. આ 'સંસ્કારભવન'ના નામાભિધાન માટે માતબર રકમના દાતાશ્રેષ્ઠી ડૉ. રામભાઈ સાહેબે હમણાં જ તેમની લૌકિકયાત્રા પૂરી કરીને મોક્ષધામ પ્રતિ ગમન કર્યું છે.



*સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડીમાં સ્વ. માણેકલાલ એમ. પટેલસાહેબની પ્રતિમાના અનાવરણ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રીશ્રી નીતિનભાઈ પટેલનું સન્માન કરતા ડૉ. રામભાઈ પટેલ (તા. 12/01/2016)*

વતન કરણનગર, તા. કડી, જન્મદિન તા. 21-07-1937. પ્રાથમિકનું બીજું ધોરણ પૂરું કર્યુ ને પિતાનું છત્ર ગુમાવતાં પહાડ તૂટી પડ્યા જેવું હતું, પણ વહાલસોયાં માતુશ્રી કુંવરબાએ પૂરા વાત્સલ્યથી એમનો ઉછેર કર્યો. ડૉ. રામભાઈ જેવા **'સ્વામિનારાયણભક્ત'** એટલા જ **'માતૃભક્ત'** પણ હતા. સારી માતૃભક્તિના ઉદાહરણ રૂપે ડૉ. રામભાઈ અને તેમનાં ધર્મપત્ની ગોમતીબહેનનું ઉદાહરણ ટાંકું છું. આવાં મનભર ઉદાહરણો ઠેર-ઠેર જોવાં મળે તો સંસાર અસાર મટી સારરૂપ બની જાય.

પૂજ્ય મોરારિબાપુ અને સ્વામી સચ્ચિદાનંદજીએ પોતાનાં વક્તવ્યોમાં અનેક વાર કહ્યું છે, 'મંદિરો બહુ બાંધ્યાં, હવે શાળા-મહાશાળાઓ બાંધો. હઠીલી ગરીબી આપોઆપ દૂર થઈ જશે.' કડીમાં પૂ. છગનભાએ રોપેલો શિક્ષણનો વડલો સ્વ. માણેકલાલ સાહેબ, પૂ. દાસકાકા અને સદ્‌ગત ડૉ. રામભાઈ સાહેબના અથાગ પ્રયત્નો થકી કડીથી છેક ગાંધીનગર સુધી વિસ્તર્યો છે. **કેળવણી તો ચેતનાની ખેતી છે ભાઈ!**

ગાંધીનગરની એન્જિનિયરિંગ કૉલેજના દાતા તરીકે અને સ્વ. માણેકલાલ સાહેબના સીધા-પ્રત્યક્ષ સંબંધને કારણે હું ડૉ. રામભાઈ સાહેબના પરિચયમાં આવેલો. આ બંને સાહેબો સર્વ વિદ્યાલયનું હરતું-ફરતું તીર્થ હતા. પ્રતિભા-સંપન્ન અને વિચક્ષણ ડૉ. રામભાઈએ અનેકવિધ પ્રવૃત્તિઓના પ્રણેતા બની સમાજમાં - વિદ્યાર્થીઓમાં નવચેતના અને નવજાગૃતિ આપવાનો પુરુષાર્થ કર્યો છે.

કડી સર્વ વિદ્યાલય કેળવણીમંડળ અને સંસ્થાના બે તપસ્વી આત્માઓ: એક સ્વ. માણેકલાલ સાહેબ અને બીજા ડૉ. રામભાઈ સાહેબ. તપસ્વી ગયા – તપ રહ્યું. સફેદ કપડે પણ સાધુતા શોભી ઊઠે છે. સાધુ થવા માટે જંગલ કે જટાની જરૂર નથી. ત્યાગ કરે તે તપસ્વી. બંને તપસ્વીઓને હૃદયથી સલામ અને શત શત વંદન.

આજે ડૉક્ટરસાહેબ આપણી વચ્ચે નથી, ત્યારે કેટલાંય સુમધુર સંસ્મરણો તાજાં થાય છે. સંસ્મરણો એ સદ્ગતની પાવન સ્મૃતિ છે – એક પ્રકારની જીવનની મૂડી છે. એમાંથી ઇતિહાસ પ્રગટ થાય છે. એવાં કેટલાંક સ્મરણોને શબ્દદેહ આપવાનો ચૅરમૅનશ્રી સરદાર વલ્લભભાઈએ પ્રયત્ન કર્યો છે તેને હું શગ મોતીડે વધાવું છું – બિરદાવું છું. સાથે-સાથે ધન્યવાદ સાથે અભિનંદન પણ આપું છું.



*ફ્લોરિડા યુનિવર્સિટીના અધ્યાપકો સાથે ડૉ. રામભાઈ પટેલ (તા. 19/01/2010)*

સદ્ગત ડૉ. રામભાઈ સાહેબ કહેતા, "હવે તો હું આથમતા સૂર્ય જેવો છું. ક્યારે અલોપ થઈ જાઉં એ કહેવાય નહીં. જીવનના લગભગ નવ દાયકા ફિલ્મની પટ્ટીની જેમ પસાર થઈ ગયા.



*સ્વ. માણેકલાલ એમ. પટેલસાહેબની પ્રતિમાના અનાવરણ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો (તા. 12/01/2016)*

સર્વ વિદ્યાલય કેમ્પસમાં સેવા કરવાની તક મળી એ મારું અહોભાગ્ય છે. સ્વ. માણેકલાલ સાહેબ જેવા દષ્ટિવંત અને બાહોશ ચેરમૅનના નેતૃત્વ નીચે કામ કરીને હું ઘડાયો એનો મને આનંદ છે.

પૃથ્વી ઉપરનું ભાડાનું ઘર દરેકે ખાલી કરવાનું જ હોય. ઈશ્વરે પણ જેની નોંધ લેવી પડે એવું કાર્ય ડૉ. સાહેબે કર્યું છે. દુનિયામાં હજારો માણસો આવે ને જાય છે, પણ મૂલ્યપ્રેમી, નિષ્ઠાવાન લોકોને વર્ષો સુધી લોકો યાદ કરતા હોય છે. ડૉ. રામભાઈ સાહેબ એવી જ એક આદરણીય વ્યક્તિ હતી.

वंदे महापुरुष ते चरणारविन्दम् । તે મહાપુરુષના ચરણોમાં વંદન કરું છું. પરમાત્મા સદ્ગતના પુણ્યાત્માને ચિરશાંતિ અર્પો એ જ અભ્યર્થના.

**મહેકમાં મહેક ભળી જાય તો તેને મૃત્યુ ન કહો**
**તેજમાં તેજ ભળી જાય તો તેને મૃત્યુ ન કહો.**

ચેરમૅન, ઉમિયાધામ - એડીસન,
ન્યૂ જર્સી - અમેરિકા

પ્રમુખ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,
ગાંધીનગર શાખા



૬

# પૂજ્ય ડૉ. રામભાઈકાકા

**વલ્લભભાઈ એમ. પટેલ**

આજે પૂજ્ય ડૉ. રામભાઈકાકા સાથેનાં સંસ્મરણો શબ્દબદ્ધ કરવા બેઠો છું ત્યારે હૈયું ભરાઈ આવે છે. તેમની સાથેની વૈવિધ્યસભર અઢળક સ્મૃતિઓ સ્મૃતિપટલ ઉપર તાજી થઈ છે. તેમનું વાત્સલ્ય સદૈવ સ્મરણીય બની રહે તેટલું હેતાળવું રહ્યું હતું. મારા જન્મપૂર્વેથી અર્થાત્ પૂ. ડૉક્ટર કાકાશ્રીએ કડીમાં પ્રેક્ટિસ શરૂ કરી હતી ત્યારથી અમારા પરિવારો વચ્ચે ભારે સ્નેહભર્યા સંબંધો જળવાઈ રહ્યા છે. મારું શૈશવ તેમના ખોળામાં જ પોષાયું છે. ખાનગીમાં કહું તો મારા પિતા મને થોડા કડક લાગતા, તેમની સાથે ભાગ્યે જ વાતો કરતો, જ્યારે ડૉક્ટરકાકા સાથે છૂટથી વાતો કરતાં. અમે ઠીક-ઠીક સમય પૂજ્ય ડૉક્ટરસાહેબના ત્યાં પસાર કરતો. પૂજ્ય ગોમતીકાકીનો સ્નેહભાવ પણ માતૃવત્સલ. મારા સદ્‌ગત પિતાશ્રી અને સદ્‌ગત ડૉક્ટર રામભાઈકાકા વચ્ચેના સ્નેહપૂર્ણ સંબંધોનું સખ્ય ઉદાહરણસ્વરૂપ પાંગર્યું હતું. સંસ્થાનાં કે સમાજજીવનનાં કાર્યોમાં મોટા ભાગે બંને સાથે જ હોય. મંડળમાં આખો દિવસ સાથે રહ્યા હોવા છતાંય સાંધ્યગોષ્ઠિ ડૉક્ટરકાકાને ત્યાં અચૂક જામે જ અને તે પણ મોડી રાત સુધી. અલબત્ત, તેમની વાતોના કેન્દ્રમાં સર્વ વિદ્યાલય જ હોય.



*પ્રમુખસ્વામીની પ્રતિમાને માલ્યાર્પણ કરતા શ્રી ભોળાભાઈ પટેલ. તેમની બાજુમાં ડૉ. રામભાઈ પટેલ અને શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબ દૃશ્યમાન થાય છે.*



*પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પધરામણી શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબના નિવાસસ્થાને. શ્રી વલ્લભભાઈ એમ. પટેલ પ્રમુખસ્વામીની પૂજા-અર્ચના કરી રહ્યા છે.*

મારા જીવનઘડતર અને ચણતરમાં તેમનો ઘણો મોટો ફાળો રહ્યો છે. બાલ્યવયથી જ અમને રમતગમતમાં પ્રોત્સાહન આપવાની સાથે



સારંગપુર મંદિરમાં પૂ. પ્રમુખસ્વામી મહારાજના દર્શનાર્થે પધારેલા ડૉ. રામભાઈ પટેલ અને શ્રી વલ્લભભાઈ એમ. પટેલ. સ્વામિનારાયણ સંતોની સાથે પૂ. ભક્તિપ્રિયદાસજી - કોઠારીસ્વામી પણ દૃશ્યમાન થાય છે.



સર્વ વિદ્યાલય કૅમ્પસ કડીમાં ગાંધીજયંતીની ઉજવણી પ્રસંગે ડૉ. રામભાઈ પટેલ, ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ વગેરે

પાઠ્યપુસ્તકો ઉપરાંત ઇતર વાંચન માટે ખાસ પ્રેરણા આપતા રહ્યા હતા. પોતે ડૉક્ટર હોઈ ડૉક્ટરીવિદ્યાનાં પુસ્તકો અને સામયિકોનું વાચન કરતા રહેવાની સાથે ધર્મ, દર્શન, સ્વામિનારાયણ સાહિત્ય, ગુજરાતી નવલકથાઓ વગેરે રસપૂર્વક વાંચતા તેમને જોયા છે. પોતે વાંચતા રહેવાની સાથે અમારા લાયક પુસ્તકો ખરીદી લાવીને અમને તે આપતા પણ ખરા અને થોડાક દિવસો બાદ યાદ રાખીને પૂછતા પણ ખરા કે પુસ્તક કેવું લાગ્યું ? વગેરે. અરે ! પોતાને ગમતાં ઘણાં લેખકો, જેમ કે કુંદનિકા કાપડિયા, મુનશી, દર્શક, પન્નાલાલ, પીતાંબર પટેલ વગેરેનાં ઘણાં ખરાં પુસ્તકો પોતે વાંચી લીધાં છે તેમ અમને જણાવતા પણ હતા, કે જેથી અમે પણ વાંચવા પ્રેરાઈએ. બાળકોની માફક મોટેરાંઓને પણ પોતાને ગમી ગયેલાં પુસ્તકો ખરીદીને વહેંચતા હતા. મને યાદ છે ત્યાં સુધી સામાન્ય રીતે રવિવારે પ્રેક્ટિસ માટે જતા નહીં. આમ છતાં થોડાક કલાકો સુધી મનગમતાં પુસ્તકો વાંચવા માટે દવાખાને જતા. આવો હતો તેમનો પુસ્તકપ્રેમ.

સમયનાં વહેણો સાથે મારે સર્વ વિદ્યાલય કેળવણીમંડળ, કડીના મંત્રીશ્રી તરીકે સેવાઓ આપવાનું નક્કી થયું ત્યારે ડૉ. રામભાઈકાકા પણ મંત્રીશ્રી તરીકે સેવાઓ આપતા હતા. સમાજજીવનની અને સવિશેષતઃ કેળવણીની જાહેર સંસ્થામાં કામ કરવાની મારી આ શરૂઆત હતી. તેઓશ્રી મને કાનૂની અને વહીવટીય આંટીઘૂંટીઓ અને પરંપરાઓ વિશે સમજાવતા. આથી પણ વિશેષ માનવીય પાસાં વિશે વ્યવહારિક પ્રબોધન કરતા તે મને વિશેષ સ્પર્શી ગયું છે. તેમની આ પાયાની શીખ ડગલે ને પગલે ખપમાં આવી રહી છે. આ સંદર્ભે મારે ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે તેઓશ્રી બ્રહ્મલીન પ્રમુખસ્વામી મહારાજના કૃપાપાત્ર બની રહ્યા હોવાથી તેમના આચાર-વિચારથી ભારે પ્રભાવિત રહ્યા

હતા. પૂજ્ય કાકાશ્રીનાં વાણી અને વર્તન એક સંત સમાન બની રહ્યાં હતાં. એક ડૉક્ટર પાસે અપેક્ષિત માનવીય સંવેદનશીલતાથી અધિક તેઓશ્રી ઉમદા માનવ હતા. સ્વામિનારાયણીય જીવનસંદેશને તેમણે પોતાના જીવનમાં પચાવ્યો હતો અને આચરણમાં મૂક્યો હતો. તેઓશ્રી ગરીબોના ડૉક્ટર તરીકે કડીપંથકમાં ખ્યાતિ પામ્યા હતા. એક હકીકત છે કે એક ડૉક્ટર તરીકે તેઓશ્રી જે ધન કમાયા હતા તેનાથી અધિક સેવાપરાયણ ડૉક્ટર તરીકેની કીર્તિ કમાયા હતા. આજે પણ લોકો તેમને આદરથી યાદ કરે છે, તેની પાછળ તેમનો દયાળુ અને પરગજુ સેવાપરાયણ સ્વભાવ જ કારણભૂત છે.

પૂજ્ય રામભાઈકાકાનું મોટું ઋણ મારે શિરે એ છે કે મારા પિતાશ્રીના આકસ્મિક નિધન બાદ તેમણે અમને પૂરી પાડેલી હૂંફ. કૌટુંબિક અને સંસ્થાનાં કામકાજમાં મને જે પ્રેરણા, પ્રોત્સાહન, માર્ગદર્શન અને પીઠબળ પૂરાં પાડ્યાં છે તે અણમોલ હોઈ સદાકાળ સ્મરણીય બની રહેશે. મારા પિતાશ્રીના અવસાન બાદ મંડળ દ્વારા સર્વાનુમતે મારા શિરે ચૅરમૅનપદની જવાબદારી સોંપવામાં આવતાં અણધાર્યા કામની જવાબદારી વહન કરવા માટે પૂજ્ય કાકાશ્રીએ મારું જે ઘડતર કર્યું છે તે ખરે જ અવર્ણનીય છે – મારા માટે શબ્દોમાં વર્ણવવું અઘરું છે. આ વિશે આશ્ચર્ય તો એ છે કે તેમણે મને કદાપિ આમ કર કે તેમ કર કે આમ કરવા જેવું નહોતું કે આ ખોટું કર્યું વગેરે કશું જ કહ્યું નથી. અરે ! ક્વચિત્ કોઈ કારણોસર ગુસ્સે થયો હોઉં કે કોઈ મળવા આવે કે કોઈ માગણી લઈને આવે – સ્ટાફ કે અન્ય કોઈ – તેવા પ્રસંગે પણ ન પોતાનો અભિપ્રાય આપે કે ન કોઈ સૂચન કરે. મારી કાર્યશૈલીનું નિરીક્ષણ જ કરતા રહેતા. પ્રાપ્ત અવકાશે હળવાશથી વિચારવિમર્શ કરતા. વાણી અને વર્તનમાં ઔચિત્ય જળવાય કે માનવીય સંબંધોની મીઠાશ જળવાય તેવી



*ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પ્રો. કે. એસ. શાસ્ત્રી સંસ્થાની મુલાકાતે પધારેલા તે સમયે શ્રી માણેકલાલ પટેલ, ડૉ. રામભાઈ પટેલ, ડૉ. મણિભાઈ પટેલ વગેરે.*




*સર્વ વિદ્યાલય કૅમ્પસ કડીમાં ગાંધીજયંતીની ઉજવણી પ્રસંગે ડૉ. રામભાઈ પટેલ, ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ વગેરે*

પ્રમુખસ્વામીના મુખેથી સાંભળેલી વાતો કે પોતે વાંચેલાં પુસ્તકોના આધારે કહેતા રહેતા હતા. મારા હૃદયનો ભાવ છુપાવ્યા સિવાય કહું તો પૂજ્ય ડૉક્ટર રામભાઈકાકા સાચા અર્થમાં મારા ચાણક્ય - ગુરુ હતા. તેમણે પોતાના પુત્રોથી અધિક મને ચાહ્યો છે અને દોર્યો પણ છે. તેમનો આ નિર્વ્યાજ સ્નેહભાવ મારો પથ પ્રશસ્ત કરનાર જીવનપાથેય બની રહ્યો છે અને ખાસ તો ઋણસ્વીકારની ભાવના સાથે મારે ઉલ્લેખ કરવો રહ્યો કે સર્વ વિદ્યાલયની નવી જવાબદારી હું નિશ્ચિત બની સુપેરે સંપન્ન કરી શકું તે હેતુસર મારા અંગત ધંધાકીય અને આર્થિક આયોજન માટે પૂજ્ય રામભાઈકાકાએ પૂરું પાડેલ માર્ગદર્શન આજે પણ પ્રમુખ આધારસ્તંભ બની રહ્યું છે. પરિવારના વડા તરીકે અદા કરેલું ઉત્તરદાયિત્વ સદાય સ્મરણીય બની રહેશે. આ સાથે જ મારે નોંધવું રહ્યું કે તેમના બંને સુપુત્રો એવા મારા મોટા ભાઈ સમાન શ્રી કિરીટભાઈ અને શ્રી પ્રદીપભાઈ પણ પૂજ્ય રામભાઈકાકાના પગલે-પગલે સંબંધોની સુવાસ સવાઈ પ્રસરાવી રહ્યા છે.



*સ્વ. માણેકલાલ પટેલસાહેબની સ્મૃતિમાં તા. 1 ફેબ્રુઆરી, 2014ના રોજ આયોજિત રક્તદાન શિબિર પ્રસંગે રક્તદાતાઓ સાથે ડૉ. રામભાઈ પટેલ*

યથાવકાશે મારા પિતાશ્રી સાથેનાં સંસ્મરણો, સંસ્થાના ભાવિ વિકાસ વિશે તેમણે સેવેલાં સ્વપ્નો, હવે શું કરવા જેવું છે, કોઈ પ્રશ્ન સંદર્ભે મારા પિતાજીનું કેવું વલણ રહેત વગેરે વિશેની અર્થસભર વાતો કરીને મારા વૈચારિક ઘડતરમાં ડૉ. રામભાઈકાકાનો મહત્ત્વપૂર્ણ ફાળો રહ્યો છે. કડીમાં પ્રેક્ટિસ શરૂ કરી ત્યારથી જ સંસ્થા પ્રતિ તેમનું મમત્વ અને કંઈક કરી છૂટવાની ભાવના પ્રેરણાદાયી રહી હતી. માત્ર ભાવના/લાગણી જ નહીં; પરંતુ વખતોવખત સંસ્થાને દાન પણ આપતા રહ્યા હતા અને છેલ્લે તેમણે કલ્પનાતીત રૂપિયા એક કરોડની માતબર રકમનું દાન સંસ્થાને આપ્યું હતું. આ સાથે જ સંસ્થા માટે સમાજમાંથી દાન મેળવી આપવામાં પણ તેમની ભૂમિકા મહત્ત્વપૂર્ણ બની રહી હતી. આ સંદર્ભે ખાસ નોંધપાત્ર ઘટના એ છે કે વિદ્યાર્થીઓની ઘટતી જતી સંખ્યા અને વધતા જતા આર્થિક બોજના કારણે આપણે સાયન્સ કૉલેજ બંધ કરવાની સ્થિતિએ પહોંચ્યા હતા ત્યારે તેમણે પ્રમુખસ્વામી મહારાજ પાસેથી માતબર દાન મેળવી આપીને સાયન્સ કૉલેજને જીવતદાન અપાવ્યું હતું. આ બધા પાછળનું રહસ્ય એ છે કે જેવા તેઓશ્રી ધવલવસ્ત્રધારી હતા, તેવું જ તેમનું અણીશુદ્ધ નિર્મલ જીવન હતું, પરિણામે

તેમનો બોલ સહજમાં સ્વીકૃતિ પામતો.

ડૉક્ટરી પ્રેક્ટિસ અને સર્વ વિદ્યાલય ઉપરાંત સમાજજીવનની કેટલીક સંસ્થાઓ સાથે પણ ફરજની ભાવનાથી જોડાયેલ રહેતા હતા. કડીમાં ભાગ્યોદય જનરલ હૉસ્પિટલની સ્થાપના કરવામાં કડીના અગ્રણી નગરજનો સાથે તેઓશ્રી પણ જોડાયા હતા. પોતે એક ડૉક્ટર હોઈ આ હૉસ્પિટલના ક્રિયાન્વયનમાં તેમની ભૂમિકા મૂઠી ઊંચેરી બની રહી હતી. આ ઉપરાંત લાયન્સ ક્લબ, કડીના માધ્યમથી સેવાકાર્યો હાથ ધરવામાં તેમજ પોતાના સમાજના પ્રમુખ તરીકે તેમણે પ્રશંસ્ય સેવાઓ આપી હતી. સમાજના પ્રમુખ તરીકે સામાજિક કુરિવાજોની નાબૂદી અર્થે કડક વલણ અપનાવતા રહ્યા હતા. પ્રસંગોપાત્તનાં ઉદ્‌બોધનોમાં સમાજના ભાઈ-બહેનોને ઉચ્ચ શિક્ષણ માટે અને જીવનમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવવાના આગ્રહી બની રહેવા ટકોર કરવાનું ચૂકતા નહીં, જેમાં સમાજ માટેની તેમની ચિંતાનાં સહજમાં દર્શન થાય છે.



*સર્વ વિદ્યાલય કેમ્પસ, કડીમાં મંડળ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરતા ડૉ. રામભાઈ પટેલ*

ડૉ. રામભાઈકાકાના સમગ્ર વ્યક્તિત્વને ધ્યાને લેતાં કહેવું રહ્યું કે તેઓશ્રી એક ડૉક્ટર અને વ્યક્તિ તરીકે ખરા અર્થમાં ઋજુસ્વભાવના અદના-સ્ફટિક સમ નિર્મલ વ્યક્તિ હતા. તેમના મુખારવિંદ ઉપર કરુણા, અહિંસા અને પરહિત કાજે કંઈક કરી છૂટવાની ભાવના સહજમાં દૃષ્ટિગોચર થતાં. આ લખી રહ્યો છું ત્યારે મહાકવિ ન્હાનાલાલના શબ્દોનું સ્મરણ તાજું થાય છે:

**શી-શી સંભારું ને શી-શી પૂજું પુણ્ય વિભૂતિઓ**
**પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે!**

આવા, ગૌરવશીલ પૂજ્ય ડૉ. રામભાઈકાકાનાં શ્રીચરણોમાં શત શત વંદન.

વલ્લભભાઈ એમ. પટેલ
પ્રેસિડેન્ટ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર,
ચેરમેન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,
કડી-ગાંધીનગર.
મો. 9825036236

૭

# સંતની વસમી વિદાય

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**

અમે જ્યારે મળીએ ત્યારે તેમની મોટી ચિંતા, "વિઠ્ઠલભાઈ આપણે આટલી મોટી ફી (અલબત્ત, રાજવી સરકારના નિયમોને આધીન) લઈએ છીએ અને વિદ્યાર્થીને ભણી રહ્યા પછી નોકરી ન મળે કે ઘણા ઓછા પગારની નોકરી મળે, તો વિદ્યાર્થીને આપણામાં વિશ્વાસ કઈ રીતે રહેશે?" આના જવાબમાં ડૉ. રામભાઈને કહેતો કે આપણે જેટલી ફી લઈએ છીએ તેના પ્રમાણમાં આપણે સરસ ભણાવીએ, પૂરેપૂરી શક્તિ વાપરીને પ્રામાણિકપણે જીવન જીવવાનું શીખવીએ તો કદાચ આપણે કોઈ જાતની ચિંતા કરવાનું કારણ રહેશે નહિ.



*શ્રી ભોળાભાઈ પટેલ (વિસનગર)નું સ્વાગત કરતા ડૉ. રામભાઈ પટેલ*

ડૉ. રામભાઈના પિતાજીનું નિધન રામભાઈ નાના હતા ત્યારે થયેલું આથી તેમણે જિંદગીમાં ઘણો સંઘર્ષ જોયેલો. એમની પૂ. પ્રમુખસ્વામી અને સ્વામિનારાયણ ધર્મ પ્રત્યેની અચળ શ્રદ્ધાએ જિંદગી જીવવામાં ખૂબ જ મદદ કરી છે. ડૉ. રામભાઈ પૂ. પ્રમુખસ્વામીના ખાસ ભક્ત હતા. ડૉ. રામભાઈએ મને પૂ. પ્રમુખસ્વામી પાસે લઈ જવા ખૂબ જ પ્રયત્ન કરેલો, પણ હું પૂ. પ્રમુખસ્વામીનો સમય બગાડવા તૈયાર ન હતો. જરૂરથી એટલું કહીશ કે મેં જિંદગીમાં સાચા સંતને મળવાની તક ગુમાવી હતી. ડૉ. રામભાઈના કારણે હું ઘણાં સ્વામિનારાયણ મંદિરોમાં ગયો છું અને ઘણાબધા ઉચ્ચ કોટિના સ્વામિનારાયણ સંતોને પણ મળવાનું બન્યું છે.

હું શિક્ષક છું, હતો અને રહીશ. કડી સર્વ વિશ્વવિદ્યાલયભવન માટે માનનીય માણેકલાલભાઈને બે લાખ ડૉલર જોઈતા હતા. મારી પાસે બચતમાંથી વધારેમાં વધારે પોણા બે લાખ ડૉલર બે વર્ષમાં આપી શકું તેવી મારી તૈયારી. શિક્ષક માટે તો આ ઘણા વધારે ગણાય. ડૉ. રામભાઈએ માણેકલાલને

સમજાવ્યા કે આવી પ્રામાણિક બચતના પૈસા આપણી યુનિવર્સિટી માટે ખૂબ જ શુકનિયાળ છે. (આશા રાખું કે આ સાચું હોય) માટે પોણા બે લાખ તો પોણા બે લાખ વિઠ્ઠલભાઈના સ્વીકારી લો. અને આઈ.એ.પટેલ (શેરથા) યુનિવર્સિટીભવન માટે દાન મેળવી આપનાર ડૉ. રામભાઈ જ હતા.

લગભગ 2004ની આસપાસની વાત છે. હું એલ.ડી.આર.પી.માં શોખથી ગણિત ભણાવતો હતો. હું અમેરિકન પદ્ધતિથી ટેવાયેલો છું, કારણ કે મને ખૂબ જ ગમે છે. પહેલા દિવસથી પચાસ મિનિટ પૂરેપૂરું ભણાવવાનું અને છેલ્લા દિવસે પણ પચાસ મિનિટ પાકી. જ્યારે એલ.ડી.આર.પી. કે આપણી સાયન્સ કૉલેજમાં ભણાવતો ત્યારે શરૂઆતના અઠવાડિયામાં ખાસ વિદ્યાર્થીઓ ન આવે. જન્માષ્ટમીની રજાઓ પહેલાં અને પછી, તે જ રીતે નવરાત્રીની રજાઓ પહેલાં અને પછી કેટલાક વિદ્યાર્થીઓ વર્ગમાં ન આવે. મારાથી આ સહન ન થયું એટલે મેં ડૉ. રામભાઈને કહ્યું, “મારી Ph.D.ની ડિગ્રી Applied Mechanics, Mechanical Engineeringની હોઈને, કોઈ પણ જાતના ડર વગર મને એલ.ડી.આર.પી.નો પ્રિન્સિપાલ બનાવો. તમને પહેલા અને છેલ્લા દિવસે પણ બરાબર ચાલતી સંસ્થા જોવા મળશે. આ ઉપરાંત ઘણાબધા યોગ્ય ફેરફારો જોશો. આ બધું મફતમાં, તમારે મને પગાર તો આપવાનો નથી.” બે અઠવાડિયાં પછી ડૉ. રામભાઈએ કહ્યું, “તમે અમારા માટે કડક છો.” જોકે તેઓને જરૂરિયાત લાગે તો ગમે તે મિનિટે મારું રાજીનામું માગી શક્યા હોત. ખરેખર મોટા ફેરફાર કરવાની તક મળી હોત.

પૂ. છગનભાના પુત્ર શ્રી જેઠાલાલના પૌત્ર નિરંજનભાઈ. આ નિરંજનભાઈએ મહાગુજરાતની ચળવળમાં ખૂબ જ અગત્યનો ફાળો આપેલો. સરસ મોટી મોટલ, લીકર સ્ટોર અને સરસ મજાનું ઘર. છગનભાના કુટુંબી એટલે સર્વ વિદ્યાલય માટે ખૂબ જ લાગણી. તેમને એવું સરસ કામ કરવું હતું કે જેથી કડી સર્વ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓને મોટો ફાયદો થાય. તેમણે આપણા વિદ્યાર્થીઓ ફ્લૉરિડા સ્ટેટ યુનિવર્સિટીમાં જઈને ભણે તેવી યોજના કરેલી. આ બધાની મિટિંગોમાં હું પણ કેલિફૉર્નિયાથી બે વખત ફ્લૉરિડા ગયો છું અને નિરંજનભાઈના મહેમાન તરીકે રહ્યો છું. આ બધી વ્યવસ્થા માટે આપણે $ 15,000 (પંદર હજાર ડૉલર) ફ્લૉરિડા સ્ટેટ યુનિવર્સિટીને દર વર્ષે ભરવાના હતા. હું અને નિરંજનભાઈ મળીએ ત્યારે આનો કઈ રીતે વધારેમાં વધારે ઉપયોગ થાય, તેનો વિચાર



*તા. ૨ ઑક્ટોબર, 2015 ના રોજ ગાંધીજયંતી ઉજવણી નિમિત્તે સ્વચ્છતા અભિયાનમાં ડૉ. રામભાઈ પટેલ અને અન્ય.*



*વિજ્ઞાનમેળાની મુલાકાતે ડૉ. રામભાઈ પટેલ તા. (30/9/2015)*

કરતા અને આ ખર્ચને પહોંચી વળવા શું કરીએ તેનો પણ વિચાર નિરંજનભાઈએ કરી રાખેલો, પણ પૈસાના અભાવે બે વર્ષ પછી ભાગી પડ્યું. હું અને નિરંજનભાઈ મિત્રો બની ગયેલા. બીજો પણ વિચાર કરતા – ગાંધીનગર અને કડીમાં ખાસ જમીન ખુલ્લી રહી નથી. વિકાસ માટે જમીન ક્યાંથી લાવીશું ? અમને બન્નેને સૂઝ્યું કે સરઢવ અને મોટી આદરજની આસપાસ 60 વીઘા જમીન સંસ્થા માટે લીધી હોય તો ભવિષ્યમાં કામ આવે. મેં ડૉ. રામભાઈને અમારો વિચાર જણાવ્યો હતો, પરંતુ આ વિશે નિર્ણય ન થઈ શક્યો.

ડૉ. રામભાઈ સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી અને હું પણ; પરંતુ અમારી વચ્ચે કોઈ પરિચય-સંબંધ પ્રસ્થાપિત થવાની એક ઘટના આત્મશ્લાઘા વહોરીને જણાવું છું કે હું અમેરિકા ઘણાં વર્ષો રહ્યો, પણ જે સમાજમાં હું મોટો થયો તે સમાજના માટે કંઈક કરવાની તીવ્ર ભાવના હતી, છે અને રહેશે. આથી ભારત પાછા આવવાનો નિર્ણય લીધો. ક્યાં રહેવું તે પણ નક્કી હતું. બને ત્યાં સુધી મારા વતન શેરથા કે શેરથાની આસપાસ તે પણ નક્કી હતું. શેરથા ગામમાં અમારાં મકાનોમાં ત્રણે બાજુની દીવાલોમાં બારીઓ ન હોઈને મારા માટે તેમાં રહેવું અઘરું હોઈને, ખેતરમાં ઘર બાંધીને રહેવું તેવું નક્કી કર્યું. શેરથા રહેવાનું શરૂ કર્યા પછી મને ગામમાં બધે જ પ્લાસ્ટિકનો કચરો દેખાય. મારાથી આ કચરો જોઈ શકાતો ન હતો. આથી સવારના સાઇકલ ઉપર બેસીને ગામમાં જતો. ગામમાં જઈને ભાગોળમાં આવેલી પ્રાથમિક શાળાનો આગળનો ભાગ, બસસ્ટૅન્ડનો ભાગ અને ભાગોળમાં થોડોક ભાગ લગભગ બે કલાક વાળીને સાફ કરતો. કોણ જાણે કુતૂહલતાથી ગુજરાત સમાચારે અમારી પ્રવૃત્તિ અને અમારા વિશે સરસ લેખ લખ્યો. આ લેખ વાંચીને સવારના એક ભાઈ મળવા આવ્યા. ચા-પાણી પીને શાંતિપૂર્વક વાતો કરી. તેમણે જણાવ્યું કે તેઓ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના હોદ્દેદાર છે. આની સામે મેં જણાવ્યું કે હું સર્વ વિદ્યાલય હાઈસ્કૂલનો વિદ્યાર્થી છું. હું સર્વ વિદ્યાલય કડીનો વિદ્યાર્થી છું તે જાણીને તે ભાઈ તો ખૂબ જ આનંદમાં આવી ગયા. તે ભાઈ તે જ ડૉ. રામભાઈ પટેલ. મારાથી એક વર્ષ પાછળ, પણ તેઓ બૉર્ડિંગમાં રહેતા ન હોઈને હું આ પહેલાં તેમને ઓળખતો ન હતો.

કદાચ હું જે સફાઈનું કામ કરતો, તે તેમને ગમતું હોઈને કુતૂહલતાપૂર્વક અમને મળવા આવ્યા તે તેમના સ્વભાવની સરળતા બતાવે છે. તેમણે મને કડીની સંસ્થામાં રસ લેતો કર્યો, આ માટે તેમનો ખૂબ જ આભારી છું. આવી તેમની સરળતા અને બીજાને ઉપયોગી થવાની ભાવના તમે તેમના મોઢા ઉપર જોઈ શકો. તેમની નજરમાં સર્વ વિદ્યાલય, બધા કૅમ્પસો, વિદ્યાર્થીઓ અને શિક્ષકગણથી વધારે અગત્યનું કશું જ ન હતું. આ ઘટના પછીનો જેમ-જેમ સમય જતો ગયો તેમ-તેમ અમે ખાસ મિત્રો બની ગયા. અમને બંનેને એકબીજાને મળવાનું ખાસ ગમતું. મને ડૉ. રામભાઈની જન્મતિથિ ઊજવવાનો પ્રસંગ બરાબર યાદ છે. ડૉ. રામભાઈને તેમના કુટુંબે જન્મદિવસની અમૂલ્ય ભેટ આપેલી. આ ભેટ હૉન્ડાની બનાવટ વાળી ગાડી. તેઓ જીવ્યા ત્યાં સુધી બરાબર વાપરી. કિરીટકુમાર અને નીરૂ અને તેમના પુત્ર અને પુત્રવધૂએ ડૉ. રામભાઈ અને ગોમતીબહેનની જે જાતની કાળજી લીધી છે તેની નોંધ લઈને તેનું અનુકરણ સમાજે કરવા જેવું છે. ડૉ. રામભાઈના સંપર્કમાં આવનાર બદલાયા વગર ન રહે. ડૉ. રામભાઈ અને તેમના કુટુંબની અને ડૉ. જયંતીભાઈની અને તેમના કુટુંબની સંસ્કારિતા આપણે અનુભવીએ છીએ અને જોઈએ છીએ તે ડૉ. રામભાઈના કારણે જ.



*સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડીમાં ટોય ટ્રેનના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત મોવડીઓ. (તા. 24/11/2016)*

નમ્ર સ્વભાવના, નરસિંહ મહેતાની ભાષામાં કહીએ તો સાચા વૈષ્ણવજને આપણી સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે આપણી સંસ્થાને નામના અપાવી છે. આપણી સંસ્થાના ખૂબ જ મોટા હિતચિંતક હતા. આપણને બધાને કઈ રીતે શાંતિપૂર્વક જીવવું તે શીખવીને વિદાય લીધી છે, આપણા બધાંના માટે વસમી વિદાય છે.... પ્રભુ તેમના આત્માને શાંતિ આપે અને તેમનાં કુટુંબીજનો જેમાં આપણે બધાં આવીએ તે દરેકને તેમના જવાનું દુઃખ સહન કરવાની શક્તિ આપે. જય સ્વામિનારાયણ !

**- વિઠ્ઠલભાઈ અં. પટેલ**
'સ્વરાજ', નરસિંહજીના મંદિર પાસે,
ઉવારસદ રોડ, મુ. પો. શેરથા, તા. જિ., ગાંધીનગર
મો. 9428019042

૮

# સદ્‌ગૃહસ્થ સાધુપુરુષ ડૉ. રામભાઈ પટેલ

**ડૉ. મણિભાઈ એસ. પટેલ**

**'મળે દેહ માટીમાં, પણ માણસનું નામ જીવે છે,**
**સત્કર્મની સૌરભ, સદા ચોપાસ ખીલે છે.'**

આપણા આદરણીય ડૉ. રામભાઈ સાહેબ કરણનગર ગામના પ્રથમ ડૉક્ટર થવાના શ્રેયના અધિકારી છે. તેઓશ્રી મનોરદાસ પટેલ અને કુંવરબાના પનોતા પુત્ર હતા. રામભાઈએ પિતાનું છત્ર બાળપણમાં ગુમાવતાં તેમના ઉછેરની જવાબદારી માતા કુંવરબાએ ભારે કાળજીથી ઉઠાવી હતી. માતુશ્રી કુંવરબા ભારે કોઠાસૂઝવાળાં હતાં. તેમણે પુત્ર રામભાઈમાં સંસ્કારસિંચન એવું કર્યું હતું કે પુત્ર રામભાઈ અગણિત વ્યક્તિઓના દિલમાં સ્થાન પામ્યા હતા. રામભાઈ ભણવામાં હોશિયાર હતા. તેમણે પ્રાથમિક શિક્ષણ વતનમાં અને કલોલમાં તથા માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડીમાં લીધું હતું. રાજપુરના વતની શ્રી રણછોડભાઈ પટેલ (હાલમાં સાધુ ભક્તિપ્રિયદાસ-કોઠારીસ્વામી, મુંબઈ) તેમના સહાધ્યાયી હતા. તેમણે પ્રિ. સાયન્સ અને એફ. વાય. બી. એસસી., એમ. જી. સાયન્સ કૉલેજમાંથી કર્યા બાદ બી. જે. મેડિકલ કૉલેજમાં પ્રવેશ લીધો હતો. અભ્યાસ દરમિયાન સાદા પોશાકમાં મેડિકલ કૉલેજમાં જતા અને તે પણ સ્વામિનારાયણ પંથનો ચાંલ્લો કપાળમાં કરીને. તેમનો શારીરિક બાંધો એટલો મજબૂત કે ક્યારેક રવિવારે સાઇકલ પર બે કલાકમાં અમદાવાદથી કરણનગર પહોંચતા. તેમનાં લગ્ન 14 વર્ષની ઉંમરે ગોમતીબહેન સાથે થયાં હતાં.



*શ્રીમતી એમ. પી. પટેલ મહિલા પી.ટી.સી. કોલેજ, કડીના સાંસ્કૃતિક સમારોહનું દીપપ્રાકટ્ય કરી ઉદ્‌ઘાટન કરી રહેલા ડૉ. રામભાઈ પટેલ અને ડૉ. મણિભાઈ પટેલ. તેમની બાજુમાં શ્રી ખોડભાઈ પટેલ અને પ્રિ. ડૉ. બાબુભાઈ પટેલ દૃશ્યમાન થાય છે.*

રામભાઈએ એમ. બી. બી. એસ. 1962માં પૂર્ણ કર્યું. ઇન્ટરશિપ દાહોદમાં

કરી. ડૉક્ટર તરીકે સરખેજ હેલ્થસેન્ટરમાં તેમની નિમણૂક થતાં તેઓની કાર્યનિષ્ઠા, ચોક્કસ નિદાન, યોગ્ય સારવાર, આત્મીય વ્યવહારથી સૌના આદરપાત્ર બન્યા હતા. પોતાનું ખાનગી દવાખાનું શરૂ કરવા હેતુ રાજીનામું આપતાં સ્ટાફ, ગામલોકો તથા અધિકારીઓ રાજીનામું પાછું ખેંચવાનાં આગ્રહી બની રહ્યાં હતાં. આમ છતાં, ભાવિ કારકિર્દીને ધ્યાને લઈ એમણે ખાનગી પ્રેક્ટિસનો આરંભ કટોસણ રોડથી શરૂ કર્યો હતો. આ વિસ્તાર અવિકસિત હોઈ પુત્ર કિરીટના અભ્યાસનો વિચાર કરતાં દોઢ વર્ષની પ્રેક્ટિસ બાદ કડીમાં તીન બત્તી વિસ્તારમાં મુસ્લિમ ટ્રસ્ટનું બંધ હાલતમાં પડી રહેલું દવાખાનું તેના માલિક ગુલામનબી મહમદભાઈ કોલસાવાળા પાસેથી રૂ. 260ના ભાડેથી રાખી લીધું. ડૉ. રામભાઈ ઉપર પ્રમુખસ્વામી મહારાજના ચાર હાથ હતા. તેમના કરકમળોથી દવાખાનાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. મહારાજશ્રીના આશીર્વાદથી દવાખાનું ધમધમવા લાગ્યું. સેવાનો ભાવ, વાજબી ચાર્જ, સચોટ નિદાનથી કડીપંથકમાં નામના થવા લાગી. ધનવર્ષા થવા લાગી. પૈસાનો વ્યવહાર તેમના મિત્ર અને કંપાઉન્ડર કરસનભાઈ કરતા. બાપાના જન્મદિવસે તેમજ ખાસ પ્રસંગ પર ઓછા ચાર્જે કે નિઃશુલ્ક સારવાર કરતા. ડૉ. રામભાઈની બાળાગોળી પ્રખ્યાત થઈ હતી. કડીમાં ભાગ્યોદય હૉસ્પિટલ સ્થપાયા બાદ જરૂરી સલાહસૂચનો પણ આપતા રહ્યા હતા. ગુલામનબી મારા તેમજ ડૉ. રામભાઈના મિત્ર બની ગયા હતા. જરૂર પડે ત્યારે તેઓ રામભાઈ પાસેથી પૈસા લઈ જતા.

ડૉ. રામભાઈ કરણનગરના પ્રથમ ડૉક્ટર થયા બાદ આજે ગામમાં 60 કરતાં વધારે ડૉક્ટર થયા છે. આ પૈકી કરણનગરના મુખ્ય ચાર વરિષ્ઠ ડૉક્ટરો : 1. ડૉ. રામભાઈ પટેલ, 2. ડૉ. કીર્તિભાઈ પટેલ (U. S .A.) 3. ડૉ. જયંતીભાઈ પટેલ અને 4. ડૉ. રમણભાઈ પટેલની કુશળતા તથા સેવાપરાયણ ડૉક્ટરો તરીકે નોંધ લેવી રહી. ડૉ. રામભાઈ સંસ્કાર, સાધના તથા સમર્પણના ત્રિવેણી સંગમરૂપ હતા. સમાજસેવા તેમનો જીવનમંત્ર બની રહ્યો હતો. અનેકવિધ સંસ્થાઓને તેમણે આર્થિક સહયોગ આપ્યો છે. ડૉ. રામભાઈ પોતાના વતન કરણનગર ગામના વિકાસ તેમજ નૂતન વિદ્યાલયને આર્થિક સહયોગ કરવામાં અગ્રેસર રહ્યા હતા. સ્કૂલમાં નવા ઓરડા તૈયાર કરવા તેમજ કમ્પ્યૂટરરૂમ માટે ઉદાર હાથે ફાળો આપ્યો હતો. વતનના સામાજિક, ધાર્મિક તેમજ શૈક્ષણિક



*કડીના ડૉક્ટરો સારાભાઈ કૅમિકલ, વડોદરાની મૂલાકાતે*
*તા 12-1-1975*

કાર્યોમાં ઉપસ્થિત રહીને સૌને પ્રેરણા-પ્રોત્સાહન આપતાં. કરણનગરના લોકો તેમનાં ઉમદા કાર્યોને સદાય યાદ રાખતાં રહેશે.

ડૉ. જયંતીભાઈ, ડૉ. રામભાઈના પિતરાઈ ભાઈ હતા. તેઓશ્રી ડૉ. રામભાઈને પોતાના સગા મોટાભાઈ સમજતા રહ્યા હતા. ડૉ. જયંતીભાઈ M.B.B.S થયા બાદ ડૉ. રામભાઈએ પોતાના દવાખાને પ્રેક્ટિસ માટે બેસાડ્યા હતા. ડૉ. જયંતીભાઈની નામના થવા લાગી. તે સમયે ચીફ ઑફિસર શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબ હતા. ડૉ. રામભાઈના માણેકલાલસાહેબ સાથે ઘનિષ્ઠ સંબંધો હતા. તે સમયે સ્ટેશન રોડ ઉપરની નગરપાલિકા દ્વારા દુકાનોનું બાંધકામ શરૂ કરવામાં આવતાં આ પૈકીની પ્રથમ માળની 14 દુકાનો જેટલી વિંગમાં નવું દવાખાનું કરવા માટે ડૉ. રામભાઈને વ્યવસ્થા કરવામાં શ્રી માણેકલાલસાહેબે સહયોગ આપ્યો હતો. ત્યાં આરોગ્ય નિકેતન નામથી દવાખાનું કર્યું હતું. આ નવા દવાખાનામાં પોતે પ્રેક્ટિસ શરૂ કરી અને સારી પ્રેક્ટિસવાળું જૂનું દવાખાનું પોતાના નાનાભાઈ ડૉ. જયંતીભાઈને સોંપી દીધું.




*શ્રી જય વસાવડાને સ્મૃતિચિહ્ન અર્પણ કરતા ડૉ. રામભાઈ પટેલ (તા. 9/10/2015)*



*સર્વ વિદ્યાલય કેમ્પસ, કડીમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત ચિત્રસ્પર્ધાના ઉદ્‌ઘાટન પ્રસંગે (તા. 26/1/2017)*

મારા ડેન્ટલ ક્લિનિકની શરૂઆત 1968માં કરવામાં આવી હતી, જેનું ઉદ્‌ઘાટન કડી નગરપાલિકાના તત્કાલીન પ્રમુખશ્રી બાબુભાઈ ધનાભાઈ પટેલના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટનમાં ડૉ. રામભાઈ સાહેબની ઉપસ્થિતિ મારા માટે આનંદદાયક હતી. તેઓએ મને કહ્યું હતું. 'કડીમાં તમારા જેવા ડેન્ટલ સર્જનની જરૂર છે. કટોસણ દવાખાનાનાં દાંતની સારવારનાં સાધનો તમને મોકલી આપીશ. મારો તમને સહકાર મળતો રહેશે.' તેમના હૃદયમાં સેવાની ઉદાત્તભાવના હતી. મેં ડૉ. રામભાઈનું દાંતનું ચોકઠું બનાવ્યું હતું. તે દેખાવે સુંદર અને જમવામાં અનુકૂળ હતું. થોડાં વર્ષો બાદ જણાવ્યું કે તે ચોકઠું પુત્રવધૂ નીરૂબહેનના હાથે ક્યાંક મુકાઈ ગયું છે. મેં કહ્યું બીજું બનાવી દઈએ. પછી ફોન આવ્યો કે ચોકઠું મળી

ગયું છે, પણ નીચેનું ચોકઠું જડબામાં વાગે છે. મેં કહ્યું કે તમે નિશાન કરીને મોકલી આપો. ચોકઠું આવ્યા બાદ તૈયાર કરીને પરત મોકલી આપ્યું. તેમણે જણાવ્યું કે આપે શું જાદુ કર્યો કે મારી તકલીફ દૂર થઈ ગઈ!

વર્ષ 1969માં કડીમાં વેટરનરી સર્જન તરીકે ડૉ. ચૌહાણસાહેબ હતા. તે સમયે કડીમાં થિયોસોફિકલ સોસાયટીની રચના કરવામાં આવી. ડૉ. ચૌહાણસાહેબ અને ડૉ. રામભાઈ ખાસ મિત્રો હતા. ડૉ. રામભાઈના કારણે હું પણ તેનો સભ્ય બન્યો હતો.

લાયન્સ ક્લબ ઑફ કડીની સ્થાપના સને 1971માં થઈ. તેમાં અમે બંને – હું તથા ડૉ. રામભાઈ ચાર્ટર મેમ્બર હતા. તેઓ 1973-74માં પ્રમુખપદે હતા તે સમયે લાયન્સ ક્લબની સોસાયટી રજિસ્ટર કરવામાં આવી હતી. આ સમયે સ્ટેશન રોડનો વિકાસ નહિવત્ હતો. ગરીબ વર્ગના લોકો રોડની બાજુમાં જ તેમજ સ્ટેશન પર આશરો લેતા હતા. લાયન્સ ક્લબ ઉપક્રમે આ બધા લોકોને શિયાળાની રાત્રે 12.00 વાગે જઈ અમે સૂતેલા લોકોને ગરમ ધાબળા ઓઢાડતા,. તેમજ સેવાકીય પ્રવૃત્તિઓ કરતા હતા. 1985 પછી ક્લબ દ્વારા ચક્ષુદાન પ્રવૃત્તિ ચાલુ કરવામાં આવી હતી. ચક્ષુદાન માટે તેમણે પોતાના પરિવારનાં સભ્યો શ્રીમતી ગોમતીબહેન, કિરીટભાઈ તથા પુત્રવધૂ સહિત સંમતિપત્રકમાં સહી સાથે ફૉર્મ ભર્યાં હતાં. વર્તમાન કોરોના મહામારીના કારણે તેમની ચક્ષુદાનની ઇચ્છા પૂર્ણ ન કરી શક્યો તે બદલ ભારે દુઃખ અનુભવું છું. તેમનામાં ગરીબોની સેવા કરવાનો ઉમદાભાવ હતો. કડીના સ્ટેશન રોડ પર ઘણા ભૂખ્યા માણસો આશરો લેતા હોઈ તેમના મનમાં વિચાર આવ્યા કરતો કે ભૂખ્યાંને ભોજન મળી રહે તે માટે કડીમાં અન્નક્ષેત્ર હોય તો કેવું સારું? કડી-કરણનગરના રહીશ તથા સેવાભાવી બાજીકાકા ભોજનવ્યવસ્થા કરવામાં માહેર હતા. અન્નક્ષેત્રની વાત બાજીકાકાએ સ્વીકારી લીધી. ડૉ. રામભાઈએ આર્થિક સહયોગ તથા અનાજ મોકલીને અન્નક્ષેત્રની શરૂઆત કરાવતાં ગરીબોને ભોજન મળવાનું શરૂ થયું. આજે આ અન્નક્ષેત્ર સૌના સહકારથી ખૂબ સરસ રીતે ચાલે છે. કડીમાં કૉટનમિલ બંધ થવાથી કામદારો બેકાર બન્યા હતા. ધિરાણ મેળવવા માટે શીડ્યુલ બૅંકોમાં તકલીફ પડતી હતી. તેના પરિણામસ્વરૂપ સને 1974માં 'શ્રી કડી નાગરિક સહકારી બૅંક' અસ્તિત્વમાં આવી. તેના ચૅરમૅનશ્રી તરીકે રતિલાલ મગનલાલ પટેલ, મૅનેજિંગ ડિરેક્ટર તરીકે





એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીમાં
મહેમાનશ્રીઓની સાથે ડૉ. રામભાઈ પટેલ

શ્રી માણેકલાલ સાહેબ તથા ડિરેક્ટર તરીકે ડૉ. રામભાઈ વગેરે મહાનુભાવોએ અમૂલ્ય સેવાઓ આપી. સને 1972માં હિન્દુ-મુસ્લિમ એખલાસની ક્ષતિ થાય તેવા પ્રસંગો ઊભા થયા હતા. તે સમયે માણેકલાલ સાહેબ કડી નગરપાલિકામાં ચીફ ઑફિસર હતા. તેમનો સમાજ ઉપર અસરકારક પ્રભાવ હતો. ડૉ. રામભાઈનું દવાખાનું મુસ્લિમ વિસ્તારમાં હોવાથી ઘણા મુસ્લિમભાઈઓ તેમના ગાઢ પરિચયમાં હતા. તેમજ ડૉક્ટરસાહેબ પ્રતિ ભારે માનની લાગણી ધરાવતા હતા. પરિણામે સર્વેના સહિયારા પ્રયત્નોથી નગરમાં શાંતિ સ્થપાઈ અને કડી પુનઃ રાબેતા મુજબ ધમધમતું થયું હતું.

સર્વ વિદ્યાલયનાં કડી તથા ગાંધીનગર પરિસરોમાં શૈક્ષણિક એકમો ઊભાં કરવાનું કપરું કામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા શુભેચ્છકો તરફથી મળતા આર્થિક સહયોગથી સરળ બની શક્યું હતું. દાન માટે માણેકલાલ સાહેબ, ડૉ. રામભાઈ તથા નટુભાઈ(ભાણાભાઈ) કલોલ, અમદાવાદ, વડોદરા, સુરત તેમજ મુંબઈ જેવાં સ્થાનો પર રૂબરૂ જતા અને દાન મેળવતા હતા. કડી કૅમ્પસમાં ઈ.સ. 1965માં સાયન્સ કૉલેજની સ્થાપના પૂજ્ય દાસકાકાના હસ્તે દીપપ્રાગટ્ય કરાવીને કરવામાં આવી હતી. 1976-77માં સરકારશ્રી દ્વારા નવી શિક્ષણનીતિ અમલમાં આવતાં પ્રિ. સાયન્સ વર્ગો બંધ થતાં સંખ્યામાં ઘટાડો થતાં સરકારી ગ્રાન્ટ ઘટી જતાં કૉલેજ ચલાવવાનું મોટું આર્થિક ભારણ આવી પડ્યું હતું. તે સમયે શ્રી નટવરલાલ પટેલ (ભાણાભાઈ) કૉલેજના ચૅરમૅન હતા. તેમની સાથે ચર્ચા કર્યા બાદ ડૉ. રામભાઈ પ્રમુખસ્વામી મહારાજને મળવા ગયા હતા. તેઓશ્રીએ કૉલેજની આર્થિક સ્થિતિની જાણ કરતાં બાપાએ સંતો સાથે ચર્ચા કરીને ડૉ. રામભાઈને રાજી રાખવા BAPS સંસ્થા તરફથી 11,11,111 રૂપિયાનું દાન અપાવ્યું હતું. કૉલેજનું નામાભિધાન પ્રમુખસ્વામી કૉલેજ અને શ્રી હરગોવિંદદાસ ધનાભાઈ પટેલ મેમોરિયલ ટ્રસ્ટ તરફથી પાંચ લાખનું દાન મળતાં એચ. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ કરવામાં આવ્યું. પ્રારંભમાં પૂજ્ય પ્રમુખસ્વામીના હસ્તે ખાતવિધિ અને તા. 5-12-1992ના રોજ તેમના જ વરદ્હસ્તે નવા ભવનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ડૉ. રામભાઈની સર્વ વિદ્યાલય પ્રત્યેની ભક્તિ અસાધારણ હતી. શતાબ્દી મહોત્સવ માટે તેમણે એક કરોડ રૂપિયાનું માતબર દાન આપ્યું છે. આ પૂર્વે પણ તેઓશ્રી સમયાંતરે સંસ્થામાં

દાન આપતા રહ્યા હતા. જેના કારણે કેટલીક સંસ્થાઓ, જેમ કે ઑડિટોરિયમનું નામકરણ 'ડૉ. રામભાઈ એમ. પટેલ સંસ્કારભવન', બાલમંદિર – 'શ્રીમતી ગોમતીબહેન રામભાઈ પટેલ કિંડર ગાર્ટન' તથા 'ડૉ. રામભાઈ એમ. પટેલ સ્કૂલ' વગેરે એકમો સ્કૂલ કૅમ્પસમાં કાર્યરત છે. તેઓશ્રી અંધશ્રદ્ધામાં જરાય માનતા ન હતા. કૉલેજની બાજુમાં હાલ જ્યાં કૅન્ટીન છે, ત્યાં કોઈએ નાની દેરી બનાવી હતી. ત્યાં રોજ રાત્રે દીવો-અગરબત્તી કરવામાં આવતાં. દેરી દૂર કરવાની કોઈ હિંમત ન કરે. ડૉ. રામભાઈના ધ્યાન પર આવતાં હું તેમજ ડૉ. રામભાઈ સ્થળ પર ગયા. કોઈ પણ જાતનો ડર કે વહેમ રાખ્યા વગર દેરી દૂર કરી જગ્યાને ખુલ્લી કરી હતી.

ગુજરાત સરકારમાં સર્વ વિદ્યાલય કેળવણીમંડળ, કડીની દરખાસ્તના આધારે તત્કાલીન શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ દ્વારા રજૂ કરેલ વિધેયકને વિધાનસભાએ સર્વાનુમતે પસાર કર્યું હતું. તેના પરિણામસ્વરૂપે સને 2007માં 'કડી સર્વ વિશ્વ વિદ્યાલય' સ્થાપવાની મંજૂરી મળી હતી. ત્યાર બાદ શ્રી માણેકલાલ સાહેબ, ડૉ. રામભાઈ અને હું પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ માટે અટલાદરા ગયા હતા. તે સમયે હરિભક્તોની ભારે ભીડ હતી. અમારા આવવાના સમાચાર જાણી બાપાએ ભક્તોનો પ્રોગ્રામ અટકાવીને અમને બોલાવી આશીર્વાદ આપ્યા હતા. બાપાશ્રીને સંસ્થાની પ્રગતિ તથા વિશ્વવિદ્યાલયને મળેલ માન્યતાની સવિસ્તાર વાત કરતાં બાપાશ્રીએ અતિ પ્રસન્નતા સાથે સંતોને કહ્યું કે ડૉ. રામભાઈ અને તેમના સાથી મિત્રો પ્રસાદ લીધા વગર જાય નહીં તેનું આયોજન કરશો. અમે ખૂબ ભાવ સાથે પ્રસાદ તથા આશીર્વાદ પ્રાપ્ત કરી પરત ફર્યા હતા. શ્રી કડવા પાટીદારોની કુળદેવી ઉમિયામાતાજીનો 18મી શતાબ્દી રજતજયંતી મહોત્સવ 2009માં ઉંઝા ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે અમે – માણેકલાલ, ડૉ. રામભાઈ અને હું – ટ્રાફિકના કારણે ઉંઝા મોડા પહોંચ્યા હતા. પ્રસાદ લેવા માટે દૂર ચાલવું પડે તેમ હતું, એટલે માણેકલાલે ડૉ. રામભાઈને કહ્યું કે તમે મહેસાણા સ્વામિનારાયણ મંદિરમાં ફોન કરીને જણાવો કે અમે કલાક બાદ આવીને ભોજન લઈશું. ડૉ. રામભાઈ સાહેબના એક ફોનથી ભારે ઉમળકાભેર સરસ વ્યવસ્થા થઈ જતાં અમે મહેસાણા મંદિરમાંથી પ્રસાદ લઈને કડી પરત ફર્યા હતા. ગાંધીનગરમાં વિશાળ જગ્યામાં અક્ષરધામ બન્યું છે, જે જોવાલાયક



*કડી નાગરિક બૅંકની વાર્ષિક સાધારણ સભા પ્રસંગે અન્ય મહેમાનશ્રીઓ સાથે ડૉ. રામભાઈ પટેલ*

છે. સંસ્થાના શ્રી કેતનકુમાર કૃષ્ણકાન્ત પીઠવા સ્વામિનારાયણના પરમ ભક્ત છે. તેમના આયોજનથી અમે – માણેકલાલ સાહેબ, ડૉ. રામભાઈ અને હું – અક્ષરધામ જોવા ગયા હતા. તે સમયે ડૉ. અજય ગોર હાજર હતા. સંતો દ્વારા અમારું સન્માન કરવામાં આવ્યું હતું. અલાયદી ભોજનવ્યવસ્થા પણ કરી હતી. રાત્રી સમયના રંગીન ફુવારા માણવાનો લહાવો અમારા માટે સંભારણું બની રહ્યો.

ડૉ. રામભાઈ ગાંધીવાદી જીવનમાર્ગના હિમાયતી રહ્યા હતા. તેમનો પહેરવેશ પણ સફેદ ખાદીનો હતો. ગાંધીવાદી કુબેરભાઈ નાયક સાથેના પરિચયથી ધીરે-ધીરે ડૉ. રામભાઈને સર્વોદયનો રંગ લાગી ગયો. શ્રી બબલભાઈ મહેતા, શ્રી દ્વારકાદાસ જોશી અને તેમનાં પત્ની શ્રીમતી રતનબહેન, ડૉ. વસંતભાઈ પરીખ વગેરે સાથે પરિચયમાં આવતાં સર્વોદયના રંગે રંગાઈ ગયા. ડૉ. રામભાઈ ભૂમિપુત્રના 383 ગ્રાહકો કરવામાં મદદરૂપ નીવડ્યા હતા. ડૉ. રામભાઈ સાહેબ R.S.S.ની પ્રવૃત્તિઓમાં આસ્થા ધરાવતા હતા. કડીના R.S.S. એકમના અધિકારી તરીકે પદભાર પણ સંભાળ્યો હતો. મંડળના તત્કાલીન પ્રમુખશ્રી દાસકાકાની R.S.S. પ્રત્યે કૂણી લાગણી હોવાથી એસ. વી. કૅમ્પસમાં સંઘના સ્વયંસેવકોની કાર્ય-શિબિર યોજવામાં આવી હતી. શિબિર દરમિયાન ડૉ. રામભાઈએ દવાખાનાનું કામ પૂર્ણ કરી નિયમિતપણે શિબિરમાં હાજરી આપીને પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવી હતી.



*મેઘના શિશુમંદિર, કડીના ભૂમિપૂજન સમારોહ પ્રસંગે મહેમાનશ્રીઓ સાથે ડૉ. રામભાઈ પટેલ*

ડૉ. રામભાઈ BAPS સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગી હતા. પ્રમુખસ્વામી મહારાજ કડીમાં પધારે ત્યારે તેમનો નિવાસ ડૉ. સાહેબના ઘેર રહેતો. બાપાના આશીર્વાદ તથા સૌ હરિભક્તોના સંયુક્ત પરિશ્રમથી કડી થોળ રોડ ઉપર મંદિર બનાવવામાં આવ્યું. આ મંદિરનિર્માણમાં ડૉ. રામભાઈ, ડૉ. જયંતીભાઈ, ડૉ. હરીશભાઈ ત્રિવેદી તેમજ હરિભક્તોનો સારો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ મંદિરમાં પ્રતિવર્ષ સત્સંગસભા યોજાય છે. સભા માટે મને ડૉ. જયંતીભાઈ દ્વારા નિમંત્રણ મળતું. સંતોની વાણીનો કડીની જનતાને સવિશેષ લાભ મળી રહ્યો છે. યુગાન્ડાના ઈદી અમીનના ત્રાસને કારણે બધા જ ગુજરાતીઓ લંડનમાં

જઈ વસ્યા હતા. લંડનની શુભેચ્છાયાત્રા નક્કી થતાં ડૉ. રામભાઈ પ્રમુખસ્વામી મહારાજના કૃપાપાત્ર હોઈ તેમની આ પ્રવાસ માટે પસંદગી થઈ હતી, એટલું જ નહીં, પરંતુ પ્રમુખસ્વામીએ V.I.P. સભ્ય તરીકે તેમની પાસે જ રાખતાં તેમનો માન-મરતબો ઘણો વધી ગયો હતો. લંડન અને યુગાન્ડાની તેમની યાત્રાનાં સંસ્મરણો સાંભળવાં એ એક લહાવો બની રહેતો. તેઓ કહેતા કે પ્રમુખસ્વામી સાથેની યાત્રા પછી હવે મારી બીજા કોઈ દેશના પ્રવાસની ઇચ્છા નથી.

ઈ. સ. 1985ના અરસામાં હું, માણેકલાલ અને ડૉ. રામભાઈ સંસ્થાના કામે અમદાવાદ ગયેલા. પરત ફરતાં ડૉ. રામભાઈએ માણેકલાલને કહ્યું કે ડૉ. મણિભાઈ ઘણા પ્રવૃત્તિશીલ છે, તો આપણી સંસ્થામાં કોઈ હોદ્દો આપીને તેમની સેવા લઈ શકાય, એટલે સને 1986-87માં શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજકમંડળના મંત્રી તરીકેની અને સમયાંતરે સર્વ વિદ્યાલય કેળવણીમંડળના મંત્રીશ્રી તરીકેની જવાબદારી મને સોંપવામાં આવી છે. 1996માં એક્સિડન્ટથી મને જમણા પગે ફ્રેક્ચર થતાં મારે કલોલમાં ડૉ. શૈલેશભાઈના દવાખાનામાં દાખલ થવું પડ્યું હતું. શ્રી માણેકલાલ સાહેબ અને ડૉ. રામભાઈ અમદાવાદથી કડી પરત આવતાં વાતો-વાતોમાં જ કલોલ પસાર થઈ ગયું અને કડીમાં ગણેશ જિનમાં પહોંચ્યા બાદ ખ્યાલ આવ્યો કે ડૉ. મણિભાઈની ખબરઅંતર પૂછવાનું તો ભુલાઈ જ ગયું ? તેઓ બંને મને મળવા કલોલ પરત આવ્યા હતા. આવા મૂઠી ઊંચેરા માનવો એવા શ્રી માણેકલાલ સાહેબ અને ડૉ. રામભાઈ સાહેબ હવે ક્યાં મળશે ? તેમની માનવીય સંવેદનશીલતા જાણીતા કે અજાણીતાઓમાં એકસમાન વિહરતી રહી હતી.



ડૉ. રામભાઈને ઘણા લોકો સાથે મિત્રતા હતી. શેરથાના શ્રી વિઠ્ઠલભાઈ, શેઢાવીવાળા શ્રી લક્ષ્મણભાઈ, કેલિયાવાસણાવાળા શ્રી ઈશ્વરભાઈ, રાજપુરના શ્રી રણછોડભાઈ પટેલ (મુંબઈ દાદરના પૂજ્ય કોઠારીસ્વામી) વગેરેનાં મુખ્ય નામ લઈ શકાય. ડૉ. રામભાઈને શ્રી ધનભાઈ વકીલ, શ્રી છગનભાઈ રા. પટેલ તેમજ શ્રી છગનભાઈ કાળીદાસ પટેલ (કલોલ) સાથે સુમેળભર્યા સંબંધો હતા. ડૉ. રામભાઈએ સને 1973થી 2011 સુધી સર્વ વિદ્યાલય કેળવણીમંડળ કડીના મંત્રીશ્રી અને ત્યાર બાદ સંસ્થાના પ્રમુખશ્રી તરીકે જીવનપર્યંત દાયિત્વ સંભાળ્યું હતું. માણેકલાલ સાહેબ નિત્ય રાત્રે એક કલાક ડૉ. રામભાઈના નિવાસસ્થાને મળતા.



*સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડીમાં*
*પ્રસાદ ગ્રહણ કરતા મહાનુભાવો*

ક્યારેક મારું પણ રામભાઈને ત્યાં જવાનું થતું. ત્યાંના સંસ્થાના વિકાસની ચર્ચાઓ થતી. માણેકલાલ સાહેબના સ્વર્ગવાસ બાદ ડૉ. રામભાઈને તેમને તેમનો ખાલીપો ખૂબ વર્તાતો હતો, જેનો આ લખનાર સાક્ષી છે.

છેલ્લે-છેલ્લે ડૉ. રામભાઈ પોતાના પુત્ર શ્રી કિરીટભાઈના અમદાવાદ નિવાસસ્થાને રહેવા ગયા હતા. તેઓ જ્યારે કડી કૅમ્પસમાં આવતા ત્યારે મારે તેમને મળવાનું થતું. તેઓ મને કહેતા, 'ક્યારે ડૉક્ટરી સેવામાંથી નિવૃત્ત થાઓ છો ?' તેઓશ્રી પ્રસંગોપાત્ત માણેકલાલ સાહેબની સંસ્થાભક્તિ અને સંપન્ન કરેલાં કલ્પનાતીત કાર્યો તેમજ પોતાની સામેલગીરી વગેરે વિશે અમને સૌને પ્રસન્નતાપૂર્વક કહેતા હતા, છતાં પોતાની જાતને કદાપિ આગળ કરતા નહીં. તેઓશ્રી વલ્લભભાઈ, ડૉ. કનુભાઈ સાહેબ વગેરેની કાર્યશૈલીથી પ્રસન્નતા અનુભવી સંતોષ વ્યક્ત કરતા હતા.

ડૉ. રામભાઈના કુટુંબમાં બે પુત્રો ચિ. કિરીટભાઈ, ચિ. પ્રદીપભાઈ અને પુત્રી પ્રવીણા છે. આ સર્વે પોતાના પરિવારમાં સુખી છે. કિરીટભાઈને કૅમિકલની ફૅક્ટરી છે. બીજા પુત્ર પ્રદીપભાઈ જાણીતા બિલ્ડર છે. દીકરાઓ ડૉ.સાહેબને 'ભાઈ' કહીને સંબોધતા. કિરીટભાઈ ઘણી સંસ્થાઓ સાથે જોડાયેલા છે. બંને દીકરાઓ પોતાના 'ભાઈ' – પિતાશ્રીથી સવાયાભાવથી સમાજમાં ઉદારતાપૂર્વક આર્થિક યોગદાન આપતા રહે છે. ડૉ. રામભાઈ સદ્‌ગૃહસ્થ સાધુપુરુષ આપણી વચ્ચે હવે રહ્યા નથી. મારા હૃદયની વાત કરું તો ડૉ. રામભાઈ સાહેબ ગીતાને અભિપ્રેત એવા સુખદુઃખ, નિંદા-સ્તુતિ, માન-અપમાન કે માનવમાત્રમાં સમાનભાવ રાખનાર 'ગુણાતીત' હતા. પરમેશ્વર ! સદ્‌ગતને ચિરશાંતિ અર્પે તેમજ સ્નેહીજનો, સાથીઓ તથા શુભચિંતકોને તેમનો ખાલીપો પૂરવાની શક્તિ તથા સામર્થ્ય અર્પે તેવી સાદર પ્રાર્થના. કોઈ શાયરે કહેલા શબ્દો ડૉ. રામભાઈના વ્યક્તિત્વને યથાર્થમાં ઉજાગર કરનારા બની રહે છે:

**'દિશા આપની અંતિમ ક્ષણે અવસર બની ગઈ,**
**જ્યાં સ્વાગત માટે સ્વર્ગને પણ શરણું લેવું પડે.'**

**- ડૉ. મણિભાઈ એસ. પટેલ**
મંત્રીશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી
મંત્રીશ્રી, શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી.
મો. 9427543627

૯

# સન્માનનીય પ્રેરણામૂર્તિ મુરબ્બી ડૉ. રામભાઈ

**ડૉ રમણભાઈ જી. પટેલ**

સ્વ. મુરબ્બી ડૉ. રામભાઈને શ્રદ્ધાંજલિ આપતાં હૈયું ભરાઈ આવ્યું છે. મારા અનેક સ્વજનો, વડીલો વચ્ચે પણ ખાલીપો અનુભવું છું. તેમને યાદ કરતાં હિમાલયમાં ખળ-ખળ વહેતાં ગંગોત્રીનાં પવિત્ર અને નિર્મળ ઝરણાં જેવું એમનું સમગ્ર જીવન સ્મૃતિપટ પર એક સળંગ ચિત્રપટ જેમ પસાર થઈ જાય છે. તેઓશ્રી સ્વબળે આગળ આવીને એક સફળ અને લોકપ્રિય ડૉક્ટર, ઉમદા માનવ તેમજ મોટા દાનવીર તરીકે ખ્યાતિ પામ્યા હતા. જીવનના દરેક તબક્કે સમાજમાં કોઈ ને કોઈ રીતે સૌને ઉપયોગી બની રહ્યા હતા. સૌ તેમને સરળતાથી મળી શકતું. તેમણે આધ્યાત્મિકતાથી ભરેલું ઉદાહરણરૂપ જીવન જીવી જાણ્યું.

અમારા ગામના આવા ગરવા ડૉ. રામભાઈનો પ્રત્યક્ષ સંપર્ક તો મને બી. જે. મેડિકલની હૉસ્ટેલમાં તેઓશ્રી તેમના મિત્ર સ્વ. કરશનભાઈ (ચાલાસણવાળા)ની સાથે તેમના પિતરાઈ ભાઈ જયંતીભાઈને પ્રસંગોપાત્ત મળવા આવતા ત્યારથી થયો. આ ઉપરાંત જયંતીભાઈ પણ અહોભાવપૂર્વક તેમની વાતો કરતા તેનાથી થયો હતો. તેઓશ્રી નાના હતા ત્યારે તેમના પિતાશ્રીનું અવસાન થયું હતું. તેમનાં બા કુંવરબાએ પેટે પાટા બાંધીને તેમને ભણાવ્યા. ડૉ. રામભાઈ પણ સાચા અર્થમાં જીવનપર્યંત



*સર્વ વિદ્યાલય કૅમ્પસ કડીમાં ટોય ટ્રેનના ઉદ્‌ઘાટન પ્રસંગે ડૉ. રામભાઈ પટેલ, ડૉ. રમણભાઈ પટેલ અને અન્ય મહાનુભાવો (તા. 24/11/2016)*



*સર્વ વિદ્યાલય કૅમ્પસ કડીમાં ડૉ. રામભાઈ પટેલ, મંત્રીશ્રીઓ વગેરે માસ્ટર માઇન્ડીંગના ઉદ્‌ઘાટન પ્રસંગે (તા. 24/11/2016)*

પૂજ્ય કુંવારબાના શ્રવણ બની રહ્યા હતા. કુંવરબાના પ્રત્યેક શબ્દનું હૃદયથી પાલન કરતા રહ્યા હતા, તેનો આ લખનાર સાક્ષી છે. તેમની માતૃભક્તિનું ઉદાહરણ એ કે તેમણે પહેલું મોટું દાન કુંવરબાના નામે કરણનગર હાઈસ્કૂલમાં આપ્યું હતું.

ડૉ. રામભાઈના પિતાશ્રીની જેમ ડૉ. જયંતીભાઈના પિતાશ્રી પણ ખૂબ નાની વયે અવસાન પામ્યા હતા. જયંતીભાઈને પણ તેમનાં માતુશ્રીએ ખૂબ મહેનત કરીને ભણાવ્યા હતા. ડૉ. રામભાઈએ જિંદગીપર્યન્ત પોતાના સગા નાના ભાઈ કરતાં પણ અધિકપ્રેમ જયંતીભાઈને આપ્યો હતો. અમારા સમાજમાં મોટા ભાગના લોકો આ બંનેને સગાભાઈઓ સમજતા રહ્યા છે. ડૉ. જયંતીભાઈ પણ આદર સાથે અવારનવાર કહેતા રહે છે કે મારા મોટા ભાઈ ડૉ. રામભાઈએ મને મારા પિતાશ્રીની ખોટ કદાપિ સાલવા દીધી નથી.



*એમ.સી.એ. કૉલેજ, કડીમાં શ્રી મોહનલાલ પટેલનું સ્વાગત કરતા ડૉ. રામભાઈ પટેલ*

અમારા કુટુંબ સાથે ડૉ. રામભાઈના કુટુંબનો હૂંફાળો સંબંધ રહ્યો છે. અને તે પણ અમારી ત્રણ પેઢીથી ચાલ્યો આવે છે. એટલે કે મારા પિતાશ્રી સ્વ. ગોપાળભાઈ, હું અને મારા પુત્ર ડૉ. હર્ષદની પેઢી. મારે ગર્વપૂર્વક ઉલ્લેખ કરવો રહ્યો કે મારો પુત્ર ડૉ. હર્ષદ જ્યારે પણ ડૉ. રામભાઈનો ઉલ્લેખ કરે ત્યારે હંમેશાં તેમને 'બાપુજી'ના સંબોધનથી જ યાદ કરે છે. મારા બંને નાના ભાઈઓ દશરથભાઈ તથા મહેન્દ્રભાઈ પણ ડૉ. રામભાઈ પ્રતિ મોટા ભાઈ સમાન આદર આપતા. મારા પિતાશ્રી તો કરણનગરની પ્રાથમિક શાળાના પોતાના વિદ્યાર્થી ડૉ. રામભાઈ પ્રતિ વિશેષ વાત્સલ્યભાવ વરસાવતા રહ્યા હતા. મારા પિતાશ્રી પ્રતિ તેમનો પણ વિશેષ અહોભાવ રહ્યો હતો. મંડળના અમે સૌ ટ્રસ્ટીઓ તથા શ્રી વલ્લભભાઈ વગેરે સાથે બેઠા હોઈએ ત્યારે ઘણી વખત પોતાના ગુરુ એવા મારા પિતાજી સાથેનાં સંસ્મરણો અમને હોંશભેર વર્ણવતાં કહેતા કે "એક સમયે મેં કોઈ કારણસર સ્કૂલમાં જવાનું બંધ કર્યું હતું. ગોપાળભાઈ સાહેબને આ વિશેની જાણ થઈ ત્યારે તેઓ મારા ઘેર આવ્યા હતા. સાહેબે મને સારો એવો ઠપકો પણ આપ્યો અને સ્કૂલમાં આવવાનું ચાલુ કરવા સમજાવ્યું અને પછી હું સ્કૂલમાં જતો થયો હતો. જો એ દિવસે પૂજ્ય ગોપાળભાઈ સાહેબ મારા ઘરે ન આવ્યા હોત અને મને ન સમજાવ્યો હોત, તો હું કદાચ સ્કૂલમાં ન ગયો હોત અને હું ડૉક્ટર પણ ન બન્યો હોત."

મેં જ્યારે કડીમાં મારું દવાખાનું ચાલુ કર્યું ત્યારે ડૉ. રામભાઈએ મને

ખૂબ મદદ કરી હતી. મારા દવાખાનાનું ઉદ્‌ઘાટન કરવા માટે એ વખતના અમદાવાદના જાણીતા સર્જન ડૉ. ત્રિભોવનભાઈને પણ ડૉ. રામભાઈએ તેમના મિત્ર હોવાને નાતે કડી આવવા તેડી લાવ્યા હતા. આટલું જ નહિ આ સમારોહના આયોજનમાં પણ મમત્વ સાથે અગ્રેસર રહ્યા હતા. અરે! મારા દવાખાનામાં કમ્પાઉન્ડરની જરૂર હતી ત્યારે તેમના દવાખાનામાં તૈયાર થઈને નોકરી કરતા એક ભાઈને મારે ત્યાં મોકલી આપ્યો હતો કે જેથી દવાખાનાની કામગીરી હું સરળતાથી કરી શકું. શરૂઆતનાં પાંચ વર્ષ હું ભાઉપુરાની પોળમાં રહેતો હતો. એ સમયે કડીમાં ટેલિફોન બહુ ઓછા હતા અને આખા ભાઉપુરા એરિયામાં માંડ બે કે ત્રણ ફોન હતા. મારે ત્યાં પણ એ સમયે ફોન ન હતો. મારા ગામ કરણનગરમાં નિવાસ કરતા મારા મોટા બાપુજીને હૃદયની તકલીફ હોવાથી શ્વાસની વારંવાર તકલીફ થતી હતી. એક દિવસ રાત્રે તેમને શ્વાસની તકલીફ વધી ગઈ, તો મારા પિતાશ્રીએ મારો સંપર્ક કરવા રાત્રે ડૉ. રામભાઈને ત્યાં ફોન કર્યો. તેઓશ્રી રાત્રે મારા ઘરે ભાઉપુરામાં આવ્યા અને મને સમાચાર આપ્યા કે તમે હમણાં જ કરણનગર જાઓ. આટલું જ નહીં આ પરગજુ સ્વભાવના મૂઠી ઊંચેરા માનવીએ મને કહ્યું કે તમે તૈયાર થઈને મારા ઘરે આવો હું તમારી સાથે કરણનગર આવું છું. તેઓશ્રી મારી સાથે મોટરસાઇકલ પર રાત્રે કરણનગર આવ્યા અને મારા મોટા બાપુજીની સારવાર કરી. આવા પરગજુ ડૉ. રામભાઈ હવે મને ક્યાં મળશે?

કડીમાં દવાખાનું ચલાવવામાં તો ડૉ. રામભાઈએ મદદ કરી; પરંતુ જાહેરજીવનમાં તથા સામાજિકક્ષેત્રે આજે હું થોડું-ઘણું કામ કરું છું તેમાં પણ સાહેબશ્રીનો ફાળો ઘણો છે. તેઓ હંમેશાં મારા આદર્શ રહ્યા છે. હું પણ તેમને હંમેશાં મારા મોટા ભાઈ જ માનતો, તેમજ તેમનાં માન-મર્યાદા રાખીને વર્તતો હતો. વિનમ્રભાવે નોંધું છું કે મેં કદાપિ તેમને તેમના નામથી સંબોધન કર્યું નથી, હું તેમને હંમેશાં “મોટા ભાઈ” સંબોધનથી વાતચીત કરતો અને તે પણ ભારે આદર સાથે. અમારા કુટુંબના નાના-મોટા પ્રસંગે મુ. ડૉ. રામભાઈ તથા તેમનાં સર્વે કુટુંબીજનો અવશ્ય હાજરી આપીને પ્રસંગને માત્ર ન શોભાવતાં; પરંતુ કુટુંબ સાથે ઓતપ્રોત થઈને નાની-મોટી કામગીરી સંભાળી લેતા.

મારે ઋણસ્વીકાર સાથે ઉલ્લેખ કરવો રહ્યો કે સર્વ વિદ્યાલયના કાર્યકર્તાઓને ગાંધીનગર અવારનવાર મિટિંગમાં કે અન્ય કોઈ કાર્યક્રમમાં હાજરી આપવાનું થાય કે સંસ્થાના કોઈ દાતાશ્રી કે હોદ્દેદારના સારા-નરસા પ્રસંગે જે-તે સ્થળે જવાનું થાય ત્યારે ડૉ. રામભાઈ હંમેશાં પોતાની ગાડી લઈને આવતા અને ડૉ. મણિભાઈ, ડૉ. જયંતીભાઈ તથા મને તેમની સાથે લઈને જતા. ગાડીમાં જતાં રસ્તામાં ડૉ. રામભાઈ અમને પૂ. છગનભા વિશે તેમજ સર્વ વિદ્યાલયના

વિકાસ વિશે પોતાનાં સંસ્મરણો જણાવવા ઉપરાંત સંસ્થાના ભૂતપૂર્વ અને વર્તમાન હોદ્દેદારો તથા કાર્યકર્તાઓની સેવાપરાયણતા તેમજ મંડળ માટે કામ કરવાની ભાવના વિશે હોંશભેર વાતો કરતા. તેમના પાસેથી ખાસ શીખવા જેવી બાબત મને એ મળી કે પૂજ્ય મોટા ભાઈ મંડળના સૌ કાર્યકર્તા/હોદ્દેદારશ્રીઓની કર્તવ્યનિષ્ઠા અને સત્કાર્યોની ઊજળી બાજુની જ વાતો કરે, કોઈની ટીકા કરવી એ તો તેમની પ્રકૃતિમાં જ ન હતું. તેઓશ્રી ખરા અર્થમાં 'વૈષ્ણવજન' હતા. તેમનો સ્વભાવ ખૂબ જ સરળ, અને માયાળુ હતો. સર્વ વિદ્યાલય કડી તથા ગાંધીનગરના કર્મચારીઓ, શિક્ષકો, કૉલેજોના અધ્યાપકો, સર્વ પ્રિન્સિપાલશ્રીઓ અને વર્ગ-4ના કર્મચારીઓ સુધ્ધાં સૌ પ્રત્યે ડૉ. રામભાઈ ખૂબ લાગણી રાખી આત્મીયતાથી વાતચીત કરતા. તેમના આવા ઉમદા વ્યવહારથી સર્વ વિદ્યાલય પરિવાર તેમના પ્રતિ ભારે આદર ધરાવતો રહ્યો છે.


ગુજરાત ગૌશાળાની મુલાકાતે ડૉ. રામભાઈ પટેલ

સર્વ વિદ્યાલયના વિકાસની હરણફાળમાં તેઓશ્રી આપણા સ્વ. ચૅરમૅન શ્રી માણેકલાલ સાહેબની સાથે રહ્યા હતા. તે બંનેની જોડી એક દાખલારૂપ બની રહી હતી. ગાંધીનગર શાખાની સ્થાપના બાદ સમયાન્તરે તેનો વિકાસ કરવામાં શ્રી માણેકલાલ સાહેબ તથા ડૉ. રામભાઈ સાહેબે ખૂબ મહેનત કરી છે. હાલના આપણા ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પણ સર્વ વિદ્યાલયની ઉત્તરોત્તર પ્રગતિ માટે સતત ક્રિયાશીલ બની રહ્યા છે. તેઓશ્રી પૂ. સ્વ. માણેકલાલ સાહેબનાં સ્વપ્નો સાકાર કરી રહ્યા છે. સંસ્થાની ઑફિસમાં તો મુ. શ્રી માણેકલાલ તથા મુ. ડૉ. રામભાઈ સાથે જ હોય; પરંતુ ખાસ તો સાંજે જમ્યા પછી શ્રી માણેકલાલભાઈ થોડા સમય માટે પણ ડૉ. રામભાઈના નિવાસસ્થાને બેસવા આવતા. હું જ્યારે સાંજે દવાખાનેથી પરત થઈ ઘરે જતો હોઉં ત્યારે ડૉ. રામભાઈને ત્યાં નજર કરું, તો કમ્પાઉન્ડના હીંચકામાં બંને સાહેબો બેસીને વાતો કરતા નજરે પડે. અવારનવાર હું પણ સાંજે થોડો સમય ત્યાં તેમની પાસે બેસતો. આ સમયે મને હંમેશાં હકારાત્મક વિચારોની અનુભૂતિ થતી. આ બંનેની વાતોમાં સર્વ વિદ્યાલય અને સાથે-સાથે કડી શહેરના વિકાસનો વિષય હોય. બંનેનાં Vision અને Mission એક સમાન હતાં.

શ્રી માણેકલાલ સાહેબના અવસાન બાદ ડૉ. રામભાઈએ હંમેશની જેમ સર્વ વિદ્યાલયમાં આવવાનું ચાલું રાખ્યું હતું. તેઓશ્રી ચૅરમૅન શ્રી વલ્લભભાઈ સાથે સર્વ વિદ્યાલયના વહીવટ તથા વિકાસ અંગેની રસપૂર્વક વાતો કરતા; પરંતુ ડૉ.

રામભાઈ તથા ગોમતીભાભીની તબિયત બગડતાં તેઓશ્રી શ્રી કિરીટભાઈને ત્યાં અમદાવાદ રહેવા ગયાં. આમછતાં ડૉ. રામભાઈ અઠવાડિયામાં એક-બે વખત સર્વ વિદ્યાલય તેમજ ગાંધીનગરની 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'માં હાજરી આપતા રહ્યા હતા. આ ક્રમ તેમની તબિયત સારી રહી ત્યાં સુધી ચાલુ રાખ્યો હતો. શ્રી વલ્લભભાઈ હંમેશાં કહે છે કે "ડૉ. રામભાઈ સાહેબ ઑફિસમાં આવીને મારી સાથે સંસ્થા વિશેની વાતો કરતા તેથી સંસ્થા વિશે મને ઘણું જાણવાનું મળતું. તેમની વાતો મને ખૂબ ગમતી. તેમની તબિયત વધારે બગડતાં તેમણે કડી આવવાનું બંધ કર્યું ત્યારે, જ્યારે હું સંસ્થાની ઑફિસમાં આવીને બેસું છું ત્યારે મને કંઈક ખૂટતું હોય એવો ખાલીપો લાગ્યા કરે છે. કંઈક ગુમાવ્યાની અનુભૂતિ કરું છું. તેમની ગેરહાજરી મને ખરે જ અસ્વસ્થ કરે છે.''

ડૉ. રામભાઈએ સર્વ વિદ્યાલયને ખૂબ દાન આપ્યું છે; પરંતુ તેમની સૌથી મોટી ભેટ તો આપણી સાયન્સ કૉલેજની છે. લગભગ 30-35 વર્ષ પહેલાં આપણી સાયન્સ કૉલેજ વિદ્યાર્થીઓની ઓછી સંખ્યાના કારણે બંધ કરવી પડે તેવી સ્થિતિ પેદા થઈ હતી. મંડળના સૌ કાર્યકર્તાઓ તથા હોદ્દેદારો ખૂબ મૂંઝવણમાં હતા એવા સમયે ડૉ. રામભાઈએ પૂ. પ્રમુખસ્વામી મહારાજ સાથે અંગત સબંધો હોવાથી પૂ. પ્રમુખસ્વામી મહારાજને સાયન્સ કૉલેજની પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો. પૂ. પ્રમુખસ્વામી મહારાજને ડૉ. રામભાઈ પ્રત્યે અપાર પ્રેમની લાગણી હતી. પૂ. પ્રમુખસ્વામી મહારાજે એ સમયે ઘણું મોટું કહેવાય તેટલું દાન અક્ષરપુરુષોત્તમ સંસ્થા વતી આપ્યું અને સાયન્સ કૉલેજને જીવતદાન મળ્યું. આજે તો આપણે જોઈએ છીએ કે આપણી પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજ ગુજરાતની નંબર-1 કૉલેજ તરીકે પ્રસ્થાપિત થઈ હોવાથી વારંવાર યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન (યુ.જી.સી) તથા રાજ્ય સરકાર તરફથી કરોડો રૂપિયાની ગ્રાન્ટ કૉલેજને મળતી રહે છે.

આપણી સંસ્થાના વરિષ્ઠ ટ્રસ્ટી તથા મોટા દાતા ડૉ. વિઠ્ઠલભાઈ અને ડૉ. રામભાઈ વચ્ચે ગાઢ મિત્રતા બંધાઈ હતી. તેનું કારણ બંનેના વિચારોની સામ્યતા. તેઓશ્રી ડૉ. વિઠ્ઠલભાઈનાં સેવાના કાર્યક્રમો અને વિચારોથી ભારે પ્રભાવિત થયા હતા. ડૉ. વિઠ્ઠલભાઈએ તથા તેમના મોટા ભાઈ શ્રી ઈશ્વરભાઈએ પણ આપણી સંસ્થાના વિદ્યાર્થીઆશ્રમમાં રહીને અભ્યાસ કર્યો હતો. ડૉ. રામભાઈ પણ કડીના વિદ્યાર્થી રહ્યા હોઈ બંને વચ્ચે વિશેષ પ્રીતિભાવ જળવાઈ રહ્યો હતો. આ ઉપરાંત ડૉ. રામભાઈને કડી શહેરના પ્રતિષ્ઠિત આગેવાનો તથા રાજકીય અને સામાજિકક્ષેત્રે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સાથે હંમેશાં મૈત્રીભર્યા સંબંધો રહ્યા હતા. આ સૌ પ્રતિ તેઓશ્રી પણ ભારે આદર ધરાવતા રહ્યા હતા. આ સૌ ઉપરાંત કડીની આમજનતા તેમને ભારે ચાહતી હતી – અહોભાવપૂર્વક

તેમને આદર આપતી રહી હતી. આ પાછળ ગરીબો પ્રતિ તેમની હમદર્દી અને સેવાપરાયણતા રહી છે.

અમારા માદરે વતન કરણનગર પ્રત્યે પણ તેમને ભારે મોટો લગાવ હતો. કરણનગર ગામના આગેવાનોને વારંવાર બોલાવી તથા મિટિંગો કરીને સલાહ-સૂચન કરતા તથા ગામના આગેવાનો પણ તેમનું હંમેશાં માન રાખતા. કરણનગર હાઈસ્કૂલ તો તેમનું માનસ સંતાન હોય તેમ તેનું જતન કરતા અને તે માત્ર સલાહ-સૂચનોથી નહીં; પરંતુ જરૂર પડે ત્યારે પ્રસંગોપાત્ત દાન આપતા રહીને. સંભવતઃ કોઈને ખ્યાલ નહીં હોય કે કડી સર્વ વિદ્યાલયમાં આવેલા સંસ્કારભવનથી પણ મોટો સભાખંડ કરણનગર ગ્રામપંચાયત તથા ગામના સૌ દાતાશ્રીઓને સાથે રાખીને ડૉ. રામભાઈના બંને સુપુત્રો શ્રી કિરીટભાઈ તથા શ્રી પ્રદીપભાઈએ અંગત રસ લઈને કરણનગર હાઈસ્કૂલ ખાતે બંધાવી આપ્યો છે. કરણનગર પ્રતિ તો 'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદડપિ ગરિયસી'ની ભાવના તેમના વ્યવહારમાં શાશ્વત બની રહી હતી. પ્રસંગોપાત્તની વાતોમાં ગર્વપૂર્વક કહેતા રહેતા કે અમારા ગામ કરણનગરે કોઈ એક ગામે નહીં આપ્યા હોય તેટલા 70 જેટલા ડૉક્ટરો આપ્યા છે. આપણા સ્વ. સન્માનનીય ચૅરમૅન શ્રી માણેકલાલ સાહેબને પણ તેઓશ્રી અવારનવાર પ્રસંગોપાત્ત કરણનગર હાઈસ્કૂલમાં લઈ આવતા. શ્રી માણેકલાલ સાહેબ પણ કરણનગર હાઈસ્કૂલને સર્વ વિદ્યાલયની એક શાખા ગણતા તથા તેના વિકાસ માટે સલાહ-સૂચનો કરતા, તેમજ મદદ પણ કરતા રહ્યા હતા.

કરણનગરમાં અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણનો સત્સંગ તો અમે પ્રાથમિક શાળામાં ભણતા ત્યારથી ડૉ. રામભાઈ તથા ડૉ. જયંતીભાઈના મહોલ્લામાં થતો. હું ને ડૉ. જયંતીભાઈ બાળપણથી જ મિત્રો હતા, તેથી મારે તેમના ઘરે વારંવાર જવાનું થતું. દર મંગળવારે તેમના મહોલ્લામાં સ્વામિનારાયણવાસમાં સત્સંગસભા થતી, જે મોટા ભાગે ડૉ. રામભાઈના ઘરે જ હોય. બાળસહજ જિજ્ઞાસાથી અમે પણ કોઈ-કોઈ સમયે સભામાં જતા અને સ્વામીની તથા વચનામૃતની વાતો સાંભળવાનો લાભ લેતા. અમને ખૂબ જ મજા પડતી. કડીમાં ડૉ. રામભાઈનું આગમન થયું ત્યાં સુધી અક્ષરપુરુષોત્તમ સંસ્થાનો બહુ પ્રચાર ન હતો; પરંતુ તેમના આગમન પછી કડીમાં તેનો પ્રચાર વધારે થયો. અક્ષરપુરુષોત્તમના વરિષ્ઠ સંતો પૂ. પ્રમુખસ્વામી મહારાજ સાથે અવારનવાર કડી આવતા. જ્યારે-જ્યારે પૂ. પ્રમુખસ્વામી મહારાજનું વિચરણ હોય ત્યારે તેમનો ઉતારો હંમેશાં તેમના બંગલામાં થતો. વળી, પૂ. પ્રમુખસ્વામી મહારાજ તથા સંતોનો ઉતારો હોય ત્યારે સાંજે નાની સત્સંગસભા પણ ત્યાં યોજવામાં આવતી. ડૉ. રામભાઈ મને તથા ડૉ. મણિભાઈ વગેરેને સત્સંગનો લાભ લેવા

આમંત્રિત કરતા. આવા પ્રસંગોએ પૂ. પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન અમારા માટે જીવનનો મહામૂલો પ્રસંગ બની રહેતો. પછી તો કડીમાં ડૉ. જયંતીભાઈએ તથા સત્સંગીભાઈઓએ સાથે મળી ડૉ. રામભાઈની સહાયથી કડીના જાણીતા કડી-થોળ રોડ પર ભવ્ય અક્ષરપુરુષોત્તમ મંદિર બનાવ્યું. જેની પ્રાણપ્રતિષ્ઠા પણ પૂ. પ્રમુખસ્વામી મહારાજના વરદ્‌હસ્તે કરવામાં આવી હતી. ધીરે-ધીરે આ મંદિર તથા અક્ષરપુરુષોત્તમ સંસ્થાનો પ્રસાર કડીમાં ઘણો થયો છે. તેમના બંને સુપુત્રો શ્રી કિરીટભાઈ તથા શ્રી પ્રદીપભાઈએ સૌ સત્સંગીઓની મદદથી અહીં સુંદર મજાનો મોટો સભાખંડ (A.C.) બનાવી આપ્યો છે. આ સત્સંગહૉલમાં અવારનવાર સંતોનાં પારાયણ તથા સત્સંગસભા થતી હોય છે. આ મંદિર અમારા રહેઠાણની નજીકમાં હોઈ અમે પણ સપરિવાર પારાયણ તથા સત્સંગનો લાભ લઈ શકીએ છીએ. ડૉ. રામભાઈ પણ પ્રતિ શનિવારની સભામાં ખાસ હાજરી આપતા રહ્યા હતા. તેમના બંને સુપુત્રો શ્રી કિરીટભાઈ તથા શ્રી પ્રદીપભાઈમાં પણ પિતાના ગુણો ઊતર્યા છે. તેઓ બન્ને પણ સમાજઉપયોગી કામો કરવા હંમેશાં તત્પર રહે છે. છેલ્લાં બે-ત્રણ વર્ષથી તેમની તબિયત બહુ સારી રહેતી ન હોઈ ઘણો સમય પથારીવશ રહેતા હતા. આ સમયે તેમના પુત્ર શ્રી કિરીટભાઈ તથા પુત્રવધૂ નીરુબહેને સાહેબની ખાસ સેવા કરી છે.

ગાંધીજીનો સિદ્ધાંત "તમે તમારી સંપત્તિના માલિક નથી, પણ ટ્રસ્ટી છો" ને આપણા સ્વ. ચૅરમૅન શ્રી માણેકલાલ સાહેબ તેમનાં પ્રવચનોમાં વારંવાર ઉલ્લેખ કરતા અને કહેતા કે સંપત્તિનો ઉપયોગ સમાજસેવાનાં કાર્યોમાં કરો. ડૉ. રામભાઈએ આ સિદ્ધાંતને જીવનમાં ઉતારીને તેનો અમલ કરતા રહ્યા હતા.



*સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડીમાં પૂ. છગનભા વિજયપદ્મ સમારોહ પ્રસંગે ડૉ. રામભાઈ પટેલ, શ્રી વલ્લભભાઈ પટેલ વગેરે.... (તા. 21/12/2013)*

તેઓશ્રી લોકપ્રિય અને સફળ ડૉક્ટર હોવાની સાથે ઉમદા દાનવીર પણ હતા. તેમણે તેમની સંપત્તિનો ખોબલે-ખોબલે ઉપયોગ શિક્ષણ, આરોગ્ય તથા બીજી અનેકવિધ સામાજિક-ધાર્મિક સેવા માટે કર્યો છે. સર્વ વિદ્યાલય ઉપરાંત કડી અને અન્ય સ્થળોની વિવિધ સંસ્થાઓને નાનાં-મોટાં દાન આપીને મદદરૂપ થતાં સમાજજીવનમાં એક અદના દાનવીર અને ઉમદા માણસ તરીકેની ઓળખ પામ્યા હતા. અક્ષરપુરુષોત્તમ સંસ્થાના વરિષ્ઠ સંત પૂજ્ય ડૉ. સ્વામીએ ડૉ. રામભાઈના અવસાન નિમિત્તે આયોજિત શ્રદ્ધાંજલિ સત્સંગસભામાં કહ્યું હતું કે 'કડી શહેર કે તાલુકામાં એક પણ વ્યક્તિ નાની કે મોટી નહીં મળે કે જે ડૉ. રામભાઈ વિરુદ્ધ કોઈ અભિપ્રાય આપે. તેઓશ્રી સાચા અર્થમાં અજાતશત્રુ હતા.' સંતશિરોમણિ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે જ્યારે કહ્યું કે 'રામભાઈ તમે સાધુ જ છો.' આનાથી બીજી વધારે ઓળખની કોઈ જરૂર ખરી ? પૂ. છગનભાના 'કર ભલા હોગા ભલા' સૂત્રને સાર્થક કરીને સમગ્ર જીવન જીવી જનાર મૂઠી ઊંચેરા માનવ, અધ્યાત્મની સાકાર મૂર્તિ, દાનવીર, માનવહિતવાળા અને મારા પરમ હિતેચ્છુ તથા માર્ગદર્શક પૂજ્ય સ્વ. ડૉ. રામભાઈ સાહેબના પવિત્ર આત્માને શત શત વંદન.

**- ડૉ. રમણભાઈ જી. પટેલ**
મંત્રીશ્રી,
શ્રી ક. પા. કેળવણી ઉત્તેજક મંડળ, કડી
મો. 9824721099

૧૦

# વાત્સલ્યનું ઝરણું

**પ્રિ. ડૉ. ગાર્ગી રાજપરા**

આપણા સર્વ વિદ્યાલય કેળવણીમંડળ (કડી)ના સન્માનનીય પ્રમુખશ્રી ડૉ. રામભાઈ પટેલસાહેબના અવસાનના સમાચાર સાંભળતાં મનોમન વ્યથા અનુભવી હતી, તેવી જ મનોદશા આજે તેમની સ્મૃતિઓને શબ્દોમાં કંડારતાં અનુભવી રહી છું. મારે એલ.ડી.આર.પી. ઍન્ડ આઈ.ટી.આર.ના પ્રિન્સિપાલ ઉપરાંત વર્ષ 2018થી કડી સર્વ વિશ્વવિદ્યાલયના ઇન્ચાર્જ ડાયરેક્ટર તરીકે મંડળ દ્વારા આયોજિત પ્રસંગોપાત્તની મિટિંગોમાં સદ્‌ગત સાહેબશ્રી સાથે મળવાનું થતું રહ્યું હતું. આ ઔપચારિક મિટિંગોમાં સાહેબશ્રીની સૌમ્ય અને નિખાલસ પ્રકૃતિની જે આભા મારા માનસપટલ ઉપર ઝિલાઈ છે તે ખરે જ અવર્ણનીય છે.

અમારી વચ્ચે ભાગ્યે જ લાંબા સંવાદો થયા હશે! આમ છતાં મંદ-મંદ હાસ્ય સાથે તેમનું સ્નેહ વરસાવતું વાત્સલ્ય સ્મરણીય બની રહ્યું છે. શિક્ષણ અને સમાજસેવાક્ષેત્રે ગુજરાતભરમાં આગવી ઓળખ ધરાવતા એક પ્રતિષ્ઠિત કેળવણીમંડળના પોતે પ્રમુખ હોવાની સાથે કડીના એક પ્રતિષ્ઠિત ડૉક્ટર તરીકે ખ્યાતિપ્રાપ્ત હોવા છતાંય તેમની વિનમ્રતા અસાધારણ અનુભવી છે. કૅમ્પસમાં પધારે ત્યારે નાનામાં નાના કર્મચારી સાથે કે વિદ્યાર્થીઓ સાથે સસ્મિતવદને વાત કરતાં તેમને જોયા છે. તેમના ઉદારચેતા હૃદયની સાલસતાનું એક ઉદાહરણ એ કે કડીમાં નવી એન્જિનિયરિંગ કૉલેજ શરૂ કરવાની વિચારણા ચાલતી હતી તે દિવસોમાં સાહેબશ્રીએ સ્વયં મારા કાર્યાલયમાં આવીને પ્રવર્તમાન સમયમાં એન્જિનિયરિંગ કૉલેજના ભાવિ પડકારો અને તકો, ઉચ્ચ ગુણવત્તાશીલ કૉલેજના ઘડતર અને ચણતર માટેની આવશ્યકતાઓ વગેરે વિશે નિખાલસતા અને નિર્ભીકતા સાથે મંતવ્ય માંગતાં અમે આ સંદર્ભે આવશ્યક વિચાર-વિમર્શ કર્યો હતો. આ સમયે



*ટૅક્નિકલ સ્કૂલની વર્કશૉપની મુલાકાતે શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબ, શ્રી ભોળાભાઈ પટેલ (વિસનગર), ડૉ. રામભાઈ પટેલ વગેરે.*



*આંતરરાષ્ટ્રીય મહિલાદિનની ઉજવણી પ્રસંગે ડૉ. રામભાઈ પટેલ (તા. 8/3/15)...*

મેં તેમને એક ઉત્તમ શ્રોતા તરીકે પણ અનુભવ્યા હતા. આ ઉપરાંત તેમના પૌત્રના લગ્ન નિમિત્તે તેમણે આપેલું ભાવભીનું નિમંત્રણ અને એક અંતરંગ સ્વજનના ભાવ સાથે તેમણે કરેલો આતિથ્યસત્કાર પ્રેરણાદાયી અને અનુકરણીય બની રહે તેટલો સ્નેહભીનો અનુભવ્યો હતો. તેમણે સ્વામિનારાયણ સંપ્રદાયને માત્ર ઔપચારિક રીતે અપનાવ્યો જ ન હતો; પરંતુ તેના આદર્શોનું સાચા અર્થમાં પાલન કરીને સ્વામિનારાયણીય જીવન જીવી ગયા હતા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને અન્ય સંતોના જીવનનો પ્રભાવ તેમણે આત્મસાત કરીને પોતાના જીવનવ્યવહારમાં ચરિતાર્થ કર્યો હતો.

હૃદયની સચ્ચાઈ સાથે નોંધું છું કે મેં સાહેબના વ્યક્તિત્વમાં આપણા આર્ષગ્રંથ 'શ્રીમદ્ભગવદ્ગીતા'ને અભિપ્રેત એવા 'ગુણાતીત' તરીકેનાં દર્શન કર્યાં છે:

**સમદુઃખસુખઃ સ્વસ્થઃ સમલોષ્ટાશ્મકાઞ્ચનઃ ।**
**તુલ્યપ્રિયાપ્રિયો ધીરસ્તુલ્યનિન્દાત્મસંસ્તુતિઃ ।।**
**માનાપમાનયોસ્તુલ્યસ્તુલ્યો મિત્રારિપક્ષયોઃ ।**
**સર્વારમ્ભપરિત્યાગી ગુણાતીતઃ સ ઉચ્યતે ।।**

(14.24-25)

(જે નિરંતર આત્મભાવમાં સ્થિત છે, સુખ-દુઃખને સમાન સમજે છે, માટી, પથરા તેમજ સોનામાં સમાનભાવ રાખે છે, જ્ઞાની છે, પ્રિય અને અપ્રિયને એક જેવાં માને છે તથા પોતાની નિંદા કે સ્તુતિમાં પણ સમાનભાવ રાખે છે. જે માન અને અપમાનમાં સમ છે, મિત્ર અને વેરીપક્ષમાં પણ સમ છે તેમજ સર્વ કર્મોમાં કર્તાપણાના અભિમાન વિનાનો છે, એ પુરુષ ગુણાતીત કહેવાય છે.)

આવા સ્વનામધન્ય ડૉ. રામભાઈ સાહેબનો આત્મા શાશ્વત શાંતિ પામે તેવી ઈશ્વરને પ્રાર્થના.

- ડૉ. ગાર્ગી રાજપરા
ઇન્ચાર્જ ડાયરેક્ટર,
કડી સર્વ વિશ્વવિદ્યાલય
પ્રિન્સિપાલ,
એલ.ડી.આર.પી. ઍન્ડ આઈ.ટી.આર.
સેક્ટર–15, ગાંધીનગર–382016
મો. 9377918121, 9408335690

૧૧

# સ્વર્ગસ્થ ડૉ. રામભાઈ પટેલસાહેબ સાથેનાં સંસ્મરણો

**દિલીપ કાપડીઆ**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરમાં મારી યાત્રા વર્ષ 2005માં શરૂ થઈ. આ દરમિયાન 2006માં એલ.ડી.આર.પી. અને 2007માં વી.પી.એમ.પી. પોલિટૅક્નિક સ્થાપના કરવામાં આવી હતી. આ સમય દરમિયાન મારે મંડળની મિટિંગોમાં અવારનવાર ગાંધીનગર અને કડી ખાતે ડૉ. રામભાઈ સાહેબને મળવાનું થતું. આ મિટિંગોમાં ડૉ. રામભાઈ સાહેબ ઉચ્ચ હોદ્દેદાર તરીકે સ્વ. પૂજ્ય માણેકલાલ સાહેબની સાથે જ બેસતા.

આ વર્ષો દરમિયાન મારા મનમાં છાપ એવી રહી છે કે સાહેબ સફેદ ખાદીનાં વસ્ત્રોમાં અને સ્વ. માણેકલાલ સાહેબ સફેદ પેન્ટમાં આવતા. ખાદીના પહેરવેશમાં જોઈને હું પ્રભાવિત થઈને વિચારતો કે કોઈ ગાંધીવાદી પ્રતિભાથી પ્રભાવિત થઈને સાહેબે ખાદી ધારણ કરી હશે; પરંતુ પાછળથી ખબર પડી કે તેઓશ્રી તો સર્વોદય વિચારથી પ્રભાવિત હતા અને ખરા અર્થમાં આજીવન સર્વોદયી રહ્યા હતા. તેમણે ખાદીનો પહેરવેશ છેક સુધી જાળવી રાખ્યો હતો. મારું બીજું અવલોકન એવું છે કે તેઓશ્રી મૃદુભાષી અને મીતભાષી હતા. જ્યારે તેમના સ્વભાવથી વિપરીત માણેકલાલ સાહેબ વધારે કડક હતા, જેનો અહેસાસ બંને સાહેબોનાં પ્રવચનો સાંભળતો ત્યારે થતો. જોકે તેઓશ્રીને જે માહિતી મળતી અને તેમનું મંતવ્ય માણેકલાલ સાહેબને કહેવાનું ચૂકતા નહિ એવું મેં સતત અનુભવ્યું છે.



*ટૅક્નિકલ સ્કૂલ દ્વારા આયોજિત સમારોહ પ્રસંગે ઉદ્‌બોધન કરતા ડૉ. રામભાઈ પટેલ*

આપણી કડી યુનિવર્સિટીના પ્રથમ વાઇસ ચાન્સેલર તરીકે ડૉ. રામભાઈ

સાહેબની નિમણૂક થઈ હતી. આ પછી જ્યારે નિયમિત વાઇસ-ચાન્સેલરની નિમણૂક કરવાનો સમય આવ્યો ત્યારે એક-બે નામો તે વખતે ચાલતાં હતાં. તેમાંથી કોઈની પસંદગી કરવામાં આવે તો તેમને ચાલુ પગાર અને ભથ્થાં અને તેઓ પોતાની નોકરી છોડે તો તેમને થતું આર્થિક નુકસાનની ભરપાઈ કરવાની વાત ચાલતી હતી; પરંતુ આર્થિક ભારણને ધ્યાને લેતાં તે શક્ય બન્યું નહિ. આ સમયગાળામાં વી.પી.એમ.પી.ના પ્રિન્સિપાલ તરીકે હું મારી ઓળખ સ્થાપિત કરી ચૂકયો હતો અને સંસ્થા પણ આર્થિક રીતે સદ્ધર થઈ ગઈ હતી. આ સંજોગોમાં હાલ એલડીઆરપીના બિલ્ડિંગમાં ચૅરમૅન માણેકલાલ સાહેબની ઑફિસ હતી ત્યાં મને સાહેબ દ્વારા અચાનક બોલાવવામાં આવ્યો. ડૉ. રામભાઈ પટેલસાહેબે મારી ઉપસ્થિતિમાં જ પૂછ્યું કે તમે કાપડીઆને વાઇસ-ચાન્સેલર થવા માટે પૂછ્યું ? આ સાંભળીને સાહેબે મને કહ્યું આપનો શો વિચાર છે ? મેં કહ્યું, સાહેબ અત્યાર સુધીમાં મને પૂછવામાં જ નથી આવ્યું તેથી સામે ચાલીને હું કેમ કહી શકું કે આ હોદ્દો મને આપો ? પણ આપ પૂછી રહ્યા છો તો તેમાં મારી સંમતિ છે, એટલે ડૉ. રામભાઈ પટેલનો આ તબક્કે ઋણ સ્વીકારવાનો સમય છે. તેમણે જ પ્રતિષ્ઠિત સંસ્થાના નિયમિત પ્રથમ વાઇસ ચાન્સેલર તરીકે નિમણૂક અપાવી હતી.

ડૉ. રામભાઈ પટેલસાહેબની એક બીજી ખાસિયત એ હતી કે પ્રત્યેક સંસ્થામાં શું ચાલે છે અને ક્યાં શું કરવા જેવું છે તેની માહિતી ખાસ રાખતા અને પ્રાપ્ત માહિતી માણેકલાલ સાહેબને એમની રોજબરોજની મિટિંગોમાં જણાવતા. મને પણ ક્યારેક સંસ્થાઓના વહીવટ બાબતે પૂછતા. એમની એક આગવી ચૅનલ હતી કે જેના મારફતે દરેક માહિતી મેળવતા. તેમનો હેતુ માત્ર અને માત્ર સંસ્થા અને મંડળ સારી રીતે ચાલે તેવો જ રહ્યો હતો. અત્રે ઋણસ્વીકારની ભાવના સાથે નોંધી રહ્યો છું કે આ બંને સન્માનનીય સાહેબોએ મારા સુદીર્ઘ શૈક્ષણિક અને વહીવટીય અનુભવને ધ્યાને લઈને મારામાં વિશ્વાસ મૂકીને કહ્યું હતું કે આપણી આ સંસ્થા દિનપ્રતિદિન ઉચ્ચગુણવત્તાશીલ શિક્ષણ પ્રદાન થકી તેમજ ઉદાહરણસ્વરૂપ સ્વસ્થ પ્રણાલીઓ પ્રસ્થાપિત કરીને પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરે તે હેતુસર જે કંઈ આવશ્યક સૂચનો કરવા જેવાં લાગે તે સંચાલકમંડળ (મેનેજમેન્ટ)ને કરવાનું રાખશો. આ ઉપરાંત સંબંધિત અનુસ્નાતક વિભાગો/કૉલેજોના અધ્યક્ષશ્રીઓ/આચાર્યશ્રીઓ, અધ્યાપકો, વહીવટીય અધિકારીશ્રીઓ અને કર્મચારીઓને કરવા અને તેની જાણ અમને પણ કરતા રહેશો. આ અપેક્ષાઓને ધ્યાને લઈને મેં ગુણવત્તાશીલ શિક્ષણ પ્રદાન કરવાની સાથે વિદ્યાર્થીઓ અને સઘળા સ્તરના કર્મચારીઓનું સંવેદનશીલ અને ઉમદા માનવ તરીકે ઘડતર થાય – આ કે.એસ.વી.નો વિદ્યાર્થી/કર્મચારી છે

તેવી ઓળખ તેની વર્તણૂકથી જ થાય તેને પણ પ્રાથમિકતા આપવાની સૂચના આપી હતી. ગુણવત્તા સુધારણામાં મેં ટેક્નિકલ સ્કિલ્સ, વહીવટીય સ્કિલ્સ અને લાઇફ સ્કિલ્સ અંતર્ગત સવિશેષતઃ મોટાઓને આદર, સરખાં સાથે મૈત્રી અને નાનાં માણસો પ્રત્યે કરુણા દાખવવા સંદર્ભે માર્ગદર્શન આપીને તેવા વર્તનની તેમની પાસે અપેક્ષા પણ રાખતો રહ્યો હતો. આ વિશે હું પ્રસન્નતાપૂર્વક જણાવું છું કે આ બધી બાબતોનો કડી સર્વ વિશ્વવિદ્યાલય પરિવાર તરફથી હૂંફાળો પ્રતિભાવ સાંપડ્યો હતો.

અમે ક્યારેક એકલા બેઠા હોઈએ ત્યારે ડૉક્ટર તરીકે અભ્યાસ કરવામાં તેઓ પોતાના ગામમાં પ્રથમ હતા. ત્યાર પછી એમનું અનુકરણ કરીને ગામના કેટલાક તેજસ્વી વિદ્યાર્થીઓ ડૉક્ટર બન્યા, પોતાની પ્રેક્ટિસ વગેરે વિશે જણાવતાં. તેમની ડૉક્ટર તરીકેની કામગીરી માનવતાધર્મી રહી છે. ગરીબોની ખાસ કાળજી રાખતા અને મફત દવાઓ અને સારવાર કરતા. તેમણે જ્યારે દવાખાનું બંધ કર્યું ત્યારે છેવટે જે કંઈ રકમ મળી તે તેમણે સેવાભાવી સંસ્થાઓમાં અને કર્મચારીઓમાં વહેંચી દીધી હતી. તેમને ગરીબો અને એમના કર્મચારીઓ માટે ખાસ લાગણી હતી.

પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજ કેવી રીતે ઊભી થઈ અને તેને ચલાવવામાં મુશ્કેલી પડી ત્યારે પ્રમુખસ્વામી મહારાજ તરફથી મોટા દાન સાથે આશીર્વાદ મળતાં સંસ્થા બચી ગઈ હતી તેનો ઉલ્લેખ નવરાશની પળોમાં તેમણે કર્યો હતો. તેમના જીવનમાં પ્રમુખસ્વામી મહારાજનું ખાસ સ્થાન હતું. આ ગ્રાંટ ઈન એઈડ સાયન્સ કૉલેજ ઉત્તર ગુજરાતમાં સારું એવું નામ ધરાવે છે, પણ મારું અંગત રીતે માનવું છે જો આ કૉલેજ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયા વગર સ્વાયત્ત બની હોત તો તેના વિકાસ અને ગુણવત્તામાં મોટો ફરક થયો હોત!

મને યાદ છે કે એકાદ વખતે મંડળની મિટિંગ પૂરી થયા પછી તેમના પુત્ર કિરીટભાઈ પટેલની કડીની ફેક્ટરી જોવા મને લઈ ગયા હતા અને મેં જોયું કે કિરીટભાઈ પટેલસાહેબે પણ કેમિકલ્સના ઉત્પાદનક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. તેમનાં ઉત્પાદનોનો ઉપયોગ નાના-મોટા બ્રાન્ડ કોસ્મેટિક બનાવવા માટે મલ્ટીનેશનલ કંપનીઓ આજે પણ વાપરે છે.

ડૉ. રામભાઈ પટેલસાહેબને મર્યાદા પુરુષોત્તમ રામ સાથે સરખાવું તો તે અજુગતું નથી. તેમના ઉમદા આચાર-વિચારમાં અસાધારણ મર્યાદાપાલન મેં જોયું છે. સ્વ. માણેકલાલ સાહેબનું ચરિત્ર આપણે કૃષ્ણાવતાર તરીકે સરખાવી શકીએ. અને ડૉ. રામભાઈ સાહેબ મર્યાદા પુરુષોત્તમ તરીકે મારા હૃદયમાં સ્થાન પામેલા છે. કૃષ્ણચરિત્રની જેમ માણેકલાલ સાહેબ, પ્રેમપૂર્વક બધાનાં હૃદયમાં છે અને ક્યારેય પણ નીતિ-નિયમોની બાબતોમાં બાંધછોડ કરતા ન

હતા. તેમણે કોઈ પણ ભોગે જે-તે સમયે કરવા જેવાં કાર્યો પૂર્ણ કર્યાં છે. તેઓશ્રીનો પ્રેમ બોલકો હતો જ્યારે ડૉ. રામભાઈ પટેલનો પ્રેમ મૃદુભાષી હતો એવું મારું મંતવ્ય છે. મારા જીવનમાં આ બન્ને મહાનુભાવોને રામ-કૃષ્ણની જોડી તરીકે જોઉં છું. હું મારું અહોભાગ્ય ગણું છું કે આવા પુરુષો મારા જીવનમાં આવ્યા અને માર્ગદર્શન આપીને મારી કારકિર્દી વધારવામાં ઉપકારક નીવડ્યા.

મને બીજી ટર્મ આપવાની હતી ત્યારે ડૉ. રામભાઈ પટેલસાહેબે મને સમયાન્તરે જણાવ્યું હતું કે માણેકલાલ સાહેબે મને આગલા દિવસે જ કહ્યું હતું કે આપણે કાપડીઆને બીજી ટર્મ આપીએ છીએ. આ રીતે તેઓ મારા કાર્યના સાક્ષી તરીકે ઊભા રહ્યા. મારે એ ઋણ સ્વીકારવું જ રહ્યું! મારી બીજી ટર્મ પૂરી થઈ ત્યારે મેં ડૉ. રામભાઈ પટેલ તેમજ તેમના પુત્ર કિરીટભાઈ પટેલને કહ્યું હતું કે મારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં કોઈ પણ હોદ્દા ઉપર સેવાઓ આપવી છે. મારું માનવું છે કે છેલ્લી નિમણૂકમાં તેમનો અને તેમના પુત્ર કિરીટભાઈ પટેલનો ફાળો મુખ્ય છે.

ડૉ. રામભાઈ સાહેબ સર્વ વિદ્યાલયમાં ભણ્યા હતા એટલે આ સંસ્થામાં એમણે પોતાની દાનની સરવાણી જુદા-જુદા સમયે અને પ્રસંગોએ ચાલુ રાખી હતી. છેલ્લે તેમણે એક કરોડ રૂપિયાનું દાન આ સંસ્થાને આપ્યું છે. આ રીતે તેમણે સર્વ વિદ્યાલયનું ઋણ ચૂકવ્યું છે.

જીવનમાં આપણે બીજાના સહારે ઊભા થઈએ છીએ અને જ્યારે આપણે સશક્ત બનીએ ત્યારે વંચિતોને સહાય કરવી જોઈએ તે તેમણે ગળથૂથીમાંથી શીખ્યું છે. આમેય આપણા પવિત્ર ધર્મગ્રંથ ગીતામાં કહ્યું છે કેઃ

**યજ્ઞદાનતપઃકર્મ ન ત્યાજ્યં કાર્યમેવ તત્ ।**
**યજ્ઞો દાનં તપશ્ચૈવ પાવનાનિ મનીષિણામ્ ।। (18-5)**

યજ્ઞ, દાન અને તપરૂપી કર્મ ત્યાગ કરવા યોગ્ય નથી; પરંતુ એ તો અવશ્ય કરવાં જોઈએ; કેમ કે યજ્ઞ, દાન અને તપ – એ ત્રણેય કર્મો મુનિઓને પણ પવિત્ર કરનારાં છે. આપણા જેવા સામાન્ય માણસોને પણ પવિત્ર કરે જ, એટલે ડૉ. રામભાઈ પટેલના જીવનમાંથી ત્રણેય પુરુષાર્થ જીવનમાં ઉતારવા જોઈએ.

પ્રભુ એમના આત્માને શાંતિ આપે. જોકે મર્યાદા પુરુષોત્તમ રામ જેવા વ્યક્તિત્વને આવી શુભેચ્છાની જરૂર નથી, કેમ કે તેમણે ઉમદા જીવનકાર્ય પૂરું કરીને વિદાય લીધી છે.

**- દિલીપ કાપડીઆ**
પૂર્વ ડાયરેક્ટર
કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર
મો. 9904444552

૧૨

# ડૉ. રામભાઈ સાહેબ: પ્રભાવી અને સૌમ્ય વ્યક્તિત્વદર્શન

**ડૉ. સોમભાઈ સી. પટેલ**

ડૉ. રામભાઈ સાહેબનો પરિચય મને ત્યારે થયો કે જ્યારે ઈ.સ. 1991ની સાલમાં ગાંધીનગરમાં દીકરીઓ માટેની 'ઉમા આટ્ર્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ', સર્વ વિદ્યાલય (કડી) સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવી. ગાંધીનગરમાં કૉલેજો તો હતી, પણ ઘણાં કુટુંબો પોતાની દીકરીઓને છોકરા-છોકરીઓની મિશ્ર કૉલેજમાં મૂકતાં અચકાતાં હતાં તેથી તે વખતના સંસ્થાના કેળવણીપ્રેમી મંત્રી શ્રી માણેકલાલ સાહેબના સંકલ્પમાં બળ પૂરનાર કેળવણીપ્રેમી અને સમાજસુધારક આગેવાનો પૈકી એક સબળ કાર્યકર્તા ડૉ. રામભાઈ સાહેબ હતા અને તે સહુના સાથ સહકારથી ગાંધીનગરમાં મહિલા કૉલેજ શરૂ થઈ અને જોતજોતામાં તેની પ્રતિષ્ઠા ચોમેર ફેલાઈ ગઈ.

ડૉ. રામભાઈ સાહેબનું વ્યક્તિત્વ અન્ય કાર્યકર્તાઓથી અલગ હતું. ઓછું બોલવું પણ અસરકારક બોલવું. તેમના શબ્દોનું વજન પડતું હતું. પોતાના મૂળ વતન કરણનગર (કડી પાસે)ની શાળામાં કેટલાંક ધોરણ ભણ્યા બાદ તેઓ સર્વ વિદ્યાલય, કડીની શાળામાં દાખલ થયા. તેજસ્વી વિદ્યાર્થીપ્રતિભા તેમની હતી અને કડી જેવી શિક્ષણસંસ્થાનું ઉમદા વાતાવરણ, ઉમદા શિક્ષકો અને ઉમદા આચાર્ય તેમજ ઉમદા ગૃહપતિઓ મળવાથી તેમનું વિદ્યાતેજ ઝળહળી ઊઠ્યું અને એમ.બી.બી.એસ.ની ડિગ્રી મેળવી તેઓ ડૉક્ટર બન્યા. તેમના વતનગામ કરણનગરના કેટલાયે વિદ્યાર્થીઓએ ડૉ. રામભાઈના વ્યક્તિત્વમાંથી પ્રેરણા મેળવી અને ઘણા ડૉક્ટર બન્યા અને આ ગામ ડૉક્ટરોના ગામ તરીકે પ્રસિદ્ધિ પામ્યું તેની પાછળ ડૉ. રામભાઈ સાહેબમાંથી તે-તે વિદ્યાર્થીઓએ પ્રેરણા મેળવી હતી, તે હતું.

કડીમાં 'સર્વ વિદ્યાલય' દ્વારા સંચાલિત શાળાઓની પ્રતિષ્ઠા આખા ગુજરાતમાં હતી અને સંસ્થાના તત્કાલીન મંત્રી શ્રી માણેકલાલ સાહેબ નવા-નવા માણસોને પારખીને કડીમાં લાવતા હતા. રત્નસમાન શ્રી રામભાઈ સાહેબને પારખીને કડીમાં લાવનાર શ્રી માણેકલાલ સાહેબ હતા. આગળ જતાં કડીમાં ભાગ્યોદય

હૉસ્પિટલ શરૂ કરવામાં આવી. આ હૉસ્પિટલની સ્થાપનામાં શ્રી માણેકલાલ સાહેબની સાથે ડૉ. રામભાઈ સાહેબનો સિંહફાળો હતો. ડૉ. રામભાઈ સાહેબ મિતભાષી હતા. તેમને પ્રવચન આપતાં ભાગ્યે જ કોઈએ સાંભળ્યા હોય. સંસ્થાના મહત્ત્વના કાર્યક્રમોમાં ડૉ. રામભાઈ સાહેબને પ્રમુખશ્રીનું સ્થાન આપવામાં આવતું. વક્તાઓનાં ઉદ્‌બોધનો થતાં. છેલ્લે આવતા પ્રમુખશ્રીના ઉદ્‌બોધનમાં ભાગ્યે જ તેઓ બોલતા અને બોલે તોપણ બે-ત્રણ મિનિટમાં જ વાત પૂરી કરી દેતા. જેનું કામ બોલતું હોય તેણે બોલવાની જરૂર રહેતી નથી. આવું વિશિષ્ટ વ્યક્તિત્વ ડૉ. રામભાઈ સાહેબનું હતું.

તેઓશ્રીની પ્રકૃતિ આધ્યાત્મિક હતી. સ્વામિનારાયણ સંપ્રદાયમાં તેઓશ્રી મન-હૃદયથી જોડાયેલા હતા અને આ સંપ્રદાયના વડાઓને સર્વ વિદ્યાલય સંસ્થામાં મહત્ત્વના પ્રસંગોએ આમંત્રણ આપી તેમનાં આશીર્વચનો સંસ્થા માટે અવારનવાર મેળવી આપતા હતા. કડીની સાયન્સ કૉલેજના ડોનેશન અને નામાભિધાન માટે પ્રમુખસ્વામીને તે પ્રસંગે હાજર રાખી તેમના આશીર્વાદ મેળવવામાં પણ રામભાઈ સાહેબે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

ગાંધીનગર મુકામે 'અક્ષરધામ' મંદિરની મુલાકાતે સર્વ વિદ્યાલય સંસ્થાના કાર્યકર્તાઓને લઈ જઈ, પ્રમુખસ્વામી સાથે તેમની મુલાકાત કરાવવામાં પણ રામભાઈ સાહેબનું યોગદાન જણાઈ આવતું હતું. ડૉ. રામભાઈ સાહેબના વચનોની કેવી અસર થતી હતી તે આ મુલાકાત પ્રસંગે જણાઈ આવતું હતું અને વળી અમને સહુને આવકારીને મિષ્ટાન્ન ભોજન જમાડવામાં પણ ડૉ. રામભાઈ સાહેબનો પ્રભાવ જણાઈ આવતો હતો. ડૉ. રામભાઈ સાહેબે સર્વ વિદ્યાલય, કડીમાં હૉલ માટે દાન આપેલું છે. આ હૉલ 'ડૉ. રામભાઈ એમ. પટેલ સંસ્કારભવન' એ નામથી જાણીતો છે. તદુપરાંત તેમના દાનથી 'ડૉ. રામભાઈ એમ. પટેલ સ્કૂલ' કાર્યરત છે. કડી સંસ્થાને 100 વર્ષ પૂર્ણ થતાં તે નિમિત્તે મેળવાતા દાનમાં તેઓશ્રીએ રૂપિયા એક કરોડનું માતબર દાન આપીને અન્ય દાતાશ્રીઓને પ્રેરણા પૂરી પાડેલ છે. શ્રી રામભાઈ સાહેબ સંસ્થાની તમામ મિટિંગોમાં અચૂક ઉપસ્થિત રહેતા અને સહુ કાર્યકર્તાઓ સાથે સંસ્થાના વિકાસ સંબંધી વાતો બહુ જ ટૂંકમાં અને અસરકારક રીતે કરતા.

સંસ્થાના તત્કાલીન ચૅરમૅન શ્રી માણેકલાલ સાહેબની જેમ તેઓ વ્યક્તિત્વના પારખું હતા. ઉમા કૉલેજના પ્રિન્સિપાલપદેથી મને નિવૃત્ત થવાની 6 મહિનાની વાર હતી ત્યારે એક વખત શ્રી માણેકલાલ સાહેબની હાજરીમાં તેમણે મને બોલાવેલો અને પૂછેલું કે તમે થોડાક સમય પછી નિવૃત્ત થવાના છો. નિવૃત્તિ પછી તમારો શો વિચાર છે ? જો તમારે આપણી સંસ્થામાં જ સેવાઓ આપવાની તૈયારી હોય તો અમારે તમારી સેવાઓની જરૂર છે. બોલો, અત્યારે જ નિમણૂક

કરી દઈએ? મેં સંસ્થામાં સેવાઓ આપવાની હા પાડી એટલે શ્રી માણેકલાલ સાહેબે તે જ દિવસથી કૅમ્પસ ડાયરેક્ટર તરીકે મારી નિમણૂક કરી દીધી. ઉંમર વધતાં અને ઉંમરની મર્યાદાઓ પડતાં તેમણે અમદાવાદ ખાતેના તેમના નિવાસસ્થાને સંયુક્ત પરિવાર સાથે રહેવાનું શરૂ કર્યું અને બહાર આવવા-જવાનું બંધ કર્યું.

સાહેબશ્રીની ઉંમર અને અશક્તિ બંનેમાં વધારો થતો જતો હતો એટલે ગાંધીનગરથી હું, કૌશલ્યાબહેન, વીણાબહેન, રમેશભાઈ વ્યાસ અને નરસિંહભાઈ અમદાવાદના તેમના નિવાસસ્થાને મળવા ગયાં હતાં. ત્યાં તેમણે અમને સહુને ભાવપૂર્વક નામ દઈ-દઈને આવકાર્યા, ઉષ્માસભર વાતો કરી અને અમારી ના છતાં ભરપેટ ગરમાગરમ નાસ્તો કરાવ્યો. અમારો અરસપરસનો ભાવસંબંધ આ સમયે જણાઈ આવતો હતો.

શ્રી રામભાઈ સાહેબ આજે હયાત નથી, પણ અમારા ભાવસંબંધોનાં સંસ્મરણો અમારા મનને ડૉ. રામભાઈ સાહેબની સતત યાદ અપાવ્યા કરે છે.

**- ડૉ. સામભાઈ સી. પટેલ**
કૅમ્પસ ડાયરેક્ટર,
સર્વ વિદ્યાલય (કડી) કૅમ્પસ,
સેક્ટર–23, ગાંધીનગર
મો. 9427331012

*સરસ્વતીની ઉપાસના, સરસ્વતીની વાડીમાં વિહાર એ આ લોકમાં બ્રહ્મલોકનો અનુભવ કરાવે છે. એનો આનંદ અનુપમ, અસીમ છે, પરંતુ સ્મરણમાં રાખવાનું કે એનું ખરું પ્રયોજન જગતને છોડવામાં નહિ, પણ એને રસાન્તરમાં, નવીન દૃષ્ટિએ જોવામાં રહેલું છે.*

**- આનંદશંકર ધ્રુવ**

૧૩

# સદૈવ સ્મરણીય ડૉ. રામભાઈ

**પ્રિ. ડાહ્યાભાઈ જયરામદાસ પટેલ**

વર્ષ 1989માં હું પ્રમુખસ્વામી સાયન્સ એન્ડ એચ. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, કડીમાં પ્રિન્સિપાલ તરીકે જોડાયો અને ચૌદ વર્ષો સુધી ત્યાં સેવાઓ આપી વર્ષ 2003માં સેવાનિવૃત્ત થયો હતો. તે વખતે શ્રી ધનાભાઈ એચ. પટેલ (વકીલ), શ્રી માણેકલાલ એમ. પટેલ, ડૉ. રામભાઈ એમ. પટેલ, શ્રી નટવરભાઈ ભાણાભાઈ પટેલ વગેરે સર્વ વિદ્યાલય કૅમ્પસની સંસ્થાઓનું સુચારુપણે સંચાલન કરી રહ્યા હતા. આ પૈકી શ્રી માણેકલાલ અને ડૉ. રામભાઈની મિત્રતા ગાઢ હતી. શ્રી માણેકલાલ અને ડૉ. રામભાઈ સર્વ વિદ્યાલય કૅમ્પસમાં સાથે જ હોય. બંને સાથે મળીને સંસ્થાઓનું સંચાલન ઉત્તમ રીતે કરતા રહ્યા હતા. વળી, શ્રી માણેકલાલ સાંજના સમયે, મહદંશે ડૉ. રામભાઈના ત્યાં જ હોય. આ બંને સેવાવ્રતીઓ સંસ્થાઓના વિકાસ માટે જીવનપર્યંત સહયોગી અને કાર્યશીલ બની રહ્યા હતા. ડૉ. રામભાઈએ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીમાં મંત્રીઃ 1976-77થી 2008-09, ઉપપ્રમુખઃ 2009-10થી 2011-12 અને પ્રમુખ તરીકે



*પ્રમુખસ્વામી સાયન્સ ઍન્ડ એચ. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, કડીમાં મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અને અન્ય મહેમાનોની સાથે ડૉ. રામભાઈ પટેલ*

2012-13થી જીવનપર્યંત અર્થાત્ તા. 13 માર્ચ, 2021 સુધી સેવાઓ આપી હતી.

કડીની કોઈ પણ સામાજિક કે શૈક્ષણિક સંસ્થા શરૂ કરવામાં અને તેના સંચાલનમાં તેઓ ખૂબ ઉત્સાહ અને ઉત્કૃષ્ટ સેવાભાવથી કાર્યશીલ રહ્યા હતા. તેઓ દાનેશ્વરી હતા. તેમણે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ભાગ્યોદય હૉસ્પિટલ, કરણનગર (વતન)ની હાઈસ્કૂલ તેમજ અન્ય સંસ્થાઓમાં પણ ભાવપૂર્વક અને વિનયપૂર્વક દાન આપ્યાં હતાં, તેમજ અન્યો પાસેથી દાન મેળવ્યાં પણ હતાં. પ્રમુખસ્વામીના તેઓ પ્રિય ભક્ત હતા. પૂ. સ્વામી તેમના ઉપર ખૂબ રાજી રહેતા હતા. કૉલેજની કથળતી જતી આર્થિક સ્થિતિને ધ્યાને લઈ તેમણે પૂ. સ્વામી સમક્ષ સાયન્સ કૉલેજના મકાન માટે દાનનો પ્રસ્તાવ મૂકતાં આશ્ચર્યજનક રીતે, પૂ. સ્વામીજીએ તેમની માંગ સ્વીકારી લીધી અને મંડળને રૂ. 11,11,111/- (રૂપિયા અગિયાર લાખ અગિયાર હજાર એક સો અગિયાર)નું માતબર દાન આપ્યું. સાયન્સ કૉલેજનું નામ "પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજ" રાખવામાં આવ્યું. આમાં પૂ. સ્વામીનો રામભાઈ પ્રત્યેનો ઉત્કટ આદરભાવ વ્યકત થાય છે. એક વખત તેઓએ મને કહ્યું કે સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના ઘણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વડોદરામાં તેમના ધંધાઓથી સમૃદ્ધ બન્યા છે. સંસ્થાને હાલ નાણાંની જરૂરિયાત હોવાથી આપણે તેમની પાસે દાન મેળવવા જઈએ. અમે બંને ત્યાં ગયા. વડોદરા પાસેના અટલાદરા ગામમાં પ્રમુખસ્વામીની ધાર્મિક સંસ્થામાં અમે બે-ત્રણ દિવસ રોકાયા અને ભૂ. પૂ. વિદ્યાર્થીઓનો સંપર્ક કરી સારું એવું ફંડ એકત્ર કર્યું હતું.

તેમની પ્રકૃતિ એવી હતી કે મને તેમની સાથે સંસ્થાનું કામ કરવાનું ખૂબ ગમતું. ખરેખર તેઓ મૂઠી ઊંચેરા માનવ હતા. પોતે શું કર્યું તેવા શબ્દો તેમની પાસેથી ભાગ્યે જ સાંભળવા મળતા. 'ઉત્તર ગુજરાત યુનિવર્સિટી' વિવિધ પ્રકારની શિબિરો કરવા માટે મને ખૂબ આગ્રહ કરતી હતી. હું જે શિબિરો



કરતો હતો તેના ઉદ્‌ઘાટન અને પૂર્ણાહુતિના પ્રસંગોએ શ્રી માણેકલાલ અને ડૉ. રામભાઈ હાજર રહેતા અને શિબિરો માટે જે ખર્ચ થતું તેમાં તેઓ મને સહકાર આપતા હતા.

તેઓશ્રી વ્યવસાયે સેવાભાવી ડૉક્ટર હતા. તેમના ત્યાં જે દર્દીઓ આવતા તેમના પ્રત્યે તેઓ સૌજન્યશીલ વ્યવહાર કરતા અને જો તે ફી આપી શકે તેમ ન હોય તોપણ પ્રસન્નતા સાથે ઇલાજ કરતા. અમે જ્યારે તેમના દવાખાને કૉલેજના કામે જતા ત્યારે આ બધું જાતે જોયું છે. આમાં તેમનો સેવાભાવ સ્પષ્ટપણે જોવા મળતો. કડીની વિવિધ સેવાભાવી સંસ્થાઓ સાથે તે જોડાયેલા રહ્યા હતા, તેમજ આવી સંસ્થાઓ ઊભી કરવામાં પોતાનો સમય, પૈસા અને તજ્‌જ્ઞતા સદા અર્પણ કરતા રહેતા હતા.

આવા પૂ. ડૉ. રામભાઈના આત્માને ઈશ્વર ચિરશાંતિ અર્પે એવી મારી હૃદયપૂર્વક પ્રાર્થના.

**- પ્રિ. ડાહ્યાભાઈ જયરામદાસ પટેલ**
સેવાનિવૃત્ત પ્રિન્સિપાલ,
પ્રમુખસ્વામી સાયન્સ ઍન્ડ એચ. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, કડી

**નિવાસઃ** ૨૮, તિનમૂર્તિ બંગ્લોઝ, થલતેજ, અમદાવાદ

અને

16, અંકુર સોસાયટી, સ્પિનિંગ મિલની સામે,
મુ. પો. વિસનગર, જિ. મહેસાણા
મો. 9829751105, 9825042412

૧૪

# સૌજન્યમૂર્તિ ડૉ. રામભાઈ સાહેબ

**પ્રિ. ગિરીશભાઈ એન. પટેલ**

ડૉ. રામભાઈ સાહેબ વિશે લખવા માટે શું લખવું તેની મૂંઝવણ અનુભવું છું. ડૉ. રામભાઈ સાહેબ સર્વોદયી અને આર.એસ.એસ.ના કાર્યકર, સમાજસેવાના ભેખધારી હોવાની સાથે શિક્ષણક્ષેત્રે તેમની સેવાઓ ભૂલી શકાય તેમ નથી. ડૉક્ટર તરીકે સમગ્ર કડી વિસ્તારમાં તેમની નામના હતી.

છગનભા સાધુ થવા નીકળ્યા હતા, ત્યારે ગુરુએ તેમની શક્તિનો ઉપયોગ કરી જ્ઞાતિને ભણાવવા માટે રૂ. 5 આપી પાછા મોકલ્યા. એ છગનભાએ પાટીદાર જ્ઞાતિની સેવા કરી, તેમ ડૉ. રામભાઈ સાહેબ પોતે સાધુ ન થયા, પણ સાધુની જેમ પવિત્ર જીવન જીવ્યા છે. છગનભાનું સૂત્ર ‘કર ભલા હોગા ભલા’નો લાભ પરમાત્માએ ડૉ. રામભાઈને આપ્યો છે અને એ સાર્થક થયું છે, કેમ કે તેમના બે દીકરા શ્રી કિરીટભાઈ અને શ્રી પ્રદીપભાઈ ઉદ્યોગપતિ અને બિલ્ડર છે. બન્નેએ કરોડો રૂપિયાનું દાન કર્યું છે. બન્ને પણ પિતાનાં પગલે વિવિધક્ષેત્રોમાં સેવાઓમાં જોડાયા છે.

ડૉ. રામભાઈ સાહેબના પરિચયમાં આવનાર દરેક વ્યક્તિને તેમના માનવીય અભિગમના સારા અનુભવ થયેલા છે. રામભાઈ સાહેબે, સૌ પ્રથમ જયપ્રકાશ નારાયણ માટે તેમની સ્મૃતિમાં તેમની સામાજિક પ્રવૃત્તિઓ ચાલુ રહે તે માટે નાણાં ભેગાં કરવાની પહેલ કરેલી. આ માટેની કામગીરી મહેસાણા જિલ્લાના ડૉ. દ્વારકાદાસ જોષીનાં પત્ની રતનબહેન અને મારી કૉલેજના અધ્યાપક રાજાભાઈ પટેલે લીધી હતી. રાજાભાઈ પટેલ મને દરેક જગ્યાએ સાથે લઈ જતા હતા. કડીમાં સૌપ્રથમ અમે પહેલી વાર ડૉક્ટર રામભાઈ સાહેબને મળ્યા. તેમના તરફથી અમને આ માટે ખૂબ જ સારી રકમ મળી હતી અને એટલું જ નહીં, તેમણે તેમના બીજા મિત્રોને ટેલિફોન કરી સારી રકમ ભેગી કરી આપવામાં ઘણી મદદ કરી હતી. આ ઘટનામાં મારે તેમને પ્રથમ વાર મળવાનું થયું અને એ જ વખતે એમનું આ ઉદાર દિલ અને સજ્જન છાપવાળા વ્યક્તિત્વની છાપ મારા ઉપર ઊંડી અસર કરી ગઈ હતી. આ પછી મારે કડી સર્વ વિદ્યાલયના શિક્ષકોના ઇન્ટરવ્યૂ દરમિયાન શ્રી માણેકભાઈ સાહેબ

અને ડૉ. રામભાઈને વારંવાર મળવાનું થતું હતું.

એ દરમિયાન બી.એડ. કૉલેજ શરૂ કરવાનો વિચાર શ્રી માણેકલાલ સાહેબે કરેલો. તેઓ આચાર્ય શોધી રહ્યા હતા. હું મહેસાણા કૉલેજમાંથી રિટાયર્ડ થયો હતો. ડૉ. રામભાઈ સાહેબે જ શ્રી માણેકભાઈને કહ્યું કે તમે ગિરીશભાઈને આપણા આચાર્યશ્રી તરીકે નિમણૂક કરો તો સારું. ત્યાર પછી તેમણે મને આ વિશે વાત કરી અને આ વિશેનો પ્રસ્તાવ મૂક્યો, પણ ત્યારે મેં તેમને કહ્યું કે હું અમદાવાદ રહું છું, તો તમે મને કડીમાં નહીં, પરંતુ ગાંધીનગર નિમણૂક કરો તો મને એ અનુકુળ રહેશે. સાહેબે મારી વાત સ્વીકારીને મારી ગાંધીનગરમાં નિમણૂક કરાવી. એ દોઢ વર્ષ માટે શ્રી માણેકલાલ સાહેબ અને ડૉ. રામભાઈ સાહેબનો જે રીતે પ્રેમ અને સહયોગ મળ્યો છે હું એને કયારેય ભૂલી નહીં શકું.



*કડીમાં 'સ્વ. માણેકલાલ એમ. પટેલસાહેબ માર્ગ' નામકરણ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રીશ્રી નીતિનભાઈ પટેલને આવકાર આપી સન્માન કરતા ડૉ. રામભાઈ પટેલ અને અન્ય મહાનુભાવો (તા. 20/05/2015).*

ડૉ. રામભાઈ સાહેબ મને બે-ત્રણ વાર તેમના કડીના ઘરે જમવા લઈ ગયા હતા. સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ. રામભાઈ સાહેબે પચાસ વર્ષથી વધુ સમય મંત્રીથી શરૂ કરીને પ્રમુખ તરીકે જે સેવા કરી તે અકલ્પનીય છે. શ્રી માણેકલાલ સાહેબ અને ડૉ. રામભાઈની જોડીએ જ સર્વ વિદ્યાલયને યુનિવર્સિટીનો દરજ્જો અપાવ્યો. દરરોજ સાંજે શ્રી માણેકભાઈ સાહેબ અને ડૉ. રામભાઈ સાહેબ ઘરે બેસીને સંસ્થાના વિકાસની ચર્ચા-વિચારણા કરતા હતા.

આજની અર્થપ્રધાન સંસ્કૃતિમાં, એક માનવતાવાદી ડૉ. રામભાઈ સાહેબ ડૉક્ટર તરીકે ખ્યાતનામ હતા, ગરીબોના બેલી હતા. પૈસા પાછળ એ દોડ્યા ન હતા. પૈસો તેમની પાછળ દોડ્યો છે. તેઓશ્રી સર્વ વિદ્યાલયને સમર્પિત હતા. સાહેબે કરોડો રૂપિયાનાં દાન કર્યાં છે. સેવા માટે તેઓએ સમય અને નાણાં બન્ને આપ્યાં છે. તેમની સેવાના ફળસ્વરૂપે પરમાત્માએ તેમને રત્નો જેવા બે દીકરા આપ્યા છે. ભાઈ કિરીટભાઈ મોટા ઉદ્યોગપતિ છે અને નાના ભાઈ પ્રદીપભાઈ બિલ્ડર છે. ડૉ. સાહેબે દવાખાનાની આવકમાંથી દાન નથી કર્યું, તેમના દીકરાઓએ જ અનેક સંસ્થાઓને મોટી રકમ દાનમાં આપેલ છે.

શ્રી માણેકલાલ સાહેબે જેમ સરદારને સંસ્થાની સેવામાં સમર્પિત કર્યા છે, તેમ રામભાઈ સાહેબે કિરીટભાઈને સંસ્થા માટે સમર્પિત કર્યા છે. કલ્યાણ કરનાર દુર્ગતિને પામતો નથી. એ ગીતાના સંદેશ પ્રમાણે ડૉ. રામભાઈનો દિવ્ય

આત્મા પરમાત્મા સાથે ભળી ગયો હશે.

કડીની સાયન્સ કૉલેજમાં સંખ્યા ઓછી થયેલ, સંસ્થા બંધ કરવાનો સમય આવ્યો ત્યારે ડૉ. રામભાઈ શ્રી પ્રમુખસ્વામી મહારાજ પાસેથી દાન લાવ્યા હતા, તેથી ઓછા વિદ્યાર્થીઓવાળી કૉલેજને ચાલુ રાખી શક્યા. જે કૉલેજ આજે ગુજરાતની એક નમૂનેદાર કૉલેજ છે. આ યુગના દિવ્ય પુરુષ શ્રી પ્રમુખસ્વામી મહારાજના, ડૉ. રામભાઈ પ્રીતિપાત્ર હતા. પ્રમુખસ્વામીના આશીર્વાદ તેમને મળ્યા તે તેમનું સદ્ભાગ્ય હતું.

ડૉ. રામભાઈ સાહેબ ઉપર શ્રી માણેકલાલ સાહેબનો એટલો બધો વિશ્વાસ હતો કે તેમણે પોતાના પુત્ર સરદારને કહેલું કે હું ના હોઉં ત્યારે સંસ્થામાં કોઈ પ્રશ્ન ઊભો થાય તો ડૉ. રામભાઈ સાહેબની સલાહ લેવી. આ વિધાન શ્રી રામભાઈ સાહેબની નિર્ણય લેવાની શક્તિમાં અસાધારણ આસ્થાનું દ્યોતક બની રહે છે.

દિવ્ય આત્માને અક્ષરધામમાં નિવાસ મળે તેવી પ્રભુપ્રાર્થના સાથે મારો લેખ પૂરો કરું છું.

**- પ્રિ. ગિરીશભાઈ એન. પટેલ**
સેવાનિવૃત્ત પ્રિન્સિપાલ,
સર્વોદય બૅંક કૉલેજ ઑફ એજ્યુકેશન, મહેસાણા
મો. 9879603653



*'શ્રી મોહનભાઈ પટેલ સાહિત્ય વર્તુળ', કડી દ્વારા આયોજિત કાર્યક્રમમાં સાહિત્યકારો સાથે ઉપસ્થિત શ્રી માણેકલાલ પટેલ, ડૉ. રામભાઈ પટેલ વગેરે દશ્યમાન થાય છે.*

૧૫

# પરોપજીવી અને ધર્મનિષ્ઠ ડૉ. રામભાઈ સાહેબ

**ડૉ. રમેશ વ્યાસ**

સ્વ. ડૉ. રામભાઈ સાહેબનું જીવન અત્યંત પવિત્ર, ધર્મપરાયણ અને સેવાભાવી હતું. અત્યંત તેજસ્વી કારકિર્દી ધરાવતા રામભાઈએ M.B.B.S.ની ઉચ્ચ ડિગ્રી હાંસલ કરી હતી. કડી અને આસપાસના વિસ્તારના પ્રજાજનોના સુસ્વાસ્થ્ય માટે હંમેશાં ઉદારતા સાથે સેવારત રહેલા ડૉક્ટરસાહેબનું ઉદાત્ત વ્યક્તિત્વ સૌ કોઈ માટે પ્રેરણારૂપ રહ્યું હતું. તેમનું જીવન ગાંધી વિચારધારા ધરાવતું સાદગીપૂર્ણ હતું. તેઓ **'વિદ્યયાઽમૃતમશ્નુતે'** અને શિસ્તના અનુગ્રાહી હતા. સૌમ્ય અને સૌજન્યપૂર્ણ વાણી-વર્તન-વ્યવહારથી સભર તેમનું વ્યક્તિત્વ સૌ કોઈને આકર્ષતું.

ડૉ. રામભાઈ સ્વામિનારાયણ ધર્મના આકંઠ અનુયાયી હોવાથી પૂજ્ય પ્રમુખસ્વામી, ડૉ. સ્વામી, શ્રી ઈશ્વરચરણસ્વામી, શ્રી કોઠારીસ્વામી (શ્રી ભક્તિપ્રિયદાસજી) વગેરે સંતોના અતિ પ્રિયપાત્ર બન્યા હતા. સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ઊજળી પ્રતિષ્ઠાભરી છાપ અને તેમના વિદ્યા પ્રત્યેના અનુરાગે પૂ. પ્રમુખસ્વામીને ઉદાર દાન આપવા પ્રેર્યા હતા. પરિણામે આપણી સાયન્સ કૉલેજ 'પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજ' તરીકે નામાભિધાનિત થઈ. આ કૉલેજે હજારો વિદ્યાર્થીઓને સાયન્સમાં અગ્રેસર થવા પ્રેર્યા છે. પ્રમુખસ્વામીના આશીર્વાદના પુણ્યપ્રતાપે આજે આ કૉલેજ સમગ્ર ગુજરાતમાં ઉચ્ચ સ્થાન ધરાવે છે, જેમાં પૂજ્ય સંતશ્રીઓની સાથે સ્વ. માણેકલાલ સાહેબ, સ્વ. ડૉ. રામભાઈ સાહેબ વગેરે સૌના આશીર્વાદની અમી છે.

સ્વ. પૂ. માણેકલાલ સાહેબ અને ડૉ. રામભાઈની મિત્રતા અતૂટ હતી. સવાર-સાંજ બંને મિત્રો સર્વ વિદ્યાલયમાં આવીને સર્વ વિદ્યાલયની શૈક્ષણિક સંસ્થાઓના વિકાસ માટે ચિંતનશીલ બની રહેતા. કડીનગરમાંથી ડૉ. જયંતીભાઈ, ડૉ. મણિભાઈ પટેલ, ડૉ. રમણભાઈ તેમજ ઉદ્યોગપતિ શ્રી ખોડાભાઈ વગેરે સૌ તેમના સેવાપરાયણ વ્યક્તિત્વને ધ્યાને લઈ તેમના માર્ગદર્શન પ્રમાણે કાર્યરત રહેતા. વિદ્યાર્થીઓના ઉચ્ચ ગુણવત્તાશીલ અભ્યાસ માટે સદૈવ કાર્યશીલ રહેવું એ તેમનો સર્વ વિદ્યાલય પ્રત્યેનો અનુરાગ દર્શાવે છે. પ્રાપ્ત અવકાશે સર્વ વિદ્યાલયના કોઈ વર્ગમાં જઈને કે સાંજે છાત્રાલયમાં સાયં પ્રાર્થના વખતે

વિદ્યાર્થીઓને ઉત્સાહપ્રેરક ઉદ્‌બોધન પણ કરતા. વિદ્યાર્થીઓને કામ, ક્રોધ, લોભ અને આળસને દૂર કરી અભ્યાસ પ્રત્યે લગન ધરાવી તેજસ્વી બનવાનું, કુટુંબ અને સમાજ પ્રત્યે, ઉદાર બનવાનું, માતાપિતાની લાગણીઓને માન આપવાનું તેમજ શિક્ષકો પ્રત્યે પૂજ્યભાવ ધરાવવાનું ખાસ કહેતા હતા. શાળા, કૉલેજો અને છાત્રાલયોની સમયાંતરે મુલાકાત લઈને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા અને સાથે-સાથે પોતાને પણ પ્રસન્નતા અનુભવતા જોયા છે.

ઉદાર સખાવતી પૂ. રામભાઈ તથા તેમનાં ધર્મપત્ની અને પુત્રોએ સર્વ વિદ્યાલય કેળવણીમંડળને સંસ્કાર ભવન, શિશુ બાલમંદિર, અંગ્રેજી માધ્યમની શાળા વગેરે હેતુઓ માટે ઉદારમને લાખો રૂપિયાનાં દાન આપ્યાં છે. આવું ત્યાગી વ્યક્તિત્વ ધરાવતા રામભાઈ પોતાના વતન કરણનગરને કેમ ભૂલે ? કરણનગરની વિદ્યાલય અને કરણનગરના ગ્રામજનોને જ્યારે જરૂર પડી છે ત્યારે તેઓશ્રી ઉદારતા દાખવવાનું ચૂક્યા નથી. સાચે જ ‘સેવાધર્મો પરમ ગહનો’ સૂત્રને સાચા અર્થમાં પચાવ્યું હતું. ઊંચેરી માનવપ્રકૃતિ ધરાવતા ડૉ. રામભાઈ માટે કડીના નગરજનો અને કડી નગરપાલિકા પણ ખૂબ જ સન્માન અને આદરભાવ ધરાવતાં હતાં.

ડૉ. રામભાઈ સાહેબના જીવનના અનેકવિધ પ્રસંગો સ્મરણીય છે. એક વાર હું તેમના ક્લિનિકમાં બેઠો હતો ત્યારે એક સાધારણ પરિવારની બહેન તેના બાળકને લઈને આવી. ડૉ. રામભાઈએ બાળકને તપાસ્યું, તેને ન્યૂમોનિયા હતો. ડૉ. રામભાઈએ ખૂબ જ પ્રેમથી ઇંજેક્શન અને બે દિવસની દવાઓ આપીને તે બહેનને કહ્યું કે બે દિવસ પછી બાળકને લઈને આવજો, તેને સારું થઈ જશે, કોઈ ચિંતા ન કરશો. તમારે કંઈ જ આપવાનું નથી. બાળકનું આરોગ્ય સારું થાય એ જ મહત્ત્વનું છે. તેમણે તો આવી દયા દાખવીને ઘણાંની – કડી અને ગ્રામ્યજનોની સેવા કરી છે. પરિણામે ખૂબ જ ચીવટ અને સેવાના ઉપાસક એવા ડૉ. રામભાઈ કડીનગર અને ગ્રામ્યજનોમાં અતિ પ્રિય બન્યા હતા.

પૂજ્ય રામભાઈને પ્રત્યેક પ્રાણી પ્રત્યે પણ ખૂબ જ પ્રેમ હતો. અમે અવારનવાર સર્વ વિદ્યાલયની ગુજરાત ગૌશાળાની મુલાકાત પણ કરતા. ગાયોની માવજત વગેરે જોઈ પોતે સંવેદનશીલ બની ગાયોના મસ્તક પર હૂંફાળો હાથ ફેરવતા. ત્યાં ગાયોની દેખરેખ રાખનાર સૌને બોલાવી ‘કેમ ચાલે છે ? કંઈ તકલીફ તો નથીને ? ગાયોને બરાબર સાચવવા માટે જરૂરી સૂચનો કરી તેમની કાર્યશક્તિને બિરદાવી પ્રોત્સાહન આપતા. આમ છાત્ર-છાત્રાઓ, નગરજનો અને પ્રાણીમાત્ર પ્રત્યે કરુણા દાખવતા ડૉ. રામભાઈ માટે કહેવાનું મન થાય છે કે “હે કરુણાના કરનારા તારી કરુણાનો કોઈ પાર નથી.’

એમના સ્વર્ગવાસના થોડા મહિના પહેલાં આપણી સી. એમ. પટેલ નર્સિંગ

કૉલેજમાં આવીને કૉલેજ તથા બહેનોનાં ત્રણેય છાત્રાલયોને જોઈ આનંદ અનુભવ્યો હતો. પછી મને કહ્યું, 'રમેશભાઈ આવો બેસીએ' અમે મારી કૅબિનમાં બેઠા. તેમણે મને કહ્યું ઉચ્ચકક્ષાના વહીવટકર્તા અને કેળવણીપ્રેમી માણેકલાલ સાહેબ પછી કડી અને ગાંધીનગરની તમામ સંસ્થાઓનું વિરાટ સંકુલ સદ્‌ભાગ્યે 'સરદારે (વલ્લભભાઈએ) ખરા દિલથી તન, મન, ધનથી ઉત્સાહપૂર્વક સુંદર વહીવટકર્તા બનીને સંભાળી લીધું છે તે જોઈને અતિ આનંદ અને સંતોષની લાગણી અનુભવું છું.' અહીં રામભાઈ સાહેબની વહીવટી દક્ષતાની ઊંડી સૂઝનાં દર્શન થાય છે. ડૉ. રામભાઈનાં ધર્મપત્ની અને તેમના પુત્રો શ્રી કિરીટભાઈ અને શ્રી પ્રદીપભાઈ તથા અન્યની જીવનશૈલી, પારિવારિક એકતા અને રામભાઈના ગુણોને અનુસરતાં જોઈને સૌ કોઈને આ કુટુંબ પ્રત્યે સદ્‌ભાવના અને સન્માનની લાગણી પેદા થાય છે.

સેવાભાવી, ધર્મિષ્ઠ, પરોપજીવી, કર્તવ્યનિષ્ઠ, Simple living and high thinking ધરાવતા સૌમ્ય અને વિદ્યાપ્રેમી ડૉ. રામભાઈ સાહેબશ્રી આપ તો ચાલ્યા ગયા; પરંતુ આપનાં સદ્‌ગુણ સાંભરે છે. આપશ્રીને અમારા લાખો પ્રણામ સાથે હૃદયના ઊંડાણપૂર્વકની શ્રદ્ધાંજલિ. અંતમાં, આપનો અમારા સૌ માટે જીવનસંદેશ છે:

**'કરતે ચલો સબ કા ભલા,**
**જીવન જીને કી યહ હૈ કલા,**
**કર ભલા તો હોગા ભલા,**
**જીવન જીને કી યહ હૈ કલા કરતે ચલો...'**

**- ડૉ. રમેશ વ્યાસ**
પૂર્વ કૅમ્પસ ડાયરેક્ટર,
સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ,
સેક્ટર-12, ગાંધીનગર
મો. 9824644740

૧૬

# સર્વ વિદ્યાલયનું સોનેરીરત્ન પૂજ્ય ડૉ. રામભાઈ સાહેબ

**કૌશલ્યાબહેન એન. પટેલ**

યોગઃ કર્મસુ કૌશલમ્ જીવનમંત્રને યથાર્થ કરનાર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના આજીવન ભેખધારી, સંનિષ્ઠ કર્મયોગી અને દાતાશ્રી સ્વ.ડૉ. રામભાઈ સાહેબને કોટિ કોટિ વંદન....

સર્વ વિદ્યાલય કેળવણીમંડળના વિશાળ પરિસરના પાયાના સ્તંભ તરીકે તેઓશ્રીનું યોગદાન અનુકરણીય રહ્યું છે. સામાજિક સેવા અને વ્યક્તિત્વ ઘડતરના મૂલ્યોની જતનપૂર્વક જાળવણી કરી તેઓશ્રીએ નિષ્કલંક જાહેરજીવન જીવી બતાવ્યું. તબીબીક્ષેત્રે સમગ્ર ગ્રામજનો-સમાજના આદર્શ પથદર્શક બની રહ્યા. 84 વર્ષની જૈફ ઉંમરે પણ સંસ્થા માટે સતત ચિંતન, ચિંતા અને પુરુષાર્થ - તન, મન ધનથી કરતા રહ્યા. એક ઉદાહરણરૂપ કર્મયોગી તરીકે સૌના પ્રેરણાસ્રોત બની રહ્યા. શિક્ષણક્ષેત્રે અને સામાજિક ક્ષેત્રે તેઓશ્રીએ કંડારેલી કેડી આવનારી પેઢીઓ માટે દીવાદાંડીરૂપ બની રહેશે.



*પૂ. છગનભાની પ્રતિમાને માલ્યાર્પણ કરી વંદન કરતા ડૉ. રામભાઈ પટેલ*

“સાદું જીવન અને ઉચ્ચ વિચાર” – ધરાવતા શ્રી રામભાઈ સાહેબને ખાદીના સફેદ સફારી સૂટમાં સજ્જ, મરક-મરક મંદહાસ્ય સભર જોવા એ અમારા માટે અનોખો લહાવો બની રહેતો. શાળા, કૉલેજના અભ્યાસ દરમિયાન સંસ્કારપ્રેરક ધર્મનિષ્ઠ પ્રવૃત્તિઓ સાથે પ્રેરણાદાયી વાર્તાલાપો, શ્રી સ્વામિનારાયણની ભક્તિનો રંગ અને સતત સત્સંગી જીવન એ જ તો એમની વિશિષ્ટતા હતી. વ્યવસાયે તબીબ હોવા છતાં માત્ર ‘શ્રી’ની પાછળ નહીં રહેતાં ‘ગરીબોના બેલી’ બનીને જરૂરિયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક તબીબી સારવાર આપતા.

તેમણે સમગ્ર કડીપંથકમાં ગ્રામજનોની સાચા અર્થમાં સેવા કરી છે. પૂજ્યશ્રી પ્રમુખસ્વામીના આશીર્વાદથી તેમના જ માર્ગે પોતાનો જીવનરાહ અપનાવ્યો અને કરણનગરના પ્રથમ ડૉક્ટર તરીકે સમાજને ગૌરવ અપાવ્યું. ગર્ભશ્રીમંત હોવા છતાં ક્યાંય અભિમાનનું નામ નહીં. તેઓશ્રીના સાલસ સ્વભાવથી સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો તથા તમામ સંસ્થાના આચાર્યો, શિક્ષકો સાથે અનેરું ઐક્ય સાધી શક્યા અને તમામના દિલમાં ઉચ્ચ સ્થાન મેળવી શક્યા એ જ તેમના જીવનની ફળશ્રુતિ રહી.



કડીમાં 'સ્વ. માણેકલાલ એમ. પટેલસાહેબ' નામકરણ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રીશ્રી નીતિનભાઈ પટેલને આવકાર આપતા ડૉ. રામભાઈ પટેલ અને અન્ય મહાનુભાવો (તા. 20/05/2015).

સર્વ વિદ્યાલયનો વિકાસ એ જ માત્ર ધ્યેય. પૂજ્ય શ્રી ધનાભાઈ સાહેબ અને પૂજ્ય શ્રી માણેકલાલ સાહેબના માર્ગ પર કદમથી કદમ મિલાવી કાર્ય કરતાં મેં તેમને જોયા છે, એટલું જ નહિ તેઓશ્રીના તમામ પારિવારિક પ્રસંગો જેવા કે નવીન પ્લૉટનું ખાતમુહૂર્ત, દીકરાનો લગ્નપસંગ કે પૂજ્ય સ્વામીજીની સત્સંગસભા, જેવા વિવિધ કાર્યક્રમોમાં તમામ આચાર્યશ્રીઓને અચૂક આમંત્રણ હોય જ. અને તેઓશ્રીનો સમગ્ર પરિવાર ખડેપગે અમારો સત્કાર કરે, સન્માન આપે. સાહેબ જાતે ચીવટપૂર્વક અમારી કાળજી લે. બહેન જમ્યાં કે નહીં ? 'ગાંધીનગર કેવી રીતે જશો ?' 'સાધન છે કે વ્યવસ્થા કરું' ? એમ સતત અમારી ચિંતા કર્યા કરે અને એવું ભાવાવરણ આકાર લે કે ખરેખર અમે ગદ્ગદિત થઈ જઈએ. એક પિતાનો પ્રેમ મળ્યાની અમે સંતૃપ્તિ અનુભવીએ.

એક અંગત વાત કરી લઉં. આપણા માનનીય ભૂતપૂર્વ ચૅરમૅનસાહેબ અને અન્ય કાર્યકરોના પુરુષાર્થ અને ધ્યેયનિષ્ઠાથી અમારી 'કન્યા શાળા'નું સ્વપ્ન સાકાર થતાં તેઓશ્રીને અનહદ ખુશી થઈ હતી. સાહેબ સાથે પ્રસંગોપાત્ત કન્યા શાળાની મુલાકાતે આવે ત્યારે કન્યાઓની સંખ્યા, શાળાનાં ઉચ્ચ પરિણામો, અનેકવિધ પ્રવૃત્તિઓમાં શાળાએ પ્રાપ્ત કરેલ શ્રેષ્ઠતાનું ઝીણું અવલોકન કરે, રાજી થાય, જરૂરી સૂચનો કરે રસપૂર્વક. શાળાની જરૂરિયાતની નોંધ લે અને સાહેબ સાથે વાત કરી પરિણામલક્ષી કાર્ય સંપન્ન કરે ત્યારે અમારું મસ્તક એમની સહૃદયતાને સાહજિકતાથી વંદન કરી લેતું.

એક છેલ્લો પ્રસંગ વર્ણવ્યા વીના રહી શકતી નથી. ડૉ. રામભાઈ

સાહેબની તબિયત નાજુક બનતાં તેઓશ્રીની મિટિંગોમાં અનુપસ્થિતિ રહેતાં તેમને મળવાનું બહુ મન થયા કરતું. એક દિવસ નક્કી કરીને હું, ડૉ. સોમાભાઈ અને ડૉ. વીણાબહેન તરત જ ઉપડ્યાં સાહેબને મળવા. સવારનો સમય હતો. તેમના ભવ્ય બંગલામાં અમારો અવર્ણનીય આવકાર થયો. સાહેબ પૂજામાંથી પરવારી – પૂ. ગોમતીબા સાથે અમને મળ્યાં. અમને જોતાં તેઓશ્રીના મુખ પર જે આનંદ હતો કે જાણે વર્ષોથી વિખૂટા પડેલાં આપ્તજનો મળ્યાં. તેમનાં પુત્રવધૂ પાસે અમારું કલ્પનાતીત સ્વાગત કરાવ્યું. ચા-નાસ્તાની વ્યવસ્થા તરત જ કરાવી. "તમે તો અમારી સંસ્થાના પાયાના સ્તંભ છો, બેસીને નિરાંતે સાથે વાતો કરો".

એકાદ કલાકની અમારી મુલાકાત દરમિયાન કેટલીય યાદો-સંસ્મરણો વાગોળ્યાં. શ્રી સરદારભાઈ સાહેબની કામગીરી બિરદાવી – 'બાપ કરતાં બેટા સવાયા' કહેવતને સરદારભાઈએ સાચી પાડી છે. રોજ એક નવીન શાખાનું ઉદ્‌ઘાટન – સર્વ વિદ્યાલયની વણથંભી વિકાસકૂચની ગાથા અમે સૌએ મનભરીને માણી. સરદારભાઈ સાહેબની વહીવટી – શૈક્ષણિક કુશળતા અંગેનો તેઓશ્રીનો ઉમદા અભિપ્રાય. ખરેખર અમે ધન્ય થઈ ગયાં. એ છેલ્લી મુલાકાત રહી...

**આંખોમાં આપની યાદોનાં તોરણ,**
**અંતરે ભાવોનાં તોરણ.**
**ઉમ્રભર સદાય લીલાં રહેશે,**
**આપના સ્નેહનાં તોરણ.**

વાત્સલ્યમૂર્તિ એવા આપણા સૌના પ્રેરણામૂર્તિ પૂજ્યશ્રી ડૉ. રામભાઈ સાહેબની ખોટ કદી પૂરી શકાશે નહિ. કદાચ પૂ. શ્રી માણેકલાલ સાહેબ સાથે એમને સ્વર્ગમાં મિટિંગ કરવાની ઉતાવળ હશે તેથી આપણી વચ્ચેથી તેમની વિદાય થઈ ગઈ, પણ સર્વ વિદ્યાલયની રગે-રગમાં ડૉ. રામભાઈ સાહેબ તેમનાં કાર્યોથી જીવંત છે. આપનાં અધૂરાં કાર્યો પૂર્ણ કરવાની પરમાત્મા અમને શક્તિ આપે તેવી પ્રાર્થના સહ... ૐ શાંતિ.

**- કૌશલ્યાબહેન એન. પટેલ**
પૂર્વ આચાર્ય,
શ્રીમતી આર. જી. કન્યાશાળા,
સેક્ટર-23, ગાંધીનગર
મો. 98988૨6052

૧૭

# નિષ્કામ કર્મયોગી અને સેવાવ્રતી ડૉ. રામભાઈ પટેલસાહેબ (1937-2021)

મણિભાઈ પ્રજાપતિ

## 1. પ્રાક્કથન:

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામીના કૃપાપાત્ર તેમજ આપણા આર્ષગ્રંથ 'શ્રીમદ્ભગવદ્ગીતા' ને અભિપ્રેત એવા 'નિષ્કામ કર્મયોગી તથા અનપેક્ષઃ શુચિર્દક્ષ' ડૉ. રામભાઈ પટેલસાહેબ વાણી અને વ્યવહારથી ભગવાન બુદ્ધની કરુણા અને પ્રભુ મહાવીરસ્વામીની અહિંસાભાવનાથી અનુપ્રાણિત હતા. ભક્તકવિ નરસિંહને અભિપ્રેત એવા ખરા અર્થમાં 'વૈષ્ણવજન' - "વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે / પર દુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે..." – હતા. સંપ્રદાયની દૃષ્ટિએ સ્વામિનારાયણ સત્સંગી ખરા, પરંતુ સર્વધર્મસમભાવ એમના જીવન સાથે વણાઈ ગયો હતો. આ સાથે જ જ્ઞાતિ/જાતિ વિશેના પરંપરાગત ઊંચ-નીચના ખ્યાલોથી પર હતા. અને ખાસ તો સેવાવ્રતી અને ગરીબો પ્રતિ વિશેષ અનુકંપા ધરાવતા કુશળ ડૉક્ટર અને ઉદારચેતા દાનવીર હતા. પરિણામે વિવિધ જાતિઓના કડીના નગરજનો તેમના પ્રતિ વિશેષ આદર ધરાવતા હતા. આવા મૂઠી ઊંચેરા કડીના ગૌરવપુરુષ અને સર્વ વિદ્યાલય કેળવણીમંડળ, કડીના પ્રમુખ ડૉ. રામભાઈ પટેલસાહેબનું પ્રાયઃ 84 વર્ષની વયે ગુરુવાર, તા. 13 મે, 2021ના રોજ અવસાન થતાં કડીનાં નગરજનો અને સર્વ વિદ્યાલય પરિવાર સ્વજન ગુમાવવાથી દુઃખદ લાગણી અનુભવે છે.



*પૂજ્ય છગનભાની પ્રતિમાના સાંનિધ્યમાં શ્રી અનિલભાઈ પટેલ, શેઠશ્રી કેશુભાઈ પટેલ અને ડૉ. રામભાઈ પટેલ*

## ૨. વતન - જન્મ - શિક્ષણ

ડૉક્ટરસાહેબનું વતન કડી તાલુકાનું ગામ કરણનગર. આજે આ ગામ 'ડૉક્ટરોના ગામ' તરીકેની આગવી ગૌરવશીલ ઓળખ ધરાવે છે. આ ગામે મેડિકલ સાયન્સની વિવિધ વિદ્યાશાખાઓના 70 જેટલા પ્રતિભાશાળી ડૉક્ટરો આપ્યા છે. આ ગામના પ્રથમ ડૉક્ટર બનવાનું શ્રેય આપણા ચરિત્રનાયક સ્વનામધન્ય રામભાઈ સાહેબના શિરે રહે છે, જ્યાં તેમનો જન્મ તા. 21 જુલાઈ, 1937ના રોજ થયો હતો. માતાનું નામ કુંવરબા અને પિતાનું નામ મનોરદાસ પટેલ. પુત્ર રામનો જન્મ થયાના પ્રાયઃ પાંચ વર્ષના સમયગાળામાં મનોરદાસનું અવસાન થતાં કુટુંબ નોંધારું થઈ ગયું. સંયુક્ત કુટુંબની 25-30 વિઘાં જમીન ખરી; પરંતુ કુટુંબમાં ઘર કરી ગયેલા ક્ષય – ટી.બી. રોગના કારણે કુટુંબના વડેરાઓ – દાદા, મોટા બાપુજી, કાકા વગેરે – એ અકાળે વહેલી વિદાય લીધી હોવાથી ખેતી કરે તેવું કોઈ બચ્યું ન હતું. ભરયુવાનીમાં વૈધવ્ય પામેલાં કુંવરબાએ અણધારી આફતનો સામનો કરવા હિંમત અને ધૈર્ય જાળવીને કુટુંબની કમાન સંભાળી લીધી. પોતે કૃષક પરિવારનાં હોઈ સ્વાભાવિક રીતે જ ખેતીના કામથી પરિચિત હોવાથી તેની સુયોગ્ય વ્યવસ્થા કરી શક્યાં. આ સાથે જ પોતે શાળામાં ગયાં ન હોવા છતાં પોતાની આગવી કોઠાસૂઝથી જીવનમાં શિક્ષણની મહત્તા આત્મસાત કરતાં પુત્ર રામે ગામની શાળામાં ધોરણ-4 સુધીનું શિક્ષણ પૂર્ણ કરતાં તેને પોતાના ભાઈને ત્યાં કલોલ ભણવા મોકલી આપ્યો. પોતાના ભાઈ નવજીવન મિલમાં સુપરવાઈઝર અને દૂધનો ધંધો કરતા હતા. મામાએ પોતાના ભાણેજને કલોલની પ્રખ્યાત વખારિયા હાઈસ્કૂલમાં પ્રવેશ અપાવ્યો. અહીં મામા-મામીની ભારે હૂંફ અને વાત્સલ્ય સાંપડતાં રામે ધોરણ 5થી 7ના અભ્યાસ દરમિયાન વર્ગમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થવાનું જાળવી રાખ્યું. અભ્યાસની સાથે જ જરૂરિયાત મુજબ મામાની દુકાને બેસીને મામાને મદદરૂપ નીવડતા હતા. ધોરણ-7 પાસ કર્યા બાદ મામાએ રામની અભ્યાસમાં રસ-રુચિ અને તેજસ્વિતાને ધ્યાને લઈ તેની ઉજ્જ્વળ કારકિર્દી હેતુ કોઈ સારી હાઈસ્કૂલમાં પ્રવેશ અપાવવા વિચારતાં માત્ર કડીની કે મહેસાણા જિલ્લાની જ નહીં; પરંતુ સમગ્ર ઉત્તર ગુજરાતની ખ્યાતિપ્રાપ્ત હાઈસ્કૂલ 'સર્વ વિદ્યાલય' નજર સમક્ષ ઊપસી આવી. મામાની સલાહ સ્વીકારીને રામ પોતાના વતન કરણનગર પરત ફર્યા.

સર્વ વિદ્યાલયમાં પ્રવેશ મેળવવા રામે પ્રયાસ કર્યો; પરંતુ પ્રથમ પ્રયાસે સફળતા ન મળી. નિરાશવદને કરણનગર પરત થયા બાદ ગામના આગેવાન અંબાલાલ પટેલનો પ્રવેશ હેતુ સંપર્ક કરવામાં આવ્યો. અંબાલાલ એક વગદાર આગેવાન અને સર્વ વિદ્યાલય કેળવણીમંડળના સભ્ય હતા. બીજા દિવસે રામને

લઈને અંબાલાલ કડી ગયા અને આચાર્યશ્રી નાથાભાઈ દેસાઈસાહેબને રૂબરૂ મળીને જણાવ્યું કે પોતે રામના પ્રવેશ હેતુ આવ્યા છે. આચાર્યશ્રીએ જગ્યા ખાલી ન હોવાનું જણાવતાં અંબાલાલે આચાર્યશ્રીને કહ્યું કે 'કરણનગરનાં છોકરાં કડી નહીં ભણે તો ક્યાં ભણશે? શિક્ષણાધિકારીને મળીને વધારાની જગ્યાની મંજૂરી મેળવીને પ્રવેશ આપવા ઘટતું કરવું પડશે.' આ પછી રામને સર્વ વિદ્યાલયના ધોરણ-8માં પ્રવેશ મળ્યો. રામ અભ્યાસ ઉપરાંત નાટક તથા કબડ્ડી અને ખોખોની રમતોમાં ભાગ લેતા રહ્યા હતા. આ બંને રમતોની સ્પર્ધાઓ નાશિક અને પૂનામાં યોજવામાં આવતાં સર્વ વિદ્યાલયની ટીમ વિજેતા થઈ હતી, જેમાં રામે પણ ભાગ લીધો હતો. અહીંના અભ્યાસ દરમિયાન સહાધ્યાયી રાજપુરના રણછોડભાઈ પટેલ સાથે મૈત્રી થઈ હતી, જે તેમણે જીવનપર્યંત નિભાવી છે. આ રણછોડભાઈ એટલે કોઠારીસ્વામી ભક્તિપ્રિયદાસ કે જેઓશ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વરિષ્ઠ સંત તરીકે ખ્યાતિપ્રાપ્ત છે. રામે અહીં પણ અભ્યાસમાં તેજસ્વિતા જાળવી રાખતાં એસ.એસ.સી.ની પરીક્ષા પ્રથમ વર્ગ સાથે પાસ કરી. એસ.એસ.સી.ના અભ્યાસ દરમિયાન સંસ્કૃતના તાસમાં પોતે ઓછું ધ્યાન આપતા તેની કબૂલાત સંસ્કૃત શિક્ષક ઠાકર સાહેબને રૂબરૂમાં મળી કરનાર રામભાઈએ કડીમાં પ્રેક્ટિસ શરૂ કરી ત્યારે ઠાકર સાહેબના ઘેર સંસ્કૃત ભણવા જવાનું રાખતાં ગીતા વગેરે ગ્રંથો સંસ્કૃતમાં વાંચવાની ક્ષમતા કેળવી લીધી હતી. રામને કલોલની 'વખારિયા હાઈસ્કૂલ'ના ઉત્તમ શિક્ષક શ્રી દાઉદભાઈ ઘાંચીસાહેબ સમાન 'સર્વ વિદ્યાલય'માં પણ શ્રી નાથાભાઈ દેસાઈ, શ્રી મોહનલાલ પટેલ, શ્રી અંબાલાલ શિ. પટેલ, શ્રી ચતુરભાઈ હે. પટેલ વગેરે ગુરુજનો મળ્યા હતા, જેમનું પ્રસંગોપાત્ત સ્મરણ ઋણસ્વીકારની ભાવના સાથે કરતા રહ્યા હતા.

ઉચ્ચ શિક્ષણ માટે અમદાવાદની સુપ્રસિદ્ધ એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ મેળવીને ઇન્ટર સાયન્સ ઉચ્ચ ગુણાંક સાથે પાસ કરતાં ગુજરાતની ખ્યાતિપ્રાપ્ત 'બી. જે. મેડિકલ કૉલેજ' (અમદાવાદ)માં પ્રવેશ (1958-59) મેળવીને એમ.બી.બી.એસ.નો અભ્યાસ (1962-63) પૂર્ણ કર્યો અને તે પણ પ્રાયઃ લેંઘો અને શર્ટ પહેરીને. આ પહેરવેશના કારણે પ્રારંભના દિવસોમાં પટાવાળાએ કોનું કામ છે? એમ કહીને પટાવાળો ગણતાં તેને રોકડું પરખાવતાં કહ્યું હતું કે, "અલ્યા ત્રણ દિવસથી અમે રોજ આવીએ છીએ, તને ખબર છે? ભણવા માટે આવીએ છીએ." ખાસ તો તેમણે સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી તરીકે નિયમિત પૂજા-પાઠ કરવા ઉપરાંત વિદ્યાર્થીઓ કે અધ્યાપકો શું કહેશે તેની પરવા કર્યા સિવાય કપાળમાં ચાંલ્લો કરીને જ કૉલેજમાં જવાનું રાખ્યું હતું. તેમની સ્પષ્ટ વાણી અને વર્તણૂકના કારણે એક 'પાકા સ્વામિનારાયણી'

તરીકેની તેમની છાપ કૉલેજમાં ઊભી થઈ હતી. વર્ગખંડમાં અભ્યાસ દરમિયાન કોઈ અધ્યાપકે રામભાઈને પ્રશ્ન પૂછતાં તેનો ઉત્તર તેમને આવડતો ન હતો. અધ્યાપકે કેમ નથી આવડતો તે સંદર્ભે પુનઃ પ્રશ્ન કરતાં રામભાઈએ નીડરતાથી જણાવ્યું કે 'સાહેબ, ન આવડતું હોય એટલે તો શીખવા માટે આવીએ છીએ, તમે શિખવાડો તો આવડી જશે". કૉલેજમાં અભ્યાસ દરમિયાન આ પ્રકારની કેટલીક ઘટનાઓ પછી રામભાઈની ઓળખ આખાબોલા અને નીડર વિદ્યાર્થી તરીકેની થઈ ગઈ હતી. અધ્યાપકો અને ડીન પણ તેમની વાતને ભરોસાપાત્ર ગણતા. આ સંબંધી એક કિસ્સો જોઈએ: કૉલેજ છાત્રાલયના ભોજનાલયનો કોન્ટ્રાકટર અધવચ્ચે ચાલ્યો જતાં તેનું સંચાલન રામભાઈના નેતૃત્વ હેઠળ વિદ્યાર્થીઓ કરતા હતા તે સમયે એકાદ વિદ્યાર્થી અનાવશ્યક આક્ષેપો કરતો હતો. તે સમયે નડિયાદના વિદ્યાર્થીએ પેલાને કહ્યું કે 'અમે પટેલ, કોઈ અમારી વાડનો થોરિઓ (થોર) કાપે તો એનું માથું કાપી નાખીએ'. આ વાત સંભાળતાં જ પેલો ભાગ્યો અને ડીનની ઑફિસમાં જઈને ફરિયાદ કરી કે પેલો પટેલ મને મારી નાખવાની ધમકી આપે છે. આ કેસ સંદર્ભે ડીને પ્રારંભમાં કેટલાક વિદ્યાર્થીઓને સાંભળ્યા પછી રામભાઈને બોલાવ્યા. રામભાઈએ વાતનું વતેસર કરવામાં આવેલ આખી ઘટનાને કોઠાસૂઝથી સમજાવતાં ડીનને કહ્યું કે અહીં કોઈનું માથું વાઢવાનો પ્રશ્ન જ ન હતો. આ તો અમારી પટેલોની 'અંગત રીતિનીતિની જાહેરાત જ હતી એ કોઈ હુમલો કે હુમલાની ધમકી નહોતી' સજાને પાત્ર ફરિયાદી જ છે કે જે બેફામ બોલતો હતો. ડીને રામભાઈની વાતમાં વજૂદ સ્વીકારી ફરિયાદીને ઠપકો આપ્યો. આ ઝઘડાના કારણે ફરિયાદી ભોજનાલયમાં જમવા આવી શકતો ન હતો; પરંતુ રામભાઈએ છાત્રાલય અને ભોજનાલયમાં ભાઈચારાનું વાતાવરણ જળવાઈ રહે તે હેતુસર ફરિયાદી પ્રત્યે કૂણું વલણ દાખવીને અન્ય વિદ્યાર્થીઓને સમજાવીને તેને ભોજનાલયમાં ભોજન લેવા છૂટ આપી દીધી હતી. જેમાં રામભાઈના ઉદારચરિત વ્યક્તિત્વની ઝાંખી થાય છે.

### 3. કુટુંબ પરિચય:

કુંવરબાએ તત્કાલીન સમયના સમાજના રીતરિવાજ અનુસાર પુત્ર રામની સગાઈ છત્રાલ ગામના પ્રતિષ્ઠિત શિક્ષક અને આગેવાન પ્રહ્‌લાદભાઈની પુત્રી ગોમતીબહેન સાથે કર્યા બાદ તેમનું લગ્ન 14 વર્ષની વયે કર્યું હતું, જ્યારે પુત્રી જોઈતીબહેનનું વેવિશાળ પાનસર ગામમાં કર્યું હતું. રામભાઈના સસરા પ્રહ્‌લાદભાઈનું મૂળ વતન સરઢવ; પરંતુ તેમનાં કુટુંબીજનો છત્રાલમાં સ્થાયી થયાં હતાં. ડૉ. રામભાઈનાં ધર્મપત્ની શ્રીમતી ગોમતીબહેન ફકત ચાર ધોરણ સુધી ભણેલાં; પરંતુ અતિથિવત્સલ અને વ્યવહારકુશળ સન્નારી. તેમના પરિવારમાં

બે પુત્રો અને એક પુત્રી છે. મોટા પુત્ર કિરીટભાઈ કૅમિકલ એન્જિનિયર (B.E. Chemi.) છે. તેમણે કૅમિકલ ઉદ્યોગક્ષેત્રે ભારે મોટી સફળતા હાંસલ કરી છે. તેમનાં પુત્ર અને પુત્રી બંને કૅમિકલ એન્જિનિયર છે, જેઓ પિતાની સાથે જ વ્યવસાયમાં જોડાયેલાં છે. નાના પુત્ર પ્રદીપભાઈ B.Sc છે. તેમના બે પુત્રો સિવિલ એન્જિનિયર છે. પ્રદીપભાઈએ બાંધકામ ક્ષેત્રે હરણફાળ પ્રગતિ સાધી છે. પુત્રી પ્રવીણાબહેન વાચનમાં વિશેષ રસ-રુચિ ધરાવે છે. તેમના પતિ ડૉક્ટર છે. પ્રવીણાબહેનની ભાણીએ એમ.બી.એ. કર્યું છે અને ભાણો અમેરિકામાં સિવિલ એન્જિનિયરિંગમાં અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ કરે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ડૉ. રામભાઈ સાહેબનો પરિવાર કડીથી સ્થળાંતરિત થઈને અમદાવાદમાં સ્થાયી થયો છે.

પોતાનાં બાળકો ઉપરાંત પોતાના કાકાના દીકરા ભાઈ ડૉ. જયંતીભાઈ પ્રતિ તેમનો પ્રેમ સહોદર સમાન રહ્યો છે. જયંતીભાઈના પિતાનું પણ નાની વયે અવસાન થતાં તેમના ઉછેર અને શિક્ષણ માટે ડૉ. રામભાઈ દ્વારા મોટા ભાઈ તરીકે પોતાની ફરજ પૂર્ણ સદ્‌ભાવ સાથે નિભાવવી, ડૉક્ટર તરીકે કડીમાં સ્થાયી થવા માટે ભારે હૂંફ પૂરી પાડવી વગેરે આનુષંગિક બાબતો વિશે ડૉ. જયંતીભાઈએ ઋણભાવ વ્યક્ત કરતાં નોંધેલ શબ્દોઃ “મારા જીવનવિકાસ અને પ્રગતિ માટે મોટા ભાઈ રામભાઈ સર્વસ્વ છે. મારા ભાઈએ મારા પિતાની ખોટ કદી લાગવા દીધી નથી, તેનો મને સંતોષ છે. આવા ભાઈ દરેકને મળે તેવી શુભકામના'' મોટા ભાઈ પ્રત્યેની પ્રપત્તિભાવપૂર્વકની શ્રદ્ધાભક્તિના દ્યોતક બની રહે છે.

## 4. સેવાવ્રતી કુશળ ડૉક્ટરઃ

એમ.બી.બી.એસ.ની ડિગ્રીના ભાગ તરીકે ગોધરા, બાવળા, ભરૂચ વગેરેની હૉસ્પિટલોમાં આવશ્યક ઇન્ટર્નશિપ પૂર્ણ કર્યા બાદ આર્થિક ઉપાર્જનની અનિવાર્ય આવશ્યકતાને ધ્યાને લઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડૉક્ટરો માટેની જાહેરાતના અનુસંધાનમાં અરજી કરતાં તેમની પસંદગી સરખેજ આરોગ્ય કેન્દ્ર માટે થઈ હતી.

ડૉક્ટર તરીકેની તેમની કારકિર્દી વિશે વાત કરું તે પૂર્વે ડૉક્ટર રામભાઈસાહેબને મન ડૉક્ટરી એટલે શું તે તેમના શબ્દોમાં જોઈએઃ “ડૉક્ટરી એ મારી કોઈ પ્રાયોરિટી નહોતી. આ શિક્ષણ એવું છે કે માનવસેવા થાય. અને પૈસા પણ મળે એ ભાવનાથી જ ડૉક્ટરી કરી. આમ તો સર્વોદય કાર્યકર જેવો હતો જ. એમ.એસ. કરવાની મારી શક્તિ નહોતી, કારણ કે પૈસા જોઈતા હતા. ઘરમાં કમાવનાર કોઈ નહીં અને ભણવા માટે પૈસા મળે નહીં”. ડૉક્ટર

રામભાઈનો આ માત્ર કોરો આદર્શ જ નહોતો; પરંતુ ડૉક્ટરીના સેવાકાળ દરમિયાન તેમના લોહીનો લય બની ગયો હતો, જેની પ્રતીતિ તેમણે સંપન્ન કરેલાં બહુવિધ સેવાકાર્યો થકી થાય છે.

## - સરખેજ આરોગ્ય કેન્દ્રઃ

ડૉક્ટર તરીકેની કારકિર્દીનો પ્રારંભ સરખેજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી કર્યો હતો. અહીં તેમણે ભારે કર્તવ્યનિષ્ઠા સાથે પોતાની ફરજો અદા કરતાં કેન્દ્રમાં અને જિલ્લા આરોગ્ય કાર્યાલયમાં એક કુશળ અને પ્રામાણિક ડૉક્ટર તરીકેની ખ્યાતિ અર્જિત કરતાં DHOએ જિલ્લાનાં 40 આરોગ્ય કેન્દ્ર માટે દવાઓ ખરીદવાનું વધારાનું કાર્ય ડૉ. રામભાઈને સોંપ્યું હતું. તેમના અહીંના કાર્યકાળ દરમિયાન આ વિસ્તારમાં કૉલેરા ફાટી નીકળતાં તેમની અનુપસ્થિતિમાં એક દરદી મૃત્યુ પામ્યો હતો, ત્યાર બાદ 18 દર્દીઓ દાખલ થયેલાં તેમને બચાવ્યાં હતાં. ડૉક્ટરી સંવેદનશીલતા, નિષ્ઠા અને કાર્યસંતોષ સંબંધી એક કિસ્સો તેમના શબ્દોમાં જોઈએઃ “સાતેક વર્ષનો છોકરો હશે, કોઈ ડૉક્ટર તેને સ્વીકારે નહીં. પછી તેનાં મા-બાપ મારા ઘેર લઈને આવ્યાં. ભારે ઊલટી કરે છે, કિરીટની બા કહે આને લાવ્યા ક્યાંથી, ગંદકી કરે છે પણ મેં કીધું શું કરવું આનું. છોકરાની માંદગીની ગંભીરતા જાણી મેં ટેસ્ટ કરાવ્યો. છોકરાને લઈને દવાખાને આવ્યો. જીવવાની આશા ન હતી, દવાખાને જઈ બાટલા ચાલુ કરી દીધા. 18 બાટલા ચઢાવ્યા પછી એમાં કંઈક આશા આવી. એ જીવી ગયો. ત્યારથી મારી પોપ્યુલારિટી વધી ગઈ એકદમ. આ રામભાઈના હાથે બચી શકે. જેને પકડે એને સાજો કરી દે છે... પછી તો પ્રેક્ટિસ, વિઝિટોમાં થાકું જ નહીં. જ્યાં કે ત્યાં અડધી રાતે બધી જ જગ્યાએ દોડવાનું. કોઈ મોટું ફંડ ઊભું કરવાનું હોય તો ખાસ જઉં.'' આ કિસ્સો તેમની કર્તવ્યનિષ્ઠાનો પ્રતીતિકારક બની રહે છે.

## – કટોસણમાં ખાનગી પ્રેક્ટિસઃ

સરખેજમાં એકાદ વર્ષ નોકરી કર્યા બાદ પોતાનું સ્વતંત્ર દવાખાનું શરૂ કરવાના વિચારને અમલમાં મૂકવા રાજીનામું આપ્યું. તત્કાલીન DHO ડૉ. વર્માએ રાજીનામું પરત ખેંચવા ઘણા સમજાવ્યા; પરંતુ ડૉક્ટર સાહેબ પોતાની ઉજ્જવળ કારકિર્દી હેતુ પોતાના નિર્ણયમાં અટલ રહ્યા. અહીંથી છૂટા થઈને તેમણે કટોસણ રોડમાં દવાખાનું શરૂ કર્યું. ગામની વિવિધ સમાજ-સેવી સંસ્થાઓ સાથે ભળી જઈને ગ્રામવિકાસનાં કાર્યોમાં રસ પણ લેતા, પરંતુ કટોસણ એક પછાત ગામ હોઈ એક ડૉક્ટર તરીકેના અને પરિવારના ઉજ્જવળ ભવિષ્યની દૃષ્ટિએ અહીં વિકાસની નહિવત્ શક્યતાઓ અનુભવતાં

દોઢેક વર્ષ બાદ આ દવાખાનું બંધ કર્યું અને કડી ઉપર પસંદગી ઉતારી.

## – કડીમાં પ્રેક્ટિસઃ કારકિર્દીનો સુવર્ણયુગ

કડીનગર એ કડી તાલુકાનું મુખ્ય મથક હોવા ઉપરાંત ગાયકવાડી શાસન દરમિયાન લાંબા સમય સુધી કડી પ્રાંતનું પણ મુખ્ય મથક રહ્યું હોઈ એક વ્યાપારી કેન્દ્ર તરીકે તેમજ પ્રમાણમાં સુવિકસિત કહી શકાય તેવા શહેર તરીકે પ્રતિષ્ઠા પામ્યું હોઈ કડીમાં પ્રેક્ટિસ શરૂ કરવાનો નિર્ણય તેમની દૂરંદેશી દષ્ટિનો દ્યોતક બની રહ્યો. કડીમાં સૌ પ્રથમ દવાખાનું પીરબોરડી વિસ્તારમાં વોરાજીના મકાનમાં શરૂ કર્યું. આ દવાખાનાનું ઉદ્‌ઘાટન પ્રમુખસ્વામી મહારાજના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગ ડૉ. રામભાઈ માટે ધન્ય અને ઐતિહાસિક બની રહ્યો, કારણ કે પ્રમુખસ્વામીની સાથે જ કડીના નગરજનો પણ આ ઉદ્‌ઘાટનમાં જોડાયા હતા. ડૉક્ટર માટે અપેક્ષિત માનવીય સંવેદનશીલતા, સેવાપરાયણતા અને તજ્‌જ્ઞતાની સાથે જ પ્રમુખસ્વામીના આશીર્વાદ સાંપડતાં ધીકતી પ્રેક્ટિસ શરૂ થઈ જે અવિરત ચાલુ રહી હતી. આ પ્રસંગનાં સંસ્મરણો વાગોળતાં તેમણે આ લખનારને કહેલ શબ્દો “કડીની અંદર મેં પ્રેક્ટિસ ચાલુ કરી એ વખતે પણ મારા વિચારો સર્વોદયના ખરા જ. એટલે કે જનરલ પ્રેક્ટિસ તો ખરી જ, પણ એમાં અઠવાડિયામાં બે વખત જે આવે એના અડધા પૈસા લેવાના. અઠવાડિયામાં બે વખત એટલે સોમ કે ગુરુના દિવસ જે આવે તેનો અડધો ચાર્જ લેવાનો. રામકૃષ્ણ સારવાર કેન્દ્રમાં કેસ કઢાવે એમાં ઑટોમેટિક અંતે ફાયદો જ થઈ જાય. 50% તો ફી વાળા હોય. પ્રમુખસ્વામીનો જન્મદિવસ આવે એ એક અઠવાડિયું ફ્રી. મારી બાની પુણ્યતિથિએ પણ ફ્રી. મારા નવા દવાખાનાના ઉદ્‌ઘાટનમાં પ્રમુખસ્વામી તથા માણેકલાલભાઈએ રસ લીધો હતો. પ્રમુખસ્વામીનો વરઘોડો કાઢ્યો હતો. શ્રી માણેકલાલભાઈ એ વખતે ચીફ ઑફિસર હતા. ટ્રેઈનનો ટાઇમ થયો ત્યારે પ્રમુખસ્વામીને જવાનું હતું. અમે આવીએ પછી ટ્રેન ઉપાડજો. એટલે પંદર-વીસ મિનિટ ટ્રેન ઊભી રાખી. આ પછી અઠવાડિયામાં બે દિવસ ગરીબોની ફી લેવાની નહીં. કોઈ ફી માગે જ નહીં કમ્પાઉન્ડર પણ ન માગે. દવા આપી દેવાની. દરદી પોતે નક્કી કરે કે હું ગરીબ છું અને મને પરવડતું નથી. એ કેસ લઈને આવે. હું દવા લખું એ કમ્પાઉન્ડર આપે તેના પૈસા કોઈ માગે નહીં. એમાંથી પણ ફાયદા જ થતા ગયા. આથી પોપ્યુલારિટી વધી ગઈ. દવા મફત આપીએ. કમ્પાઉન્ડર મારો મિત્ર હતો.” તેમના ખુલ્લા મનના પ્રતીતિકારક બની રહે છે.

ડૉ. રામભાઈની કેટલીક આગવી ખાસિયતો પૈકી તેઓ મેડિકલક્ષેત્રે કંઈક નવું કરવા સતત ચિંતન કરતા અને તેનો અમલ પણ કરતા રહ્યા હતા. આ

બાબત તેમના શબ્દોમાં જ જોઈએ: "1961માં ડૉક્ટર થયો. પ્રેક્ટિસ કરતી વખતે ચિંતન પણ કરું. દવા આપી પછી તેની અસર કેટલી થઈ તેનો પણ અભ્યાસ કરું. મારી બાળાગોળી તો ખૂબ પોપ્યુલર થઈ ગઈ. બાળાગોળીનો પ્રયોગ પ્રવીણાના ઉપર સૌથી પ્રથમ વખત કરેલો. પ્રવીણા બહુ રડે. એની બા કહે બહુ રડે છે. વિચાર કર્યો. અફીણ ઓછા ડોઝમાં આપીએ તો મરી ન જાય. રોતી બંધ થઈ ગઈ. શરદી-ઝાડાની પડીકી પણ બનાવતો. આ ગોળી અમેરિકા પણ જતી. મેડિકલક્ષેત્રે નવી શોધો - ઈનોવેશન પણ કરેલાં. વાસ્તવમાં આ ગોળી પુખ્યવયનાઓ માટે હતી: પરંતુ, બાળકો માટે એક ગોળીના આઠ ભાગ કરીને આપતો. આ ગોળી તે સેન્ડોઝની બનાવટની ડોયર્સ ટેબ્લેટ તેનું પ્રમાણ નક્કી કર્યું હતું. તે માફક આવી જતાં 'રામભાઈની બાળાગોળી' તરીકે પ્રખ્યાત થઈ ગઈ. આ ગોળીમાં અફીણનું પ્રમાણ રહેતું." બીજી ખાસિયત એ કે અગમચેતી વાપરીને સાપનું ઝેર ઉતારવા માટેનાં ઇંજેક્શનો ખાસ રાખવાં. અન્ય ડૉક્ટરોને પણ તેમની માગ મુજબ આપવાં. સાપ કરડેલ કે ઝેરી દવા પીને પોતાના ત્યાં આવેલા કેસો કે જેમના જીવવાની આશા ન હોય તેમની હિંમત અને શ્રદ્ધા સાથે સારવાર કરતા અને તેમને સાજા કરીને ઘેર મોકલી આપતા. પરિણામે કડી અને આસપાસના વિસ્તારમાં તેમણે ભારે લોકચાહના મેળવી હતી. ત્રીજી મહત્ત્વપૂર્ણ વિશેષતા એ કે ગામડાંઓમાં વિઝિટે જાય ત્યારે ગ્રામ્યપ્રજામાં ઘર કરી ગયેલ ભૂત-પ્રેત-વળગાડની માન્યતાને દૂર કરવા વાત્સલ્યભાવનાથી સમજાવતા રહેતા હોવાથી આ બાબતની જાગૃતિ કેળવવામાં તેમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. આવા નિષ્કામ સેવાવ્રતી ડૉક્ટર કોના હૈયામાં ન વસે? આ સંદર્ભે ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે તેઓ વિદ્યાર્થીવયથી જ અંધશ્રદ્ધાના ભારે વિરોધી રહ્યા હતા. ગામમાં આવતા ભોપાઓ, બાવાઓ વગેરે લોકોને ચકલી બનાવી દેવાની ધમકી આપતા ત્યારે પોતે સામે ચાલીને કહેતા કે મારે ચકલી બનવું છે. મને ચકલી બનાવી દો. આ ઉપરાંત સ્મશાન સંબંધી પ્રચલિત વાતોનો પર્દાફાશ કરવા કાળીચૌદશે એકલા સ્મશાનમાં જઈને ભૂતોને પડકાર ફેંકીને સ્મશાનમાંથી હેમખેમ ઘેર પરત થઈને આ સંબંધી કોઈ વહેમ ન રાખવા સમજાવતા.

સમયાન્તરે પીરબોરડી વિસ્તારના દવાખાનાની જગ્યા દરદીઓના ધસારાના કારણે પ્રમાણમાં નાની પડતી હોવાથી આ સમયગાળા દરમિયાન કડી મ્યુનિસિપાલિટી દ્વારા સ્ટેશન રોડ ઉપર બસ સ્ટેશનની સામેની બાજુએ ભાડે આપવા માટે દુકાનોનું બાંધકામ કરતાં આ પૈકીની ઉપરના માળની 14 દુકાનો ડૉ. રામભાઈએ નોંધાવતાં તેમને ફાળવવામાં આવી હતી. પોતાને વાંચનમાં વિશેષ રસ હોવાથી આ નવા દવાખાનામાં સરસ લાઇબ્રેરી પણ ઊભી કરી

હતી. વિવિધ સમાયિકો પણ મંગાવતા. રવિવારનો સવારનો સમય લાઇબ્રેરીમાં પસાર કરે. પીરબોરડી વિસ્તારના દવાખાનાની માફક આ નવું દવાખાનું પણ સરસ ચાલતું હતું; પરંતુ સમયના સથવારે સ્મૃતિદોષ પ્રવેશતાં ધીકતી પ્રેક્ટિસ ધરાવતું દવાખાનું તેમણે સ્વેચ્છાએ બંધ કર્યું. ખાસ અભિનંદનીય અને તેમના મૂઠી ઊંચેરા ગરિમાશીલ વ્યક્તિત્વને ઉજાગર કરતી બાબત એ છે કે આ જગ્યા વેચી મારતાં પ્રાપ્ત આકર્ષક રકમ અંગત વપરાશ માટે ન રાખતાં સેવાભાવી સંસ્થાઓ અને દવાખાનાના કર્મચારીઓને વહેંચી દીધી હતી. આવું ઉમદા પગલું ડૉ. રામભાઈ સાહેબ જ ભરી શકે!

### - ભાગ્યોદય હૉસ્પિટલ:

કડીની ભાગ્યોદય જિનિંગ ઍન્ડ પ્રેસિંગ ફૅક્ટરીના માલિકો સમાજહિતેચ્છુ અને ઉદારચેતા દાનવીરો હતા. આ દૂરંદેશી શ્રેષ્ઠીઓએ કડી અને આસપાસનાં ગ્રામ્યપ્રજાજનો માટે કડીમાં સસ્તી અને સુયોગ્ય આરોગ્ય સેવાઓ પૂરી પાડવાના હેતુસર ચૅરિટેબલ હૉસ્પિટલ સ્થાપવાનો નિર્ણય કરતાં જરૂરી જમીન સંપાદન, કાનૂની કાર્યવાહી, હૉસ્પિટલ બાંધકામ, સંચાલન વગેરેમાં માણેકલાલ એમ. પટેલસાહેબનો અસાધારણ ફાળો રહ્યો છે. આ સાથે જ તેને મેડિકલ દૃષ્ટિએ ક્રિયાન્વિત કરવામાં ડૉ. રામભાઈ સાહેબનો પ્રશંસ્ય સેવાઓ સાંપડી હતી. પ્રસંગોપાત્ત હૉસ્પિટલની મુલાકાત લેવી અને મેડિકલ સેવાઓ સંદર્ભે ડૉક્ટરો વગેરે સાથે આવશ્યક પરામર્શન ચાલુ રાખતાં આ હૉસ્પિટલ તેની સારી સુવાસ ધરાવતું થયું હતું. આ ઉપરાંત તેમણે આ હૉસ્પિટલમાં દાન પણ આપ્યું હતું.

### ૫. સ્વામિનારાયણ સત્સંગી અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામીના કૃપાપાત્ર:

રામભાઈ શાળાજીવન દરમિયાન સ્વામિનારાયણ સંપ્રદાયના પરિચયમાં આવતાં ક્રમશઃ 'પાકા સ્વામિનારાયણી' અને આચાર-વિચારથી સાધુતાના સ્તરે પહોંચી ગયા હતા. પોતાના મહોલ્લામાં – ઘરમાં જ થોડાંક વડીલો નિયમિત મળતાં અને કથાવાર્તા કરતાં, જેનું વાંચન - વચનામૃત વગેરે – રામભાઈએ કરવાનું થતું. બી. જે. મેડિકલમાં અભ્યાસકાળથી જ પૂજા એ તેમનો નિત્યક્રમ બની ગયો હતો, તેમજ કૉલેજમાં પણ ચાંલ્લો કરીને જ જતા હતા. આ અભ્યાસકાળ દરમિયાન શાહીબાગમાં અક્ષરપુરુષોત્તમ મંદિરના પાયા ખોદવાનું કામ ચાલતું હતું – પાણી ફૂટે ત્યાં સુધી ઊંડા ખોદવામાં આવતા હતા. અવકાશ મળે રામભાઈ આ કાર્યમાં જોડાઈ જતા. યોગીજી મહારાજની સેવા પણ હૃદયની પ્રસન્નતા સાથે કરતા. યોગીજી મહારાજે તેમની સેવા-ભક્તિ-કાર્યનિષ્ઠા અને સાધુસ્વભાવથી પ્રસન્ન થતાં કહ્યું: 'રામભાઈ, તમે સાધુ થઈ જાઓ'. આ સાંભળી રામભાઈ મનોમન પ્રસન્ન તો થયા; પરંતુ પોતાની સામાજિક

જવાબદારીઓ – પોતાનાં વિધવા માતા, પત્ની અને પુત્રની જવાબદારીની વિનયપૂર્વક વાત કરી, ત્યારે મહારાજે જ કહ્યું કે 'જવાબદારીઓ પૂરી થાય ત્યારે આવજો!' આ વાત તેમના હૈયામાં ઘર કરી ગઈ. લાંબા સમયબાદ પોતાની જવાબદારીઓમાંથી મુક્ત થતાં 65 વર્ષે રામભાઈ પ્રમુખસ્વામી પાસે પહોંચી ગયા અને સાધુ બનવાની ઇચ્છા વ્યક્ત કરી. ત્યારે પ્રમુખસ્વામીએ કહ્યું કે "તમે સાધુ જ છો. તમારે સાધુ થવાની જરૂર નથી. તમે પ્રવૃત્તિ કરો છો તે સાધુની જ છે." એક સ્વામિનારાયણી તરીકે તેમણે પ્રતિ શનિવારે કડીમાં યોજાતી સત્સંગીઓની સભામાં બાળકો સાથે તેમજ રવિવારે શાહીબાગ મંદિરમાં ભક્તિભાવ સાથે હાજરી આપવાનું સુસ્વાસ્થ્ય રહ્યું ત્યાં સુધી ચાલુ રાખ્યું હતું.

ડૉ. રામભાઈ તેમનાં સાધુ-પ્રકૃતિ, સેવાવ્રતી ડૉક્ટર અને નિર્વ્યાજ સત્સંગીની ગુણરાશિથી પ્રમુખસ્વામીના કૃપાપાત્ર બની રહ્યા હતા. ગુરુ-શિષ્ય પરસ્પરનો આસ્થાભાવ અસાધારણ રહ્યો હતો. ગુરુની કરુણા તો જુઓ: શિષ્યનો અંતર્નાદ સાંભળીને/મનની ઇચ્છા જાણીને શિષ્યના દવાખાનાનું ઉદ્‌ઘાટન કરવા ગુરુ પધારે, હજારોની મેદની વચ્ચે ગુરુ શિષ્યને નામથી બોલાવે, એકાદ સત્સંગ સભા વખતે શિષ્યના મનોભાવ જાણીને ગુરુ થોડાંક ડગલાં પાછાંવળી પાછળ આવતા શિષ્યને હાર પહેરાવે, બંધ કરવાના આરે આવેલી કૉલેજને માતબર દાન આપી શિષ્યનું ગૌરવ વધારે, ઇંગ્લૅન્ડ અને યુગાન્ડાના પ્રવાસમાં ગુરુ પોતાની સાથે લઈ જાય અને પોતાની સાથે રાખે, વગેરે ઘટનાઓ કલ્પનાતીત હોવાની સાથે પ્રેરણાદાયી બની રહે તેટલી ઉત્કટ છે. આ સાથે જ શિષ્યપ્રવર ડૉ. રામભાઈએ પણ ગુરુ સાથેના સંબંધો ઉજાગર કરતાં આ લખનારને જણાવ્યું હતું કે "પ્રમુખસ્વામીનો શરૂઆતથી શિષ્ય. લગભગ એ પ્રમુખ થયા ત્યારથી જ. કડીમાં પ્રમુખસ્વામી તો આપણા ઘેર ઘણી વાર – દસ-બાર વખત – આવી ગયેલા. બીજા સંતો પણ મહિને એક વાર તો આવે. પ્રમુખસ્વામીને તો મેં ગરમ પાણીથી નવડાવ્યા છે – ઉપરના બાથરૂમમાં. કડીમાં પ્રમુખસ્વામીની સાથે હોઉં જ. જ્યાં જવાનું હોય ત્યાં તેમની સાથે હોઉં. અમદાવાદ રહેવાના હોય એટલે ત્યાં જવાનું જ હોય – આશીર્વાદ લેવા, દર્શન કરવા. છેલ્લે આરવની બાબરી વખતે સારંગપુરમાં મળેલો.' ગુરુ-શિષ્ય વચ્ચેના આવા ઉમદા સંબંધો કોના હૈયાને હરખ ન અપાવે?

## 6. સર્વ વિદ્યાલયના સેવક:

સર્વ વિદ્યાલયમાં વર્ષ 1952-53થી 1955-56 દરમિયાન ધોરણ 8થી 11 (મૅટ્રિક) સુધી તેમણે અભ્યાસ કર્યો હતો. અહીંના અભ્યાસ દરમિયાન એક તેજસ્વી વિદ્યાર્થી અને રમતવીર તરીકેની ઓળખ ધરાવતા હતા. મેડિકલનો

અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સમયાન્તરે વર્ષ 1967માં કડીમાં પ્રેક્ટિસ શરૂ કરી તેને માતૃસંસ્થાનું ઋણ અદા કરવાની તક ગણીને શાળાના સંચાલકમંડળ 'સર્વ વિદ્યાલય કેળવણીમંડળ'માં મમત્વ સાથે જોડાયા અને જીવનપર્યંત તેની સાથે જોડાયેલા રહ્યા હતા. તેમણે 'સર્વ વિદ્યાલય કેળવણીમંડળ', કડીના મંત્રી તરીકે વર્ષ 1976-77થી 2008-09, ઉપપ્રમુખ તરીકે 2009-10થી 2011-12 અને પ્રમુખ તરીકે 2012-13થી અવસાનપર્યંત અર્થાત્ તા. 13 મે, 2021 સુધી સેવાઓ આપી હતી. મંડળના પ્રમુખ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન કડીમાં એન્જિનિયરિંગ કૉલેજ, ડૉ. રામભાઈ પટેલ સ્કૂલ તથા સી.બી.એસ.સી. સ્કૂલ અને ગાંધીનગર કેમ્પસમાં ફિઝિયોથેરાપી કૉલેજ તથા સાયન્સિસ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરવામાં આવી છે.

મંડળમાં પ્રારંભમાં મંત્રી અને બાદમાં ચૅરમૅન તરીકે સેવાઓ આપનાર સ્વ. માણેકલાલ એમ. પટેલસાહેબ સાથે પરસ્પર અભિન્નહૃદયા સંબંધો કેળવાતાં તેમજ યોગાનુયોગ બંનેનાં નિવાસસ્થાનો એક જ સોસાયટીમાં હોવાથી તેમની બેઠકો પ્રત્યેક સાંજે થતી. કહેવાની ભાગ્યે જ જરૂર રહે કે તેમની બેઠકોમાં ચર્ચાનો વિષય 'સર્વ વિદ્યાલય' જ રહેતો. સર્વ વિદ્યાલયનું હિત તેમના હૈયે વસી ગયું હતું. અર્થાત્ આ બંને મિત્રો સર્વ વિદ્યાલયમય બની ગયા હતા. આ લખનારના સાંભળવામાં કે વાંચવામાં આવ્યું છે કે સ્વ. માણેકલાલ સાહેબનાં ધર્મપત્ની સ્વ. વિજયાબા કહેતાં કે 'તેઓ વાળું કરે છે અહીં અને ચળું કરે છે રામભાઈના ત્યાં!' આ વિધાન પરસ્પરના પરિવારોના સ્નેહપૂર્ણ ગાઢ સંબંધોનું પ્રતીતિકારક બની રહે છે.

તેમના પ્રદાન સંબંધી ખાસ નોંધપાત્ર ઘટના એ છે કે આજની આપણી 'પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજ' કે જે માત્ર ગુજરાતની જ નહીં પરંતુ ભારતની ગણતરીની શ્રેષ્ઠ કૉલેજોમાં સ્થાન ધરાવે છે. આ કૉલેજની સ્થાપના 1965માં કરવામાં આવી હતી. ઈ.સ. 1976-77ના વર્ષમાં શિક્ષણના માળખામાં મોટો ફેરફાર થતાં માધ્યમિક શિક્ષણ બે વિભાગો – માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક-માં વિભાજિત થતાં કૉલેજનું પ્રથમ વર્ષ – પ્રિ. યુનિવર્સિટી – ઉચ્ચતર માધ્યમિકના ધોરણ 12નો હિસ્સો બની જતાં આપણી સાયન્સ કૉલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી ગઈ. વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે સરકાર તરફથી અનુદાન મળતું હોવાથી પ્રાપ્ત અનુદાનની રકમ પણ ઘટતી જતાં પ્રતિવર્ષ મંડળને ભારે ખોટ વેઠવી પડતી હતી. 1985-86માં વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર 53 હતી. આ કૉલેજ ચાલુ રાખવી કે કેમ તે મંડળ માટે પ્રશ્ન હતો. આ પરિસ્થિતિમાં ડૉ. રામભાઈએ શ્રી નટુભાઈ ભાણાભાઈ (સાયન્સ કૉલેજની ગવર્નિંગ બોડીના ચૅરમૅન) સાથે પરામર્શ કરીને દાન માટે પ્રમુખસ્વામીને વાત કરી હતી. આ

સંદર્ભે આ લખનારને ડૉ. રામભાઈ સાહેબે જણાવ્યું હતું કે "... પછી તો બીજા-ત્રીજા દિવસે હું તો ગયો સ્વામી પાસે. ... સ્વામીએ અમને અટલાદરા બોલાવ્યા. માણેકલાલ પણ ભેગા ખરા. પછી વાત કરી કે અમારી બધાની આવી ઇચ્છા છે. ... મેં મારી ઇચ્છા કીધી એ મંજૂર થઈ ગઈ. ... એ પહેલાં ભગવતસ્વામીએ મને કહેલું કે કાલે રાત્રે હું સ્વામીના રૂમમાં સૂઈ ગયેલો. પ્રમુખસ્વામી એવા રાજી હતા કે રામભાઈને આપણે રાજી કરી દેવાના છે એવા શબ્દો વાપરેલા." પ્રમુખસ્વામીએ દાનનો પ્રસ્તાવ સ્વીકારીને રૂ. 11,11,111/-નું મંડળને દાન આપ્યું હતું.

અત્રે નોંધવું રહ્યું કે ડૉ. રામભાઈ સાહેબ સર્વ વિદ્યાલય માટે દાન મેળવવામાં અગ્રેસર રહેવાની સાથે દાન આપવામાં પણ એટલા જ ઉદાર જોવા મળ્યા છે. મંડળની આવશ્યકતાનુસાર સમયાન્તરે નાની-મોટી રકમનું દાન આપતા રહ્યા છે. મંડળ દ્વારા 'ડૉ. રામભાઈ સંસ્કારભવન', 'ડૉ. રામભાઈ પટેલ પી.ટી. સી. કૉલેજ' (હાલમાં બંધ) અને 'ડૉ. રામભાઈ સ્કૂલ' નામાભિધાનિત કરીને ચલાવવામાં આવી રહ્યાં છે. છેલ્લે વર્ષ 2017માં તેમણે મંડળને રૂપિયા એક કરોડનું દાન આપ્યું છે. મંડળના હોદ્દેદાર કે દાતાશ્રી હોવાની સાથે જ મંડળ સંચાલિત શાળા, કૉલેજો દ્વારા ઉચ્ચ ગુણવત્તાશીલ શિક્ષણ પૂરું પાડવામાં આવે તેમજ વિદ્યાર્થીઓ પ્રાપ્ત જ્ઞાન થકી ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરે તેની ચિંતા અને ચિંતન સતત કરતા રહેતા હતા. કૅમ્પસની મુલાકાત ટાણે તક મળે ત્યારે વિદ્યાર્થીઓને મળીને શું વાંચે છે? શું વાંચવું જોઈએ વગેરે સંબંધી પ્રેરણા પણ પૂરી પાડતા હતા.

## 7. સર્વોદય કાર્યકર:

ડૉ. રામભાઈ સ્વભાવથી જ સર્વોદયી અને પરોપકારી હતા; પરંતુ કરણનગરના કુબેરભાઈ નાયક 'સર્વોદય'નું કામ કરતા હોવાથી તેમની સાથેની મિત્રતાના કારણે 'સર્વોદય'ના રંગે રંગાઈ ગયા હતા. અરે! પોલિએસ્ટર કપડાં છોડીને ખાદીનાં કપડાં પહેરતા થઈ ગયા હતા. સર્વોદયની પ્રવૃત્તિઓ માટે પ્રસંગોપાત્ત શ્રી બબલભાઈ મહેતા, ડૉ. દ્વારકાદાસ જોશી અને તેમનાં પત્ની શ્રીમતી રતનબહેન, ડૉ. વસંત પરીખ વગેરે કડીમાં પધારતાં રહેતાં હોવાની સાથે તેમના નિવાસસ્થાને રોકાણ કરતાં તેમજ તેમની સાથે ફરવાનું થતાં તેમનો ગાઢ પરિચય કેળવાતો જતો, તેમણે 'સર્વોદય'ની ભાવનાને આત્મસાત કરી હતી અને ખાસ તો કડીમાં સર્વોદય પ્રવૃત્તિઓનાં આયોજન અને તેને સુપેરે સંપન્ન કરવાનો પ્રમુખ આધારસ્રોત બની રહ્યા હતા. આ સંદર્ભે બે કિસ્સા જોઈએ: વિનોબાના આદેશ અનુસાર 12 વર્ષનો જનવાસ ધારણ કરનારી ચાર બહેનો

સર્વોદયના પ્રચાર-પ્રસાર હેતુ અને 'ભૂમિપુત્ર'ના લવાજમ હેતુ કડીમાં આવી હતી. આ સમયે 'ભૂમિપુત્ર'નું વાર્ષિક લવાજમ રૂપિયા પાંચ હતું. તેમનો લક્ષ્યાંક 100 લવાજમો મેળવવાનો હતો. ડૉ. વસંતભાઈએ ડૉ. રામભાઈને હસતાં-હસતાં જણાવ્યું હતું કે 100 લવાજમો નહીં થાય તો અમે તમારા ત્યાં જમીશું નહીં; પરંતુ ડૉ. રામભાઈ પ્રતિ સમાજના વિવિધ વર્ગોમાં ભારે સન્માનના કારણે કેટલાકે એકથી અધિક લવાજમો આપતાં ભૂમિપુત્રનાં 383 લવાજમો મેળવી શકાયાં હતાં. આ લવાજમો સમાજ ઉપર ડૉક્ટર રામભાઈના પ્રભાવનું તેમજ નગરજનો તેમને કેટલા બધા ચાહે છે તેનું પ્રમાણ બની રહ્યાં. આ સમયગાળામાં વિનોબા સાબરમતી આશ્રમમાં હતા. આ લવાજમોની સંખ્યાની જાણ વિનોબાને કરવામાં આવતાં એમણે કહ્યું: "આવું અને આટલું કામ અહીં સાબરમતી જેવા સ્થળમાં પણ નથી થઈ શક્યું." આ ઉપરાંત એક અન્ય ઉદાહરણ એ છે કે એક-એક રૂપિયો લઈને 500 સર્વોદય મિત્રો કડી પ્રદેશમાંથી બનાવવાનું વચન કુબેરકાકાએ મહેસાણાની સભામાં આપ્યું હતું. આ વચન પણ ડૉ. રામભાઈએ ગણતરીના સમયમાં 500 સભ્યો બનાવીને પૂરું કર્યું હતું. આટલું જ નહીં એક રૂપિયાની સામે પ્રત્યેક સભ્યને 0.75 પૈસાની પુસ્તિકા ભેટમાં આપી અને આ બધા 'સર્વોદયમિત્રો'ની ગોષ્ઠિનું કડીમાં આયોજન કરીને આ સૌને યાદગાર ભોજન પણ કરાવ્યું – આ બધો જ ખર્ચ સર્વોદયી ડૉ. રામભાઈએ પ્રેમાદર સાથે વહન કર્યો હતો.

## 8. આર.એસ.એસ.ના કાર્યકર:

'સર્વોદય'ની સાથે જ 'આર.એસ.એસ.' પણ ડૉ. રામભાઈની વિચારસરણી સાથે વણાઈ ગયેલી - એક સિક્કાની બીજી બાજુ સમાન – પ્રવૃત્તિ હતી. કડીમાં તેમના આગમન સમયે સંઘ સાથે નાતો ધરાવનારાઓને જાણ થઈ કે ડૉક્ટર પણ આર.એસ.એસ.વાળા છે. ત્યારે તેમણે કડીમાં આગમનના પ્રથમ દશેરાએ જ 'સર્વાધિકારી' બનાવી દીધા હતા. આ લખનારને તેમણે જણાવ્યું હતું કે સર્વ વિદ્યાલય કેળવણીમંડળના પ્રમુખ દાસકાકા હતા અને પોતે મંત્રી હતા ત્યારે કડી કેમ્પસમાં આર.એસ.એસ.ની 25 દિવસની વાર્ષિક શિબિરના આયોજનની મંજૂરી આપી હતી. આ શિબિરમાં સંઘના વડાઓ અને અન્ય અધિકારીઓ પધારતા હોઈ પોતાના દવાખાનાનું કામ આટોપીને દરરોજ સાંજે પોતાની હાજરી આપતા અને આ પ્રવૃત્તિઓનો રસપૂર્વક અભ્યાસ કરતા. તેમનું સ્પષ્ટ મંતવ્ય રહ્યું હતું કે 'સંઘ એ દેશની વાતો કરે છે. સંઘએ સારી પ્રવૃત્તિ કરે છે.'

## 9. કોમી રમખાણો અને શાંતિની પ્રસ્થાપના:

ગરીબોના હમદર્દ અને સેવાવ્રતી ડૉક્ટર, રાજકીય રીતે નિર્લિપ્ત હોવાની સાથે કડીની અનેકવિધ સંસ્થાઓ સાથે સેવાભાવનાથી જોડાયેલા રહેતાં કડીનાં આબાલવૃદ્ધ નાગરિકો તેમના પ્રતિ ભારે સન્માનની લાગણી દાખવતાં, તેમજ તેમના શબ્દો કે લાગણીને માન આપતાં. વર્ષ 1972માં કડીમાં કોમી તોફાનો ફાટી નીકળ્યાં ત્યારે તેને શાંત કરવા ગામના અગ્રણીઓ સાથે તેમના પ્રયાસો સદૈવ સરાહનીય બની રહેશે. ડૉ. રામભાઈ સાહેબ અને માણેકલાલ એમ. પટેલસાહેબે જોખમ વહોરીને – 'જ્યાં જવાય નહીં તેવી જગ્યાએ જઈને' – પણ મુસ્લિમ વિસ્તારની મુલાકાત લઈ તેમને સમજાવવા દષ્ટિપૂત પ્રયાસો કર્યા હતા.

## 10. સમાજ-સેવા:

ડૉ. રામભાઈ સાહેબ વ્યવસાયે તબીબ- MBBS ડિગ્રીધારી. તેમણે પોતાના પૂજ્યપાદ ગુરુવર્ય પ્રમુખસ્વામી મહારાજનો તેમના વિશેનો આત્મવિશ્વાસ 'તમે તો સાધુ જ છો' તે તેમજ 'Code of Medical Ethics: 'to render service to huminity; reward or financial gain is a subordinate consideration' ને જીવનપાથેય તરીકે આત્મસાત કરીને જીવંતપર્યંત વ્યવસાયિક ફરજો વહન કરી હતી. તેમણે સેવાપરાયણ અને સહૃદયી ડૉક્ટર તરીકે લોકહૃદયમાં ભારે મોટું સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત વિવિધ સમાજસેવી સંસ્થાઓ સાથે જોડાઈને પોતાનાં સમય અને તજ્જ્ઞતા પૂરી પાડી છે, તેમજ ઉદારચેતા હૃદયે આર્થિક સહયોગ/દાન પણ આપ્યું છે અને તે પણ મુખર થયા સિવાય અર્થાત્ મૌન રહીને. મેં કર્યું/અમે કર્યું તેવા શબ્દો તેમની પાસેથી ભાગ્યે જ કોઈએ સાંભળ્યા હશે. તેમની પ્રેરણા અને પ્રોત્સાહનથી કડીમાં શરૂ કરવામાં આવેલ અન્નક્ષેત્ર પ્રશંસ્ય સેવાઓ આપી રહ્યું છે. આ સંસ્થા પાસે પર્યાપ્ત ભંડોળ થઈ જવાથી દાનની ઑફરોનો પણ સવિનય અસ્વીકાર કરે છે. તેમણે અક્ષરપુરુષોત્તમ સંસ્થા, ભાગ્યોદય હૉસ્પિટલ, અન્નક્ષેત્ર, સર્વ વિદ્યાલય કેળવણીમંડળ, વતન કરણનગરની હાઈસ્કૂલ વગેરે સંસ્થાઓમાં દાન આપ્યું છે. દાન આપવામાં વિવેક અને ફરજપાલનનું એક ઉદાહરણ એ કે પોતાના ગામમાં હાઈસ્કૂલનું મકાન ગામની પૂર્વ દિશા કે પશ્ચિમ દિશામાં બાંધવું તે સંદર્ભે ગામની તેમની પાટી અને સામેની પાટી વચ્ચે મતભેદ થતાં તેમની પાટીવાળાઓએ હાઈસ્કૂલમાં દાન ન આપવાનો નિર્ણય કર્યો. આ નિર્ણયની ઉપરવટ જઈને – કુટુંબ બહાર મૂકવાની ધમકીને અવગણીને શાળાને દાન આપવું તે ફરજ ગણીને હાઈસ્કૂલને દાન આપ્યું હતું – આપતા રહ્યા હતા. આ છે

ડૉ. રામભાઈનું ખમીર અને કર્તવ્યનિષ્ઠા. આવા સેવામૂર્તિ ડૉ. રામભાઈ સાહેબ વિવિધ સમાજસેવી સંસ્થાઓ દ્વારા સ્નેહાદર સાથે પ્રસંગોપાત્ત સન્માનિત કરવામાં આવ્યા હતા.

## 11. સમાપન:

સ્વનામધન્ય ડૉ. રામભાઈ સાહેબ સર્વ વિદ્યાલય કેળવણીમંડળ અને કડીનગરના એક ગૌરવપુરુષ હતા. મુખર થયા સિવાયની તેમની સેવાભાવના અને નિર્મળ વ્યક્તિત્વ સદૈવ સ્મરણીય અને અનુકરણીય બની રહેશે. તેમના અસ્તિત્વથી 'कुलं पवित्रं, जननी कृतार्था, वसुंधरा पुण्यवती च येन।' અર્થાત્ કુળ પવિત્ર થયું છે, માતા ધન્ય થઈ છે અને વસુંધરા અર્થાત્ તેમની જન્મભૂમિ કરણનગર અને કર્મભૂમિ કડીનગર ભાગ્યશાળી થયાં છે. 'સર્વ વિદ્યાલય' આવા પુણ્યાત્માઓથી – મૂઠી ઊંચેરાં વ્યક્તિત્વોથી સદાય હર્યુંભર્યું બની રહે તેવી ઈશને પ્રાર્થના.

**- મણિભાઈ પ્રજાપતિ**
ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ
કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર
મો. 9601273836



*કડીની કુમારશાળા નં. ૩માં આયોજિત સમારોહ પ્રસંગે*
*ડૉ. રામભાઈ પટેલ અને અન્ય મહાનુભાવો*

૧૮

# સહોદરથી અધિક

**જી. જી. પટેલ**

ચિ. ભાઈ કિરીટકુમારે મને કહ્યું કે સર્વ વિદ્યાલય કેળવણીમંડળ દ્વારા ભાઈની સ્મૃતિમાં 'સ્મૃતિગ્રંથ'નું પ્રકાશન કરવામાં આવનાર છે. આ ગ્રંથ માટે આપશ્રી ભાઈ સાથેનાં સંસ્મરણો લખી આપશો. આ વાત સાંભળતાં જ હૈયું હરખાવાની સાથે સર્વ વિદ્યાલયના કર્ણધારો પ્રતિ વિશેષ માન-સન્માનની લાગણી પેદા થવાની સાથે જ મનોમન તેમને ધન્યવાદ આપ્યા. અક્ષરદેહે તેમની સ્મૃતિ જાળવી રાખવાનો આ પ્રયાસ અભિનંદનીય બની રહે છે. પરંતુ આ સાથે જ હૈયું ભીનું થઈ ગયું. તેમની સાથે સર્વ વિદ્યાલયમાં સહપાઠી તરીકે પસાર કરેલો સમય અને ત્યાર બાદ અમારી વચ્ચે સતત પાંગરતું રહેલું અને જીવનપર્યંત ટકી રહેલું ઉદાહરણસ્વરૂપ સખ્ય, તેમનું સૌજન્યશીલ ઉમદા ચરિત્ર, પરદુઃખભંજન વ્યક્તિત્વ વગેરે નજરસમક્ષ સાકાર થયું.

મારું વતન કડી તાલુકાનું નાનેરું ગામ દીગડી. રામભાઈનું વતન કરણનગર. સર્વ વિદ્યાલયમાં માધ્યમિક શિક્ષણ દરમિયાન અમે સહાધ્યાયીઓ હતા. હું વિદ્યાર્થી આશ્રમમાં રહેતો જ્યારે રામભાઈ તેમના વતનથી આવ-જા કરતા. યોગાનુયોગ અમે એક જ વર્ગખંડના વિદ્યાર્થી રહ્યા હોવા ઉપરાંત ગણિત-વિજ્ઞાનમાં તથા રમતગમત – કબડ્ડી, ખોખોમાં વિશેષ રસ-રુચિ ધરાવતા હોવાથી અમારી વચ્ચે સારી એવી મૈત્રી જામી હતી. આ અભ્યાસકાળ દરમિયાનનું એક સંસ્મરણ એ કે કઈ રીતે વાંચવું તે મને રામભાઈએ શીખવ્યું હતું. હું મોટેથી વાંચવા ટેવાયેલો તેથી તે મને સતત ટોકતા અને કહેતા હતા કે ધીરેથી અને મનમાં વાંચવું જોઈએ. મને તેમની આ શિખામણ સ્પર્શી જતાં



*અંગ્રેજી મીડિયમ સ્કૂલ, કડીમાં શ્રી ગોવિંદજી દેસાઈ સાથે ડૉ. રામભાઈ પટેલ*



સર્વ વિદ્યાલય કૅમ્પસ કડીમાં આયોજિત
પૂ. છગનભા વિજયપદ્મ સમારોહ પ્રસંગે.

હું તેમને અનુસર્યો હતો. મૅટ્રિક થયા બાદ તેમણે મેડિકલનો અને મેં સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યા બાદ અમે અમારા ધંધા-રોજગારમાં ગોઠવાઈ ગયા. તેમણે એકાદ-બે વર્ષ સરકારી નોકરી કર્યા બાદ પ્રારંભમાં કટોસણ રોડ અને બાદમાં કડીમાં પોતાનું દવાખાનું શરૂ કર્યું હતું. કડીમાં તેમણે સેવાભાવી, સસ્તા છતાં નિષ્ણાત ડૉક્ટર તરીકેની ખ્યાતિ ટૂંક સમયમાં જ મેળવી લીધી જે તેમણે આયખાના અંત સુધી અકબંધ રાખી હતી. મેં સિવિલ કોન્ટ્રાક્ટર તરીકે કામગીરી શરૂ કરી હતી. આમ છતાં અમારા સંબંધોમાં કયારેય ઓટ આવી ન હતી. મારા આ મિત્રનું ઋણ પણ મારા ઉપર રહ્યું છે. જરૂર પડે મને મદદ કરવામાં પાછી પાની પણ કરી ન હતી. પછી તો અમે કોન્ટ્રાક્ટના ધંધામાં ભાગીદાર પણ થયા હતા. તેમનો નાનો પુત્ર ચિ. ભાઈ પ્રદીપ મારી સાથે ધંધામાં જોડાતાં અમે હરણફાળ પ્રગતિ સાધી હતી, જેનો ઉલ્લેખ કરતાં ગર્વની લાગણી અનુભવું છું. હવે અમે કેટલાંક વર્ષોથી સ્વતંત્ર રીતે કામ કરીએ છીએ, પરંતુ અમારી વચ્ચેના સંબંધોનું માધુર્ય યથાવત રહયું છે.

ડૉ. રામભાઈની એક ઉમદા વ્યક્તિ અને સેવાભાવી નિષ્ણાત ડૉક્ટર તરીકેની સુવાસ કડીનગર ઉપરાંત આસપાસનાં ગામોમાં પણ ફેલાઈ હતી. લોકો તેમનો પડતો બોલ ઝીલી લેતાં. મારા જ ગામ દીગડીમાં શાળા શરૂ કરવામાં ડૉ. રામભાઈનો આર્થિક સહયોગ તો રહ્યો હતો, પરંતુ આથી પણ વિશેષ અમે અમારા ગામના ઠાકોરભાઈઓને તેમની થોડીક જમીન આપવા મનાવી શક્યા ન હતા તે કામ ડૉ. રામભાઈએ સરળતાથી કરી આપતાં અમે શાળા બાંધી શક્યા હતા. આવો હતો ડૉ. રામભાઈનો પ્રભાવ અને પ્રજાજનોમાં સંપાદન કરેલો વિશ્વાસ. આ ઉપરાંત અમારા 27 ગોળ સમાજ તરફથી નાની કડીમાં વિદ્યાલય શરૂ કરવા માટે ડૉ. રામભાઈ સાથેની અમારી ભાગીદારીની કંપનીએ રૂપિયા 10 લાખનું દાન આપ્યું હતું. રામભાઈ બીજા ગોળના હોવા છતાં તેમણે સહર્ષ સંમતિ આપી હતી આવી હતી તેમની ઉદારતા.. તેમણે શિક્ષણ અને સમાજના વિકાસ માટે વાતો કરતાં વ્યવહારમાં ભારે દિલચસ્પી દાખવી હતી. નાત-જાતના કે ગોળની સાંકડી વિચારસરણી તેમને આભડી ગઈ ન હતી. ગરીબો પ્રત્યે

કૂણી લાગણી રાખતા તેમને જોયા છે. આમ છતાં પોતાનાં દાન-સેવાભાવનાનાં કાર્યો પ્રતિ મૌન જ દાખવે. એમના આચાર-વિચારમાં 'હું' ને ઓગાળી દીધું હતું અને 'આપણે'ની ભાવનામાં જ પ્રસન્નતા અનુભવતા રહ્યા હતા.

ડૉ. રામભાઈ સાચા અર્થમાં યથા નામ તથા ગુણથી સંપન્ન હતા. મારા આ સન્મિત્ર સહોદર સમાન ભાઈ કે તેથી અધિક હતા. હવે, આવા ભાઈ મને ક્યાં મળશે ? પરમ કૃપાળુ પરમાત્મા ભાઈના આત્માને ચિરશાંતિ અર્પે તેવી પ્રાર્થના. આ સાથે જ શાળામાં ગવાતી પ્રાર્થનાના શબ્દો મારા માનસપટલ ઉપર તાજા થવાની સાથે જ મિત્રના આચાર-વિચાર તરફ મને પ્રેરી રહ્યા છે:

**"મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે**
**શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે"**

**- જી. જી. પટેલ**
C/o. ઘનશ્યામ જી. પટેલ
મો. 9825425236

*આવેગથી થઈ ગયેલો અપરાધ વ્યક્તિને પશ્ચાત્તાપના અગ્નિમાં શુદ્ધ કરીને તેને સંત પણ બનાવી દેતો હોય છે, રીઢા અપરાધીઓ માત્ર દંડભયથી જ ડરતા હોય છે, દંડની શિથિલતામાંથી રીઢાપણું જન્મતું હોય છે, એટલે એમ કહી શકાય કે નબળો શાસક અપરાધોને પ્રોત્સાહિત કરતો હોય છે, જ્યારે પ્રબળ શાસક અપરાધવૃત્તિઓને મૂળમાંથી ડામી દઈ પ્રજાને નિર્ભય કરતો હોય છે.*

***- સ્વામી સચ્ચિદાનંદ***

૧૯

# અનુકંપાશીલ અને પુસ્તકપ્રેમી ડૉક્ટરસાહેબ

**પ્રા. તુલસીભાઈ પટેલ**

'સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત' (મે-જૂન, 2021)માં ડૉ. રામભાઈ પટેલની સેવાભાવના, ધર્મભાવના, પુસ્તકપ્રેમ વગેરે ગુણવિશેષ વિશે સંપાદક શ્રી મણિભાઈ પ્રજાપતિએ વિશદ અને પ્રેરણાદાયી નિરૂપણ કર્યું છે, એ વાંચીને ડૉક્ટરસાહેબ સાથેના બે પ્રસંગોનું સ્મરણ થઈ આવ્યું.

ચોક્કસ યાદ નથી, પણ આશરે સન 1990માં સર્વ વિદ્યાલય, કડીના પરિસરમાં જિલ્લાકક્ષાનો વિજ્ઞાનમેળો યોજવામાં આવ્યો હતો. મારા મિત્ર નારણભાઈ પટેલ ('વિજ્ઞાન પ્રેરણા' માસિકના તંત્રી અને ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક અવૉર્ડ વિજેતા)ના સંનિષ્ઠ પ્રયાસોથી આ સુંદર શૈક્ષણિક મેળો યોજાયો હતો. એમાં હું પણ મહેમાન તરીકે આમંત્રિત હતો; ત્યારે રાતે મને એકાએક સખત તાવ આવ્યો. આયોજકોએ ઉપચાર માટે ડૉક્ટર રામભાઈ સાહેબને બોલાવ્યા. સાહેબે મને સારી રીતે તપાસ્યો અને દવા માટે કેટલીક ટેબ્લેટ્સ આપી. મને સુવાડી દઈને ગરમ કામળો ઓઢાડી દીધો. થોડી વારમાં શરીરે પરસેવો થવા લાગ્યો. પછી તો પરસેવેરેબઝેબ થઈ ગયો. તાવ ગાયબ ! બિલકુલ સ્વસ્થ થઈ ગયો ને પછીના કાર્યક્રમમાં સારી રીતે ભાગ લઈ શક્યો. આમ દરદી પ્રત્યે અનુકંપા અને નિષ્કામ સેવાભાવનાનો મને પ્રત્યક્ષ પરિચય થયો.

બીજા પ્રસંગમાં ડૉક્ટરસાહેબના પુસ્તકપ્રેમ અને વાચનરુચિનો અનુભવ થયો.

સર્વ વિદ્યાલય, કડીની પી.ટી.સી. કૉલેજમાં વાર્ષિક પાઠોનું મૂલ્યાંકન કરવા માટે મારે તથા મહેસાણાની બી.એડ્. કૉલેજના પ્રા. ઉમેદભાઈ પટેલે કામગીરી બજાવવાની હતી. સંસ્થાના મહેમાનગૃહમાં ડૉ. રામભાઈ, શ્રી માણેકલાલભાઈ તથા સંચાલકો સાથે અમે બેઠા હતા ને અલપઝલપ વાતો ચાલતી હતી.

આ અગાઉ 'ધરતી' માસિકમાં મેં લખેલી એક કાલ્પનિક વારતા પ્રગટ થઈ હતી. ''આવી તે વારતા લખાતી હશે !'' એમ કહીને ડૉક્ટરસાહેબ મને ઠપકો આપવા લાગ્યા. અહીં વારતાનો સાર આપવો જરૂરી છેઃ

પાંત્રીસેક વરસનો એક શિક્ષિત સવર્ણ યુવક છે. સુંદર અને સુશીલ છે. બૅંકમાં ઑફિસર છે. પ્રસન્ન દાંપત્ય છે, પણ એની પત્ની સિવિયર ઍટેકમાં

અચાનક ગુજરી જાય છે. યુવકને પાંચ અને સાત વરસનાં બે સંતાન છે. યુવક પર આભ તૂટી પડે છે. બાળકોને ઉછેરવાં, રસોઈ કરવી, મહેમાનોની સરભરા, યૌવનસહજ જાતીયભૂખ વગેરે અનેક સમસ્યાઓ પેદા થાય છે.

આ યુવકને ત્યાં એક ઈતર જ્ઞાતિની યુવતી કામવાળી તરીકે કામ કરે છે. કામવાળી ગુણિયલ અને રૂપાળી છે. એસ.એસ.સી. સુધી ભણેલી છે. એણે દારૂડિયા પતિથી છૂટાછેડા લીધા છે. યુવાનવયે એ એકાકી અને દુઃખી છે. મા-બાપ પર ભારરૂપ છે. એ એકાદ કલાકમાં કપડાં-ઝાડુ-પોતાં વગેરે કામ કરીને પોતાની ઝૂંપડીએ ચાલી જાય છે.

બૅંકઑફિસરને વિચાર આવે છે કે, આ કામવાળી સાથે લગ્ન કરી લઉં તો ? તો બાળકો ઉછેરવાની, એમનાં ટ્યૂશનની, રસોઈ કરવાની વગેરે તમામ સમસ્યાઓ સમાપ્ત ! વળી કામવાળી તરીકેનો પગાર બંધ ! ઉપરાંત બંને જણ સુખી જ સુખી ! જીવનભર તમામ પ્રકારની સેવાઓ તદ્દન ફ્રી !! આ રીતે બૅંકઑફિસર અને કામવાળી રાજીખુશીથી લગ્નગ્રંથિથી જોડાઈ જાય છે.


ડૉ. રામભાઈ પટેલ

મારી આ વારતા ડૉક્ટરસાહેબને ગમી નહીં. એમણે કહ્યું: ''આવું તો લખાતું હશે ? સમાજ પર એની કેવી અસર પડે ?'' આ રીતે તેઓ મારો ઊધડો લેવા લાગ્યા. હું તો એમની આગળ નાનો, એટલે એમની વાતનો પ્રતીકાર પણ કેવી રીતે કરું ?

એ તો સારું થયું કે આદરણીય માણેકલાલભાઈ મારી વહારે ધાયા. એમણે ડૉક્ટરસાહેબને કહ્યું: ''આ વારતામાં તુલસીભાઈએ સમાજ સમક્ષ એક ક્રાંતિકારી વિચાર રજૂ કર્યો છે. વગેરે.'' આ સાંભળીને ડૉક્ટરસાહેબ શાંત થયા.

પરંતુ આ પ્રસંગથી મને ડૉક્ટરસાહેબના વાચન-પ્રેમ વિશે જાણવા મળ્યું. મણિભાઈએ એમના લેખમાં યથાર્થ દર્શાવ્યું છે કે, ડૉક્ટરસાહેબના નવા દવાખાનામાં પુસ્તકાલય પણ હતું. આવા અનુકંપાશીલ અને પુસ્તકપ્રેમી ડૉક્ટર રામભાઈ સાહેબને મારી અંતઃકરણપૂર્વક શ્રદ્ધાંજલિ !

મો. 99980 89633

૨૦

# ખંતીલા પ્રમુખ

**નારાયણભાઈ એ. પટેલ**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સદ્‌ગત પ્રમુખ ડૉ. રામભાઈ પટેલ ખૂબ જ ખંતીલા હતા. અને જ્યાં સંસ્થાને જરૂર પડે ત્યાં તેઓ ખૂબ જ પ્રયત્ન કરીને સંસ્થાને ઉપયોગી બનતા. હવે આવા પ્રમુખો આપણને મળવા મુશ્કેલ છે. પ્રભુ તેમના આત્માને સદ્‌ગતિ આપે તેવી શ્રદ્ધાંજલિ આપું છું. વારંવાર આવા પ્રમુખ મળતા નથી. આજે તેમની ખોટ પડી છે. હવે, બધા કાર્યકરોએ ખભેખભો મિલાવીને સંસ્થાનો વિકાસ કરવાનો રહેશે.



*સર્વ વિદ્યાલય કૅમ્પસ કડીમાં માસ્ટર માઈન્ડીંગના ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રમુખશ્રી ડૉ. રામભાઈ પટેલ અને ચૅરમૅનશ્રી વલ્લભભાઈ પટેલ (તા. 24/11/2016)*

**- નારાયણભાઈ એ. પટેલ**
જનરલ સેક્રેટરી
Brahan Mumbai Kadva Patidar Charitable Trust,
એ/103, અભિષેક હાઉ. સો. લિ.,
અતુલ ટાવર પાસે, કાંદિવલી (વે.)
મુંબઈ-67

૨૧

# કડીના કર્મયોગી સ્વ. ડૉ. રામભાઈ પટેલ

**પ્રકાશ પટેલ**

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ એટલે ઉત્તર ગુજરાતનું 'કાળજું અને કલગી' કહીએ તો જરાય અતિશયોક્તિ ભરેલું નથી. કડીની ભૂમિમાં પૂજ્ય છગનભાએ 'કર ભલા હોગા ભલા'ની સેવાપરાયણ ભાવનાનું વાવેતર કર્યું. જેમાંથી અનેક સેવાભાવી પરદુ:ભંજક કર્મયોગી કાર્યકર્તાઓ સમયે-સમયે સમાજને મળતા રહ્યા છે. જેમાં સ્વ. ડૉ. રામભાઈ સાહેબના નામનું સ્મરણ ભક્તિભાવપૂર્વક લેવાનું સહજપણે મન થાય તે સ્વાભાવિક છે.

સ્વ. ડૉક્ટર રામભાઈ સાહેબનું સમગ્ર જીવન સંઘર્ષ અને સેવાભાવથી ભરેલું રહ્યું. ખેડૂત કુટુંબમાં જન્મી, અભાવોની વચ્ચે હિંમતપૂર્વક કઠોર પરિશ્રમ કરી, વિદ્યાભ્યાસ દરમિયાન પ્રથમ હરોળમાં રહ્યા ને સાથે-સાથે પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યથી ભક્તિ અને સેવાભાવ તેમનામાં સતત વિકસતાં રહ્યાં. વ્યવસાયે ડૉક્ટર હોવાથી દર્દીના રોગને ઓળખવાની સ્વભાવિક શક્તિ તેમને પ્રાપ્ત થઈ હતી. જે આગળ જતાં સમાજનાં દુ:ખોને ઓળખી, તેને દૂર કરવા



*સર્વ વિદ્યાલય કૅમ્પસ કડીમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે ડૉ. રામભાઈ પટેલ, શ્રી વલ્લભભાઈ પટેલ વગેરે મહાનુભાવો (તા. 26/1/2018)*

મૃત્યુપર્યંત તન, મન અને ધનથી મથતા રહ્યા. દર્દીઓ સાથેનો તેમનો સમય રોગ પૂરતો સીમિત ન હતો. જે દર્દી તેમના સંપર્કમાં આવતો તે દર્દીનાં શારીરિક દુઃખ તો દૂર કરતા, પણ તેના હૃદયમાં સેવાભાવ દ્વારા કાયમી સ્થાન મેળવી લેતા. પરિણામે સમગ્ર કડીપંથકમાં સેવાભાવી ડૉક્ટર તરીકે નામના પામ્યા.

જેમ-જેમ લક્ષ્મીની કૃપા તેમના પર થતી ગઈ, તેમ-તેમ લક્ષ્મીનો ઉપયોગ માત્ર પોતાને ખાતર જ નહીં, પરંતુ સમાજમાં જરૂરિયાતવાળા સૌ કોઈને વિવિધ સ્વરૂપે આર્થિક મદદ કરતા રહ્યા. પરિણામે ઉદારદિલ દાતા તરીકે તેમની ખ્યાતિ વધવા લાગી. આજે પણ કડી કૅમ્પસમાં તેમના નામથી સુશોભિત થયેલી સંસ્થાઓ જોઈ શકીએ છીએ.

સંસ્થામાં દાન આપવામાં જેમ અગ્રેસર રહ્યા. તેમ સંસ્થામાં દાન મેળવી આપવામાં પણ તેમનો સિંહફાળો રહેલો છે. જીવનપથ પર જેમ-જેમ આગળ વધતા રહ્યા તેમ-તેમ તેમનું વ્યક્તિત્વ વધુ વિશાળ અને સમાજને વધુ ને વધુ સમર્પિત થતું રહ્યું. કોઈ પણ જાતના ભેદભાવ વગર બધામાં ઈશ્વરનાં દર્શન કરી ભક્તિભાવે સેવા કરતા રહ્યા અને ગાંધી-વિનોબાની સર્વોદયસેનાના અહિંસક કાર્યકર બની, દરિદ્રનારાયણની સેવામાં જીવન સમર્પિત કર્યું. બીજાના ખપમાં આવવું, એ એમનો જીવનમંત્ર રહ્યો. પોતાના જીવનકાળ દરમિયાન ડૉક્ટર તરીકે, દાતા સ્વરૂપે તેમજ કર્મયોગી તરીકે જીવી, જીવનને સાર્થક બનાવ્યું. કડી સર્વ વિદ્યાલય કેળવણીમંડળમાં પ્રમુખ, ઉપપ્રમુખ જેવા વિવિધ હોદ્દાઓ પર રહી સંસ્થાઓનો વિકાસ કરતા રહ્યા. તેમાંય આદરણીય સ્વ. માણેકલાલસાહેબની સાથે ખભેખભા મિલાવી કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિવિધ સંસ્થાઓને વિકાસની ટોચે પહોંચાડી. આજે આપણી વચ્ચે તેઓ સદેહે હાજર નથી, પણ તેમનાં કાર્યોથી હંમેશાં જીવંત રહેશે એટલું જ નહીં, પણ આવનારી નવી પેઢીને કાયમ માટે પ્રેરણા અને માર્ગદર્શન આપતા રહેશે તેમાં જરાયે શંકાને સ્થાન નથી.

સ્વ. ડૉ. રામભાઈ સાહેબનો દિવ્ય આત્મા, અદશ્ય જગતમાં રહીને આપણા સૌ પર દિવ્ય અને પવિત્ર વિચારોની અમીવર્ષા સદાય કરતો રહેશે. સેવા, સમર્પણ અને કરુણાસભર જીવનને કંડારતો 'સ્મૃતિગ્રંથ' સમાજ માટે અમૂલ્ય મૂડી બની, નવી પેઢીને સમાજસેવા માટે જરૂરથી પ્રેરિત કરશે. એવા દઢ વિશ્વાસ સાથે ખરા અંતઃકરણપૂર્વક તેમને શ્રદ્ધાંજલિ પાઠવું છું,

સમગ્ર નૂતન સર્વ વિદ્યાલય કેળવણીમંડળ અને સાંકળચંદ પટેલ યુનિવર્સિટી પરિવાર સદ્ગતને અંતઃકરણપૂર્વક શ્રદ્ધાંજલિ પાઠવે છે.

**- પ્રકાશ પટેલ**
પ્રેસિડેન્ટ, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી
પ્રમુખ, નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, વિસનગર
મો. 9898989819

૨૨

# મારી નજરે ડૉ. રામભાઈસાહેબશ્રી

**જીવાભાઈ પટેલ**

તબીબીક્ષેત્રે વ્યવસાયિક સફળતા પ્રાપ્ત અલાયદું અને કર્મઠ વ્યક્તિત્વ એટલે સ્વર્ગસ્થ ડૉક્ટર રામભાઈ પટેલસાહેબશ્રી. સૌપ્રથમ સ્વર્ગસ્થ ડૉક્ટર રામભાઈ પટેલસાહેબને હૃદયનાં ઊંડાણથી તેમજ ભાવસભર શ્રદ્ધાંજલિ પાઠવી હું મારા સખાનું ઋણ અદા કરી રહ્યો છું.

મારી નજરે તેમનું વ્યક્તિત્વ સમગ્રતયા સેવાકીય પ્રવૃત્તિઓમાં પસાર થયું છે. તેમનું શૈક્ષણિક અને સામાજિકક્ષેત્રે રહેલું યોગદાન ચિરસ્થાયી રહેશે. સાદગી અને મૂલ્યનિષ્ઠ વ્યવહાર થકી તેમની લોકચાહના ચોમેર ફેલાયેલી રહી છે. સર્વ વિદ્યાલય કેળવણીમંડળ, કડી અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજકમંડળ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાના વિકાસનાં કાર્યોમાં સ્વર્ગસ્થ માણેકલાલ એમ. પટેલસાહેબ સાથે ખભેખભા મિલાવીને અતથી ઇતિ સુધી તેઓની ભૂમિકા શિરમોર રહી છે. સંસ્થા અને સમાજના વિકાસનાં કાર્યોમાં આર્થિક સહયોગ આપવામાં કે માગવામાં તેઓની ક્યાંય પણ પીછેહઠ રહી નથી તેનો હું જાણે-અજાણે સાક્ષી રહ્યો છું.

સ્વર્ગસ્થ ડૉ. રામભાઈ સાહેબશ્રીનાં ઉમદા અને ઉદાહરણસ્વરૂપ આચરણ થકી થયેલી સેવાકીય પ્રવૃત્તિઓની ગણના કરવામાં મોટા કદના શિક્ષણવિદો, સામાજિક અગ્રણીઓ કે આધ્યાત્મિક મહાપુરુષો પણ બાકાત રહી શક્યા નથી. આ વાતથી એક મિત્ર તરીકે હું સાચા અર્થમાં ગર્વિષ્ઠ થયો છું. પ્રમુખસ્વામી મહારાજે તો ખાસ તેમના વ્યક્તિત્વને 'નિર્લેપ' કહ્યું હતું. સમાજ આજે સાચા અર્થમાં એક સાધુપુરુષ ગુમાવ્યાની લાગણી મહેસૂસ કરી રહ્યો છે. એક મિત્ર તરીકે તેમના ઋજુ અને પ્રેમાળ સ્વભાવ અને પ્રેરણાદાયી વ્યક્તિત્વ હર હંમેશાં મારાં પથદર્શક બની રહેશે. તેમના પ્રત્યે કૃતજ્ઞતા દાખવતાં હું પરમ કૃપાળુ પરમાત્માને સદ્‌ગત આત્માના કલ્યાણ અને મોક્ષપ્રાપ્તિ માટે પ્રાર્થના કરું છું.

16, શિવાંગી બંગ્લોઝ, ગેસ્વે હોટલ પાસે,
પાર્લે પોઇન્ટ, સુરત-7
પૂર્વ-સાંસદ. મહેસાણા
મો. 94280 09111, 98251 62818

## ૨૩

# કરણનગરનું ગૌરવ: ડૉ. રામભાઈ પટેલસાહેબ

**શ્રી કરણનગર કેળવણી ઉત્તેજક મંડળ**

પરમ પૂજ્ય પ્રાત:સ્મરણીય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી ખીલેલું મઘમઘતું પુષ્પ એટલે આપણા હૃદયસ્થ ડૉ. રામભાઈ સાહેબ. તેમનું જીવન એક મધુર કવિતા સમું બની આપણ સૌને ધન્ય કરી રહ્યું છે. કેળવણીને અર્થોપાર્જન સાથે જોડતા આપણા સમાજને ડૉક્ટરસાહેબે કેળવણીને સેવા સાથે જોડીને જીવન જીવવાની પ્રેરણા પૂરી પાડી તેમાં પૂ. પ્રમુખસ્વામીની આધ્યાત્મિક વિચારસરણીનો તેમના ઉપર પ્રભાવ જોવા મળે છે. ચાણક્યનીતિમાં પણ કહેવામાં આવ્યું છે કે 'સાધુનાં દર્શનં પુણ્યં તીર્થભુતાઃ હિ સાધવઃ = 'સજ્જનોનું દર્શન પુણ્યકારી છે, કેમ કે સજ્જનો તીર્થસ્વરૂપે છે.' સાચે જ મહાન સંતસમાગમ જ સમાજને સાચા માર્ગે ચાલવાની ક્રાંતિકારી કેડી કંડારી શકે તેવી પ્રતીતિ ડૉ. સાહેબના જીવનમાં જોઈ શકાય છે. ગંગામૈયા ગંગોત્રીથી ગંગાસાગર સુધીના પોતાના વિશાળ પ્રવાહમાં અનેકનાં તન મન પવિત્ર કરતી વહ્યા કરે છે તે જ રીતે જન્મથી શ્રીજીચરણની પોતાની જીવનયાત્રા દરમિયાન અમ સૌના જીવનમાં આધ્યાત્મિક બળ પેદા કરનાર ડૉક્ટરસાહેબ સાચે જ અમારા પ્રેરણામૂર્તિ બન્યા.



*વતન કરણનગરમાં નૂતન વિદ્યાલયના નામકરણ અને સન્માન સમારોહ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો સર્વ શ્રી ડાહયાભાઈ પટેલ, શ્રી નીતિનભાઈ પટેલ, શ્રી આત્મારામભાઈ પટેલ, ડૉ. રામભાઈ પટેલ, શ્રી બંસીભાઈ, શ્રી જી. જી. પટેલ વગેરે દશ્યમાન થાય છે.*

કરણનગર ગામની ધૂળમાં રમતાં-કૂદતાં ગરીબ ખેડૂતના કુટુંબમાં ઉછેર પામી ભણતર અને ગણતરનો પ્રારંભ ગામમાં કર્યો, ત્યાર બાદ કલોલની

વખારિયા સ્કૂલમાં અને કડીની ખ્યાતનામ સર્વ વિદ્યાલયમાં કરણનગરથી પગપાળા ચાલી સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કર્યો. તેજસ્વી વિદ્યાર્થી તરીકે સૌના પ્રીતિપાત્ર બની સતત આગળ વધતાં જતાં અમદાવાદની બી. જે. મેડિકલ કૉલેજમાંથી એમ.બી.બી.એસ.ની પદવી પ્રાપ્ત કરી. કરણનગર ગામના પ્રથમ ડૉક્ટર બની ગામનું ગૌરવ વધાર્યું. કરણનગર ગામને ડૉક્ટરનું ગામ કહેવાય છે. જ્યાં આજે પંચાવનથી વધુ ડૉક્ટરો છે. એ સૌના પ્રેરણાસ્રોત બનવાનો યશ આપણા શ્વેતવસ્ત્રધારી અને સૌમ્યતાના ભંડાર સમા ડૉ.સાહેબને શિરે જાય છે.

કેળવણી અને સેવા એક સિક્કાની બે બાજુ છે. ડૉક્ટરસાહેબે પોતાનું ધ્યેય નક્કી કરી સેવાનો ભેખ ધારણ કર્યો. થોડો સમય સરખેજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સેવા આપી કટોસણમાં દોઢ વર્ષ સુધી પ્રેક્ટિસ કર્યા બાદ કડીમાં પોતાનું દવાખાનું શરૂ કરી ગરીબોના બેલી બની સેવા કરવાનો દૃઢ નિર્ધાર કર્યો. આમ તો ડૉક્ટરો ઘણા પૈસા ખર્ચીને ભણેલા હોવાથી ડિગ્રી મળ્યા પછી પૈસા કમાવામાં પડી જાય છે એવી લોકધારણા છે, પણ આપણા ડૉ. સાહેબે પૈસાને મહત્ત્વ ન આપતાં સેવાને જ મહત્ત્વ આપ્યું. સાવ સામાન્ય ફી લઈ દર્દીઓની હસતા મુખે સેવા કરવી એ જ તેમનું ધ્યેય બની ગયું. સાહેબની સન્મુખ દર્દી ઊભો રહે અને ડૉ. સાહેબનું સ્મિત તેને હળવોફૂલ જેવો બનાવી દે તેવું અમે સતત અનુભવ્યું છે.

માત્ર સ્વાસ્થ્ય સેવાઓ પૂરતું પોતાનું સેવાકીય કાર્ય સીમિત ન રાખતાં તેમણે કેળવણીક્ષેત્રને એટલું જ પ્રાધાન્ય આપ્યું. કરણનગર ગામમાં પ્રાથમિક શિક્ષકોના સાથ અને સહકારથી બાળકોમાં શિક્ષણ અને સંસ્કારોનું સિંચન કરવાનું બીડું ઝડપી લીધું. ગોપાળભાઈ સાહેબ, બચુભાઈ સાહેબ તથા દકુભાઈ સાહેબ જેવા ધુરંધર શિક્ષકો તેમની પડખે રહ્યા. પ્રાથમિક શાળાના જૂના મકાનની જગ્યાએ ભવ્ય નવા મકાનની રચના કરવામાં તેમની પ્રેરણા અભૂતપૂર્વ રહી. પ્રાથમિક શાળાની સાથે-સાથે માધ્યમિક શાળાના શિક્ષણને બળવત્તર બનાવવા માટે તેઓશ્રી શરૂઆતથી જ કાર્યરત રહ્યા હતા. માધ્યમિક શાળાના આદ્યસ્થાપક શ્રી ધુરાલાલ શેઠ અને ગામ આગેવાનોની પડખે ઊભા રહી 1967થી માધ્યમિક શિક્ષણનો પાયો નંખાયો. શાળાના આચાર્યો અને શિક્ષકોને પ્રોત્સાહિત કરી નૂતન વિદ્યાલયને ધમધમતું કર્યું. ગામના ઘરેણાં કહી શકાય તેવી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને તન, મન, ધનથી આગળ ધપાવી પુષ્ટ કરી.

‘કર ભલા હોગા ભલા’ના પૂ. છગનભાના સૂત્રને સાકાર કરવા તેમણે કડીની સર્વ વિદ્યાલયમાં સેવાઓ આપવાનું શરૂ કર્યું. માનનીય માણેકભાઈ સાહેબની પડખે ઊભા રહી તેને એક મોટા વટવૃક્ષનો આકાર આપવામાં પોતાનાથી બનતું યોગદાન આપ્યું. 45 વર્ષ સુધી જુદા-જુદા હોદાઓ ઉપર રહી

પોતાની માતૃસંસ્થાનું ઋણ અદા કરવા સાચા કર્મયોગી બની કાર્યરત રહ્યા. પૂ. પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ અને આર્થિક સહયોગથી પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજના માધ્યમથી કડી તાલુકામાં સાયન્સનું શિક્ષણ આપવા માટે કટિબદ્ધ થયા. જાહેરજીવનમાં મૂક સેવક બની, સર્વોચ્ચ કાર્યકર તરીકે ઊભરી આવ્યા અને આપણા સૌના લોકલાડીલા શિક્ષણપ્રેમી ડૉ. સાહેબે 'ઘસાઈને ઊજળા થઈએ' એવું સૂત્ર આપ્યું. પૂ. રવિશંકર મહારાજ અને વિનોબા ભાવેના વિચારોથી પરિપુષ્ટ થયેલા ડૉ. સાહેબે ક્રમશઃ પોતાના આધ્યાત્મિક જીવનને ઉન્નત બનાવવા પૂ. પ્રમુખસ્વામી મહારાજને પોતાના રાહબર બનાવ્યા.

'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ'માં નિયમિત સેવાઓ બજાવવાની સાથે-સાથે 'નૂતન વિદ્યાલય'ને પણ તેમણે પોતાના કાર્યક્ષેત્રમાં મહત્ત્વનું સ્થાન આપ્યું. 'નૂતન વિદ્યાલય'ના શિલ્પી કહી શકાય તેવા શકરાભાઈ સાહેબ અને રાજાસૂબાના કાર્યના તેઓ હંમેશાં પ્રશંસક રહ્યા. નાની એવી 'નૂતન વિદ્યાલય'ને સર્વ વિદ્યાલયની ભગિની સંસ્થા માની તેને પણ વિકસિત પૂર્ણ માધ્યમિક શાળા બનાવવા કટિબદ્ધ બની રહ્યા હતા. 'નૂતન વિદ્યાલય'નો રજતજયંતી મહોત્સવ ઊજવી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને તાલુકાના દાતાશ્રીઓ સમક્ષ સંસ્થાની વિશાળ ફલક ઉપર ઓળખ ઊભી કરી આર્થિક સદ્ધર બનાવવા મંડળના શ્રેષ્ઠીઓને પ્રોત્સાહિત કર્યા. ધોરણ 5, 6, 7ના પ્રાથમિક વિભાગનું 'શ્રીમતી આર. જી. પટેલ પ્રાથમિક વિભાગ' એવું નામકરણ, રંગભૂમિનું ડૉ. રામભાઈ સાહેબનાં માતૃશ્રી 'પૂ. કુંવરબા સાકરિયા રંગભૂમિ' એવું નામકરણ, 'શેઠ શ્રીમતી તારાબહેન ધુરાલાલ શાહ ભગિની ખંડ' જેવાં નામકરણના પ્રસંગો ઊજવી સંસ્થાને સાકાર કરવામાં પોતાનાં તન, મન, ધનથી યોગદાન આપ્યું.

એસ.એસ.સી. વિદાય સમારંભ પ્રસંગે ડૉ. સાહેબ જ્યારે સંસ્થામાં આવે ત્યારે બાળકો સાથે વાતો કરવી એમને બહુ ગમે. બાળકોને ઉત્તમ સંસ્કાર અને ઉત્તમ શિક્ષણ મેળવવા પ્રોત્સાહિત કરે. કેળવણીમંડળના વડીલોને, આચાર્ય અને શિક્ષકોને નવી પ્રેરણા આપી હજુ પણ આગળ વધવા પ્રોત્સાહિત કરે. મુશ્કેલીથી વિદ્યાભ્યાસ કરી આગળ વધેલા ડૉ. સાહેબના જીવનમાં 'કથની એવી કરણી' જોવા મળી. તેમનાં પ્રેરક પ્રવચનોની સુવાસથી પુલકિત થયેલા કેળવણી મંડળના કાર્યકરો તેમને જોતા જાય અને આગળ વધતા જાય છે. 'શ્રી આત્મારામદાસ ઈશ્વરદાસ પ્રાથમિક શાળા'નું નામકરણ થયું અને ધોરણઃ 1થી 4ની નવી સ્વનિર્ભર સંસ્થા શરૂ થઈ તેની સાથે-સાથે સાથે 'નૂતન વિદ્યાલય'માં ઉચ્ચતર માધ્યમિક શાળાનું 'શ્રી કરણનગર ગ્રામપંચાયત ઉચ્ચતર માધ્યમિક વિભાગ'નું નામકરણ પણ થયું. પંચાયતના સરપંચ અને સભ્યોને પ્રોત્સાહિત કરી અગિયાર લાખનું માતબર દાન અપાવવામાં ડૉ. સાહેબનું મોટું યોગદાન

રહેલું. એ. આઈ. પટેલ સ્વનિર્ભર પ્રાથમિક શાળા અને 'શ્રી કરણનગર ગ્રામપંચાયત ઉ. મા. શાળા'નું ભવ્ય મકાન પણ નિર્માણ પામ્યું. બરાબર આ સમયગાળામાં ગુજરાતમાં કમ્પ્યૂટર શિક્ષણની શરૂઆત થઈ ચૂકી હતી. ત્યારે આપણા ભૂ. પૂ. વિદ્યાર્થી કે જેઓશ્રી સુરતમાં ટેક્સટાઈલનો ઉદ્યોગ ધરાવે છે તે શ્રી કનુભાઈએ પોતાના પિતાશ્રી 'રામાભાઈ હીરદાસ પટેલના નામે કમ્પ્યૂટરહૉલ' માટે દાન આપ્યું. ડૉ.સાહેબના સહકારથી જુદા-જુદા દાતાઓ તરફથી 16 કમ્પ્યૂટર મૂકવામાં આવ્યાં. જેમાં ડૉ.સાહેબના સુપુત્ર શ્રી કિરીટભાઈનું અમૂલ્ય માર્ગદર્શન મળ્યું.

ડૉ.સાહેબની સાથે આદરણીય શ્રી માણેકલાલભાઈ સાહેબ, આપણા નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ સાહેબ, શેઠ શ્રી ડાહ્યાભાઈ પટેલ તો હોય જ. આ મહાનુભાવોને સંસ્થાના બધા જ પ્રસંગોમાં ડૉ. સાહેબ લાવે અને તેમનું બહુમાન કરાવે. સંસ્થામાં નાના-મોટા કાર્યક્રમો યોજવા માટે સંસ્કાર ભવનની જરૂરિયાત જણાઈ ત્યારે ડૉ. સાહેબે કેળવણીમંડળના સભ્યો, ગ્રામપંચાયતના સભ્યોને તથા ગામના આગેવાનોને પોતાની 'કીરા કૅમિકલ'માં બોલાવ્યા. ડૉ. સાહેબ અને શ્રી માણેકભાઈ સાહેબે ગ્રામપંચાયતના સભ્યોને પુનઃ પ્રોત્સાહિત કરી રૂપિયા પચીસ લાખનું દાન આપવા સહમત કર્યા. ડૉ. સાહેબના સુપુત્રો કિરીટભાઈ અને પ્રદીપભાઈ તરફથી મિષ્ટાન ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. 'બાપ તેવા બેટા'નું સુંદર દૃષ્ટાંત પૂરું પાડતાં શ્રી કિરીટભાઈ અને શ્રી પ્રદીપભાઈ પણ ડૉ. સાહેબની જેમ સમાજનું ઋણ ચૂકવવામાં કદી પાછા પડ્યા નથી.

પછી તો નૂતન વિદ્યાલય કૅમ્પસમાં એક સુંદર સંસ્કારભવન ઊભું કરવા માટે ખાતમુહૂર્તનો પ્રસંગ આવ્યો. જેમાં ગામના વડીલો સાથે ડૉ. રામભાઈ, શ્રી માણેકલાલ સાહેબ, ડૉ. જયંતીભાઈ તથા અન્ય મહેમાનો ઉપસ્થિત રહ્યા. સંસ્કારભવનની રચના કરવા આર્કિટેક અને એન્જિનિયર વગેરેને લઈ શ્રી કિરીટભાઈ, શ્રી પ્રદીપભાઈ અને ડૉ. જયંતીભાઈના સુપુત્ર શ્રી પુલકિત્તભાઈ આવ્યા. આ ત્રણે યુવાન મિત્રોની મદદથી સંસ્કારભવનનું નિર્માણ કરવા કલોલના કોન્ટ્રાકટર શ્રી શકરાભાઈને કામ આપ્યું. દાતાશ્રીઓ તરફથી દાનનો સતત પ્રવાહ ચાલુ રહ્યો. સરપંચ શ્રી કનુભાઈ નગરશેઠ તરફથી ગ્રામપંચાયતનું દાન પણ મળ્યું. શ્રી ઉત્તમભાઈ અને ડૉ. રામભાઈ તરફથી પણ મોટાં દાન મળ્યાં. બે વર્ષના ગાળામાં સંસ્કારભવન તૈયાર થઈ ગયું અને ડૉ. રામભાઈ, શ્રી નીતિનભાઈ સાહેબ, શ્રી માણેકભાઈ સાહેબ અને શેઠશ્રી ડાહ્યાભાઈ પટેલ જેવા મહેમાનો અને આદરણીય ગ્રામજનો તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની હાજરીમાં

સરપંચશ્રીના વરદ્હસ્તે સંસ્કારભવનનું ઉદ્‌ઘાટન થયું.

સંસ્કારભવનના ઉદ્‌ઘાટન બાદ ડૉ. રામભાઈ સાહેબના પ્રમુખસ્થાને કડી તાલુકા યુવક મહોત્સવનું આયોજન કર્યું. તાલુકાની બધી જ શાળાઓના આચાર્ય મિત્રો શિક્ષકો અને હરીફ વિદ્યાર્થીભાઈ-બહેનોને પોતાની કૃતિઓ રજૂ કરવાની સંપૂર્ણ ઈકોપ્રૂફ સંસ્કારભવનમાં ખૂબ મજા પડી, વૃક્ષો, બગીચો અને વનરાજીથી ઘેરાયેલા 'નૂતન વિદ્યાલય'નાં બધાં જ મકાનો જોઈ ડૉ. સાહેબ ખૂબ જ પ્રસન્નતા અનુભવતા.



*નૂતન વિદ્યાલયના નામકરણ સમારોહ પ્રસંગે દીપપ્રાકટ્ય કરી રહેલા શ્રી આત્મારામ પટેલ, ડૉ. રામભાઈ પટેલ વગેરે મહાનુભાવો.*

1990માં રજતજયંતી ઊજવ્યા બાદ ફરી 2015માં સુવર્ણજયંતી ઊજવવા કેળવણી મંડળે નિર્ણય લીધો આ પ્રસંગે કરણનગરના બધા જ ડૉક્ટરોનું તથા શાળાના આચાર્યશ્રી અને શિક્ષકોનું બહુમાન કરવાનું સૂચન ડૉ. રામભાઈ સાહેબે કેળવણીમંડળના પદાધિકારીશ્રીઓને કર્યું હતું. આ સૂચનમાં ડૉક્ટર સાહેબની દૂરંદેશિતાનાં દર્શન થાય છે. આ શુભ પ્રસંગ સર્વ વિદ્યાલય કેળવણીમંડળના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ સરદાર અને જાણીતા ઉદ્યોગપતિ શ્રી દિલીપભાઈ શેઠ અને ઘણા માનવંતા મહેમાનોના સાંનિધ્યમાં ભારે ગૌરવપૂર્વક ઊજવવામાં આવ્યો હતો. આ ગરવા પ્રસંગે ગામના ડૉક્ટરો ઉપરાંત કેળવણીમંડળના હોદ્દેદારો શ્રી ઉત્તમભાઈ, શ્રી સેંધાભાઈ, શ્રી ચીમનભાઈ, શ્રી બળદેવભાઈ તથા વર્તમાન અને ભૂતપૂર્વ આચાર્યો અને શિક્ષકો તથા સરપંચશ્રીઓનું બહુમાન કરવામાં આવ્યું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ સહિત સૌને માટે મિષ્ટ ભોજનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

કેળવણીમંડળ સંચાલિત 'ઇંદ્રવદન શિશુવિહાર' ગામની પ્રાથમિક શાળાના કૅમ્પસમાં ચાલતું તેને 'નૂતન વિદ્યાલય'ના કૅમ્પસમાં અલાયદુ ભવન બનાવીને પ્રસ્થાપિત કરવામાં આવ્યું. સદર બાલમંદિર સદનને શ્રી આત્મારામદાસ ઈ. પટેલનાં સુપુત્રી પૂ. મંગુબહેનના નામે સમર્પિત કરી મોટા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામને સંપૂર્ણ વિકસિત થયેલ જોઈ નૂતન વિદ્યાલયમાં ડૉ. સાહેબ જ્યારે આવતા ત્યારે સંતોષનો અનુભવ કરતા. છેલ્લે શરીર સાથ આપતું બંધ થયું ત્યારે પણ જ્યારે અમે તેમને મળવા જઈએ ત્યારે ગામના તેમજ કેળવણી સંસ્થાઓના સમાચાર પૂછે. પોતાના સુપુત્રો શ્રી કિરીટભાઈ

અને શ્રી પ્રદીપભાઈને પોતાનું કામ આગળ ધપાવવા ગામ સાથે જોડાયેલા રહેવા સૂચન કરે. કરણનગર ગામના આવા મહાન સપૂતના આત્માને ઈશ્વર ચિરશાંતિ આપે તેવી પ્રાર્થના સાથે જય સ્વામિનારાયણ.



સમસ્ત "નૂતન પરિવાર"

પ્રમુખ, શ્રી ઉત્તમભાઈ ધુરાલાલ શાહ
ઉપપ્રમુખ, શ્રી સેંધાભાઈ પુરુષોત્તમદાસ પટેલ
મંત્રી, શ્રી ચીમનભાઈ બેચરદાસ પટેલ
ટ્રસ્ટી, શ્રી બળદેવભાઈ અંબાલાલ પટેલ
ટ્રસ્ટી, શ્રી ડૉ. રમણભાઈ ગોપાળદાસ પટેલ
સહમંત્રી, શ્રી ઇંદ્રવદનભાઈ કરસનભાઈ પટેલ
કારોબારી સદસ્યશ્રીઓ
શ્રી નૂતન વિદ્યાલય પરિવાર, કરણનગર



*સર્વ વિદ્યાલય કેમ્પસ, કડીમાં નવાં બાંધવામાં આવેલાં વિવિધ વિદ્યાભવનનોનાં ઉદ્‌ઘાટન સમારોહ ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલના મુખ્ય મહેમાનપદે તા. 16 જાન્યુઆરી, 2016ના રોજ યોજવામાં આવેલ તે પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો.*

૨૪

# કરણનગરના સર્વાંગી વિકાસના શિલ્પી : ડૉ. રામભાઈ એમ. પટેલ

**શેઠશ્રી ઉત્તમભાઈ ધૂરાલાલ શાહ**

કડીના જી.આઈ.ડી.સી.ને અડોઅડ કરણનગર ગામ આવેલું છે. જેથી કરણનગરના લોકો કડીનગરમાં શિક્ષણ, વ્યવસાય, ધંધો અને રોજગાર માટે સરળતાથી આવે છે. આ ગામ સુખી અને સંપન્ન છે. કરણનગરમાં સ્વતંત્ર હાઈસ્કૂલ શરૂ થાય તો બાળકો ઘેર બેઠાં માધ્યમિક શિક્ષણ મેળવી શકે અને બહેનોના અભ્યાસ માટે પણ વિશેષ અનુકૂળતા થઈ શકે. આવી ઉમદા ભાવનાથી પ્રેરાઈને કરણનગરના અગ્રણીઓની બેઠક ડૉ. રામભાઈએ બોલાવી અને સેંધાભાઈ જેવા સંવાદી વ્યક્તિને તેનું નેતૃત્વ સોંપ્યું. બધી જ જ્ઞાતિઓના આગેવાનોને વિશ્વાસમાં લઈને સર્વાનુમતે ગામમાં વિકાસકાર્યો શરૂ કર્યાં. શાળા શરૂ કરવા માટે ડૉ. રામભાઈ અને આગેવાનો મુંબઈ આવેલા અને મોટી રકમનું દાન એકત્ર કરી શકેલા. કડી તાલુકાના ગ્રામ્યવિસ્તારની શાળાઓમાં કરણનગરની હાઈસ્કૂલ અગ્રણી ગણાતી. શિક્ષણ હોય કે ગામના રસ્તા હોય કે વૉટરવર્ક્સની સુવિધા ઊભી કરવામાં ડૉ. રામભાઈ હંમેશાં મોખરે હોય. ઉનાળાની રજાઓમાં કે સામાજિક પ્રસંગો વખતે અમે બધા કરણનગર જતા ત્યારે ડૉ. રામભાઈ અને અન્ય આગેવાનો અમારા ઘરની મુલાકાત લઈ ગામવિકાસની વાતો કરતા ત્યારે મારા બાપુજી શેઠ શ્રી ધૂરાલાલ હંમેશાં આનંદ અનુભવતા અને વિકાસકાર્યોમાં જોડાઈને ધન્યતા અનુભવતા. છેવાડાના આદમીને પણ ગામમાં જરૂરી સુવિધાઓ મળે તે અમે યાદ રાખી છે. સમાજસેવા અને શિક્ષણમાં અમે સૌએ સહકાર આપ્યો છે અને આપતા રહીશું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજનું બાંધકામ કર્યું તેમાં પણ સહયોગ આપતાં અમારા બાપુજીને અમે જોયા છે. ડૉ. રામભાઈનો સેવાયજ્ઞ ચાલુ રાખવા અમે હંમેશાં પ્રયત્નશીલ રહીશું. આભાર.

શેઠશ્રી ઉત્તમભાઈ ધૂરાલાલ શાહ
મુંબઈ

૨૫

# ડૉ. રામભાઈ સાહેબ - પ્રતિભાવંત વ્યક્તિત્વ

**આર. પી. પટેલ**

સમાજમાં શૈક્ષણિકક્ષેત્રે જેમનું યોગદાન અવિસ્મરણીય છે તેવા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામીના પરમ કૃપાપાત્ર અને શ્રીમદ્ ભગવદ્ગીતાને અભિપ્રેત એવા "નિષ્કામ કર્મયોગી" શ્રી ડૉ. રામભાઈ સાહેબ હવે આપણી વચ્ચે નથી. તેઓ ભગવાન બુદ્ધની "કરુણા" અને મહાવીરસ્વામીની "અહિંસા"ભાવનાથી પ્રભાવિત હતા. ખરા અર્થમાં નરસિંહના "વૈષ્ણવજન" હતા. સેવાવ્રતી અને ગરીબો પ્રત્યે વિશેષ અનુકંપા ધરાવતા કુશળ ડૉક્ટર અને ઉદાર દાનવીર હતા અને તેથી જ કડી અને સમગ્ર ઉત્તર ગુજરાતમાં સૌ કોઈ તેમના માટે ગૌરવની લાગણી અનુભવતાં.

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. રામભાઈ સાહેબનું 84 વર્ષની જૈફ વયે અવસાન થયું. ડૉ. રામભાઈ 'અવસાન પામ્યા' કહેવા કરતાં 'નિર્વાણ પામ્યા' કહેવું વધારે ઉચિત લાગે છે. એવા તપસ્વી જેવા સાધુપુરુષ ડૉ. રામભાઈ સાહેબ શાળાજીવન દરમિયાન સ્વામિનારાયણ સંપ્રદાયના પરિચયમાં આવતાં પ્રમુખસ્વામીના કૃપાપાત્ર બન્યા, ત્યારે પ્રમુખસ્વામી સમક્ષ દીક્ષા લઈ સાધુ થવાની ઇચ્છા વ્યક્ત કરતાં પ્રમુખસ્વામીએ તેમને કહેલું કે, 'તમે સાધુ જ છો. તમારે દીક્ષા લઈ સાધુ થવાની જરૂર જ નથી. તમે જે પ્રવૃત્તિ કરો છો તે સાધુથી પણ અધિક છે.' આવું વ્યક્તિત્વ ધરાવતા ડૉ. રામભાઈ સમાજમાં સર્વ માટે પ્રેરણાનું ઝરણું હતા.

આવા ડૉ. રામભાઈ સાહેબે કડી સર્વ વિદ્યાલય કેળવણીમંડળના પ્રમુખ-સ્થાને રહી શિક્ષણનો યજ્ઞ આજીવન પ્રજ્વલિત રાખ્યો. તેમણે શિક્ષણયાત્રાને જ પોતાની જીવનયાત્રા ગણી.

સમાજની સંસ્થાઓમાં ડૉ. રામભાઈનો આર્થિક સહયોગ હંમેશાં નોંધપાત્ર રહ્યો છે. સ્વ. માણેકલાલ સાહેબ સાથે રહીને કડી – સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સર્જન અને ઉત્થાનમાં પુરુષાર્થ અને પૈસાનું સિંચન કર્યું છે, જે સમાજ માટે ગૌરવરૂપ છે. આવું કર્મયોગી જીવન જીવી જનાર વ્યક્તિત્વને શત શત વંદન.

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અને સમગ્ર ટીમ સદ્ગતના આત્માની શાંતિ માટે જગતજનની મા ઉમિયાને પ્રાર્થના કરે છે.

પ્રમુખ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન,
આર. પી. પટેલ

૨૬

# એક કર્મઠ સાધુપુરુષ

**ડૉ. પ્રભુદાસ પટેલ**

ગની દહીંવાલાનો એક પ્રખ્યાત શેર છે:

**જીવનનો એ જ સાચો પડઘો છે "ગની',**
**વ્યક્તિ હાજર હોય નહીં, ને નામ બોલાયા કરે.**

આજે આપણી વચ્ચે હયાત ન હોવા છતાં તેમના વિચારોથી, કાર્યોથી, સંસ્કાર અને આચરણ થકી ડૉ. રામભાઈસાહેબ હાજરાહજૂર લાગે છે.

કેટલાંક ફૂલોની સુગંધ હંમેશાં ફેલાયેલી રહે છે. સ્વ. ડૉ. રામભાઈ આ પૃથ્વી ઉપરનું એવું પુષ્પ હતા; જેની સુવાસ સમગ્ર સર્વ વિદ્યાલય કૅમ્પસ અને આજુબાજુ કાયમ રહેશે. એક જીવંત અને સદાય હસતું વ્યક્તિત્વ ભલે આપણાથી દૂર ગયું; આપણી સાથે નથી; છતાં આંખો બંધ કરીએ તો તેમની હાજરી જ વર્તાશે.


*શ્રી ગોવિંદજી દેસાઈનું સ્વાગત કરતા ડૉ. રામભાઈ પટેલ*

**No Study without Kadi.** કડી શૈક્ષણિક નગરીનો દરજ્જો પ્રાપ્ત કરી ચૂક્યું હતું; જેના પાયામાં પૂ. છગનભા (સરઢવ), સ્વ. આર. કે. અમીન (ગોઝારિયા) પૂ. સ્વ. માણેકલાલ સાહેબ, સ્વ. દાસકાકા અને હવે સ્વ. ડૉ. રામભાઈ સાહેબનું નામ બોલાશે. અલબત્ત, પૂર્વ આચાર્યો શ્રી એન. એન. દેસાઈ, સાહિત્યકાર સ્વ. મોહનભાઈ, ચાણસ્માના શ્રી મનુભાઈ અને સદ્‌ગત ગામીસાહેબનો અદ્‌ભુત શૈક્ષણિક વહીવટ દાદ માગી લે તેવો હતો.

સર્વ વિદ્યાલય કેળવણીમંડળના પ્રમુખપદનો ભાર સંભાળ્યા પછી તો ડૉ. રામભાઈ અને સ્વ. માણેકલાલ સાહેબે પાછું વળીને જોયું નથી. પૂ. છગનભાએ રોપેલો જ્ઞાનવડ કડીથી વિસ્તરીને છેક ગાંધીનગર સુધી ફેલાયો. આજે સમગ્ર ગુજરાતની સૌથી મોટી શિક્ષણસંસ્થા તરીકેનું બિરુદ પ્રાપ્ત કરનાર સંસ્થાનું વિઝનરી પુરુષ સરદાર વલ્લભભાઈ સુપેરે સંચાલન કરી રહ્યા છે.



સ્વભાવથી જ સર્વોદયી અને પરોપકારી એવા ડૉ. રામભાઈ સાહેબ

સર્વોદયી પ્રવૃત્તિઓથી રંગાયેલા હતા. તેટલા જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના હિમાયતી હતા. તેમનું ખમીર અને કર્તવ્યનિષ્ઠાને કારણે સેવામૂર્તિ ડૉ. રામભાઈ સાહેબને વિવિધ સમાજસેવી સંસ્થાઓ દ્વારા આદર સહિત પ્રસંગોપાત્ત સન્માનિત કરવામાં આવ્યા હતા.

ડૉક્ટરસાહેબનું વતન કરણનગર (તા. કડી)ને “ડૉક્ટરોનું ગામ” કહેવાય છે. આ એક જ ગામમાં લગભગ 70 ડૉક્ટરો પેદા થયા છે. આ ગામનું ધૂળ ઢાંક્યું રતન એટલે આપણા ડૉ. રામભાઈ સાહેબ! પાંચ સૈકામાં એકદા આવો સાધુપુરુષ અવતાર લેતો હોય છે. શરૂઆતમાં ગામના નામથી ડૉક્ટરસાહેબ ઓળખાતા અને હવે ડૉ. સાહેબના નામથી ગામ (કરણનગર) ઓળખાય છે. આ શું ઓછી સિદ્ધિ છે? ડૉ.સાહેબનો “જીવનમંત્ર”. જીવન પોતે જ એક ઉત્સવ છે. પળે-પળે પારાવાર પ્રસન્નતા અનુભવાવી અને આનંદમંગલની આરતી કરી ખુશીનો પ્રસાદ વહેંચવો એ જ સાચો ઉત્સવ છે. સદ્‌ગત આ રીતે જ જીવ્યા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આ બાહોશ અને દૃષ્ટિવંત પ્રમુખ ડૉ. રામભાઈની સંસ્થાભક્તિને હું હૃદયથી બિરદાવું છું. તેમની ઉમદા સમાજસેવા અને ઉદાત્ત ભાવનાનો હું સાક્ષી છું. અનેક વિટંબણાઓની વચ્ચે પણ જીવનને ખીલેલા ફૂલ જેવું રાખ્યું. તેમના પુરુષાર્થને એક સલામ. ડૉ. રામભાઈ સાહેબ એવા એક ગુણવાન-પ્રાણવાન પાત્ર હતા. તેમણે મૃત્યુ સુધી બીજાઓને દિશા આપ્યા જ કરી. ક્યાંય સ્વાર્થ નહિ, માત્ર સમર્પણ-ભાવના, ત્યાગની ભાવના, આપવાની ભાવના, સાચા અર્થમાં તેઓ એક અદના સંસ્કારી પુરુષ હતા. પરિચયમાં આવેલી વ્યક્તિઓમાં ઓગળતા રહેવાનો તેમનો સદ્‌ગુણ હતો. તેમની જિંદગીમાં વર્ષો અને વર્ષોમાં જિંદગી ઉમેરાઈ છે.

હે દયાના સાગર!
અમારા સૌના સ્વજન
ગામ કરણનગરના પનોતા પુત્ર,
ભાઈ કિરીટ - પ્રદીપના પ્યારા પપ્પા,
અને કડી કૅમ્પસના લાડલા - પ્રધાન સેવક
નામે ડૉ. રામભાઈ સાહેબે
તેમની લૌકિકયાત્રા પૂરી કરીને
તારા ધામ પ્રતિ પ્રયાણ કર્યું છે.
હે દયામય!
તારું મંગલ મંદિર ખોલી દે
અને સદ્‌ગતને તારા ધામમાં
વિસામો આપી – અમૃતપાન કરાવી
તેમના પુણ્યાત્માને
ચિરશાંતિ અર્પો.

ડૉ. પ્રભુદાસ પટેલ
કો-ચૅરમૅન - ટેમ્પલ કમિટી
વિશ્વ ઉમિયાધામ
(શો) 98253164617

२७

# અસલ પટેલની પ્રભુતાને જીરવનાર

**સેંધાભાઈ પુરુષોત્તમદાસ પટેલ**

આજનું પ્રભાત થયું ત્યારે કોઈને કલ્પના પણ નહોતી કે આજનો દિવસ ઇતિહાસનું કંઈક અનોખું પૃષ્ઠ લખવા સર્જાયો છે. ડૉ. રામભાઈ મારા સમવયસ્ક અને વર્ષો સુધી ક. કે. ઉ. મંડળના ઉત્કર્ષ, વિકાસ માટે હંમેશાં... સતત ચિંતન અને મનન કરતા. રામભાઈ મને હંમેશાં કહેતા... સેંધાભાઈ આપે આ નૂતન પરિવારના છોડનું સિંચન કરવાની જવાબદારી ઉઠાવી છે. આ વાતમાં હું હંમેશાં આપની સાથે છું. ડૉ. રામભાઈ સાહેબની કુશાગ્ર બુદ્ધિ, આવડત અને ધગશથી આ નૂતન પરિવાર આજે વટવૃક્ષ બની પાંગર્યું છે. અસલ પટેલની પ્રભુતાને જીરવનાર અને જાળવનાર કરણનગરપ્રેમી એવા સ્વામિનારાયણ સંપ્રદાયના હરિભક્ત અને દિલદાર વ્યક્તિત્વ ધરાવતા એવા આપનું વતનની વિકાસ પ્રવૃત્તિમાં યોગદાન મેં નરીઆંખે નિહાળ્યું છે. આ શાળાની 55 વર્ષ જેટલી દીર્ઘકાલીન સેવાઓ દરમિયાન શાળાના સર્વાંગી વિકાસમાં આપનું યોગદાન સવિશેષ રહ્યું છે. શાળામાં હાયર સેકન્ડરી ચાલુ કરાવવામાં માત્ર ને માત્ર ડૉ. રામભાઈ સાહેબની જ પ્રેરણા હતી. મારા સાથી મિત્ર પૂ. રામભાઈ સાહેબ તેમની દૂરંદેશિતાશીલ શૈક્ષણિક દષ્ટિ માટે સદૈવ સ્મરણીય બની રહેશે. કડીમાં જ્યારે તેઓ મને મળતા ત્યારે પૂછતા કે (કરણનગરમાં) આપણા ગામમાં કેવું ચાલે છે. કોઈ તકલીફ હોય તો મને કહેજો. હું સહભાગી બનીશ. કરણનગર ગામને એક આદર્શ ગામ બનાવવાની ઉત્કંઠ ઇચ્છા કોને ન હોય. સાહેબ હંમેશાં મને કહેતા આપણા ગામના નાગરિકોની શુભેચ્છા, શુભભાવના, શ્રદ્ધા અને પ્રેમ મને જોવા મળ્યો છે. આપણા ગામ માટે કોઈ કાર્ય કઠિન છે જ નહિ. ડૉ. રામભાઈ સાહેબ અક્ષરનિવાસી થવાથી જન્મોજન્મ સુધી કાળજે કોતરાયેલી એમની અમર છબિ હું કેવી રીતે ભૂલી શકું? એમની અનંત દિવ્ય સ્મૃતિઓ સાથે એમની અલૌકિક ઓળખાણનું પાનું ખોલવા હૈયું ધડકવા માંડે છે...



*કરણનગર વિદ્યાલયમાં હોલના ઉદ્‌ઘાટન પ્રસંગે ડૉ. રામભાઈ પટેલનું સન્માન કરી રહેલા શ્રી સેંધાભાઈ પટેલ.*

**- સેંધાભાઈ પુરુષોત્તમદાસ પટેલ**

કરણનગર, (હાલ: કડી)

૨૮

# કરણનગરના પનોતા પુત્ર તેમજ સર્વ વિદ્યાલય, કડીના કર્મયોગી

**મહેન્દ્રભાઈ જી. પટેલ, (એડવોકેટ)**

ડૉ. રામભાઈ પટેલસાહેબ એટલે અમારા વતન કરણનગર ગામનું ગૌરવ. કરણનગર ગામના પનોતા પુત્ર. તેઓશ્રી તેમનાં પૂજ્ય બા કુંવરબાની છત્રછાયામાં આર્થિક સંકટમાં પણ મક્કમ મનોબળ સાથે સ્વામી વિવેકાનંદના સિદ્ધાંત મુજબ ધ્યેયપ્રાપ્તિ માટે સતત કાર્યશીલ રહી નિષ્ફળતાને સફળતાના પાયા તરીકે સ્વીકારીને કરણનગર ગામના પ્રથમ એમ.બી.બી.એસ. ડૉક્ટર થયા હતા. તેમણે પ્રારંભમાં કટોસણ રોડ અને ત્યાર પછી કડી મુકામે સ્થાઈ થઈને લોકોની સેવાભાવનાથી સારવાર કરતાં એક સારા ડૉક્ટર તરીકે નામના મેળવી હતી. સારી પ્રેક્ટિસ ચાલતાં આર્થિક રીતે સદ્ધર પણ થયા. લક્ષ્મીની કૃપા થતાં તેમણે ઉદારતાથી દાનનો પ્રવાહ સર્વ વિદ્યાલય (કડી), પોતાના વતન કરણનગરની નૂતન વિદ્યાલય તેમજ અન્ય શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓમાં વહેવડાવી રાખ્યો હતો. જરૂરિયાતમંદ વિદ્યાર્થી ભાઈ-બહેનોને અભ્યાસ પૂરો કરવામાં તેમની ઉમદા હૂંફ મળતી રહી હતી. તેમની ઉમદા અને પરોપકારી વિચારધારા અને સહયોગના કારણે કેટલીક સંસ્થાઓ આજે વટવૃક્ષ સમાન બનીને ઊભી છે. તેઓશ્રી શૈક્ષણિક સંસ્થાઓની સાથે-સાથે ધાર્મિકક્ષેત્રે પણ અગ્રેસર રહ્યા હતા. પ્રમુખસ્વામીના નિકટના આધ્યાત્મિક વ્યક્તિ તરીકે સ્વામિનારાયણ ભગવાનની અતૂટ ભક્તિ કરી ભક્તિમાર્ગે તેઓ રંગાઈને પોતાના કુટુંબ અને સમાજના અનેક લોકોને સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ કરવા તેમજ લોકોની સેવા કરવા પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડતા રહ્યા હતા.

આરોગ્ય, શિક્ષણ તથા ધાર્મિક એમ ત્રણેય ક્ષેત્રોમાં સેવાનો ત્રિવેણીસંગમ ડૉ. રામભાઈ પટેલના વ્યક્તિત્વમાં વિરલ જોવા મળ્યો છે. તેમણે ઉમદા સંસ્કારોનું બીજ પોતાના સુપુત્રો શ્રી કિરીટભાઈ તથા શ્રી પ્રદીપભાઈમાં સિંચતાં આ બંને સુપુત્રો પણ અનેકવિધ સંસ્થાઓમાં દાનનો પ્રવાહ વહેવડાવી રહ્યા છે. કરણનગરનાં નૂતન વિદ્યાલયના કૅમ્પસમાં તેઓએ 'સ્વ. કુંવરબા પટેલ સાંસ્કૃતિક હૉલ' બનાવી આપ્યો છે. આ ભવ્ય હૉલનો ઉપયોગ બાળકો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કરે છે.



*કરણનગર વિદ્યાલયમાં*
*ડૉ. રામભાઈ પટેલ ઉદ્‌બોધન કરી રહ્યા છે....*

ડૉ. રામભાઈ તો અમારા પરિવાર માટે મોટા ભાઈ સમાન હતા. પોતાના ગામના અન્ય એમ.બી.બી.એસ. ડૉક્ટરોને પણ માર્ગદર્શન પૂરું પાડીને સારો સાથ-સહકાર આપતા રહ્યા હતા. મારે ગર્વપૂર્વક નોંધવું રહ્યું કે એમ.બી.બી.એસ. ડૉક્ટર તરીકે ડૉ. રામભાઈ પટેલસાહેબની સારી સેવા તથા સફળતાને ધ્યાનમાં રાખીને અમારા ગામમાંથી મોટી સંખ્યામાં એમ.બી.બી.એસ., એમ.ડી., એમ.એસ., એમ.સી.એચ. ડૉક્ટર્સ થયેલા છે, જેમાં ડૉ. રામભાઈ સાહેબની પ્રેરણા જ છે. કડીમાં સ્થાયી થયેલા હોવા છતાં કરણનગર ગામ-વતન પ્રત્યેની લાગણી, ઉદારતા, સેવાપરાયણતા અસાધારણ રહ્યાં હતાં. સ્વ. માણેકલાલ સાહેબ સાથે પરિવારના સભ્યની જેમ સાથે ઊભા રહીને અને ગાંધીનગરના કડી સર્વ વિદ્યાલય કૅમ્પસોમાં જુદી-જુદી શૈક્ષણિક સંસ્થાઓ ઊભી કરી/કરાવી વિવિધ પ્રકારના અભ્યાસક્રમો શરૂ કરાવવામાં તેમજ કડી સર્વ વિશ્વવિદ્યાલયની સ્થાપના કરાવવામાં તેમનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. તેમની મહેનત અને માર્ગદર્શનથી કડી સર્વ વિશ્વવિદ્યાલય આજે ઉચ્ચ શિક્ષણક્ષેત્રે નામના મેળવી રહ્યું છે. મેં અનુભવ્યું છે કે કોઈ પણ વ્યક્તિમાં કામ કરવાની શક્તિને પારખવાની દીર્ઘદૃષ્ટિ ડો. રામભાઈમાં ઘણી સારી હતી. નાના માણસનું પણ નાનું એવું સેવાનું કાર્ય તેઓ ધ્યાને રાખીને તેની કદર કરતા રહેવું એ તેમનો સ્વભાવ હતો. તેઓશ્રી ખરા અર્થમાં સ્વામિનારાયણ ભગવાનની ભક્તિથી મોટા ગજાના ભગવતભક્ત તરીકે ઊભરી આવ્યા હતા. આવા ડૉ. રામભાઈ પટેલસાહેબને મારા તથા સમગ્ર કરણનગર ગામ વતી કોટી કોટી વંદન પાઠવું છું.

**- મહેન્દ્ર જી. પટેલ**
37, રાજદીપ સોસાયટી,
ગાયત્રીમંદિર પાસે, રાણીપ, અમદાવાદ
મો. 9824430644

૨૯

# ડૉ. રામભાઈ સાહેબ

**જીવણલાલ માધવલાલ પટેલ**

કડીની ગૌરવશાળી વ્યક્તિઓ સર્વશ્રી માણેકલાલ સાહેબ અને ડૉ. રામભાઈ આજે આપણી વચ્ચે હયાત નથી, પણ તેમનાં નામ ભુલાશે નહિ. બન્ને મહાનુભાવોએ શિક્ષણક્ષેત્રે કડી અને ગાંધીનગરની ભૂમિ ઉપર સર્વ વિદ્યાલય સંકુલના વિકાસ માટે અનેક પ્રકારના લોકોપયોગી વિષયોને ધ્યાનમાં લઈ જે-જે ફેકલ્ટીઓ ઊભી કરી છે તે તેમની દીર્ઘદૃષ્ટિ, વહીવટીય કુશળતા અને ખાસ તો તે માટે જે ફંડ મેળવ્યું તેમાં તેમનાં સંસ્કાર, આધ્યાત્મિકતા, નીડરતા અને સત્યવચની ધગશ આભારી બની રહે છે.

ડૉ. રામભાઈ સાહેબ ડૉક્ટરીના વ્યવસાયને પણ પૂર્ણ ન્યાય આપતા રહ્યા હતા. ડૉક્ટરની પદવી મળ્યા પછી ગ્રામ્યવિસ્તારની સેવા કરવાના ભાવ સાથે તેમણે કટોસણ રોડ પર દવાખાનું શરૂ કર્યું હતું, તે વખતે અમારી લાટી કટોસણ રોડ હતી; પરંતુ આ સેન્ટર ઘણું નાનું હોવાથી તેઓશ્રી દોઢેક વર્ષમાં કડીમાં સ્થાનાન્તરીત થયા હતા. તે વખતના અમારા સંબંધો આજદિન સુધી તેમની અને તેમના પરિવાર સાથે ચાલુ છે.

અમે કડીમાં લાટી શરૂ કરી ત્યારે તેમની પણ સલાહ લીધી હતી. મારે પ્રોસ્ટેટ અને પથરીના દુખાવાના કારણે તેમના પરિચયમાં વધારે વખત આવવાનું થયું હતું. તેમની સાથેના સત્સંગમાં આધ્યાત્મિક વાત જ હોય. તેમના વિચારોએ જ તેમની સામાજિક અને શૈક્ષણિકક્ષેત્રે પ્રગતિ કરાવી છે.


*વિજ્ઞાનમેળાની મુલાકાતે ડૉ. રામભાઈ પટેલ અને શ્રી વલ્લભભાઈ પટેલ (તા. 30/9/2015)*

મેં સને 1944થી 1951 સુધીમાં સર્વ વિદ્યાલય બૉર્ડિંગ (આશ્રમ) અને હાઈસ્કૂલમાં મૅટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો. કડીના અગ્રગણ્ય મહાનુભાવોના પરિચયમાં પણ તે વખતેથી જ છું. કડીમાં તેમજ મહેસાણામાં



*સર્વ વિદ્યાલય, કડીના કેમ્પસમાં ડાબેથી*
*શ્રી ડાહ્યાભાઈ પટેલ, ડૉ. રામભાઈ પટેલ અને શ્રી માણેકલાલ પટેલ.*

પણ અમારા ધંધાનો વિકાસ થતાં મેં ડૉ. રામભાઈ સાહેબને મારા સર્વ વિદ્યાલયના ઋણની વાત કરતાં તેમણે ટ્રસ્ટ ફંડમાં રૂ. 111111/– આપવા કહેતાં મેં તુરત જ ચેક આપી આનંદ અનુભવ્યો હતો.

શ્રી કિરીટભાઈ અને શ્રી પ્રદીપભાઈના પરિચયમાં આવતાં સંબંધમાં સુગંધ ભર્યાં જેવું થયું છે. અમારા કૌટુંબિક પ્રસંગોમાં પણ અમે અરસપરસ હાજરી આપતા રહીએ છીએ. શ્રી કિરીટભાઈએ અમદાવાદમાં થલતેજ વિસ્તારમાં ગ્રીન ફિલ્ડમાં બંગલો બનાવ્યો. અમે પણ થલતેજમાં ઝાયડસ રોડ ઉપર રહીએ છીએ. એકાદ દિવસે ડૉ. રામભાઈ સાહેબનો તેમને મળવા જવા ફોન આવ્યો. મારી નાદુરસ્ત તબિયતના હિસાબે આમંત્રણ સ્વીકારી શક્યો નહિ, જેથી થોડા જ સમયમાં તેઓ જાતે જ મળવા આવી ગયા. તેમની સાથેના સત્સંગથી આનંદ આવ્યો. આ તેમની ઉદાર ભાવનાને હું કેવી રીતે ભૂલી શકું ? તેમનો પ્રેમ કદાપિ ભૂલી શકાશે નહિ.

પૂ. છગનભાના 'કર ભલા હોગા ભલા'ના સૂત્રને જીવનધ્યેય બનાવનાર ડૉ. રામભાઈ સાહેબ સદૈવ સ્મરણીય બની રહેશે. તેમના પરિવારે અને શ્રી માણેકલાલ સાહેબના પરિવારે સંસ્થાની સેવા કરવા તેમના સુપુત્રો શ્રી કિરીટભાઈ, શ્રી પ્રદીપભાઈ અને શ્રી વલ્લભભાઈને આદેશ આપતાં તેનો સૌ ગર્વની લાગણી સાથે પિતૃઋણ અને સમાજઋણ અદા કરવાની કર્તવ્યભાવના સાથે અમલ કરી રહ્યા છે. આ પરિવારોના સૌ સભ્યોને ધન્યવાદ ઘટે.


**- જીવણલાલ મા. પટેલ**
ડી. 004, ઓરોને ડિઝાયર,
ઝાયડસ રોડ, થલતેજ, અમદાવાદ
મો. 9824089442

30

# ડૉ. રામભાઈ સાથેનાં સંસ્મરણો

**અમૃતભાઈ કે. પટેલ**

શ્રી રામભાઈ અને હું સગા મસિયાઈ ભાઈઓ થઈએ. કરણનગરમાં તેઓ અને હું સાકરિયા પરિવારના કૌટુંબિક ભાઈઓ પણ છીએ. તેઓશ્રી બાળપણથી ડૉક્ટર થયા ત્યાં સુધી ગરીબાઈમાં ઊછરીને મોટા થયા છે. તેમનાં માતુશ્રી એટલે કે મારાં માસીબાએ તેમને મજૂરી કરીને મોટા કર્યા અને ભણાવી-ગણાવી ડૉક્ટરની પદવી અપાવી છે. તેમના પિતાશ્રી એટલે કે મારા પૂ. માસા મનોરદાસ તેમને બાળ-અવસ્થામાં મૂકીને ગુજરી ગયેલા. તેમના કાકાના દીકરા ડૉ. જયંતીભાઈને પણ એવી જ પરિસ્થિતિમાં મૂકીને તેમના પિતા ગુજરી ગયા હતા.

ડૉ. જયંતીભાઈ કે જેમની હાલમાં કડીમાં ડૉક્ટરી પ્રેક્ટિસ ચાલુ છે તેમને શરૂઆતમાં તેમના વ્યવસાયમાં આગળ લાવવામાં રામભાઈનો ફાળો અમૂલ્ય છે. વ્યવહારમાં તેઓ બંને પિતરાઈ ભાઈઓ છે, છતાં તેમની વચ્ચે સગાભાઈ જેવો ગાઢ સંબંધ છે. તેઓ બંને સગાભાઈ જ છે તેવી સમાજમાં તેમની છાપ છે. રામભાઈએ એમ.બી.બી.એસ.ની ડિગ્રી પ્રાપ્ત કર્યા પછી સરખેજ અને કટોસણ રોડમાં સેવાઓ આપ્યા બાદ તેમણે કડીમાં તીનબત્તી – મામલતદાર કચેરી પાસે પોતાનું દવાખાનું શરૂ કર્યું હતું. દર્દીઓ પ્રત્યે તેમનો માયાળું-પ્રેમાળ સ્વભાવ અને તેમની ડૉક્ટર તરીકેની આવડત અને હોશિયારીથી કડીની આજુબાજુનાં ગામડાંઓ તેમજ કડીમાં સારા ડૉક્ટર તરીકે તેમની બોલબાલા થતાં દરદીઓની લાઇન લાગવા માંડી. આ દરમિયાન તેમના સહાધ્યાયી મિત્ર શ્રી કરસનભાઈ તેમને કંપાઉન્ડર તરીકે પ્રાપ્ત થયા. તેઓશ્રી તેમને દવાખાનામાં ખૂબ જ મદદરૂપ નીવડ્યા હતા. ડૉ. જયંતીભાઈ એમ.બી.બી.એસ. થયા ત્યારે ડૉ. રામભાઈએ આ દવાખાનું તેમને સોંપી દઈ કડીમાં એસ.ટી. સ્ટૅન્ડની સામે નવી બંધાતી દુકાનોમાં ઉપરના માળે દુકાનો ભાડે લઈ/પાછળથી ખરીદી લઈને ‘આરોગ્ય નિકેતન’ના નામે દવાખાનાનું પ્રમુખસ્વામી મહારાજના હસ્તે ઉદ્‌ઘાટન કરાવી શરૂ કર્યું. પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી ડૉક્ટર તરીકેનો સારો જશ તેમને પ્રાપ્ત થયો. સારી એવી પ્રેક્ટિસ થતાં આર્થિક રીતે તેઓ ખૂબ

જ સદ્ધર થયા.

ઋણસ્વીકારની ભાવના સાથે નોંધું છું કે આજે હું જે કંઈ છું તે તેમના ઉપકારથી છું. મારી કારકિર્દી બનાવવામાં તેમનો ખૂબ જ મોટો ફાળો રહેલો છે. મેં સાયન્સ કૉલેજ, કડીમાંથી 1969માં બી.એસસી.ની ડિગ્રી પ્રાપ્ત કરતાં મારા માટે સર્વિસ અપાવવાનું તેમણે વિચારી લીધું હતું. સૂરજ ગામ, તા. કડીમાં નવી હાઈસ્કૂલ શરૂ કરવા માટે સૂરજના ગ્રામજનોએ ડૉ. રામભાઈ સાથે પરામર્શ કર્યો હતો. સૂરજમાં નવી હાઈસ્કૂલ શરૂ થાય છે તે વાતથી હું અજાણ હતો. તેથી તેમણે તેમના કંપાઉન્ડર કરસનભાઈને મારા ગામ કરણનગર મને સૂરજમાં ઇન્ટરવ્યૂ અપાવવા માટે લેવા મોકલ્યા હતા. ડૉ. રામભાઈના કારણે જ સૂરજ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે મારી પસંદગી થઈ ગઈ. હું ત્યાં હાજર થઈ ગયો. શરૂઆતમાં હું પાર્ટટાઈમ પછી બીજા વર્ષથી ફુલ ટાઇમ અને મારી સ્કૂલ પ્રત્યેની વફાદારી અને મારી કામગીરી જોતાં શાળાએ મને બી.એડ. માટે ડેપ્યૂટ (એલ.ડબલ્યુ.પી.) કર્યો. અહીં મેં 12 વર્ષ સેવાઓ આપ્યા બાદ એસ.વી.માં ટેક્નિકલ હાઈસ્કૂલમાં શિક્ષકની જગ્યા ખાલી પડતાં ડૉ. રામભાઈના આશીર્વાદથી મારા અનુભવ અને કારકિર્દીના આધારે મારી પસંદગી થઈ.

આ ઇન્ટરવ્યૂમાં મેં મારો કૉલેજના અભ્યાસકાળ દરમિયાનનો - બી.એસસી. થયો તે વખતનો મારો પ્રસંગ કહી સંભળાવ્યો હતો. તે પ્રસંગ આ મુજબનો છે. કરણનગરથી અપડાઉન કરી હું કૉલેજ આવતો; પરંતુ અભ્યાસમાં પડતી મુશ્કેલીઓના કારણે મેં હૉસ્ટેલમાં રહેવાનું છેલ્લા બે વર્ષ માટે પસંદ કરેલું. 1968માં હું એસ.વાય.બી.એસસી.માં હતો. મને હૉસ્ટેલમાં હાલ જે કુંજ કહેવાય છે ત્યાં રહેવાનું મળ્યું હતું. આ દરમિયાન સંસ્થામાં દાસકાકા પ્રમુખ અને રતિભાઈ સાહેબ (નીતિનભાઈના પિતા) મંત્રી હતા. તેમનો ધ્યેય સાયન્સ કૉલેજની હૉસ્ટેલ બનાવવાનો હતો. આ માટે તેમણે જગ્યા નક્કી કરીને જમીનનું ભૂમિપૂજન કરવાનું નક્કી થયું. આ દરમિયાન હું બી.એસીસી.ના ક્લાસમાં સી.આર. – વર્ગ પ્રતિનિધિ હતો. મારી વિદ્યાર્થી તરીકેની છાપ ગણો કે જે ગણો તે દાસકાકાએ મને હૉસ્ટેલના ભૂમિપૂજન માટે પસંદ કર્યો અને તે દરમિયાન સંસ્થાના હોદ્દેદારો સર્વશ્રી દાસકાકા, રતિભાઈ, મોહનભાઈ સાહેબ, ભાઈલાલ દાદા, કૉલેજના પ્રિન્સિપાલશ્રી તથા વિદ્યાર્થીગણની હાજરીમાં સાયન્સ કૉલેજ હૉસ્ટેલનું ભૂમિપૂજન મારા હસ્તે કરાવ્યું. તાજેતરના દિવસોમાં વૉટ્સએપમાં સરદારભાઈને મેં આ અંગેના ફોટોગ્રાફ્સ મોકલી આપતાં તેઓશ્રી આ વાતથી પણ વાકેફ થયા. હું તો વિદ્યાર્થી હતો એટલે મારે આ દરમિયાન કંઈ આપવાનું તો હતું નહીં; પરંતુ આ વાતનો વસવસો મને રહી ગયેલો કે મારે ભવિષ્યમાં કંઈક ઋણ ચૂકવવું જોઈએ. મને ટેક્નિકલ હાઈસ્કૂલમાં શિક્ષક

તરીકેની નોકરી મળી ત્યારથી શાળામાં વર્ષો વિતતાં ગયાં. આ દરમિયાન શાળાનો રજતજયંતી ઉત્સવ ઊજવવાનું નક્કી થતાં સંસ્થાનું ઋણ ચૂકવવાનો ભાવ મનમાં જાગ્યો. મેં ડૉ. રામભાઈ અને માણેકલાલભાઈ બંનેને મારા હૃદયનો ભાવ જણાવ્યો. આ બંને મહાનુભાવોની સલાહ મુજબ આ પ્રસંગે મેં ટેક્નિકલ હાઈસ્કૂલના વર્કશૉપ ભવન માટે રૂપિયા 11 લાખ 11 હજારનું દાન જાહેર કર્યું. એક અધ્યાપક તરીકેની મારી આ ભાવનાથી તેઓ ખુશ થયા. મારું આ પગલું અન્ય અધ્યાપકો માટે પણ પ્રેરણાદાયક બની રહ્યું.

કડીમાં બીએપીએસનું સંસ્કારધામ થોળ રોડ ઉપર આવેલું છે તેના નિર્માણ માટે જરૂરી જમીન મેળવવામાં રામભાઈ સાહેબનું ખૂબ જ મોટું યોગદાન રહેલું છે. આ જમીનના માલિક મંદિર માટે જમીન આપવા તૈયાર નહોતા; પરંતુ રામભાઈનું નામ પડતાં તેમની છાપને કારણે મંદિર માટે વધારાની જમીન આપવા તેઓ તૈયાર થયા. ડૉ. રામભાઈના કારણે જ સંસ્થાને વધુ જમીન પ્રાપ્ત થઈ હતી.

રામભાઈની સાદાઈનું એક નમૂનેદાર ઉદાહરણ તેમની સાથેની મારી જાત્રાનો અનુભવ છે. આ જાત્રા – કલકતાથી (આ દરમિયાન કલકતામાં પ્રમુખસ્વામીની જન્મજયંતીની ઉજવણી હતી ત્યારે) હરિદ્વાર, ઋષિકેશ - અયોધ્યા, છપૈયા, કાશી, મથુરા (ઉત્તર, મધ્ય, પૂર્વ ભારત) વગેરે અન્ય સ્થળોની હતી. આ દરમિયાન તેમણે ઘરેથી એક નિયમ એવો લીધેલો કે માથાના વાળ ખૂબ જ ટૂંકા કરવા કે જેથી વાળ ઓળવાની ઝંઝટ નહીં, વળી કાંસકો કે દર્પણની પણ જરૂર નહીં. તેલ વગર ચાલે, માથું ધોવામાં વાર ન લાગે અને ઝટ તૈયાર થઈ જવાય. આ સમગ્ર યાત્રા દરમિયાન તેઓ ડૉક્ટર હોવા છતાં સમય અને સંજોગ અનુસાર ચલાવી લેતા. આ બાબતે તેમના ગુરુ યોગીજી મહારાજે શીખ આપેલી તે મુજબ તેમણે જીવન બનાવેલું. પ્રવાસ દરમિયાન કોઈ તકલીફ પડે તો અમે ઉશ્કેરાઈ જઈએ પરંતુ તેઓનો તો આ સ્વભાવ જ નહીં. આવા ગુણો અમારા માટે ખૂબ જ પ્રેરણાદાયી બની રહ્યા છે.

તેમના સ્વભાવની આગવી લાક્ષણિકતા એ કે તેમની ભાવના ખૂબ જ ઉચ્ચકોટિની હતી. બીજાનું ભલું કેમ થાય તે તેમનું ધ્યેય રહેતું અને તદ્નુસાર જીવન જીવ્યા છે. કોઈનું અહિત કરવાનો વિચાર તો તેમને કદી આવ્યો જ નથી. વ્યવસાયમાં પૈસો જ કમાવવો એ તેમનું ધ્યેય નહોતું. ધંધાની સાથે ઉમદા સેવાભાવના તેમના જીવનમાં વણાઈ ગઈ હતી તેનું એક દૃષ્ટાંત નીચે મુજબ છેઃ તા. 25-6-1981નો આ પ્રસંગ છે. મારી શાળા સામેના દેત્રોજ રોડ પર રણછોડભાઈ ટ્રેક્ટર ડ્રાઇવિંગ કરીને જતા હતા ત્યારે રસ્તામાં મોટો બમ્પ ઓળંગવા જતાં પડી જવાથી તેઓ વ્હીલ નીચે આવી જતાં ગંભીર

રીતે ઘાયલ થયા હતા. આ સમયે સારવાર માટે અમે તેમને રામભાઈને ઘરે લઈ ગયા. તેઓ દવાખાને જવાની તૈયારી કરતા હતા. તેમણે તરત જ તેમને તપાસતાં કહ્યું કે કેસ ગંભીર છે. બચવાની શક્યતા બહુ જ ઓછી છે, પરંતુ આપણે બનતા પ્રયત્નો કરીએ. તેઓ તેમની ગાડીમાં તાત્કાલિક વી. એસ. હૉસ્પિટલ, અમદાવાદ લઈ ગયા. અહીં તેમની સારવાર માટે તમામ પ્રયત્નો કરવા છતાં નિષ્ફળતા મળી. ત્યાર બાદ ડેડબૉડીને તેમના ઘર સુધી પહોંચાડવા જાતે જ આવ્યા અને અગ્નિસંસ્કાર થયા ત્યાં સુધી તેઓ સાથે રહ્યા. આવા હતા સંવેદનશીલ ડૉ. રામભાઈ.



વળી પ્રેક્ટિસ દરમિયાન દરદી સાથે પ્રેમ અને હેતથી વાત કરતા કે જેથી દરદીનું અડધું દુઃખ ત્યાં જ ગાયબ થઈ જતું. તેઓ દરદીને કહેતા. સારું થઈ જશે. ફરી આવવું નહીં પડે. છેલ્લે છેલ્લે ઘણાં વર્ષ સુધી તેમણે અઠવાડિયામાં બે દિવસ ફ્રી સારવાર આપવાનું શરૂ કરેલું. આ દરમિયાન આર્થિક રીતે નબળા વર્ગના ઘણા દરદીઓને સારો એવો લાભ થયેલો. આવા ઉમદા સેવાભાવી હતા ડૉ. રામભાઈ.

ડૉક્ટરી પ્રેક્ટિસની સાથે-સાથે સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં વર્ષો સુધી પ્રમુખ/મંત્રીનો હોદ્દો તેમણે સંભાળી સંસ્થાના વિકાસમાં તેમજ સંસ્થાને ઉચ્ચસ્થાને લાવવામાં અમૂલ્ય ફાળો આપ્યો છે. તેનાં ફળ આજે આપણે ચાખી રહ્યા છીએ. માણેકલાલ સાહેબ અને રામભાઈની જુગલજોડીએ સંસ્થા માટે તન-મન-ધનથી મોટું યોગદાન આપ્યું છે.

તેઓશ્રી સ્વામિનારાયણના બીએપીએસ સંસ્થાના ચુસ્ત સત્સંગી થયા તેનો એક પ્રસંગ એવો છે કે તેમણે સાંભળેલું કે પ્રમુખસ્વામી અંતર્યામી પુરુષ છે. આથી તેમણે સંકલ્પ કર્યો કે પ્રમુખસ્વામી અંતર્યામી પુરુષ હોય તો સભામાં બેઠેલા મને હાર પહેરાવે. તેઓ ગોંડલ ગયેલા ત્યારે પ્રમુખસ્વામીએ તેમનો આ સંકલ્પ પકડ્યો અને તેમને સભામાંથી બોલાવીને હાર પહેરાવી તેમનો સંકલ્પ પૂરો કર્યો હતો. ત્યારથી રામભાઈ ચુસ્ત સત્સંગી થતાં પ્રમુખસ્વામીનો ખૂબ જ રાજીપો તેમણે પ્રાપ્ત કર્યો. પ્રમુખસ્વામી તેમના ઘરે અવારનવાર પધારેલા છે. ઠાકોરજી પણ જમાડેલા છે. ઉતારો કરેલો છે. પ્રમુખસ્વામીના જીવનચરિત્રમાં આ પ્રસંગ નોંધાયેલો છે.

હાલમાં મુંબઈ બીએપીએસ મંદિરના કોઠારીસ્વામી ભક્તિપ્રિયદાસજી (રાજપુરના વતની) કે જેઓશ્રી પૂર્વાશ્રમમાં સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી હતા ત્યારે રામભાઈના ખાસ મિત્ર હતા. આ સંબંધોના કારણે તેઓ દૃઢ સત્સંગી તો થયા; પરંતુ પ્રમુખસ્વામીના લાડીલા ભક્ત પણ બન્યા. આવા નિકટના સંબંધોના કારણે આપણી સાયન્સ કૉલેજ ખોટમાં ચાલતી હતી ત્યારે રામભાઈ સાહેબે આર્થિક મદદ માટે પ્રમુખસ્વામી પાસે ભક્તિપ્રિય સ્વામી દ્વારા બીએપીએસ સંસ્થામાંથી દાન માટે પ્રસ્તાવ મૂક્યો ત્યારે વિના વિલંબે પ્રમુખસ્વામીએ તેમની ઇચ્છા પૂરી કરી અને પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજ નામાભિધાન સાથે દાનની જાહેરાત થઈ.

પાછલી અવસ્થામાં તેમને શારીરિક અને માનસિક તકલીફ થવાથી તેમના સુપુત્ર કિરીટભાઈએ દવાખાનું બંધ કરાવી દીધું હતું. ક્રમશઃ તેમની માંદગી ખૂબ જ વધતી જતાં લાગણીસભર સેવા-સારવાર તેમના પરિવારે કરી હતી. ડૉ. રામભાઈનાં અધૂરાં કાર્યો એટલે કે સર્વ વિદ્યાલયમાં રહીને તેમણે જે કાર્ય કર્યું છે તેને આગળ ધપાવવામાં અને તેમાં ઊણપ ન આવે તે માટે તેમના સુપુત્ર શ્રી કિરીટભાઈ, મંડળના ચૅરમૅન શ્રી સરદારભાઈની સાથે રહીને કાર્ય કરી રહ્યા છે, જે ખૂબ જ પ્રશંસનીય છે.

અંતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા પ્રમુખસ્વામી મહારાજ અને મહંતસ્વામી મહારાજના ચરણોમાં પ્રાર્થના કરીએ કે તેમનો આત્મા સદાયને માટે સુખ શાંતિમાં રહે અને તેમના પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ પ્રાપ્ત થાય, તેમજ તેમના પરિવારજનોમાં તેમનો આધ્યાત્મિક વારસો જળવાઈ રહે.

**- અમૃતભાઈ કે. પટેલ**
કરણનગર - કડી,
હાલ - શાયોના સિટિ,
46/1 શાયોના બંગ્લોઝ વિભાગ-1
મો. 9925035388

૩૧

## શ્રીજી સ્વરૂપ

**ચંદુભાઈ કે. પટેલ**

પૂજ્યપાદ બ્રહ્મલીન પ્રમુખસ્વામી મહારાજના વહાલસોયા વિશેષ કૃપાપાત્ર શિષ્ય અને પૂજ્ય સાધુ ભક્તિપ્રિયદાસ (કોઠારીસ્વામી, સ્વામિનારાયણ મંદિર, દાદર, મુંબઈ)ના સર્વ વિદ્યાલયમાં સહપાઠી અને ગાઢ મિત્ર એવા સેવાપરાયણ ડૉક્ટર અને મારા પિત્રાઈ મોટાભાઈ ડૉ. રામભાઈ એમ. પટેલ તા. 13/05/2021 ના રોજ અક્ષરવાસી થયેલા છે. તેમનો આત્મા ભગવાન અક્ષર પુરુષોત્તમનાં શ્રીજીચરણોમાં સાસ્વત શાંતિ મેળવે એવી સાદર ભાવવંદના.

કડી તાલુકાના કરણનગર ગામના સાકરિયા પરિવારના એક ગરીબ ખેડૂત પરિવારમાં તેમનો જન્મ થયો હતો. તેઓ નાનપણથી ભણવામાં ખૂબ જ હોશિયાર હતા. તેમણે ધોરણ 1થી 6 સુધી તેમના મામાશ્રીના ઘરે રહીને કલોલમાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કર્યો હતો. ત્યાર બાદ અમે કરણનગરના વિદ્યાર્થીઓ સર્વ વિદ્યાલય, કડીમાં અભ્યાસ માટે ચાલતા આવતા હતા. તે વખતે અમારું ત્રણેય ભાઈઓનું કુટુંબ ગરીબ પરિવારમાંથી પસાર થતું હતું. શૂન્યમાંથી સર્જન કરીને અમે ધીમે-ધીમે આગળ આવવા લાગ્યા. પૂજ્ય ડૉ. રામભાઈ એમ. પટેલે સર્વ વિદ્યાલયમાંથી ધોરણ-11 (મૅટ્રિક) સારા માર્કસ મેળવીને પાસ કરતાં અમદાવાદની એમ. જી. સાયન્સ કૉલેજમાં પ્રવેશ મેળવી ઇન્ટર સાયન્સ સુધી અભ્યાસ કર્યો હતો. ત્યાર બાદ બી. જે. મેડિકલ કૉલેજમાં પ્રવેશ મેળવેલ અને એમ.બી.બી.એસ.ની ડિગ્રી મેળવી હતી. આ સમયે મને પણ સને 1961 માં અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં શિક્ષક તરીકે ઓર્ડર મળેલ. તે સમયે મને મારા પૂજ્ય વડીલ બંધુ ડૉ. રામભાઈ એમ. પટેલ સાહેબે ખૂબ જ મદદ કરી હતી. હું તેમની સાથે બી. જે. મેડિકલ કૉલેજની હૉસ્ટેલમાં એક માસ તેમની સાથે રહીને નોકરી કરવા જતો હતો. તે સમયમાં એમણે આપેલ સહકાર હું કદાપિ ભૂલી શકીશ નહીં. એમનું ઋણ સદાય મારા શિરે રહેશે.

એમ.બી.બી.એસ. થયા બાદ ડૉ. રામભાઈએ અમદાવાદમાં સરખેજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં નોકરી કરેલ. આ પછી સરકારી સેવામાંથી છૂટા થઈ કટોસણમાં પણ થોડોક સમય ડૉક્ટર તરીકે પ્રેક્ટિસ કરી હતી. ત્યાર બાદ તેઓએ

કડીમાં સ્થાયી થઈ ડૉક્ટરની પ્રેક્ટિસ શરૂ કરી. શરૂઆતથી જ તેમનો મૃદુ અને કોમળ સ્વભાવ હોવાથી ડૉક્ટરની પ્રેક્ટિસ ખૂબ જ સારી ચાલવા માંડી અને થોડા સમય બાદ તેમણે અઠવાડિયામાં 2 દિવસ મફત દવા આપવાનું શરૂ કર્યું હતું. આ સમયમાં સ્વ. એમ. એમ. પટેલ સાહેબે ડૉ. રામભાઈનો સંપર્ક કર્યો અને તેમને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સંચાલક મંડળમાં જોડતાં ક્રમશઃ તેમણે મંત્રી, ઉપપ્રમુખ અને પ્રમુખ તરીકે સેવાઓ આપી હતી. ડૉ. રામભાઈ સાહેબે કડી શહેરની જુદી-જુદી 26 સંસ્થાઓમાં સેવાઓ આપી હતી અને દાન પણ કર્યું હતું, તેમજ પોતાના વતન કરણનગર ગામમાં શ્રી કરણનગર કેળવણી ઉત્તેજકમંડળ સંચાલિત માધ્યમિક શાળામાં પોતાનાં માતુશ્રી સ્વ. કુંવરબાની સ્મૃતિમાં એક હૉલ પણ બંધાવી આપેલ છે. પોતાના વતનનું ઋણ તેઓ ભૂલ્યા ન હતા.



ઉંમરના કારણે દવાખાનાની પ્રેક્ટિસ બંધ કરીને અમદાવાદ તેમના ચિરંજીવી પુત્ર કિરીટભાઈના ત્યાં રહેતા હતા અને છેલ્લે તા. 13-05-2021ના રોજ અક્ષરવાસી થયા હતા. ભગવાન અક્ષર પુરુષોત્તમના શ્રીચરણોમાં તેમનો આત્મા શાશ્વત શાંતિ મેળવે એવી પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ પ્રાર્થના. તેમની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ તા. 13-05-2022ના રોજ સમગ્ર કુટુંબનાં ભાઈ-બહેનોએ એકઠાં થઈને ઊજવી હતી. આ પ્રસંગે તેમનાં સ્નેહસંભારણાં યાદ કરતાં અમે સૌએ શોકસંતપ્ત થઈ જતાં કંઈક ગુમાવ્યાની વ્યથા અનુભવી હતી. અમે, સાચે જ નિઃસહાય થઈ ગયાં છીએ. આવા પૂ. મોટાભાઈ અમને જન્મોજનમ મળે તેવી ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થના કરું છું.

**- ચંદુભાઈ કે. પટેલ**
15, અભિષેક સોસાયટી,
મેઘાણીનગર, અમદાવાદ-16
મો. નં. 9925320614

૩૨

# માનવરત્ન ડૉક્ટર રામભાઈ પટેલ

**સતીષ પટેલ**

ભગવાન શ્રીકૃષ્ણએ ભગવદ્‌ગીતામાં જ્ઞાનયોગ, ભક્તિયોગ અને કર્મયોગથી માનવ મોક્ષ મેળવે તેનો ઉલ્લેખ કર્યો છે. યશસ્વી સંસારીસંત અને મૂઠી ઊંચેરા મહામાનવ કર્મવીર ડૉક્ટર શ્રી રામભાઈ પટેલ મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામ, તે ‘રામ’ નામધારી ‘રામ’નો મર્મ જીવનમાં ઉતારનાર, યુગપુરુષ પ.પૂ. સંતશ્રી પ્રમુખસ્વામી મહારાજના આત્મીયજન હતા.

તેમનો જન્મ કડી તાલુકાના કરણનગર ગામે 21 જુલાઈ, 1937 ના રોજ થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ ગામની શાળા અને કલોલની વખારિયા હાઈસ્કૂલમાં મેળવ્યા બાદ સર્વ વિદ્યાલય, કડીમાંથી માધ્યમિક શિક્ષણ લીધું હતું. ભણવામાં તેજસ્વી એવા રામભાઈએ અમદાવાદની બી. જે. મેડિકલ કૉલેજમાં એમ.બી.બી.એસ.ના અભ્યાસ બાદ સરખેજ પ્રાથમિક આરોગ્યકેન્દ્રમાં એક વર્ષ સેવાઓ આપી હતી. ત્યાર બાદ ભાવી વિકાસ અને માનવસેવાનો શુભ ઉદ્દેશ પૂર્ણ કરવા સરકારી સેવામાંથી છૂટા થઈ કટોસણ ગામમાં દોઢેક વર્ષ સેવાઓ આપ્યા બાદ કડીમાં સ્થાયી થયા હતા. કડીનગરમાં તેમનું આગમન લોકો માટે ખૂબ જ ફાયદાકારક બની રહ્યું. કડી ખાતે તેમના દવાખાનાનું ઉદ્‌ઘાટન પ. પૂજ્ય શ્રી પ્રમુખસ્વામી મહારાજના હસ્તે કરવામાં આવ્યું હતું. પ્રમુખસ્વામી મહારાજની સાથે કડીના નગરજનો આ ગૌરવપૂર્ણ ઉદ્‌ઘાટનના સાક્ષી બન્યા હતા. આ ઐતિહાસિક ક્ષણ ડૉ. રામભાઈ અને કડી નગર માટે યાદગાર અને ગૌરવશાળી બની ગઈ. પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ અને ડૉ. રામભાઈનાં સેવાપરોપકાર, ગરીબો પ્રત્યે દયાભાવ સાથે તજ્જ્ઞ ડૉક્ટર હોઈ કડી તથા આજુબાજુનાં દેત્રોજ, કટોસણ સહિતના વિસ્તારોમાં સેવાભાવી સન્માનનીય ડૉક્ટર તરીકે ખ્યાતિ પામ્યા. ગરીબો પ્રત્યેની હમદર્દી અને મફત દવા આપવાના વલણના કારણે ગરીબોના જીવનમાં ભગવાન પછી ડૉક્ટરનું સ્થાન હોય એમ ફલિત થયાનું લોકોએ અનુભવ્યું હતું.

પોતાની ડૉક્ટરી પ્રેક્ટિસની સાથે તેમણે કડીની ભાગ્યોદય હૉસ્પિટલની સ્થાપના અને તેના સુયોગ્ય સંચાલન-વ્યવસ્થાપનમાં તેમની સેવાઓ મહત્ત્વપૂર્ણ

બની રહી હતી. સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળને પૂર્ણતઃ સમર્પિત રહી વર્ષ 1976થી સતત 45 વર્ષ સુધી – જીવનપર્યંત સેવાઓ આપી હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળને વખતોવખત દાન આપવા ઉપરાંત વર્ષ 2017માં એક કરોડના ઉમદા દાનની સખાવત કરી હતી. વતન કરણનગરની હાઈસ્કૂલ, કડીમાં અન્નક્ષેત્ર શરૂ કરવા, ભાગ્યોદય હોસ્પિટલ, અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા વગેરેમાં દાન આપી આ બધી સંસ્થાઓને સમૃદ્ધ બનાવી હતી. આપણી પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજ ત્રણ દસક પૂર્વે વિદ્યાર્થીઓની સંખ્યાના અભાવે બંધ કરવાની સ્થિતિ પેદા થઈ હતી ત્યારે તેમણે પોતાના અંગત સંબંધોનો ઉપયોગ કરી પૂ. પ્રમુખસ્વામીને વિનંતી કરતાં તેમના તરફથી મોટું દાન મળતાં આ કૉલેજ ચાલુ રહેવા પામી છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખપદના કાર્યકાળ દરમિયાન તેમની કોઠાસૂઝ અને તેમના માર્ગદર્શન હેઠળ કડીમાં એન્જિનિયરિંગ કૉલેજ, ડૉ. રામભાઈ પટેલ સ્કૂલ અને ગાંધીનગરમાં ફિઝિઓથેરાપી કૉલેજ, સી.બી.એસ.સી. સ્કૂલ અને એમ. એમ. પટેલ સાયન્સિસ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરવામાં આવી છે. તેઓ આજીવન શિક્ષણપ્રેમી હોવાથી સાથે ઉમદા તબીબી સેવાઓના કારણે મહામાનવ બનવા પામ્યા છે.

યુગપુરુષ પ. પૂજ્ય શ્રી પ્રમુખસ્વામી મહારાજની ડૉ. રામભાઈ પટેલ પર વિશેષ કૃપા રહી છે. જ્યારે-જ્યારે પ્રમુખસ્વામી મહારાજ કડી કે આસપાસના પ્રદેશમાં વિચરણ કરે ત્યારે ડૉ. રામભાઈના ત્યાં જ તેમનો નિવાસ કરે. પ્રમુખસ્વામીએ ઇંગ્લૅન્ડ અને યુગાન્ડાની શુભેચ્છાયાત્રા દરમિયાન પોતાના આત્મીયજન ડૉ. રામભાઈને સાથે રાખ્યા હતા. રામભાઈના જીવનની મહત્ત્વની ઘટના એ છે કે મેડિકલ કૉલેજના અભ્યાસ દરમિયાન સ્વામિનારાયણ ભગવાન પ્રતિ ડૉ. રામભાઈની અસાધારણ શ્રદ્ધા-ભક્તિથી પ્રભાવિત થઈ શ્રી યોગીજી મહારાજે એમને કહ્યું કે, “રામભાઈ તમે સાધુ થાઓ’. આ વાત થયા પછી કેટલાંક વર્ષો બાદ પોતાની જવાબદારીઓ પૂર્ણ કર્યા બાદ ડૉ. રામભાઈ સાહેબે પ્રમુખસ્વામી પાસે રૂબરૂ જઈને સાધુ બનવાની ઇચ્છા વ્યક્ત કરી ત્યારે પ્રમુખસ્વામીના શબ્દો “રામભાઈ તમે સાધુ છો જ. તમારે સાધુ થવાની જરૂર નથી. તમે કેળવણી અને લોકકલ્યાણનાં કામ કરો છો તે સાધુનું જ કામ છે.” આ શબ્દો ડૉ. રામભાઈને સમજવા માટે પર્યાપ્ત બની રહે છે. કડીના લોકપ્રિય અને સેવાભાવી પ્રતિષ્ઠિત ડૉક્ટર, ઉત્તમ કેળવણીકાર તરીકે લોકહૃદયમાં સ્થાન અંકિત કરનાર ડૉ. રામભાઈ પટેલે ‘પરહિત સરિસ સુખ નાહિ ભાઈ’એ જીવનમંત્ર બનાવી જીવન આખું લોકહિતાર્થે ખર્ચી દેતાં સંસારી સંત બની અમરત્વ પામ્યા છે.

33

# ઈશ્વરનો ફિરસ્તો

**ડૉ. કિરીટ બી. નાયક**

ડૉ. રામભાઈ પટેલ નામ સાંભળીએ એટલે એક સાદો પણ ઉમદા, સરળ, ઋજુ ચહેરો નજર સમક્ષ દેખાય. મંદ-મંદ હાસ્ય સાથે જાણે કોઈ ઈશ્વરનો ફિરસ્તો બધા પર આશીર્વાદના વરસાવતો હોય! અને એમની કારકિર્દી, ચાહે એ તબીબી હોય કે સમાજસેવા, સૌના માટે એક સંતના આશીર્વાદ જેવી જ હતી.



*સ્વ. માણેકલાલ પટેલસાહેબની સ્મૃતિમાં તા. 1 ફેબ્રુઆરી, 2014 ના રોજ આયોજિત રક્તદાન શિબિર પ્રસંગે રક્તદાતાઓ સાથે ડૉ. રામભાઈ પટેલ*

મારો એમનો શરૂઆતનો નાતો તબીબ તરીકેનો. અમે બંને લગભગ સમકાલીન. કડીમાં એમના દવાખાનાનું ઉદ્‌ઘાટન પૂ. પ્રમુખસ્વામીના વરદ્‌હસ્તે થયેલું ત્યારે હું હાજર – પીરબોરડીનો એ ચોક છલોછલ માનવવસ્તીથી ઊભરાતો એ દૃશ્ય આજેય મારી નજર સમક્ષ તરે છે. હું તેવામાં બંસીવાળા રૂ મહાજનની હૉસ્પિટલમાં વિઝિટિંગ સર્જન તરીકે સેવા આપતો. એટલે વારંવાર રામભાઈને મળવાનું થાય. દવાખાનું દર્દીથી ઊભરાતું હોય તોપણ મને માનથી આવકાર આપે, સાથે બેસે, ધંધાની અને કડી શહેરની વાતો થાય.

એ સમયે અમારું મેડિકલ ઍસોસિએશન કડી-કલોલની ભેગી એક શાખા એટલે એની મિટિંગોમાં પણ અવારનવાર મળવાનું થાય. કડીના વતની તરીકે મારી સાથે પ્રેમસંબંધ રાખતા.

આર્ષદ્રષ્ટા ડૉ. રામભાઈને કડી શહેરનું વેપારકેન્દ્ર બદલાશે તેનો અંદાજ-અણસાર આવતાં નવું દવાખાનું એસ. ટી. સ્ટૅન્ડની સામે બનાવ્યું. પોતાની જૂની જગ્યાનો વારસો નાનાભાઈ ડૉ. જયંતીભાઈને આપ્યો. કેવો ભ્રાતૃપ્રેમ. એમની

નવી જગ્યામાં પણ થોડો સમય હું વિઝિટિંગ સર્જન તરીકે જતો. આમ અમારો તબીબી સંબંધ અવિરત રહેલો.

અમારી બંનેની માતૃસંસ્થા – 'સર્વ વિદ્યાલય'ના કારણે અમારો નાતો ચાલુ રહ્યો. સર્વ વિદ્યાલયને નવા યુગ પ્રમાણે નવો આયામ આપનાર મુરબ્બી શ્રી માણેકલાલભાઈએ એમનું હીર પારખી સંસ્થામાં મહત્ત્વના હોદ્દા પર સ્થાન આપ્યું, પણ રામભાઈ એટલે સદાયે મૂક સેવક. દાન આપવામાં હંમેશાં મોખરે હોય, ત્યારે ભાષણમાં હંમેશાં પાછળ. ખરા અર્થમાં ઓલિયો જીવ.

કારોબારી સભ્ય તરીકે હું સંસ્થાની મિટિંગમાં જાઉં ત્યારે ફરી મળવાનું થાય. એ જ મૂક હાસ્ય અને પ્રેમભર્યો આવકાર આપે. એમનો આ નિર્વ્યાજ પ્રેમ વર્ષો સુધી ભુલાશે નહીં.

આધ્યાત્મિક વ્યક્તિ કેવી હોય તેનો આદર્શ નમૂનો એટલે ડૉ. રામભાઈ સાહેબ કે જેમણે અપેક્ષામુક્ત થઈ કાયમ કર્મ કરે રાખ્યું અને આંતરસાધના સાથે પરમશાંતિ મેળવી.

એમ કહેવાય છે કે આવી ઊંચા ગજાની વ્યક્તિ જાય ત્યારે એમની ખોટ સાલે, પણ આનંદ એ વાતનો છે કે એમના સુપુત્રો – શ્રી કિરીટભાઈ અને શ્રી પ્રદીપભાઈ ડૉ. રામભાઈસાહેબની ખોટ પડવા દે એમ નથી. કડીની સર્વ વિદ્યાલય સંસ્થા સાથે તેઓ એટલી જ સંનિષ્ઠાથી જોડાયેલા છે અને રહેશે.

"Simple Living and High Thinking"ને ચરિતાર્થ કરનાર ડૉ. રામભાઈ સાહેબને સાદગી અને સંતત્વ માટે અવૉર્ડ અપાય. જે સંસ્થામાં વિદ્યાર્થી રહ્યા હોઈએ, એ જ સંસ્થા 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી)'ના પ્રમુખ રહેવાનો લહાવો તેમને મળ્યો એ જ એમનો શ્રેષ્ઠ અવૉર્ડ છે. મહાકવિ ન્હાનાલાલના શબ્દોમાં કહું તો તેઓશ્રી સાચે જ પુણ્યાત્મા હતા:

**"શું-શું સંભારું ? ને શી શી પૂજું પુણ્યવિભૂતિઓ ?**
**પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે."**

**- ડૉ. કિરીટ બી. નાયક**
મહાલક્ષ્મી જનરલ હૉસ્પિટલ
27, શ્રીનગર, મિલકામદાર સોસાયટી સામે,
કલોલ - 382721, જિ. – ગાંધીનગર
મો. 9727752189

૩૪

## શ્રદ્ધેય વડીલ

**ડૉ. કીર્તિભાઈ પટેલ**

બાળરોગો (paediatrics)ના ડૉક્ટર તરીકે કડીમાં મારા આગમન પૂર્વે મારે ડૉ. રામભાઈ સાહેબ સાથે કોઈ પરિચય નહીં. કડીમાં પ્રેક્ટિસ શરૂ કર્યા બાદ ડૉક્ટર મિત્રોના સહવાસથી અને સવિશેષતઃ મારે ત્યાં પોતાનાં બાળકોના ઉપચાર અર્થે આવતાં વાલીઓના મુખેથી ડૉ. રામભાઈ સાહેબનાં માયાળું સ્વભાવ, સેવાભાવના, તજ્જ્ઞતા વગેરે વિશે પ્રસંગોપાત્ત સાંભળવા મળતાં મનોમન તેમના પ્રતિ શ્રદ્ધાભાવ દૃઢ થતો ગયો. એકાદ દિવસે સાહેબની અનુકૂળતા જાણીને તેમને રૂબરૂ મળવા ગયો ત્યારે પ્રથમ મુલાકાતમાં જ સાહેબને ઘટાદાર વટવૃક્ષની શીતળ છાંય સમાન અનુભવ્યા. તેમણે જણાવ્યું કે કીર્તિભાઈ! તમને મળીને હું રાજી થયો છું. તમને મારો સંપૂર્ણ સાથ-સહકાર મળતો રહેશે. મારી કોઈ પણ જરૂરિયાત પડે ત્યારે મને જરૂરથી કહેજો. મને આશ્ચર્ય તો એ થયું કે હું ફરીથી સાહેબને મળવા જઉં તે પૂર્વે જ તેઓશ્રી સ્વયં મને મળવા આવ્યા હતા. પ્રસંગોપાત્ત ફોનથી સમાચાર પણ લેતા રહેતા. તેમનું આ ઔદાર્ય અને વાત્સલ્યસભર લાગણી હવે મને ક્યાં મળશે? કુટુંબના વડીલની માફક તેમની હૂંફ મને સદાય મળ્યા કરી હતી. આ માટે હું તેમનો નત-મસ્તક આભારી છું. મેં તેમને આચાર-વિચારમાં એકસમાન જોયા છે. તેમનાં વાણી અને વર્તન અનુકરણીય અને પ્રેરણાદાયી અનુભવ્યાં છે. આર્થિક પ્રલોભનથી દૂર રહીને રાહતદરથી દર્દીઓની સેવા કરવી એ તેમની પ્રકૃતિ હતી. તેઓશ્રી માત્ર સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી જ નહીં; પરંતુ તેના આદર્શોને સાચા અર્થમાં પચાવીને જીવન જીવ્યા હતા. બીજા શબ્દોમાં તેઓશ્રી સંસારી સાધુ હતા.

તેઓનું સેવાભાવી જીવન ડૉક્ટર ઉપરાંત અન્ય ઘણી સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થાઓમાં આપેલ યોગદાન ખૂબ પ્રેરણાદાયી અને પ્રશંસનીય હતું. તેઓનું સ્પિરિચ્યુઅલ જીવન પણ ખૂબ પ્રેરણાદાયી હતું અને તેઓ ખાસ તો પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના ખૂબ જ કૃપાપાત્ર શિષ્ય હતા. એવા મહાન આત્મા અક્ષરનિવાસી થયેલા છે ત્યારે એમના જીવનમાંથી આપણે પણ પ્રેરણા લઈએ. આવા પવિત્ર આત્માને શત શત પ્રણામ.

**- ડૉ. કીર્તિભાઈ પટેલ**
યોગી ચિલ્ડ્રન હૉસ્પિટલ, બીજો માળ,
ડૉક્ટરહાઉસ, બસસ્ટૅન્ડ પાસે, કડી

૩૫

# સ્વ. ડૉ. રામભાઈ સાહેબનાં સંસ્મરણો

**ડૉ. પી. કે. પટેલ**

ડૉ. રામભાઈ સાહેબ એટલે પરમાત્મા દ્વારા આ ધરતી પર મોકલેલું મઘમઘતું માનવપુષ્પ. તેઓશ્રી અદકેરી માનવીય ગુણરાશિ – વિનમ્રતા, નિરભિમાનીપણું, સેવાપરાયણતા, બૌદ્ધિકપ્રતિભા વગેરેથી સંપન્ન હતા, જેની અનુભૂતિ તેમના સંપર્કમાં આવેલ સૌ કોઈને – દર્દી સુધ્ધાંને – થતી રહી હતી. પરમપૂજ્ય પ્રમુખસ્વામીના કૃપાપાત્ર બની રહ્યા હોઈ, તેમના પ્રસંગોપાત્તના સંપર્કથી તેમની કરુણા ડૉ. રામભાઈ સાહેબમાં સંક્રમિત થઈ હોવાથી તેમનું વ્યક્તિત્વ સંત સમાન બની રહ્યું હતું. તેમના જીવનવ્યવહારમાં – આચારવિચારમાં પ્રમુખસ્વામી મહારાજનો પ્રભાવ પૂરેપૂરો ઊતરેલો હતો. 'પરહિત સરિસ સુખ નાહિ' એ ડૉક્ટરસાહેબનો જીવનમંત્ર બની રહ્યો હતો.

મારે સ્વ. ડૉ. રામભાઈ સાહેબ તથા સ્વ. માણેકલાલ સાહેબને ઘણી વાર મળવાનું થતાં મેં અનુભવ્યું છે કે બંનેની વિચારસરણી એકસમાન હતી. આમછતાં મારે કહેવું રહ્યું કે સ્વ. માણેકલાલ સાહેબ પાસે કોઈ પણ વ્યક્તિ રજૂઆત કરતાં બહુ જ ખચકાય; પરંતુ ડૉ. રામભાઈ સાહેબ સાથે સૌ કોઈ પોતાનું હૈયું ખોલીને રજૂઆત કરી શકતું. આ રજૂઆતના આધારે બંને જણ મળીને વ્યક્તિ અને સંસ્થાના હિતમાં નિર્ણયો લેતા. સર્વ વિદ્યાલય સંસ્થામાં આજીવન પ્રવૃત્તિશીલ બની રહીને વિદ્યાર્થીઓ તથા નાનામાં નાના કર્મચારીની ચિંતા કરવી એ તેમનો સ્વભાવ બની ગયો હતો. સ્વ. માણેકલાલ સાહેબના વહીવટી દરબારી એટલે કે અકબરના દરબારમાં જેમ બીરબલ એ રીતે ડૉ. રામભાઈ સાહેબ તેમના દરબારના બીરબલ હતા.

સ્વ. રામભાઈ સાહેબે તબીબીક્ષેત્રે કડીના તીનબત્તી વિસ્તારમાં પોતાનું ક્લિનિક ખોલીને શરૂઆત કરી હતી. તેમનું ક્લિનિક બહુ જ સારું ચાલતું હતું, તેમ છતાં તે તેમણે પોતાના ભાઈશ્રી ડૉ. જયંતીભાઈ પટેલને સોંપીને કડીના ટાવર બહાર વિસ્તારમાં પોતાનું ક્લિનિક ચાલુ કર્યું હતું. મારો અંગત અનુભવ છે કે કડીમાં તબીબીક્ષેત્રે વ્યવસાય શરૂ કરવા તેઓશ્રી મારા માટે 'પથદર્શક' બની રહ્યા હતા. એક સમાજહિતૈષી ડૉક્ટર તરીકે તેમની પ્રસંગોપાત્તની વાતો

માત્ર સંભારણું જ નહીં; પરંતુ ઉમદા જીવન જીવવાનું ભાથું પૂરું પાડી રહી છે.

સામાન્ય રીતે આપણા સમાજમાં ભાઈઓની મિલકતની વહેંચણી ઘરનાં વડીલ કે વાલીની હાજરીમાં થતી હોય છે; પરંતુ ડૉ. રામભાઈ સાહેબે મને કહ્યું હતું કે 'મેં મારા પુત્રો – શ્રી કિરીટભાઈ તથા શ્રી પ્રદીપભાઈને મિલકતની વહેંચણી જાતે જ કરવાનું અને તેમાં મારી કે કોઈની હાજરીની જરૂર નથી તેમ જણાવ્યું હતું અને તેમણે પ્રસન્નતા સાથે મારું હૈયું હરખાય તે રીતે વહેંચણી કરી હતી'. હું માનું છું કે આપણા સમાજમાં આ બંને બોધપાઠ લેવાની જરૂર છે.

તેઓશ્રી આપણા 'શ્રી નાનાબાર સમાજ'ના વિકાસ માટે આજીવન પ્રવૃત્તિશીલ બની રહ્યા હતા. તેમણે 1975–78 દરમિયાન પ્રમુખપદે રહીને પ્રશસ્ય સેવાઓ આપી હતી. તેઓ કોઈ પણ પ્રશ્ન હોય તો તેમાં રસ લઈ હકારાત્મક નિર્ણય લેતા. રિસાઈને આવેલી દીકરીઓને તેમના સાસરે જાતે મૂકવા જવાના કિસ્સાઓ પણ તાજા જ છે. તેમના નિર્ણય વિરુદ્ધ બધા પ્રશ્ન ઉઠાવે તો રાજીનામું ધરી દેતા. સ્વ. રામભાઈ સાહેબ કોઈને પણ સલાહસૂચન આપતા હોય તો ધીરજ રાખો, સાહસ તથા પ્રગતિ કરો તેવી શુભેચ્છાઓ પાઠવતા. તેમના શ્રીમુખેથી કોઈ પણ દિવસ કોઈના વિશે નકારાત્મકતા કે ટીકાવાળી વાતો સાંભળી નથી. તેમનાં આચરણપૂત વાક્યો આપણે સૌએ વ્યાવહારિક જીવનમાં ઉતારીને અનુસરવા જેવાં છે, જેવાં કે, 'કદી કોઈને પણ નડતર રૂપ ન રહીએ', બીજું, કોઈ ભલામણ કરીને આપણી પાસે કોઈને મોકલે તો 'આવેલા ભાઈને રાજી કરો'. તેમણે પોતાનું જીવન સ્વ. છગનભાના 'કર ભલા હોગા ભલા'ના સિદ્ધાંત આધારિત જીવીને આપણા માટે એક આદર્શ પૂરો પાડ્યો છે.

સદૈવ સ્મરણીય બની રહે તેવા સહૃદયી ડૉ. રામભાઈ સાહેબના દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે તેમજ તેમનાં ચરણોમાં સ્થાન આપે એવી પ્રાર્થના.

**- ડૉ. પી. કે. પટેલ**

કન્વીનરશ્રી, શ્રી નાનાબાર સમાજ સમૂહલગ્ન સમિતિ,
નવજીવન મેટરનિટી એન્ડ નર્સિંગહોમ,
બસસ્ટૅન્ડ સામે, સ્ટેશન રોડ,
કડી – 384440
ફોનઃ 02764–262640, 242737

૩૬

# ભાવાંજલિ

**ડૉ. મુકુન્દ જાની**

ડૉ. રામભાઈ, મારા માટે માત્ર પૂજ્ય નામ નથી, તેમનું નામ જ સાંભળું અને પૂજ્ય ભાવ પ્રગટ્યા વગર રહે જ નહિ. પાકટ ઉંમર, હઠીલું દર્દ, મૃત્યુની અનિવાર્યતા... આ બધાને લઈને એક અંત તો નિશ્ચિત હતો જ; પરંતુ જ્યારે એમના અવસાનના સમાચાર સાંભળ્યા ત્યારે જાણે કે હૃદયમાંથી કંઈક ખરી પડ્યું અને ખાલીપણાની વેદના પેદા થવા લાગી... એક લાગણીના તારનો છેડો હવામાં ફંગોળાવા લાગ્યો...

સર્વ વિદ્યાલય, કડીના કૅમ્પસના છ વર્ષના સમયગાળાના વિદ્યાર્થી તરીકે હું એમના નામ તથા કામથી પરિચિત તો હતો જ; પરંતુ એ દરમિયાન મેં એમનો રૂબરૂ પરિચય ક્યારેય કરેલો નહીં. તેઓશ્રી પણ કહેતા કે શાળા/કૉલેજના તેજસ્વી વિદ્યાર્થી તરીકે તેઓ મને સારી રીતે જાણતા; પરંતુ અમારો પ્રત્યક્ષ સંપર્ક તો છેક મેં બાળરોગનિષ્ણાત તરીકે કલોલ ખાતે પ્રેક્ટિસ શરૂ કર્યા પછી દર રવિવારે કડી એમના ક્લિનિક પર આવવાના નિમિત્તે થયો. પહેલા જ પરિચયે એક નખશિખ સજ્જન અને સંસ્કારી વ્યક્તિને મળ્યાનો અનુભવ થયો. જે આજે પણ મારા સ્મૃતિપટલ પર કાયમ છે.



*સ્વ. માણેકલાલ પટેલસાહેબની સ્મૃતિમાં
તા. 1 ફેબ્રુઆરી, 2014ના રોજ આયોજિત રક્તદાન શિબિર
પ્રસંગે રક્તદાતાઓ સાથે ડૉ. રામભાઈ પટેલ*

આમ તો, મારા સંદર્ભે કોઈ ખાસ પ્રસંગ કે જે પ્રસંગો એમનું સમગ્ર વ્યક્તિત્વ ઉજાગર કરે તેવા હોવાના બદલે અમારા ક્વચિત્ સંપર્કના પ્રસંગોથી એમની સાથેનો આત્મીય નાતો બંધાયેલો છે.

મારે કડી આવવાના સંબંધે મારી વ્યવહારિક લેવડ-દેવડના પ્રશ્નના જવાબમાં આંખ અને હોઠથી ધીમું હસીને “બસ, આવવા માંડો” કહ્યું ને જાણે એ

દવાખાનું મારું પોતીકું હોય એવો ભાવ પેદા થઈ ગયો. આશરે વીસેક વર્ષથી મારી કડીની મુલાકાતોને આજે પણ શાશ્વત મૂડીની જેમ સાચવું છું. ડૉ. રામભાઈનું એ ગાળા દરમિયાન રવિવારે દવાખાનામાં આવવું નિયમિત નહોતું; પરંતુ જ્યારે-જ્યારે હું નવરો પડતો અને એ હાજર હોય ત્યારે એમની કૅબિનમાં બેસી અમે ઘણી ચર્ચાઓ કરતા. ચર્ચાઓ મુખ્યત્વે ધાર્મિક, શૈક્ષણિક કે સાહિત્યિક રહેતી, રાજકીય ભાગ્યે જ. એમનો ધર્મ, શિક્ષણ અને સમાજ તરફનો અભિગમ હંમેશાં રચનાત્મક અને સકારાત્મક રહેતો. એને લગતું શિષ્ટ સાહિત્ય હંમેશાં એમના ટેબલના ખાનામાં હોય જ. 'ભૂમિપુત્ર', 'વિચારવલોણું' વગેરે સામયિકો અને અન્ય પુસ્તિકાઓ વાંચીને એને આસ્વાદવાનો લાભ મને ત્યાં જ મળ્યો. કોઈ વાંચન-વિશેષ માટે હું ઘરે લઈ જવાની વાત કરું ત્યારે તેઓ હંમેશ એમનાં હોઠ અને આંખના ધીમા સ્મિતથી કહેતા. "રાખજો" ....! અને મેં જ્યારે ચરણ-સ્પર્શ વંદન કરીને કડી આવવાનું બંધ કરવાની નમ્ર પરવાનગી માગી, ત્યારે એ જ ધીમું હોઠ અને આંખનું સ્મિત ધરી "મળતાં રહીશું" કહી ક્યાંય સુધી મારી સામે વાત્સલ્યભાવે જોઈ રહ્યા.

"રામ" એમનું નામ તો છે જ; પરંતુ મેં એમનામાં હંમેશાં એક નાનકડો "રામ" મૂર્ત થતાં જોયો છે. એક ગૃહસ્થ, એક તબીબ, શિક્ષણનો એક ભેખધારી, એક સમાજસેવક, એક શરણાગત સત્સંગી, કેટકેટલાં પાસાંઓમાં મૂર્ત થતા "રામ" ભાઈ સામાન્ય માનવી કરતાં મૂઠી ઊંચેરા હતા જ – મારે માટે તો વેંત કે હાથ ઊંચેરા હતા. સંપૂર્ણ વ્યાખ્યાયિત ન થાય તેવું હું તેમનામાંથી ઘણુંય પામ્યો છું અને તે થકી આજ લગી સમૃદ્ધ છું. એમના આત્મા સાથે હરદમ જોડાયેલો રહું એવી ભાવાંજલિ સાથે...!

**- ડૉ. મુકુન્દ જાની**
શ્રીજી ચિલ્ડ્રન હૉસ્પિટલ
કૉલેજ સામે, કલોલ,
જિ. ગાંધીનગર – 382721
મો. 9824519754

૩૭

# ધૂપસળીની મહેક....

**ડૉ. યજ્ઞેશ એમ. ત્રિવેદી**

"યજ્ઞેશભાઈ, એક પેશન્ટ મોકલું છું. ગરીબ છે. તેનું બરાબર નિદાન કરી તમને યોગ્ય લાગે તે પ્રમાણે સારવાર કરશો".

ધીર, ગંભીર છતાં મક્કમ અવાજથી શાંતચિત્તે મારી સાથે ઉપરોક્ત ઉચ્ચારણો ફોન પર કરનાર ડૉ. રામભાઈ આજે આપણી વચ્ચે હયાત નથી. તેમનો દિવ્ય આત્મા પરમાત્મામાં લીન થઈ ગયો છે; પરંતુ તેમના ઉપરોક્ત લૌકિક શબ્દો આજે પણ મારા કાનમાં ગુંજી રહ્યા છે.

1987માં એમ.ડી.નો અભ્યાસ વી. એસ. હૉસ્પિટલમાં પૂર્ણ કર્યા બાદ કડીમાં ભાગ્યોદય હૉસ્પિટલમાં ફિઝિશિયન તરીકે જોડાયો એ અરસામાં પહેલી વાર એમના ઘરે એમને મળવાનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. ઘરમાં પ્રવેશતાં જ એક પરમ શાંતિનો મને અનુભવ થયો. બગલાની પાંખ જેવાં સફેદ વસ્ત્રમાં સજ્જ, બેઠી દડીનું ભરાવદાર શરીર, વિશાળ ભાલ, ચહેરાના સ્થિર ભાવ, કરુણાસભર આંખો અને સૌજન્યતાની મૂર્તિ એવા ડૉ. રામભાઈનાં વાણી, વર્તન અને વ્યવહારમાં પળે-પળે પ્રગટ થતી નમ્રતા નિહાળીને હું મંત્રમુગ્ધ થઈ ગયો. તેમણે તે વખતે મને આપેલી સલાહ હજી પણ મારા માનસપટ પર અંકિત થયેલી છે. તેમના શબ્દો હતા, "ડૉ. યજ્ઞેશભાઈ તમે તમારી કારકિર્દીની શરૂઆત કડીથી કરી રહ્યા છો તે બહુ સારી વાત છે. અહીંના ગરીબ લોકોની સેવા ખંતથી અને નિઃસ્વાર્થભાવથી કરજો. ઈશ્વર તમને જરૂરથી યોગ્ય બદલો આપશે." આજે પણ હું તેમની સલાહ અને આશીર્વચનોને અનુસરી રહ્યો છું અને પરમકૃપાળુ પરમાત્માની અમીદૃષ્ટિ સદાય મને પ્રાપ્ત થતી રહી છે.

કડીના ગરીબ દર્દીઓના મસીહા એવા ડૉ. રામભાઈએ હું માનું છું કે 50 વર્ષ સુધી દર્દીઓની નિઃસ્વાર્થભાવથી સેવા કરી છે. અક્ષર પુરુષોત્તમ પરમ પૂજ્ય પ્રમુખસ્વામીના પ્રીતિપાત્ર એવા ડૉ. રામભાઈનું ધાર્મિક અને શિક્ષણક્ષેત્રે પણ વિશિષ્ટ પ્રદાન રહ્યું છે.

કડી તાલુકાના લાખો લોકોના હૃદયમાં તેમનું નામ અને સ્થાન પૂરા આદર સાથે મેં જોયું છે. "જલી જાતી છો ને જીવન ધૂપસળી મહેકતી આ...."

ધૂપસળીની એક વિશેષતા છે. એ ભલે સળગતી હોય પણ તેની સુગંધ દૂર-દૂર સુધી પ્રસરતી હોય છે. ધૂપસળી ઓલવાઈ જાય પછી પણ વાતાવરણમાં સુગંધ પ્રસરાવતી જાય છે. મારી દૃષ્ટિએ ડૉ. રામભાઈ ધૂપસળીની જેમ તેમના વ્યક્તિત્વની સુવાસ અને સત્કર્મની મહેક મૂકીને ગયા છે.

સૌજન્યમૂર્તિ એવા ડૉ. રામભાઈ સાહેબને અંતઃકરણપૂર્વક શ્રદ્ધાંજલિ.

**- ડૉ. યજ્ઞેશ એમ. ત્રિવેદી**
એમ.ડી. (મેડિસીન), કન્સલટન્ટ ફિઝિશિયન,
કાર્ડિયોલૉજિસ્ટ અને ડાયાબિટોલૉજિસ્ટ
ફોરમ મેડિકલ ઍન્ડ હાર્ટ હૉસ્પિટલ
આશાપુરી ટ્રેડ સેન્ટર,
શેફાલી ચાર રસ્તા, દેત્રોજ રોડ,
કડી–382715
મો. 9825019995

*એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ,*
*પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન.*
*એ અખા વડું ઉતપાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત?*
*જોજો રે મોટાના બોલ, ઊજડ ખેડે બાજ્યું ઢોલ,*
*અંધ અંધ અંધારે મળ્યા, જ્યમ તલમાં કોદરા ભળ્યા,*
*ન થાયે ઘેંસ કે ન થાય ધાણી, કહે અખો એ વાતો અમે જાણી.*

*- અખો ભગત*

૩૮

## પ્રેરણાદાયી વ્યક્તિત્વ

**ડૉ. સી. એસ. પરમાર**

સ્વ. ડૉ. રામભાઈ સાહેબ સરળ, શાંત અને મિતભાષી વ્યક્તિત્વવાળા હતા. તેઓ મારા માટે પ્રાતઃસ્મરણીય છે. તેઓ ગાંધીવાદી વિચારસરણી ધરાવતા હતા. સાદાઈ અને સ્વચ્છ પ્રતિભાવાળા ડૉ. રામભાઈ સાહેબ મને જ્યારે કોઈ તકલીફ કે મેડિકલ પ્રશ્નો હોય ત્યારે સારી રીતે સમજાવતા. મેડિકલ ઑફિસર ઍસોસિએશનની મિટિંગમાં મળવાનું થાય ત્યારે તેમનો હંમેશાં સાદગીપૂર્ણ, સરળ અને શાંત સ્વભાવ મારા માટે પ્રેરણાદાયક બની રહેતો. ડૉ. રામભાઈ સાહેબે મને આવશ્યક્તાનુસાર સલાહ-સૂચનો આપેલાં છે. તેમનું આ ઋણ મારા શિરે છે. તેમની નમ્રતા અને અન્યને મદદરૂપ નીવડવાની ભાવના અસાધારણ હતી. આજના સ્વ-કેન્દ્રી સમયમાં ડૉ. રામભાઈ સાહેબ સાચા અર્થમાં મૂઠી ઊંચેરા માનવ હતા. તેમની જીવનશૈલી મને સદાય યાદ રહેશે. આવા પ્રાતઃસ્મરણીય તથા આદરણીયશ્રી ડૉ. રામભાઈ સાહેબને શત શત પ્રણામ.

**- ડૉ. સી. એસ. પરમાર**
૬૨, સ્નેહ કુંજ સોસાયટી,
કડી



*પૂજ્ય છગનભાની પ્રતિમાના સાંનિધ્યમાં*
*ડૉ. રામભાઈ પટેલ, શેઠ શ્રી કેશુભાઈ પટેલ વગેરે.*

૩૯

# ધર્મપરાયણ ડૉ. રામભાઈ પટેલસાહેબ

**ડૉ. હરીશ બી. ત્રિવેદી 'અમર'**

પૂર્વાશ્રમના અમારા બાપુજી સ્વ. અંબાલાલ માસ્તર જે ઉત્તરાર્ધમાં દિવ્યજીવન સંઘ ઋષિકેશથી સંન્યાસ ગ્રહણ કરીને સ્વામી સમર્પણાનંદ થયા હતા. એમના શિક્ષણકાર્ય સમયે વડાવી, તા. કડીમાં એમણે શિવાનંદ યોગાશ્રમની સ્થાપના કરેલી. નિવૃત્તિકાળમાં આશ્રમમાં તેઓ એકાંત સાધના કરતા. મારા પૂજ્ય પિતાશ્રી એમના લઘુ બંધુ હતા. એમણે પણ પાંચ વર્ષ આશ્રમમાં એકાંતવાસમાં રહી સંન્યાસી સમું જીવન વિતાવેલું.

ડૉ. રામભાઈ પટેલસાહેબ અમારા આ આશ્રમના અંતરંગ સભ્ય સમાન હતા. એમના વ્યસ્ત તબીબી વ્યવસાયમાંથી પણ સમય ફાળવી અમારા આ આશ્રમની મુલાકાત લેતા અને સત્સંગનો લાભ મેળવતા. આશ્રમના નિર્માણ તથા અન્ય આયોજનોમાં પણ એમનો આર્થિક અને હાર્દિક સહકાર અમને સદાયે મળતો રહેતો. આશ્રમના ઉત્સવો જેવા કે વસંતપંચમી, ગુરુપૂર્ણિમા વગેરે. પ્રસંગોમાં એમની પ્રેમાળ ઉપસ્થિતિ હંમેશાં રહેતી અને અમને હંમેશાં પ્રેરણા અને ઉત્સાહ આપતી રહેતી.

સાહેબ સ્વામિનારાયણ ધર્મના સત્સંગી હોવા છતાં એમની ઉદાર ધર્મભાવના અત્યંત પ્રસંશનીય છે.

અમારા આશ્રમના આગામી ઉત્સવોમાં તેમની અનુપસ્થિતિથી એક મહામૂલું આસન ખાલી પડી રહેવાનું; પરંતુ આશ્રમના પ્રત્યેક ઉત્સવમાં એમની આત્મિક ઉપસ્થિતિનો અહેસાસ તો સર્વે ભાવિકભક્તોને હંમેશાં મહેસૂસ થતો જ રહેશે !

•••

કરણનગર જેવા નાનાકડા ગામનો એક ખેડૂતપુત્ર વિકટ પરિસ્થિતિમાં પણ આત્મસૂઝ અને દૃઢ સંકલ્પના બળે કડીનગરમાં માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરી અમદાવાદની બી. જે. મેડિકલ કૉલેજમાંથી એમ.બી.બી.એસ.ની ઉપાધિ પ્રાપ્ત કરી, ગામનું નામ ઉજ્જવળ કરનારા પ્રથમ ડૉક્ટર બન્યા એ સમયે કડીનગર અને સમગ્ર વિસ્તારમાં તબીબી સેવાઓ નહિવત્ હતી. ત્યારે ડૉ. રામભાઈ પટેલસાહેબ પોતાનું દવાખાનું શરૂ કરેલું. જે કડી તાલુકાના સમગ્ર વિસ્તારમાં

સૂકા રણમાં મીઠા જળની વીરડી સમાન નીવડેલું. બીમારીગ્રસ્ત જનતા માટે ઈશ્વરના આશીર્વાદ સમું સિદ્ધ થયેલું.

સમયાંતરે દવાખાનાની વિઝિટ કરવા માટે વિવિધ નિષ્ણાત ડૉક્ટરોની મુલાકાતોની પણ એમણે ગોઠવણી કરી હતી, જેથી આમજનતાને આ પ્રકારની સેવાનો લાભ લેવા અમદાવાદ સુધી લાંબા થવાનો ખર્ચ-સમય અને અગવડમાંથી ઘણી રાહત મળેલી.

સાહેબની તબીબી પ્રેક્ટિસ માત્ર ધંધાદારી જ નહોતી, પણ એક માનવતાવાદી સેવાભાવી પ્રવૃત્તિ સમાન હતી. ગરીબ દર્દીઓને તેઓ રાહત દરે કે નિ:શુલ્ક સારવાર આપી ઉમદા સેવાનું કર્તવ્ય બજાવતા. દર્દીઓ પ્રત્યે સહાનુભૂતિ - આશ્વાસન અને હિંમત અર્પીને એક સહૃદયી વડીલ તરીકેનું પ્રેમાળ કાર્ય પણ તેઓ હંમેશાં નિભાવતા.

ડૉ. રામભાઈ સાહેબે એમની દીર્ઘતબીબી કારકિર્દી દરમિયાન દર્દીઓ તથા એમના પરિવારોની અપાર લોકચાહના મેળવેલી. એમના સમકાલીન સંપર્કમાં રહેલા સર્વે તબીબો પણ એમના મૈત્રીપૂર્ણ સહકારથી કાર્ય કરવાની શૈલીથી એમને સન્માન અને સદ્‌ભાવનાથી સ્વીકારતા. એમની સારવાર – મુલાકાત વાર્તાલાપ અમારા સર્વે તબીબી મિત્રો તથા દર્દી અને સંબંધીઓમાં સંજીવનીનું અમૃતસિંચન કર્યા કરતું.

ધન્વન્તરિ સમા તબીબ અને બહુમુખી પ્રતિભાવાન મહામાનવની અલવિદાથી તબીબી - કેળવણી - ધર્મ - સમાજસેવા જેવાં અનેકવિધ ક્ષેત્રોમાં શૂન્યાવકાશ સર્જાયો છે. જેની આપૂર્તિ અસંભવ સમાન છે.

**હજારોં સાલ નરગીસ અપની બેનૂરીપે રોતી હૈ ।।**
**બડી મુશ્કિલસે હોતા હૈ ચમન મેં દિદાવર પૈદા ।।**

વિનીત,
ડૉ. હરીશ બી. ત્રિવેદી
મો. 98791 60868

॥ ધર્મો રક્ષતિ રક્ષિતઃ ॥

## ૪૦

# વાત્સલ્યમૂર્તિ મોટાભાઈ

**ડૉ. જયંતીભાઈ એમ. પટેલ**

ડૉ. રામભાઈ મારા પિતરાઈ મોટાભાઈ છે. તેઓશ્રી મારા પિતા સમાન હતા. તેમના સદ્‌ગુણોનું વર્ણન કરવું એ મારા માટે અઘરું છે, છતાં તેને વાચા આપવી એ મારું સદ્‌ભાગ્ય ગણું છું. અમારા બંનેના બાપા નાનપણમાં ગુજરી ગયેલા. ઘરની બધી જ જવાબદારી મારાં મોટાં બા કુંવરબા, મારી માતુશ્રી જીવીબા અને મોટા ભાઈ રામભાઈ પર આવી પડી હતી. અમારા ગુજરાન માટે અમારી જમીન ખેડૂતોને વાવવા આપતા અને પશુપાલન કરીને કુટુંબનો નિર્વાહ કરતાં. મારા મોટા ભાઈએ પ્રાથમિકથી કૉલેજ સુધીનું શિક્ષણ વતન કરણનગર, મોસાળ ધાનજ, કલોલ, સર્વ વિદ્યાલય અને એમ. જી. સાયન્સમાંથી મેળવ્યું હતું. એમ.બી.બી.એસ.નો અભ્યાસ બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાંથી કર્યો હતો. ડૉક્ટર થયા પછી સરખેજ પ્રાયમરી હેલ્થ સેન્ટરમાં દોઢેક વર્ષ નોકરી કર્યા બાદ કટોસણ ગામમાં પ્રાઈવેટ દવાખાનું શરૂ કર્યું હતું; પરંતુ ભાવિ વિકાસને ધ્યાને લઈ 1967થી કડીમાં મામલતદાર કચેરી આગળ પ્રાઈવેટ દવાખાનું શરૂ કર્યું. તેમના માયાળું સ્વભાવ તથા ડૉક્ટરી તજ્જ્ઞતાના કારણે 1972ની સાલ સુધીમાં તો તેમણે ખૂબ સારા સેવાભાવી અને પ્રામાણિક ડૉક્ટર તરીકે નામના મેળવી લીધી હતી. તેમણે 1972થી નવું દવાખાનું એસ.ટી. બસસ્ટૅન્ડ સામે કર્યું, જેનું ઉદ્‌ઘાટન પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે કર્યું હતું. દવાખાનાના કંપાઉન્ડર અને અન્ય કર્મચારીઓ ઉપર ભારે વિશ્વાસ તથા વાત્સલ્યભાવ રાખતા. દિવસની પ્રેક્ટિસના અંતે કંપાઉન્ડર જે પૈસા આપે તે સીધા જ



*કડીના નિવાસસ્થાને પૂ. પ્રમુખસ્વામી મહારાજની આરતી ઉતારતા ડૉ. રામભાઈ, ડૉ. જયંતીભાઈ અને અન્ય હરિભક્તો*

પૉકેટમાં મૂકી દેતા – ક્યારેય ગણતા નહીં. આ પ્રેક્ટિસ તેમણે દવાખાનું બંધ કર્યું ત્યાં સુધી ચાલુ રાખી હતી. આજના સમયમાં કમ્પાઉન્ડર પર આટલો વિશ્વાસ રાખવો એ કલ્પનાતીત છે. ગરીબ દરદીઓને તો રાહત દરે અથવા મફતમાં દવા કરતા. માતુશ્રી કુંવરબાના જન્મદિવસ અને પૂજ્ય પ્રમુખસ્વામીના જન્મદિવસ નિમિત્તે દરદીઓની રાહત દરે અથવા મફતમાં દવા કરતા. ડૉક્ટર થઈને પૈસા કમાવા એવી ભાવના તેમના જીવનમાં મેં કદાપિ જોઈ નથી; પરંતુ આ ભાવનાથી વિપરીત એટલે કે દરદીઓને અને સમાજને કેવી રીતે વધારેમાં વધારે સેવા આપવી અને સમાજઉત્કર્ષનાં કાર્યો કરવાં એ જ એમના જીવનનો ધ્યેય રહ્યો હતો.

મારી કેળવણી અને વિકાસ માટે હું એમ.બી.બી.એસ. થયો ત્યાં સુધી પિતાની માફક તેઓશ્રી કાળજી રાખતા રહ્યા હતા. મારા પિતા નથી તેનો તેમણે એહસાસ થવા દીધો નથી. અમારી આર્થિક સ્થિતિ સારી ન હોવાથી મને કહેતા કે પૈસા આપણે ગમે ત્યાંથી લાવીશું, પણ તારે અભ્યાસ સારો કરવાનો છે અને ડૉક્ટર બનવાનું છે. મારા શિક્ષણ ઉપરાંત લગ્નની પણ બધી જ વ્યવસ્થા-આર્થિક સહિતની જવાબદારી તેમણે પિતાની માફક ઉપાડી લીધી હતી. એમ.બી.બી.એસ. થયા પછી મારે સરકારી નોકરી કરવાની ઇચ્છા હતી; પરંતુ તેઓએ મને કહ્યું હતું કે તારે પણ કડીમાં જ પ્રાઈવેટ દવાખાનું કરવાનું છે. એક હકીકત છે કે કોઈ પણ ધંધાર્થી પોતાના હરીફ ધંધામાં બીજા કોઈને દાખલ કરે જ નહિ; પરંતુ તેમનું વિશાળ દિલ અને ભ્રાતૃપ્રેમ અસાધારણ હતાં. ડૉક્ટરી અનુભવ મેળવવા માટે મને તેમની સાથે રાખ્યો. તેમણે ડૉક્ટર તરીકે મારું ઘડતર કર્યું, એટલું જ નહીં; પરંતુ અમારી ડૉક્ટરી પ્રેક્ટિસ દરમિયાન જે કંઈ આવક થાય તે પણ સહિયારી ગણતા. તેમના આ દવાખાનામાં ઘણી જ સારી પ્રેક્ટિસ ચાલતી હોવા છતાં મને તે દવાખાનું દવા અને ફર્નિચર સાથે સોંપી દીધું અને તેમણે નવા વિસ્તારમાં દવાખાનું શરૂ કર્યું હતું. આવું કોણ કરે ? પોતાના નાનાભાઈની માફક દરેક પ્રવૃત્તિમાં મારું ધ્યાન રાખતા. મારા મકાન માટે સરદાર સોસાયટીમાં તેમણે અગાઉથી પ્લૉટ ખરીદી રાખ્યો હતો. એવા ઉમદા ભાવથી કે જયંતીને જરૂર પડે ત્યારે મકાન બાંધી શકે અને મેં અનુકૂળતા થયે ત્યાં મકાન બનાવ્યું પણ



*ડૉ. જયંતીભાઈ પટેલ, શેઠશ્રી કેશુભાઈ પટેલ
અને ડૉ. રામભાઈ પટેલ*

ખરું. મોટા ભાઈ છતાં પણ નાની-મોટી સામાજિક કે ધંધા-રોજગાર સંબંધી બાબતોમાં મને પૂછતા અને કહેતા કે તારે આ બાબતમાં શું કહેવું છે? તેઓ સમજીને વ્યવહારિક પ્રશ્નો ઉકેલતા. કોઈ પણ નવીન ધંધામાં ભાગીદારી કરવી હોય તો પહેલાં મને ભાગીદાર થવા પૂછતા અને મારી ઇચ્છા મુજબ કંપનીમાં મારો ભાગ નક્કી કર્યા બાદ જ તેઓ પોતોનો ભાગ નક્કી કરતા – આવા મોટા દિલવાળા ભાઈ મને મળ્યા એ જ મારા માટે જીવનનું અહોભાગ્ય છે. તેમનું અગણિત ઋણ મારા શિરે છે.


પરિસ્થિતિવશાત્ કોઈની સાથે કોઈ પ્રશ્ન ઊભો થાય તો તેઓ કદાપિ કોર્ટમાં કેસ કરવાનું વિચારતા નહિ. સમજાવટથી જતું કરીને ઉદાર ભાવનાથી પ્રશ્ન ઉકેલતા. સમાધાનની ફૉર્મ્યુલા તેમને ગમતી. તેઓશ્રી પ્રોપર્ટી કે અન્ય પ્રશ્નો માટે કદી કોર્ટમાં ગયા નથી. તેમનો જીવ હંમેશાં સંતોષી રહ્યો છે. વધુ કામ કરીને વધારે પૈસાદાર થવાની કદી ઇચ્છા કરતા નહિ. સહજમાં જે પ્રગતિ થાય તેમાં સંતોષ અનુભવતા. જીવનમાં દુઃખ અથવા ટૅન્શન થાય તેવું પગલું તેમણે ભર્યું નથી. આમ છતાં પોતાના પુત્રોને પ્રોત્સાહન આપીને તેમને ધંધો કરવા પ્રેરણા આપતા અને મદદ પણ કરતા. શારીરિક તંદુરસ્તી વિશે વાત કરું તો આયખાનાં 75 વર્ષ સુધી તેમને કોઈ જ બીમારી આવેલી નહિ. પાછળથી સાધારણ બી. પી. અને એલર્જી શરદી અવારનવાર થતી. મોતિયા સિવાય કોઈ ઑપરેશન કરાવ્યું ન હતું.

મારા મોટા ભાઈ સ્વભાવથી જ **'સર્વભૂત હિતે રતાઃ'** હતા – એક વ્યક્તિ અને ડૉક્ટર તરીકે સૌને મદદરૂપ થતા રહ્યા હતા. તેમણે સમાજજીવનની અનેકવિધ સંસ્થાઓ જેમ કે, એસ.વી., આદર્શ, ભાગ્યોદય હૉસ્પિટલ, સ્વામિનારાયણ મંદિર, કડીમાં ચાલતી ધાર્મિક પ્રવૃત્તિઓ, અન્નક્ષેત્ર, પોતાના વતન કરણનગરની શાળા વગેરેમાં દાન આપ્યું છે. પોતાના પુત્રોને પણ દાન આપવા પ્રેરણા આપતા રહ્યા હતા. તેમની પ્રેરણાથી ચિ. કિરીટભાઈ અને ચિ. પ્રદીપભાઈ પિતાથી સવાયા ઉદાર બની રહી દાન આપી રહ્યા છે. તેમણે નાનાબાર સમાજના પ્રમુખપદે રહી સમાજમાં શિક્ષણના પ્રસાર હેતુ ભારે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. વધુમાં એક ડૉક્ટર તરીકે આરોગ્ય કૅમ્પોનું આયોજન કરવામાં અગ્રેસર રહ્યા હતા.

વતન કરણનગરમાં હાઈસ્કૂલ બનાવવાના મતમતાંતરમાં ગામના બે ભાગલા પડી ગયેલા – ગામના પૂર્વ વિભાગમાં સ્કૂલ માટે ગ્રામપંચાયત તરફથી ખરાબાની 10-15 વીઘા જમીન ફ્રીમાં મળે તેમ હતી, છતાં કેટલાંક કારણોસર ગામના પશ્ચિમ વિભાગના લોકોનો સહકાર ઓછો, જેમાં અમારું કુટુંબ પણ આવી ગયું. આમ છતાં પૂર્વ વિભાગમાં સ્કૂલ માટે રામભાઈએ બધાના વિરોધ વચ્ચે દાન આપ્યું. અમારાવાળાઓએ રામભાઈને નાત બહાર મૂકી તેમનો સામાજિક

વ્યવહાર બંધ કરવાનું વિચાર્યું હતું, છતાં મોટા ભાઈએ દઢ બની રહી સત્ય માટે હિંમત દાખવીને દાન આપ્યું હતું. તેઓશ્રી કોઈનાથી દબાયા નહિ. જોકે પાછળથી આ બધાંને પોતાની ભૂલ સમજાઈ અને સ્કૂલના વિકાસ માટે સૌ એક થઈ ગયા. આજની તારીખે જૂના માણસો આ પ્રસંગને યાદ કરીને રામભાઈની હિંમત અને ગામ માટે કંઈક કરી છૂટવાની ભાવનાને અભિનંદતા જોવા મળે છે. કરણનગર ગામમાં શિક્ષણ, આરોગ્યક્ષેત્ર તેમજ સામાજિકક્ષેત્રે કુરિવાજો નાબૂદ કરવામાં તેમની અગ્રેસર ભૂમિકા રહી હતી. તેમણે ગામના વિકાસ માટે ઘણું દાન આપ્યું છે. મારાં મોટાં બા પૂ. કુંવરબા અને મારી માતાના પ્રેમને ઉદાહૃત કરવા સ્કૂલમાં જેઠાણી-દેરાણીના નામના ઓરડામાં તકતીદાન આપ્યું છે. રંગભૂમિ-સાંસ્કૃતિક હૉલ માટે સ્કૂલમાં માતબર દાન આપેલ છે. કરણનગર હાઈસ્કૂલમાં સ્કૂલના પ્રમુખ શ્રી ધૂરાભાઈ શાહે આપેલ દાનની રકમથી સહેજ ઓછું દાન આપીને પ્રમુખના મોભાને ગૌરવ આપ્યું હતું. પોતે વધુ દાન આપી શકતા હોવા છતાં અન્યની માન-મર્યાદા જાળવી આપણે નાના રહીએ તેવી તેમની ભાવના રહી હતી. ક્યાંય મોટાઈ-અહમ્ રાખતા નહીં. આજીવન નિરભિમાની, શિસ્ત, સત્ય અને સાદગીના આગ્રહી બની રહ્યા હતા. કપડાં પણ સફેદ અને ખાદીનાં પહેરતા. કોઈ પણ સંસ્થામાં હોદ્દા માટે કોઈ માગણી નહિ. પ્રેમથી

## પેઢીનામું



સર્વાનુમતે હોદો આપવામાં આવે તો તે સ્વીકારતા, અન્યથા સંસ્થા માટે પૂરી નિષ્ઠાથી કાર્ય કરતા રહેતા.

મુંબઈના પૂજ્ય ભક્તિપ્રિયસ્વામી કોઠારી સાથે તેમને આત્મીય ભાવ હતો. તેમના મિત્ર અને કંપાઉન્ડર શ્રી કરશનભાઈ પટેલ પૂરી નિષ્ઠાથી ખૂબ સાથ સહકાર આપી દવાખાનું ચલાવતા. કરણનગરના બીજા મિત્રોમાં ફકીરભાઈ લુહાર, મણિભાઈ વ્યાસ, બચુભાઈ નાયી, દ્વારકાદાસ પટેલ, રામભાઈ શિક્ષક વગેરે હતા. આ સૌ સાથે રામભાઈ પ્રેમથી વર્તતા. મેડિકલ ઍસોસિએશનમાં પણ સત્ય અને સ્પષ્ટવક્તા તરીકે તેમની આગવી ઓળખ હતી. જરૂર જણાય ત્યાં પોતાનું સ્પષ્ટ મંતવ્ય રજૂ કરતાં ખચકાતા નહીં.

મારા મોટા ભાઈ ડૉ. રામભાઈનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. મારી પ્રગતિનું સંપૂર્ણ શ્રેય તેમના શિરે રહે છે. મારું જીવનઘડતર કરવામાં તેમજ અમારા સમાજ અને કડીમાં મને પ્રતિષ્ઠા અપાવવામાં તેઓશ્રીનો મોટો ફાળો છે. કુટુંબમાં, સમાજમાં, ગામમાં, જાહેરજીવનમાં, સ્વામિનારાયણ ધર્મ અને અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ વગેરેમાં ઘસાઈને ઊજળા રહીએ એવી રવિશંકર મહારાજ જેવી ઉચ્ચ ભાવના તેમના હૈયામાં અને વ્યવહારમાં મેં સતત અનુભવી છે. તેમનું અક્ષરધામ ગમન પચાવવું મારે મન અઘરું છે. હું ખરે જ નિઃસહાય સ્થિતિમાં મુકાઈ ગયો છું. ભગવાન અક્ષરપુરુષોત્તમ તેમના આત્માને ચિરશાંતિ આપે તેવી પ્રાર્થના. જયશ્રી સ્વામિનારાયણ.


ડૉ. જયંતીભાઈ એમ. પટેલ
મંત્રીશ્રી, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી
54, સરદાર પટેલ સોસાયટી, ભાવપુરા, કડી

E-20, Divine Highland Club House પાસે,
સોલા સાયન્સ સિટિ રોડ, અમદાવાદ
Mo. 8320614065


*ન રાખું આશા કદી કોઈ પાસ,*
*પછી કરે કોણ મને નિરાશ?*
*- રમણલાલ સોની*

૪૧

# પૂજ્ય ભાઈ

**કિરીટ પટેલ**

મારા પિતાશ્રી ડૉ. રામભાઈ પટેલને અમે ભાઈ કહેતા. છેલ્લા કેટલાક મહિનાથી તેમની તબિયત કથળેલી રહેતાં અમને અંદેશો આવી ગયો હતો કે હવે ભાઈ ઝાઝો સમય કાઢશે નહીં, તેથી અમે તેમની સાથે જ રહેતાં. અમે અરસપરસ ભારે હૂંફ અનુભવતા; પરંતુ ભગવાન અક્ષરપુરુષોત્તમની લીલાને આધીન તેમણે 13 મે, 2021ના રોજ આ નશ્વર દેહ છોડ્યો અને અક્ષરધામ નિવાસી થયા. શ્રીજીચરણ થયે આજે પ્રાયઃ ત્રણ માસથી અધિક સમય પસાર થઈ ગયો છે. આજે પણ ખાલીપો અનુભવી રહ્યો છું. તેમને ગુમાવ્યાનો સતત અહેસાસ થયા કરે છે. હું ખરે જ નિઃછત્ર થઈ ગયો છું.

મારા પિતા ડૉ. રામભાઈસાહેબને આપણે સૌ એક ઉમદા સેવાપરાયણ માનવ અને દર્દીઓના હમદર્દ કુશળ ડૉક્ટર તરીકે ઓળખીએ છીએ. આજે મારે વાત કરવી છે. તેમના પિતૃત્વ વિશે. અને આજે જ્યારે હું પણ બે સંતાનોનો પિતા છું ત્યારે અનાયાસ મનોમન અમારા પિતૃત્વની તુલના મારા માનસપટલ ઉપર ઊભરી આવે છે. પરિણામે હું નિખાલસતા સાથે ક્ષોભ અનુભવતાં જણાવું છું કે ક્યાં મારા દૃષ્ટિપૂત પિતા અને ક્યાં હું પરંપરાગત પિતા. મારાં બાળકો સાથેના વ્યવહારમાં હું તેમને નથી અનુસરી શકતો. આ એક હકીકત છે. મારા પિતાએ અમને ત્રણેય ભાઈ-બહેનને ક્યારેય ટોક્યાં નથી. પછી અભ્યાસની બાબત હોય, કઈ લાઇન લેવી તે હોય કે સમાજજીવનની. અમારી ઇચ્છાને હસતા મોઢે સ્વીકારી લેતા. મેં જ્યારે સર્વ વિદ્યાલયમાંથી મૅટ્રિકની પરીક્ષા પાસ કરી ત્યારે કડીમાં સાયન્સ કૉલેજ હોવા છતાં મેં અમદાવાદની એમ. જી. સાયન્સમાં ભણવા જવા માટે ઇચ્છા દર્શાવી ત્યારે તેમણે મને કડીની કૉલેજ અને તેના ઉત્તમ પરિણામ વિશે સમજાવ્યું; પરંતુ કોઈ આદેશ ન આપ્યો કે તારે આમ જ કરવાનું રહેશે. ચર્ચા બાદ મેં અમદાવાદમાં ભણવા જવાનું કહ્યું ત્યારે તેમણે કહ્યું. સારું જાતે જઈને પ્રવેશ મેળવી લો. તેમની અનુમતિ પછી પહેલાં તો ગભરાયો કે કડી બહાર પગ મૂક્યો નથી તો અમદાવાદ જવું કઈ રીતે ? કોને મળવું વગેરે. પરંતુ કડીના મારા એક સિનિયર વિદ્યાર્થીને

સાથે લઈ જઈને પ્રવેશ તથા હૉસ્ટેલનું નક્કી કરીને ઘેર આવ્યો ત્યારે તેમણે રાજીપો અનુભવ્યો હતો. વળી, પાછું એક વર્ષ પૂરું કર્યા બાદ પપ્પાને કહ્યું કે મારે હવે કડીમાં ભણવું છે. ન કોઈ જ અણગમો કે ન ટીકા-ટિપ્પણ. હસતાં-હસતાં સંમતિ આપી. તેમની ઇચ્છા હતી કે હું ડૉક્ટર બનું અને તેમનું દવાખાનું સંભાળી લઉં, પરંતુ મને ગણિત ગમતું હોવાથી 'એ' ગ્રૂપ પસંદ કર્યું. આમ છતાં એક શબ્દ પણ ન કહ્યો કે તેં બી ગ્રૂપ કેમ પસંદ ન કર્યું. સદાયના જેવું સ્મિત વરસાવતા રહ્યા. માત્ર કમનસીબે એફ. વાઈ. બી. એસસી. માં થિયરી પરીક્ષામાં પ્રથમ વર્ગ; પરંતુ પ્રેક્ટિકલમાં અપેક્ષા મુજબ માર્કસ ન આવતાં એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજમાં પ્રવેશ મળવાની શક્યતા ન રહી. મારી તો કફોડી સ્થિતિ થઈ. ભારે મૂંઝવણ અનુભવવા લાગ્યો. રડવા લાગ્યો. મારી ચિંતા તેઓ સમજી ગયા. તેમણે મને કહ્યું કે શા માટે ચિંતા કરે છે ? હું નટુભાઈ ભાણાભાઈ (તત્કાલીન એમ. પી.)ને વાત કરું છું. આપણે બીજી કોઈ કોલેજમાં પ્રવેશ માટે વિચારીએ. બીજા – દિવસે નટુભાઈ અમને બંનેને નડિયાદમાં ધર્મસિંહ દેસાઈના ત્યાં લઈ ગયા. તેમના સુપુત્ર શ્રી હર્ષદભાઈ ડી. ડી. આઈ. ટી.ના પ્રિન્સિપાલ હતા. તેમણે મૅનેજમેન્ટ ક્વૉટાની એક બેઠક કૅમિકલ એન્જિનિયરિંગમાં અભ્યાસ માટે ફાળવી આપતાં મેં આ કૉલેજમાંથી બી. ઈ. (કૅમિકલ એન્જિનિયરિંગ) કર્યું. સુખદ આશ્ચર્ય તો એ કે આ અભ્યાસની મેં કોઈ કલ્પના પણ કરી ન હતી. આજની હરણફાળ પ્રગતિને ધ્યાને લેતાં આ બધું વિધિ નિર્મિત ગણું છું.

બી. ઈ. ની ડિગ્રી ઉચ્ચ ગુણાંક સાથે પાસ કરવા છતાં બે વર્ષ રઝળ્યો, ક્યાંય નોકરી ન મળી. પિતા મારી મદદે આવ્યા. તેમની ભલામણથી ગુજકોમાસોલમાં નોકરી મળી અને શોખથી કરી. ઠીક-ઠીક નવું જ્ઞાન અને ધંધાની આવડત કેળવી. ઉપરી અધિકારીઓની પ્રશંસા પણ પામ્યો. વળી, પાછો વિચાર ઝબક્યો કે ધંધો કરવો જોઈએ. આ વિચાર પપ્પા પાસે રજૂ કર્યો. તેમણે પહેલાંના જેવી જ પ્રસન્નતા સાથે છૂટ આપી અને આ માટે જરૂરી મૂડી પણ આપી. જે કંઈ બચત હતી તે બધી જ આપી. પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી ફૅક્ટરી ચાલુ કરી.

ગ્રાહકો શોધવા, માલ બનાવવો, કાચો માલ મુંબઈથી ખરીદવો, તે બધું ધીરે-ધીરે શીખતો ગયો. બધું જ એડવાન્સ પૈસે ખરીદવાનું ને ઉધારમાં વેચવાનું, ધીરે-ધીરે બધું ગોઠવાતું જતું હતું. જે પ્રોડક્સ હું બનાવતો હતો તેમાં 90% કાચો માલ પરદેશથી ઇમ્પોર્ટ થતો હતો, ત્યારે કસ્ટમ ડ્યૂટી 150% હતી, તો કાચા માલ પર 150% વધારાની કસ્ટમ ડ્યૂટી લાગી માલ આવતો. ત્યારે એક એવો દિવસ આવ્યો કે એક પ્રોડક્ટ બ્રાઝિલથી આવતી તે ખૂબ સસ્તા

ભાવમાં ને તેના ઉપર 150% ડ્યૂટી લાગતી, તે જ ફૅક્ટરીમાં આગ-લાગવાથી માલ મળવો બંધ થઈ ગયો.

કાચો માલ આવતો બંધ થઈ ગયો ને જાપાનનો માલ આવવાનો ચાલુ થયો; પરંતુ તે લગભગ ડબલ ભાવે વેચાતો, તે ભાવે માલ ખરીદી ને માલ બનાવી વેચવો, અશક્ય હતું. તેથી પ્રોડક્ટ બનાવવાનું બંધ કરવાનું થયું. આમ એક વર્ષમાં જ હું મુશ્કેલીમાં મુકાઈ ગયો હતો.

આમ ને આમ 1 મહિનો થઈ ગયો, અને મારી ચિંતાઓ વધતી જતી હતી. પિતાના બધા જ પૈસા ડૂબી રહ્યા હતા, આ સાથે નવું કંઈ કરવા તપાસ કરતો રહેતો; પરંતુ તેમાં બીજા પૈસાનું રોકાણ કરવું પડે, તે પિતા પાસે હતા નહીં, તે હું જાણતો, તેથી પિતા સાથે વાત કરી શકતો નહીં. એક સાંજે વાળું કર્યા પછી અમે બધાં બેઠાં હતાં, ને મને ભાઈએ પૂછ્યું – કિરીટ કેમ મહિનાથી ઢીલોઢીલો ને ચિંતામાં હોય તેમ લાગે છે ? અચાનક જ આ વાત સાંભળતાં હું તો ગભરાઈ ગયો ! હવે શું જવાબ આપવો ! પરંતુ મનમાં પ્રમુખસ્વામી મહારાજનું નામસ્મરણ કરતાં જ હિંમત આવી ગઈ અને મેં માંડીને બધી જ વાત દિલથી કરી દીધી. તેમણે શાંતિથી વચ્ચે કોઈ કૉમેન્ટ વગર વાત સાંભળી અને પ્રમુખસ્વામી મહારાજ બધું સારુ કરી દેશે એવી ટાઢસ બંધાવી. 2-3 દિવસ પછી એક દિવસ બપોરે મને બોલાવ્યો ને કહ્યું બધી ચિંતાઓ છોડ અને ફૅક્ટરી બંધ કરવી હોય તો બંધ કરી દે. તને કોઈ સારી જગ્યા શોધીને ગોઠવી દઈશું, ટીચિંગ ગમે તો આપણી સ્કૂલ કે કૉલેજમાં મૂકી દઈશું. આ સાંભળી હું તો વિચારતો થઈ ગયો. તેમની આ વાત સાંભળી મને દુઃખ થયું કે તેમની કમાએલી બધી જ મૂડી મેં ફૅક્ટરીમાં રોકી હતી તે ખતમ થઈ જશે, કેમ કે કૅમિકલ્સ યુનિટ વેચવા જાઓ તો, વધુ પૈસા મળે નહીં, ખોટનો જ ધંધો થાય. મેં તેમને જણાવ્યું કે મને એક અઠવાડિયું આપો. આ અઠવાડિયું મેં ખૂબ મુશ્કેલીમાં પસાર કર્યું, ખૂબ ચિંતન પણ કર્યું. ચાલુ ધંધાની દૃષ્ટિએ અને ભાવિ પગલાં વિશે. આખરે નક્કી કર્યું ફૅક્ટરીમાં બીજી પ્રોડક્ટ બનાવવી; પરંતુ ફૅક્ટરી બંધ કરવી નથી. ફૅક્ટરી બંધ કરવાથી મોટી તકલીફો પેદા થશે. ખાસ તો બધી જ મૂડી ડૂબી જશે. તેથી આ મશીનરીમાં બીજી કઈ-કઈ પ્રોડક્ટ બનાવી શકાય તેમજ વેચી



*સર્વ વિદ્યાલય કૅમ્પસ કડીમાં સ્થિત સંસ્કારભવનના નામકરણ, ડૉ. રામભાઈ સંસ્કારભવન પ્રસંગે સાધુ-સંતો, શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબ વગેરે સાથે ડૉ. રામભાઈ પટેલ*

શકાય અને બે પૈસા બચત થાય તેવું કરવું જોઈએ.

એક રાત્રે આખી વાત પપ્પાને કરી અને નવું પાંચ લાખનું રોકાણ કરવું પડશે, તેમ જણાવ્યું. ઘરમાં તો પૈસા હતા નહીં, તે મને ખબર હતી. તેમણે તરત જણાવ્યું કે સારું, કાલે હું બળદેવકાકા (કાલુપુર કૉ. ઑ. બૅંકના ચૅરમૅન)ને ફોન કરીને વાત કરીશ, તું તેમને મળી આવજે. તેમણે બીજા જ દિવસે સવારે વાત કરી અને સંપૂર્ણ પરિસ્થિતિની ખુલ્લા દિલે જણાવી દીધી. બળદેવકાકાને તે પણ કહ્યું કે મને (પોતાને) કૅમિકલ્સમાં કશી ખબર નથી પડતી, તમે તેની વાતો સમજીને 5 લાખની જરૂરિયાત છે તો કાલુપુર બૅંકમાંથી લોન આપશો. હું બીજા દિવસ ખૂબ જ ઉત્સાહ સાથે બળદેવકાકાને મળવા ગયો. બધી વાત શાંતિથી સાંભળી. મૅનેજરને બોલાવીને મારી વાત સમજાવીને મને પાંચ લાખની લોન આપવા સૂચના આપી. આમ મને પિતાશ્રીની કૃપાથી પાંચ લાખ રૂપિયા કાલુપુર બૅંકમાંથી મળ્યા. નવી મશીનરી લાવ્યો ને નવી પ્રોડક્ટ ચાલુ કરી, જે મારે મિત્રોને જ વેચવાની હતી. તેથી વેચાણ માટે મહેનત ન કરવી પડી. વેચાણ તરત ચાલુ થઈ ગયું. જેમ-જેમ માલ બનતો જાય તેમ-તેમ એડવાન્સમાં ઑર્ડર મળતા જતા હતા. આમ એક મોટી તકલીફ દૂર થઈ ને 2 વર્ષમાં ખૂબ સારી પ્રગતિ કરી શક્યો. ત્યાર બાદ નવા-નવા કૅમિકલ્સ બનાવતો ગયો ને જે કમાયો તે તેમાં રોકાણ કરતો ગયો અને ફૅક્ટરીનું પ્રોડક્શન વધારતો ગયો. આજે આ કંપની આખી દુનિયામાં જાણીતી છે. દુનિયાના 50થી વધુ મોટા દેશોમાં કૅમિકલ્સ સપ્લાય કરે છે. અમારી આ કંપની દુનિયાની ચોથા નંબરની કંપની બની છે અને ઇન્ડિયાની આ લાઇનની પહેલા નંબરની કંપની બની ગઈ છે. ઘણાં અવૉર્ડ્સ અને પૅટન્ટો આ કંપની મેળવી ચૂકી છે. પરિણામે તેમના આશીર્વાદથી તેમની ઇચ્છાઓ પ્રમાણે કેળવણી પાછળ ખર્ચાઓ કરી શકીએ છીએ. જનમોજનમ તેમની સાથે જ રહી શકું. આવા ઉમદા પૂજ્ય માતા-પિતા હોવાનું ગૌરવ અનુભવું છું. તેમને મેળવીને હું ધન્ય થઈ ગયો છું.



*કડીના સ્વામિનારાયણ મંદિરમાં મણિનગર ગાદીના પૂ. મુકતજીવનદાસ અને અન્ય સંતોની સાથે ડૉ. રામભાઈ પટેલ....*

આવા પૂજ્યપાદ પિતાશ્રીનું ઋણ જનમોજનમ સુધી પણ ચૂકવી શકીશ નહીં. અને મારા હૃદયની વાત કહું તો મારે ઋણ ચૂકવવું પણ નથી કે જેથી હું જન્મજન્માંતર સુધી તેમની સાથે જ રહી શકું. આજે તેઓશ્રી સદેહે નથી,

છતાં તેમનાં આચાર-વિચાર જ મને પ્રેરતા રહે છે. તેમના ઓરડામાં જાઉં છું ત્યારે તેમની અગોચર હાજરી અનુભવું છું. જાણે કે મને હસતાં-હસતાં કહે છે કે કિરીટ! તારે સ્વધર્મનું પાલન કરવું, એ જ કલ્યાણપથ છે. 'ભગવદ્ગીતા'માં કહ્યું છે કે 'સ્વે સ્વે કર્મણ્યભિરતઃ સંસિદ્ધિ લભતે નરઃ' અર્થાત્ પોતપોતાના કર્મમાં પ્રસન્નતા સાથે લાગેલો પુરુષ ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

આપણા મહાકવિ ન્હાનાલાલના શબ્દોમાં મારા પિતા એટલે –

**"છાયા તો વડલા જેવી, ભાવ તો નદના સમ;**
**દેવોના ધામના જેવું હૈડું જાણે હિમાલય."**

**- કિરીટભાઈ આર. પટેલ**
મંત્રીશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી
18, ગ્રીન ફિલ્ડ સોસાયટી
સત્વ વિકાસ સ્કૂલ અને રૉકેટ એકેડેમી પાસે,
સિંધુભવન રોડ, અશ્વ વીલા બંગ્લોઝ સામે,
થલતેજ, અમદાવાદ-380054
મો. 9825031692

૪૨

# ત્વમેવ સર્વં મમ દેવદેવ

**પ્રદીપ પટેલ**

ભગવાન કૃષ્ણએ 'શ્રીમદ્‌ભગવદ્‌ગીતા'માં આત્માની અમરતા વિશે શીખ આપતાં અર્જુનને કહ્યું છે કે 'જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ... ન ત્વં શોચિતુમર્હસિ' અર્થાત્‌ જન્મેલાનું મૃત્યુ અને મરેલાનો જન્મ નિશ્ચિત છે, તેથી આ ઉપાય વિનાના વિષયમાં શોક કરવો ઉચિત નથી'; પરંતુ આ શીખ મને કેમેય ગળે ઊતરતી નથી, કારણ કે સ્વજનના અવસાનથી શોક થવો એ સ્વભાવિક છે. આ સંદર્ભે સુરેશ જોશીની વાત "કોઈ પણ ઉંમરે પિતા જાય છે જ્યારે માથા પરથી છાપરું નહિ પણ આકાશ ઊડી ગયું હોય એવો અનુભવ થાય છે. પિતા જોડે ત્યારે ચિતાનો પ્રાસ મળે છે ત્યારે જીવનની પંકિત પ્રાણવિહોણી થઈ જાય છે" મને વધુ વ્યવહારું અને વાસ્તવિક જણાય છે. મારા પિતા કે જેમને અમે ત્રણેય ભાઈ-બહેન 'ભાઈ' કહેતા તેમનું તા. 13 મે, 2021ના રોજ અવસાન થતાં જ હું ભારે વિષાદગ્રસ્ત થઈ ગયો હતો. તેમની ઊર્ધ્વલોકની યાત્રાથી મારું સર્વસ્વ હણાઈ ગયું. અમારા પરિવારનું પ્રાણતત્ત્વ ઊડી જવાથી અમે ખરે જ જીવનમાં ખાલીપો અનુભવવા લાગ્યાં હતાં.



*પૂ. પ્રમુખસ્વામી મહારાજનાં દર્શનાર્થે*
*ચિ. કિરીટભાઈ અને ચિ. પ્રદીપભાઈ*

મારા પિતા વ્યવસાયે એમ.બી.બી.એસ. થયેલા ડૉક્ટર. તેમણે કુમળી વયે પિતા ગુમાવેલા હોવાથી જીવનની તડકી-છાંયડી વેઠી હતી. વળી બાલ્યવયથી જ સ્વામિનારાયણીય સંસ્કારોથી રંગાતા ગયા, મેડિકલ શિક્ષણ દરમિયાન યોગીજી મહારાજના ગાઢ પરિચયમાં આવ્યા અને છેલ્લે બ્રહ્મલીન પ્રમુખસ્વામી મહારાજના વિશેષ પ્રીતિપાત્ર શિષ્ય બની રહેતાં સ્વામિનારાયણીય જીવનશૈલી તેમના જીવનનો હિસ્સો બની ગઈ હતી. વ્યવસાયે ડૉક્ટર ખરા, પરંતુ ધન

એકઠું કરવાની લાલચમાંથી સદાય અલિપ્ત રહ્યા હતા. મારા અભ્યાસકાળ દરમિયાન નવરાશના સમયમાં અમસ્તો દવાખાને જતો રહેતો ત્યારે મેં પ્રત્યક્ષ જોયું છે કે ઘણી વાર દર્દીની સામાન્ય સ્થિતિ જોઈને જ ઓછો ચાર્જ કરતા કે ક્વચિત્ ફી પણ માગતા નહીં. સેવાભાવના તેમની પ્રકૃતિ બની ગઈ હતી. વળી, ખાસ તો કોઈ શરદી કે સામાન્ય તાવની દવા લેવા માટે આવે તો તેને દવા/ઇન્જેકશન વગેરે ન આપતાં ઘેર જઈને સાદા ઉપચાર કરવાની શીખ આપતા. અરે અમને પરિવારજનોને પણ બે-ત્રણ દિવસ શરદી સહન કરવાનું કહેતા. દવા ન જ આપે. પછી, મારી બા અમને અમારા ડૉ. જયંતીકાકાને ત્યાં દવા લેવા મોકલી આપે. એકાદ વખતે બાજુના ગામના કોઈ ભુવાજી દવા લેવા આવ્યા હતા. તેમને કોઈ ભારે બીમારી ન હતી. પોતે ભુવા-ભોપામાં માને નહીં, એટલે ભુવાજીનો જે ઊધડો લીધો છે તે જોઈને તો હું છક જ થઈ ગયો હતો. કહે કે, 'ભુવાજી તમે ગામમાં સૌનાં દુઃખ દૂર કરો છો તો તમે જ તમારી દવા કરોને ? ક્યાં સુધી અંધવિશ્વાસનું ગાડું ચલાવી રાખશો ? હું નાનો હતો ત્યારથી જ કાળીચૌદશે સ્મશાનમાં જતો અને ભૂતોને બોલાવતો છતાં કોઈ ભૂત મને વળગ્યું ન હતું. હવે, તમારે લોકોને અંધવિશ્વાસમાંથી બહાર કાઢવાનું કામ કરવું જોઈએ'. ભુવાજીને સમજાવીને - રાજી કરીને દવા આપીને મોકલ્યા હતા.



*શ્રી ડાહ્યાભાઈ પટેલ, ડૉ. રામભાઈ પટેલ અને શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબ*

અમે એ પણ અનુભવ્યું છે કે મારા 'ભાઈ' આચાર-વિચારમાં એકરૂપ હતા. તેમની કથની અને કરણી એકસમાન રહ્યાં હતાં. તેઓ જેમ ભુવા-ભોપામાં ન માનતા, તેમ કોઈ સારા પ્રસંગ - લગ્ન ઇત્યાદિ પ્રસંગે મુહૂર્ત, જાપ વગેરેમાં પણ માનતા ન હતા. મારા મોટાભાઈ કે મારાં લગ્ન માટે વણ જોયું મુહૂર્ત રવિવાર પ્રસંદ કરતા તેમજ ગૃહશાંતિ વગેરે યજ્ઞ-યજ્ઞાદિ જેવું કશું જ રાખતા નહીં કે કોઈ વિધિ માટે બ્રાહ્મણને પણ



*સર્વ વિદ્યાલય કેમ્પસ કડીમાં સ્થિત સંસ્કારભવનના નામકરણ 'ડૉ. રામભાઈ સંસ્કારભવન' પ્રસંગે સાધુ-સંતો, શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબ વગેરે સાથે ડૉ. રામભાઈ પટેલ*

બોલાવતા નહીં.

મેડિકલ એથિકસના પાલનથી સાથે વ્યવહારજીવનમાં પણ નૈતિકમૂલ્યોનું ચુસ્ત પાલન કરતા રહ્યા હતા. આ સંબંધી બે ઉદાહરણો પર્યાપ્ત થઈ પડશે કે જે મારા સાથે સંકળાયેલાં છે. ગણિતશાસ્ત્ર સાથે બી.એસસી. થયા બાદ મારી રુચિ જોઈને તેમણે મને ઑઇલ મિલના ભાગીદારીના ધંધામાં જોડેલો. સમયાન્તરે તેલની કિંમતમાં ઘટાડો થતાં નુકસાની પડવા લાગી. આ ધંધામાં ટકી રહેવા માટે ભેળસેળ કરવાની પરિસ્થિતિ પેદા થઈ, તેમજ ખોળમાં કપાસનાં ઠાલિયાં ભેળવવાં કે વીજળીનું બિલ ઓછું આવે તે માટે અનીતિ આચરવી વગેરે. આમ કરવા માટે પૂ. ભાઈની રજામંદી મેળવવા જાણ કરતાં તેમણે મને રોકડું જ પરખાવી દીધું કે પ્રદીપ, આ ધંધો આપણાથી ન થઈ શકે. ભલે નુકસાની વેઠવી પડતી. મેં મારા ભાઈની આજ્ઞા માથે ચઢાવીને આ ધંધામાંથી હું બહાર નીકળી ગયો હતો. આ પછી હું બાંધકામના ધંધામાં જોડાયો. પ્રારંભમાં થોડાંક વર્ષો શ્રી જી. જી. પટેલ સાથે ભાગીદારીમાં કામ કર્યું. શ્રી જી. જી. તરફથી મને ભારે પ્રોત્સાહન મળતાં હું ઘડાયો પણ ખરો. આ મહત્ત્વપૂર્ણ હૂંફ માટે જી. જી.નો ઋણી છું. સમયાંતરે અમે સ્વતંત્ર રીતે આ વ્યવસાય કરી રહ્યા છીએ. સ્વતંત્ર રીતે કામકાજ શરૂ કર્યા બાદ કડી નાગરિક સહકારી બૅંકમાંથી મેં આ હેતુ રૂપિયા 70 લાખની લોન લીધી હતી. ધંધો પણ સરસ ચાલતો હતો. આ સમયગાળામાં રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયા દ્વારા કેટલાંક કડક નિયંત્રણો લાદવામાં આવ્યાં હતાં. આ પૈકી મને જે અસર કરી ગયેલું. નિયંત્રણ એ હતું કે બૅંકના ડિરેક્ટર/હોદ્દેદારના કોઈ સગાં-સંબંધી બૅંકમાંથી લોન ન લઈ શકે. મેં આ નિયંત્રણ પૂર્વે લોન લીધી હતી. તત્કાલીન સમયે મારા ભાઈ બૅંકમાં વાઇસ પ્રેસિડેન્ટ હતા. તેમણે સ્વેચ્છાએ જ રાજીનામું આપવાનો પ્રસ્તાવ મને જણાવ્યો; પરંતુ તેમને તેમ ન કરવા દેતાં અમે બૅંકની લોનની રકમ ભરપાઈ કરવાનું વધારે મુનાસિબ માન્યું અને તેમ કર્યું પણ ખરું. આ છે મારા પિતાનું ખમીર અને ચારિત્ર્ય. તેઓશ્રી જેવા શ્વેતવસ્ત્રધારી હતા તેવા જ આચાર-વિચારમાં પણ નિર્દંભ અને ચારિત્ર્યશીલ હતા. ખાદી અને સર્વોદયની ભાવનાને તેમણે સાચા અર્થમાં અપનાવી હતી.


અમારા 'ભાઈ' અમે સૌ ભાઈ-બહેનની રુચિ અનુસારના વિદ્યાશાખાના અભ્યાસ માટે પ્રોત્સાહિત કરતા. પોતે ડૉક્ટર હોવા છતાં અમારામાંથી કોઈ ડૉક્ટર બને તેવો આગ્રહ રાખ્યો ન હતો. મારા મોટાભાઈ શ્રી કિરીટભાઈએ વિજ્ઞાનપ્રવાહનું ધોરણ-12 બી ગ્રૂપ સાથે પાસ કર્યું હોવા છતાં તેમની ઇચ્છા મુજબ કેમિકલ એન્જિનિયરિંગમાં અભ્યાસ કરવાની સહમતિ આપી હતી. તેમણે ઇચ્છ્યું હોત તો બહારના રાજ્યમાં ડોનેશન આપીને ડૉક્ટર બનવા માટે

દબાણ કરી શક્યા હોત, પણ તેમ ન કર્યું. મેં 'એ' ગ્રૂપ સાથે ધોરણ-12 પાસ કરતાં સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. કમનસીબે નાપાસ થતાં મને ભણવામાં ધ્યાન આપવાનું સમજાવીને માણસાની સાયન્સ કૉલેજમાં પ્રવેશ અપાવ્યો. અહીં એફ.વાય.બી.એસસી.માં પ્રથમ વર્ગ મેળવતાં પુનઃ અમદાવાદની સી. યુ. શાહ સાયન્સ કૉલેજમાં બાકીનાં બે વર્ષ અભ્યાસ કરવાની તક પૂરી પાડી હતી. આ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ એમ.એસસી. કરવું કે કેમ ? તે અંગે મારી સાથે ચર્ચા-વિચારણા કરીને મારી રુચિ/ઇચ્છા અનુસાર મને ધંધામાં જોડાવા માટે જરૂરી સગવડો કરી આપી. આગળ ઉપર ઉલ્લેખ કર્યા મુજબ શ્રી જી. જી. પટેલ સાથેની ભાગીદારીમાંથી અલગ થયા બાદ સમયાંતરે હાઉસિંગની સ્કીમ મૂકવા માટે મારે રૂપિયા પાંચ કરોડની જરૂરિયાત રહેશે તેવી સંભાવના હતી. આ માટે મેં મારી યોજના વિશે 'ભાઈ'ને વિસ્તારથી વાત કરી હતી. તેઓશ્રી મને શ્રી ડાહ્યાભાઈ પટેલ (રાજા ઇન્ડસ્ટ્રિઝ) પાસે લઈ ગયા અને તેમને કહ્યું કે પ્રદીપ નવી સ્કીમ મૂકવા માંગે છે, તેને સંભવ છે કે રૂપિયા પાંચ કરોડની જરૂરિયાત પડે તો આપશ્રી તેને આપશો. મારા આશ્ચર્ય વચ્ચે શ્રી ડાહ્યાભાઈએ કોઈ પણ જાતની પૃચ્છા કર્યા સિવાય અને ક્ષણનોય વિલંબ કર્યા સિવાય હા કહી દીધી હતી. આ ઘટનાથી હું ન કેવળ સ્તબ્ધ થઈ ગયો, પણ મારા ભાઈ ડૉ. રામભાઈ એટલે શું ? તેનું મને ભાન થયું. મારા ભાઈની શાખથી ન કેવળ મારા ભાઈને મનોમન વંદન કર્યાં; પરંતુ આ સાથે જ શ્રદ્ધેય મુરબ્બી શ્રી ડાહ્યાભાઈને પણ વંદન કર્યાં. આ સાથે જ પેલી સુપ્રસિદ્ધ સંસ્કૃત સૂકિત "ઉદારચરિતાનાં તુ વસુધૈવ કુટુમ્બકમ" 'ઉદારચરિત્ર ધરાવતી વ્યક્તિઓ માટે આખી પૃથ્વી જ કુટુંબ છે.' સાકાર થતી અનુભવી. જોકે આ સાથે જ ઉલ્લેખ કરવો રહ્યો કે મારી સ્કીમ એટલી સરસ ઊપડી ગઈ કે મારે મુરબ્બી શ્રી ડાહ્યાભાઈ પાસેથી પૈસા લેવાની જરૂર જ ન પડી. આમ, ભાઈ પ્રસંગોપાત્ત જરૂર પડે અમારી પડખે ઊભા રહીને અમને પ્રોત્સાહિત કરતા રહ્યા હતા. આમ છતાં અમને કહેતા રહેતા કે સદાચાર અને નીતિને સતત નજરસમક્ષ રાખીને કામ કરશો તો સ્વામિનારાયણ બાપા જરૂર રાજી રહેશે. મારા ભાઈ વિશેની એક બીજી વિશેષતાનો પણ મારે ઉલ્લેખ કરવો રહે કે તેઓશ્રી માનવમાત્રમાં અતૂટ વિશ્વાસ ધરાવતા. કદાપિ કોઈનેય શંકાની નજરે જોતા ન હતા. તેમના મિત્ર અને દવાખાનાના કંપાઉન્ડર શ્રી કરસનકાકા ઉપર તેમનો ભારે મોટો વિશ્વાસ. દરદીઓને તપાસીને નિયત ફીની રકમ પોતે ન લેતા આ કામ કરસનભાઈને સોંપેલું. એટલું જ નહિ; પરંતુ દિવસના અંતે જે કંઈ રકમ એકઠી થઈ હોય તે બધી જ અમારા ઘરની તિજોરીમાં કરસનકાકા જાતે જ મૂકી દેતા અને તેની ચાવી પણ તેમની પાસે જ રાખવાની સૂચના

ભાઈએ તેમને આપી હતી. કદાચ આપ કોઈ માનશો નહીં; પરંતુ હકીકત છે કે અમારે પાંચ-પચીસ રૂપિયાની જરૂર પડે ત્યારે અમારે કરસનકાકા પાસેથી લેવાના રહેતા. અમે કદીયે સાંભળ્યું નથી કે ભાઈએ કરસનકાકાને પૂછ્યું હોય કે આજે કેટલા પૈસા આવ્યા કે તિજોરીમાં કેટલા જમા છે વગેરે-વગેરે. કરસનકાકાની સાથે જ તેમના દવાખાનામાં કામ કરતાં અન્ય સૌ ભાઈ-બહેનો પ્રતિ પણ સદ્‌ભાવ ધરાવે અને તેમની નાની-મોટી જરૂરિયાતોની પૂર્તિ પરિવારના વડા તરીકે પ્રસન્નતા સાથે કરી દેતા તેમને જોયા છે અને તે પણ સહજતાથી. કોઈ કર્મચારીને આજીજી કરવાની કે ફરી યાદ અપાવવાની જરૂરત જ ન પડતી.

આવા ઉદારચરિત પૂજ્ય ભાઈ હતા. નિખાલસતા સાથે કહું છું કે હું મારા ભાઈના ચીલે ચાલી શકું તેમ નથી. અલબત્ત, ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થના કરું છું કે મારા ભાઈના આદર્શો અને આચરણના પંથે પ્રવૃત્ત કરવા મને સતત પ્રેરણા પૂરી પાડે અને શક્તિ આપે. જય સ્વામિનારાયણ.

**- પ્રદીપ આર. પટેલ**
સી-9 ડિવાઇન હાઇલૅન્ડ
શ્રી વૃંદાવન વીલા-5ની પાસે,
સાયન્સ સિટિરોડ, સોલા, અમદાવાદ-380060
મો. 9825414707



*કડીના નિવાસસ્થાને પૂ. પ્રમુખસ્વામી મહારાજના આગમન સમયે*
*ડૉ. રામભાઈ, ચિ. કિરીટ, ચિ. પ્રદીપ અને પરિવારજનોની ઉપસ્થિતિ*

૪૩

# મારા પિતાશ્રીઃ એક સંત પુરુષ

**પ્રવીણા પટેલ**

અમે ત્રણ ભાઈ-બહેન. મોટા ભાઈ કિરીટભાઈ, ત્યાર બાદ પ્રદીપભાઈ અને હું – પ્રવીણા. અમારા કુટુંબમાં સૌથી નાની અને એકમાત્ર દીકરી એટલે સૌની લાડકી. છતાં, મારા પિતાની – અમે અમારા પિતાને 'ભાઈ'થી બોલાવતાં તેથી ભાઈની તો ખાસ વહાલસોયી. માતા-પિતાને પોતાનાં સૌ સંતાનો વહાલાં હોય જ; પરંતુ અમારા ઘરની એક ખાનગી વાત કહું તો મારા મોટા ભાઈ કિરીટભાઈ મારાં દાદીમા કુંવરબાને ખૂબ જ વહાલા, જ્યારે પ્રદીપભાઈ મારી બાના વહાલા અને હું મારા ભાઈની વહાલી. આ ત્રણેયનો મમત્વપૂર્ણ પક્ષપાત દેખાઈ જ આવે. આ કોઈનેય પોતાના વહાલુડાનો દોષ દેખાય જ નહીં. હંમેશાં સામેનામાં જ દોષની આંગળી ચીંધે. મારાં દાદીમા અને બા તો જોયા-તપાસ્યા સિવાય મારા – પ્રવીણા તરફ જ આંગળી ચીંધે, ત્યારે મારા ભાઈ મારો પક્ષ લે જ. મારા બંને ભાઈઓને કોઈ ખાસ જરૂરિયાત હોય ત્યારે તેઓ તેમના વકીલને જણાવે એટલે બધું ઇચ્છા મુજબ થઈ જાય. જ્યારે હું તો સીધી જ ભાઈને જણાવતી. જોકે, અમે ત્રણેય ભાઈ-બહેન ભાઈ પાસે કોઈ બીક કે ગભરાટ સિવાય સરળતાથી વાત કરી શકતાં. ભાઈએ મારી બા સાથે કે અમ ભાઈ-બહેન સાથે ક્યારેય ઊંચા કે કઠોર અવાજમાં વાત કરી હોય તેવું મારી સ્મૃતિમાં નથી. સદાય હસતા ચહેરે જ વાત કરવાનું-સમજાવવાનું રાખતા. તેમનો મૃદુસ્વભાવ અમને જ નહીં; પરંતુ તેમના સંપર્કમાં આવેલાં સૌ કોઈને – દર્દી સુધ્ધાંને સ્પર્શી જતો. સાચું કહું તો તેમના આચાર-વિચાર અને તેમનું સાદગીપૂર્ણ જીવન જ અમારી સંસ્કાર-શાળા બની રહી હતી. તેઓશ્રી હંમેશાં સફેદ ખાદીના પોશાકમાં જ હોય. ખાદીની ભાવના જેવું તેમનું સાદગીપૂર્ણ જીવન હતું.



*ચારધામની યાત્રામાં ડૉ. રામભાઈ પટેલ અને શ્રીમતી ગોમતીબેન પટેલ*

ભાઈ સ્વભાવથી સૌમ્ય અને વિનયશીલ, છતાં મક્કમ મનના માનવી હતા. તેઓશ્રી ભૂત-પલિત કે કર્મકાંડમાં કોઈ વિશ્વાસ રાખતા નહીં. એક ડૉક્ટર તરીકે આ વાત સૌને ગળે ઉતારવા પ્રયાસ કરતા. ખાસ કરીને કોઈ ગામમાં વિઝિટ માટે જાય ત્યારે ગ્રામજનોને આ વિશે શાંતિથી સમજાવતા અને કહેતા હતા કે હું ભણતો હતો ત્યારે ગામમાં આવતા બાવા તથા મદારીઓની વાતોમાં વિશ્વાસ ન રાખવા સૌને કહેતો. સ્મશાનમાં ભૂત રહે છે તે બધી વાતો ખોટી છે. હું તો રાત્રે પણ સ્મશાનમાં જતો. તેમ જણાવીને સૌને ગળે ઉતારતા. અરે ! અમારા કુટુંબમાં કોઈ શુભપ્રસંગ માટે મુહૂર્ત કે સારો દિવસ જોવામાં પણ માનતા નહીં. મારા ભાઈઓનાં લગ્ન માટે તેમણે મુહૂર્ત જોવડાવ્યું જ ન હતું. રવિવારને શુભદિવસ જ ગણીને લગ્નદિવસ નક્કી કરતા અને તે એટલા માટે કે જાહેરરજાના કારણે સૌ કોઈને અનુકૂળ પડે. સૌ સરળતાથી પ્રસંગમાં હાજરી આપી શકે તેવી તેમની ઉમદા ભાવના હતી. ગણેશસ્થાપન, ગ્રહશાંતિ કે મંડપ માટે ગોરમહારાજને પણ બોલાવ્યા નથી. અમારી દાદીમાના હાથે મીંઢળ બંધાવીને જાન લઈને જતા અને જાન પરત થયે અમારી દાદીમા જ મીંઢળ છોડી લેતાં. રવિવારના મુહૂર્તમાં વેવાઈપક્ષે કહેવામાં આવ્યું હતું કે આ દિવસે લગ્ન લઈશું તો તમારે આટલા જપ કરાવવા પડશે તે સાંભળી લઈને હા કહી દેતા; પરંતુ ક્યારેય કોઈ જપ કરાવ્યા નથી. જોકે, મારાં લગ્નપ્રસંગે સામાપક્ષની લાગણી અને ઇચ્છાને ધ્યાને લઈને ગોરમહારાજને બોલાવીને વિધિવત લગ્ન કરાવ્યાં હતાં. આ વિશે તક મળે મેં જ ભાઈને પૂછી લીધું હતું કે આમ કેમ ? ત્યારે ભાઈએ મને સમજાવ્યું હતું કે તારે બીજા ઘેર જવાનું છે, તેથી સામાપક્ષની ભાવનાને દુ:ખ ન પહોંચે તે મારે જોવું જોઈએ.



*પૂ. કુંવરબા સાથે શ્રીમતી ગોમતીબહેન, શ્રીમતી નીરૂબહેન, શ્રીમતી મીતાબહેન અને ચિ. પ્રવીણાબહેન.*

પપ્પાને ગામડે કે કડી કે ગાંધીનગરના સર્વ વિદ્યાલય કે અક્ષરધામ મંદિરમાં કોઈ પ્રોગ્રામ માટે પ્રસંગોપાત્ત જવાનું થતું રહેતું. આ બધા કાર્યક્રમોમાં શક્ય હોય ત્યાં સુધી અમને ત્રણેય ભાઈ-બહેનને સાથે લઈ જતા હોવાથી અમને ઘણુંબધું શીખવા મળ્યું છે. અમે નાનાં હતાં ત્યારે બહાર જવું ગમતું; પરંતુ અત્યારે અમારી ઘર-ગૃહસ્થીમાં સેટ થયાં છીએ ત્યારે ભાઈની આ ટેવ વિશે વિચારું છું ત્યારે તેમની અનુસરવા જેવી આ ટેવથી પ્રભાવિત થઈ મનોમન તેમને

વંદન કરું છું. તેમની આ સારી ટેવનું અમે પણ પાલન કરતાં રહીએ છીએ.

મને યાદ છે કે અમે નાનાં હતાં ત્યારે કોઈ વાતમાં ટોકતા નહીં. અમારે જે કંઈ કરવું હોય તે કરવા દેતા. પછી તે ખોટી વસ્તુ હોય તોપણ. તે માનતા કે સૌ અનુભવથી શીખે તે વધારે સારું. થોડાઘણા પૈસા બગડે, પણ અનુભવથી શીખવાથી ઘણા ફાયદા થતા હોય છે. મારાં બાળકો થયાં ત્યારે ખબર પડી કે પપ્પા કેટલું મગજ શાંત રાખીને અમારી સાથે વર્તન કરતા હતા? જ્યારે હું તો નાની-નાની બાબતોમાં બાળકોને ટોકતી રહું ત્યારે અચાનક પપ્પા યાદ આવી જાય અને હું ટોકવામાં આગળ વધતી અટકી જાઉં છું.

મને રાત્રે સૂતાં સમયે રેડિયોમાં જૂનાં ગીતો સાંભળવાની ટેવ. એ સમયે રેડિયો પાવરવાળો હતો. પપ્પાને સવારે સમાચાર સાંભળવાની ટેવ. ત્યારે ટી.વી. આવ્યું ન હતું. સવારે હું સૂતી હોઉં ત્યારે રેડિયો મારી પાસેથી લઈ જાય. મારાથી રેડિયો ચાલુ જ હોય ને હું સૂઈ ગઈ હોઉં, પણ કોઈ દિવસ ગુસ્સાથી મને કીધું નથી કે રેડિયો બંધ કરવાનું કેમ રોજ ભૂલી જાય છે? શાંતિથી કહેતા કે આજે પણ રેડિયો ચાલુ હતો હોં! ને અમે બન્ને હસી પડતાં.



પોતાનાં વાણી અને વર્તનથી કોઈનેય ખોટું લાગી ન જાય તે તો તેમના સ્વભાવ સાથે વણાઈ ગયેલી બાબત રહી હતી. કોઈનેય કોઈ તસ્દી ન પડે તેની પણ ખાસ કાળજી લેતા. આશ્ચર્યકારક બાબત તો એ છે કે મારાં દાદીમા કુંવરબા રાત્રે 12 વાગે દેહ છોડી અક્ષરધામમાં ગયાં ત્યારે મારા કાકા ડૉ. જયંતીકાકા એક જ સોસાયટીમાં રહેતા હોવા છતાં તેમને કે મારા બંને ભાઈઓ અમદાવાદ રહેતા હતા તેમને રાત્રે જાણ જ ન કરી. શા માટે કોઈને તકલીફ આપવી? આ સૌને સવારે જ જાણ કરી હતી. તેમના અવસાન નિમિત્તે કોઈ જ લૌકિક ક્રિયા કરી ન હતી. આ સંદર્ભે કોઈ શું કહેશે તેની લગીરે ચિંતા કરતા નહીં. પોતે માનતા કે કુરિવાજોની નાબૂદી વાતોથી નહીં; પરંતુ પોતાના વ્યવહારથી જ થઈ શકે. સમાજના હિતમાં જે વાત હોય તે સહજતાથી સ્વીકારી લેતા. અમારા ગામમાં શાળાનું મકાન બાંધવા સંદર્ભે મડાગાંઠ પેદા થતાં અમારા કુટુંબીજનોના વિરોધ વચ્ચે પણ તેમણે સામાપક્ષની વાત સ્વીકારી લઈને દાન આપ્યું હતું. તેમણે એક ડૉક્ટર તરીકે પૈસા તરફ નજર ન રાખતાં ગરીબ દર્દીઓની સેવા નહિવત્ ચાર્જ કે મફતમાં કરવાનું રાખ્યું હતું. અમે ત્રણેય

ભાઈ-બહેનને સેવાપરાયણ બની રહેવાની તેમજ ખોટ સહન કરીનેય પણ સંબંધ ન બગડે તેની કાળજી રાખવા શીખ આપતા. આમ તો ભાઈ સ્વામિનારાયણી. પ્રમુખસ્વામીના પરમ ભક્ત. શિક્ષાપત્રીની સાથે-સાથે ગીતા પણ વાંચતા. ગીતામંત્ર 'નહિ કલ્યાણકૃત્કશ્ચિદ્ દુર્ગતિં તાત ગચ્છતિ' અર્થાત્ સત્કાર્ય કરનાર મનુષ્ય દુર્ગતિ પામતો નથી' અમને વિવિધ ઉદાહરણો સાથે ખાસ સમજાવતા. તેમની આ શીખ અમારા હૈયે લાગી ગઈ છે.

મારા ભાઈનો એક મોટો ગુણ તે તેઓશ્રી સાચા અર્થમાં પુસ્તકપ્રેમી હતા. સારા વાચક હતા. તેમના દવાખાનામાં એક રૂમમાં લાઇબ્રેરી બનાવી હતી. રવિવારે પોતાની લાઇબ્રેરીમાં જઈને વાંચતા. દર્શક, કનૈયાલાલ મુનશી, પન્નાલાલ પટેલ, પીતાંબર પટેલ, કુંદનિકા કાપડિયા વગેરેનું ઘણું સાહિત્ય તેમણે વાંચી લીધું હતું. કેટલાંક સામયિકો પણ મંગાવતા. ભાઈનો વાંચનશોખ વિષયવૈવિધ્યથી સભર હતો, આમ છતાં વિવિધક્ષેત્રોના પ્રતિભાપુરુષોનાં જીવનચરિત્રોને પ્રાથમિકતા આપતા રહ્યા હતા. અમને પણ જીવનચરિત્રો કેમ વાંચવાં જોઈએ તે સમજાવતા અને જીવનચરિત્રોનું વાંચન કરવા કહેતા. પુસ્તકો ખરીદીને જ વાંચવાની ટેવ હતી. પુસ્તક વંચાઈ ગયા પછી મિત્રો/પરિચિતો વાંચવા ઇચ્છે તો ભેટ તરીકે આપી દેતા. મારે વિનમ્રતા સાથે નોંધવું રહ્યું કે ભાઈનો વાંચન-વારસો મને મળ્યો છે.

એક લોકપ્રિય અને ધીકતી પ્રેક્ટિસ ધરાવનાર ડૉક્ટર હોવા છતાં તેમનો વાંચનરસ ઘણો સારો. 'ગમતાંનો કરીએ ગુલાલ, તેને ગુંજે ન ભરીએ'ની સૂક્તિને સાર્થક કરતાં સાંજના ભોજન બાદ અમને ત્રણેય ભાઈ-બહેનને બોધપ્રદ વાર્તાઓ સંભળાવે. પોતે શું-શું વાંચે છે, ગુજરાતી ભાષામાં કયા કયા નવલકથાકારો, વાર્તાકારો છે તે વિશે તેમજ રામાયણ-મહાભારત અને પુરાણોની વાતો બાળભોગ્ય શૈલીમાં અમને સમજાવે. સર્વ વિદ્યાલય, કડીમાં અભ્યાસ દરમિયાનના પોતાના શિક્ષક – ગુરુવર્ય મોહનલાલ સાહેબ એક સારા લઘુકથાકાર, વાર્તાકાર અને નવલકથાકાર છે તે તથા સર્વ વિદ્યાલયના આચાર્યશ્રી નાથાભાઈ દેસાઈ સાહેબ, કલોલમાં અભ્યાસ દરમિયાનના શિક્ષક શ્રી દાઉદભાઈ ઘાંચીસાહેબ વગેરે કેવા વિદ્યાર્થીવત્સલ શિક્ષકો હતા તેમની તેમજ તેમના અભ્યાસકાળનાં સંસ્મરણો અમને જણાવતા રહીને અમારે શાળામાં કેવી રીતે વર્તવું તે શીખવવાની સાથે અમારા અભ્યાસ માટે પ્રોત્સાહિત કરતા રહેતા હતા. ખાસ નોંધવા જેવી બાબત તો એ છે કે અમે જ્યારે મોટાં થયાં, અમારી ઘર-ગૃહસ્થીમાં સેટ થઈ ગયાં ત્યારે અમારાં બાળકોને પણ સરસ વાર્તાઓ કહેતા. વાર્તાઓ કહેવાની સાથે-સાથે બાળકોમાં વાંચનપ્રીતિ વધે તે હેતુસર બાળકો પાસે પોતે પસંદ કરેલી વાર્તાઓ વંચાવતા પણ ખરા, જેમ કે 'અખંડઆનંદ'માં પ્રગટ થતી શ્રેણી 'ગૃહગંગાના તીરે' અને 'ભૂમિપુત્ર'ના છેલ્લા પાને આવતી હરિશ્ચંદ્રની વાત વગેરે. આ બધાં

બાળકો પણ રાત્રે દાદા પાસે વાર્તા સાંભળતાં-સાંભળતાં સૂઈ જતાં. આટલું જ નહીં બાળકો પણ તેમની સાથે સૂઈ જવા માટે હઠ પકડતાં. ગમ્મત તો ત્યારે થતી કે મારા મોટા ભાઈ કિરીટભાઈનો બાબો દીપન તો હક્કથી કહેતો કે દાદાની સાથે સૂઈ રહેવાનું ગ્રીનકાર્ડ (મોટા ભાઈ કિરીટભાઈ પરિવાર સાથે અમદાવાદ રહેતા હતા. પરંતુ દીપન એકાદ વર્ષનો થયો ત્યારથી કડી રહેતો હોઈ તે દરરોજ દાદા સાથે સૂઈ રહેતો હોઈ) મારી પાસે છે. તેમને બાળકો ખૂબ જ વહાલાં હતાં. તેમણે પ્રેક્ટિસ બંધ કરી ત્યારે બાળકોના વહાલસોયા દાદા અને ગુરુ બની ગયા હતા. સર્વ વિદ્યાલય કૅમ્પસમાં બાળકોને લઈ જઈને સમજાવતા. બાળકો કંઈક જાણે, શીખે અને સમજે તે ભાવનાથી પ્રેરાઈને એક દિવસ તો મને અને અમારાં 6 બાળકોને તિરૂપતિ વૉટરપાર્ક (વિસનગર) અને સ્વપ્નસૃષ્ટિ વૉટરપાર્ક (ગ્રામભારતી) ફરવા લઈ ગયાં હતાં. પ્રત્યેક રાઈડ વગેરે વિશે સમજાવે પણ ખરા. તેઓશ્રી ખરા અર્થમાં બાળકોના વત્સલ દાદા હતા.

ભગવાનની તો બધાંએ વાતો જ સાંભળી છે, પણ મને તો તેમનામાં – મારા ભાઈમાં ભગવાનનું સાક્ષાત્ રૂપ જોઉં છું. તેમના સંપર્કમાં આવનાર ગમે તેવા સ્વભાવનો માણસ હોય છતાં પણ તેમના માટે તેમની લાગણી બધા માટે સરખી જ રહેતી. અજાણ્યા માણસને પણ તેમનાથી થઈ શકે તેટલી મદદ કરવા તે તૈયાર જ રહેતા – પરદુઃખભંજન. અમને તેમના જીવનમાંથી ઘણુંબધું શીખવા મળ્યું છે. ખરેખર તેઓશ્રી એક સંતપુરુષ હતા. તેમની ખોટ કદીય પુરાય તેમ નથી.

તેમનો સંસ્કારવારસો અમારામાં કાયમ દૃઢ થાય અને તેમના ચીંધ્યા માર્ગે અમે ચાલીએ એમાં જ જીવનની સફળતા જોઉં છું. મારા પિતા મારા રોલ-મોડલ છે. આવા મારા પિતા – 'ભાઈ' મને જનમોજનમ મળે તેવી બાપાને પ્રાર્થના કરું છું.

**- પ્રવીણા પટેલ**
**17, શિવગણેશ-2, ઝાયડસ હૉસ્પિટલ રોડ,**
**થલતેજ, અમદાવાદ-380059**
મો. 9428412651

૪૪

# સેવાના ભેખધારી: પૂજ્યશ્રી સાથેનાં સંસ્મરણો

**વિશ્વજિત પટેલ**

કડીના પ્રતિષ્ઠિત ડૉક્ટર રામભાઈની સુપુત્રી પ્રવીણા સાથે મારા વિવાહ થવાથી શ્વસુર-જમાઈના નાતે હું તેઓશ્રીના સંસર્ગમાં છેલ્લાં 33 વર્ષથી છું. મારા પિતાશ્રી પોપટભાઈ (DEO)ને સર્વ વિદ્યાલયમાં સરકારી કામકાજથી જવાનું થતું રહેતું હતું. આ સમયગાળામાં સર્વ વિદ્યાલય, કડીમાં પ્રિન્સિપાલ તરીકે મારા નાના મનુભાઈ જે. પટેલ (ચાણસ્મા) હતા. મારા પિતાશ્રી સર્વ વિદ્યાલય ટ્રસ્ટીમંડળના શ્રી માણેકલાલ સાહેબ, ડૉ. રામભાઈ વગેરેના પરિચયમાં હતા. હું અખંડાનંદ આયુર્વેદિક કૉલેજ, અમદાવાદથી આયુર્વેદ (BAMS)નો અભ્યાસ પૂર્ણ કરી પ્રાઈવેટ પ્રેક્ટિસ માટે વિચારી રહ્યો હતો તે દરમિયાન મનુદાદાએ પ્રવીણા માટે અમારા પરિવારને વૈવાહિક સંબંધે આગળ વધવા પ્રેરિત કર્યો. આમ બન્ને પરિવારોનું યોગાનુયોગ મિલન થયું. લગ્ન બાદ કડી જવાનું થતું ત્યારે તેમની સાથે દવાખાને જવાનું થાય ત્યારે તેઓશ્રી દર્દીને તપાસવાનું શરૂ કરતાં પહેલાં તમામ સ્ટાફ સાથે મળીને એક અનોખી પ્રાર્થના કરતા:

**સર્વનું સર્વ કલ્યાણ હો જો,**
**સર્વનું સર્વ મંગલ હો જો.**

**સર્વને તનમાં પૂર્ણ આરોગ્ય હો જો,**
**સર્વને મનમાં પૂર્ણ શાંતિ-પ્રસન્નતા હો જો.**

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**
**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

મહાન ઋષિમુનિઓ-સંતોના જેવી ઉત્કૃષ્ટ ભાવનાથી સભર પ્રાર્થનાથી પ્રત્યેક દિવસની શરૂઆત થતી જોઈ હતી. મેડિકલની ડિગ્રી લેતાં જે એથિક્સનું પાલન કરવાના શપથ લેવાના હોય તેનું રોજબરોજ પઠન તથા અનુસરણ થતું રૂબરૂમાં જોવા મળ્યું – અનુભવ્યું. દરેક દર્દીને પોતાના પરિવારના સભ્ય હોય તે રીતે સાદી ભાષામાં સમજાવતા તથા જરૂર પડે તેને કોઈ બીમારી નથી, ખોટી દવાઓ, મેડિકલ રિપોર્ટ તપાસ પાછળ ખર્ચા ન કરવા પણ સમજાવતા, છતાં પણ તેની શ્રેષ્ઠ સારવાર ઓછા ખર્ચે થાય તેનું પ્રથમ ધ્યાન રાખતા.

ગરીબ દર્દીઓની ફી માફી. દર્દીને રીસેપ્શન પરથી જ ફી માફી વાળો કેસ જાતે જ કઢાવવાની છૂટ, કોઈ જ વધારાની પૂછપરછ વગર ગરીબ દર્દીઓ, હૉસ્ટેલના વિદ્યાર્થીઓને મફતમાં સારવાર આપતા. તેમની જોડે બેસીએ તો કંઈક સારું શીખવા મળે તેવું મેં સતત અનુભવ્યું છે. તેમને પ્રેરક વાતો કરવાની ટેવ ખરી. તેમના અનુભવો કહે, અન્ય સંતો-મહાનુભાવોની સારી ધ્યાનમાં રાખવા જેવી વાતો પણ કહેતા, જેથી ઘણું શીખવા મળતું. તેમને વાંચનનો ખૂબ શોખ. રવિવારે રજાના દિવસે સામાજિક તથા સત્સંગની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેતા. કડી તથા આજુબાજુનાં ગામોમાં ભાગ્યે જ કોઈ ઘર એવું હશે કે જે તેઓના સંપકમાં ન આવ્યું હોય. દર્દીઓને તેઓ અંધશ્રદ્ધાથી દૂર રહેવા પણ સમજાવતા.

1988માં મેં ઘાટલોડિયા – અમદાવાદથી પ્રાઈવેટ મેડિકલ પ્રેક્ટિસની શરૂઆત કરી હતી. ત્યાર બાદ ત્રણેક વર્ષ પછી ઓગણજ ગામે બીજું દવાખાનું કરવાની ઇચ્છા વ્યકત કરતાં તે માટે કરસનકાકાને વાત કરીને ત્યાંના સામાજિક અગ્રણીઓ, સત્સંગીઓ, સંબંધીઓ વગેરેના સંપર્ક શોધીને સંતો દ્વારા ઉદ્‌ઘાટન વગેરે વ્યવસ્થાઓ ગોઠવી સુંદર સહકારભર્યું વાતાવરણ ઊભું કર્યું હતું તે મારા માનસ-પટલ ઉપર સતત તાજું જ રહેશે. મારી મેડિકલ પ્રેક્ટિસ 1988થી 2006 (18 વર્ષ) દરમિયાન તેમના સંપર્કથી ઘણું જાણવા – શીખવા મળ્યું.

પોતાની દીકરી પ્રવીણાનો પરિવાર પણ આર્થિક સક્ષમ બને તે માટે કિરીટભાઈના ક્રિરા પોલિકેમ તથા પ્રદીપભાઈના કન્સ્ટ્રકશનના ધંધામાં રોકાણ કરાવી ભાગીદાર બનાવ્યો. આગળ જતાં પ્રદીપભાઈનો કસ્ટ્રકશનનો ધંધો ખૂબ પ્રગતિ કરતાં હું મેડિકલ પ્રેક્ટિસ છોડીને કન્સ્ટ્રકશનમાં સક્રિય ભાગીદાર બન્યો. તેઓશ્રી ઉંમર થતાં મેડિકલ પ્રેક્ટિસ છોડી અમદાવાદ ખાતે સ્થાયી થયા ત્યારે નાની-મોટી શારીરિક તકલીફ તેમને કે પૂ. ગોમતીબાને થતી ત્યારે ‘હવે આ ઉંમરે તો આવું બધું થાય’, ‘બાકી મને કંઈ અગવડ નથી’, ‘મને ઘણું સારું છે’ તેમ સહજતાથી જણાવતા. અમદાવાદ આવ્યા બાદ તેમની તથા પૂ. ગોમતીબાની સ્વાસ્થ્ય અંગેની તકલીફમાં મને હંમેશાં યાદ કરતા રહેતા મને તેમની સેવાની તક સાંપડી છે તેને મારું સદ્‌ભાગ્ય ગણું છું.

તેમનું પ્રેરણાત્મક જીવન તથા ઉમદા વિચારો સર્વે માટે હંમેશાં અનુકરણીય હતા, એવા અજાતશત્રુ, આજીવન સેવાના ભેખધારી ઋષિમુનિ સમાન ડૉ. રામભાઈ દાદાને શત શત નમન.

**- ડૉ. વિશ્વજિત પટેલ**
16, શિવગણેશ-2, ઝાયડસ હૉસ્પિટલ રોડ,
થલતેજ, અમદાવાદ - 380059
મો. 9825344972

૪૫

# અમારા ઘરનો રૂતબો

**ધારા દીપન પટેલ**

હું ધારા દીપન પટેલ. ડૉ. રામભાઈ પટેલ મારા દાદા (પૂજ્ય દાદા શ્વસુર) થાય. તેમના વહાલા પૌત્ર દીપનની વાઇફ. રામભાઈ દાદાની સ્મૃતિઓ અંક્તિ કરવા માટે મારે ભૂતકાળમાં ડૂબકી મારવી પડે. વર્ષ 2005માં મારી ઉંમર 21 વર્ષની – જીવનસાથીની વાત આવવાની વય થઈ ત્યારે સૌથી પહેલી વાત આવી કડીના ડૉ. રામભાઈ પટેલના સુપુત્ર શ્રી કિરીટભાઈના દીકરા દીપન માટેની. એક હકીકત છે કે જ્યારે લગ્નની વાત આવે ત્યારે બન્ને પક્ષનાં કુટુંબો ખૂબ સાવધાની રાખીને નિર્ણય લેતાં હોય છે, કારણ કે તે માત્ર બે વ્યક્તિનાં જીવનની વાત નથી; પરંતુ બે કુટુંબો અને આવનારી પેઢી માટે તેનો પાયો મજબૂત કરવાની વાત છે. મારા માટે જ્યારે વાત આવી ત્યારે કડી અમારા માટે અજાણી જગ્યા, પણ બે-ત્રણ સંબંધીઓને પૂછપરછ કરતાં સૌનો એક જ જવાબ, રામભાઈના ઘરમાં તમારી પુત્રી જશે તો તેનો ભવ સુધરી જશે. દીપન મારા માટે પહેલા અને છેલ્લા. રામભાઈ દાદા અને કિરીટ પપ્પાની સમાજમાં અનોખી છાપના કારણે અમારું સગપણ નક્કી કરવામાં આવ્યું. મોરનાં ઈંડાં ચીતરવાં ન પડે તે જ કહેવતને સાચી ઠરાવતા દાદાના સંસ્કારોની ઝલક કિરીટ પપ્પામાં અને તે જ ઝાંખી મને દીપનમાં જોવા મળી છે, જે માટે ગર્વ અનુભવું છું.



*ડૉ. રામભાઈના કડીના નિવાસસ્થાને પૂ. પ્રમુખસ્વામી મહારાજ*

મારી પ્રથમ મુલાકાતમાં જ એ સૌ સરળ અને સહજ છતાં થયેલાં. દાદા કડી અને આજુબાજુનાં બધાં જ ગામોમાં ખૂબ લોકપ્રિય ડૉક્ટર તરીકે ખ્યાતિપ્રાપ્ત. સ્વ. કુંવરબાએ યુવાનવયે વિધવા થતાં જે કઠોર પરિસ્થિતિમાં પોતાના પુત્ર રામનો અને પુત્રી જોઈતીબાનો ઉછેર કરેલો તે તો એક ઉદાહરણ

સ્વરૂપ ઘટના સમાન છે. યુવાવયે પતિ ગુમાવી દેનાર પત્ની અને પિતાની છત્ર-છાયા ગુમાવી દેનાર પુત્ર તથા પરિવાર વિશે વિચાર કરતાં ધ્રુજારી ઊઠી જાય છે. કપરા સંજોગોમાં પણ પવિત્ર આત્મા એવાં કુંવરબાએ રામભાઈ દાદાનો સંસ્કાર-સંપન્ન ઉછેર કર્યો. પરિણામસ્વરૂપે તેઓશ્રી અમારા સમસ્ત સાકરિયા પરિવાર માટે ખરેખર મસીહા સમાન બની રહ્યા હતા. અમારા બૃહદ કુટુંબ અને ગામ માટે તેમની અપાર લીલીછમ લાગણી રહી હતી.

જીવનની અંતિમ પળ સુધી તેઓશ્રી ખૂબ જ સારા સ્વભાવ સાથે જીવન જીવી ગયા. નખમાં પણ રોગ નહીં છતાં અમારા દાદાનું સ્વાસ્થ્ય પાછળના સમયમાં કથળવા લાગ્યું; પરંતુ તેમની જીભ પર એક જ વાક્ય - 'મને કોઈ તકલીફ નથી' રહ્યું હતું, કેમ કે અમે સૌ કુટુંબીજનો ચિંતામુક્ત બનીને રહી શકીએ.

તારીખ 13/05/2021 સાંજે 6 વાગ્યે જ્યારે દાદાએ દેહત્યાગ કર્યો ત્યારે સૌને આઘાત લાગ્યો. દાદાની વાસ્તવિક પરિસ્થિતિ જાણવા છતાં પણ અમારું મન એ હકીકત સ્વીકારવા તૈયાર ન હતું. મારા બંને દીકરા – આરવ - આર્જવ આખી રાત સૂઈ શક્યા નહીં. મારા મોટા દીકરા આરવને દાદા પ્રતિ વિશેષ લાગણી. એક દાદા-પ્રપૌત્રના અનેરા પ્રેમભર્યા સંબંધના કારણે જ તેને તાવ આવી ગયો, જે દાદાની સ્મૃતિ સાથે હંમેશાં કંડારાયેલો રહેવાનો.

દાદાની આખી જિંદગી સફેદ ખાદીનાં વસ્ત્રોમાં વીતી. દાદાની શાલીનતા જ તો હતી ખાદી! ક્યારેય કોઈ સાથે અણબનાવ નહીં, બીજાનું પહેલાં વિચારવાની વૃત્તિ. વ્યક્તિત્વ એવું તો અચંભિત કરી દેનાર કે જો કોઈ ખામી શોધે તોપણ તેને ન મળે! આવા તો મનુષ્યના રૂપમાં ભગવાન જ હોય! દાદા એકદમ નોખી માટીના માનવી. એક કુશળ ડૉક્ટરની સાથે-સાથે સેવાભાવી, દરદી સાજો થાય તે માટે બધા જ ઉપાયો કરી છૂટતા. આમ છતાં વધુ પૈસા મેળવવા માટે લેશમાત્ર લોભ નહીં. ડૉક્ટર અને ઉમદા માનવ તરીકે લોકોના હૈયામાં વસી ગયા છે. ઘણાં વર્ષો પહેલાં પ્રેક્ટિસ છોડી દીધી હોવા છતાં લોકો આજે પણ તેમને સતત યાદ કરતાં રહે છે.

દાદા પ્રખ્યાત ડૉક્ટરની સાથે-સાથે સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ અનેરી લગન અને ભક્તિ સાથે તેઓ પ. પૂ. પ્રમુખસ્વામી અને પ. પૂ. મહંતસ્વામીના માનીતા હરિભક્ત બની રહ્યા હતા. સાંસારિક જીવન જીવતા હોવા છતાં પ્રમુખસ્વામી મહારાજ તેમને નજીકથી ઓળખે અને સાધુ સાથે સરખામણી કરે તે ઘટના દાદાનાં ચારિત્ર્ય અને અનોખી પ્રતિભાને છતી કરે છે.

રામાયણમાં જેમ રામ (ભગવાન) નામથી જ પથ્થર તરી ગયા તેમ અમારા રામભાઈ દાદાના નામથી જ અમારાં સૌનાં જીવન ઉન્નત થઈ ગયાં. દાદાનું વ્યક્તિત્વ અમને સૌને પ્રભાવિત કરે છે. દીપનનું બાળપણ દાદા સાથે જ વીત્યું

હતું. પૂ. મમ્મી-પપ્પા અમદાવાદ રહેતાં હતાં; પરંતુ દીપનને 11 મહિનાની ઉંમરે દૂધ માફક ન આવતાં દાદા તેને કડી લઈ આવ્યા અને ત્યાં તેનો દોઢ-બે વર્ષ સુધી ઉછેર કર્યો. આપણે અનુભવીએ છીએ કે બાળકનું માનસ કુમળું હોય છે. તે સ્લેટ જેવું હોય, જે અક્ષરો મઢીએ તેવું મઢાય. દીપનના ચારિત્ર્ય-ઘડતરમાં સૌથી મોટો ફાળો દાદાનો છે તે હું દૃઢપણે માનું છું.

દાદાના વ્યક્તિત્વની આગવી ખાસિયત એ કે તેઓશ્રી માત્ર પોતાનાં પૌત્ર-પૌત્રીઓનું ભવિષ્ય ઊજળું બને તે માટે સ્વકેન્દ્રી ન બની રહેતાં સમગ્ર સમાજનું ભવિષ્ય ઊજળું બને તે હેતુસર સર્વ વિદ્યાલય, કડીને જીવનપર્યંત સમર્પિત બની રહ્યા હતા. વિદ્યાર્થીઓ ગુણવત્તાશીલ શિક્ષણ મેળવે અને સંસ્કારસંપન્ન બને એવી તેમની ઉદાર ભાવના રહી હતી.

મારાં બાળકો - આરવ અને આર્જવ, જ્યારે પણ દાદા પાસે બેસતાં ત્યારે દાદા હંમેશાં વિજ્ઞાનને લગતી બાળકોને સમજાય તેવી વાતો કરતા. જીવનમાં ભણતરનું મહત્ત્વ સમજાવતા અને હંમેશાં બાળકો અને દાદાની મુલાકાત "ખૂબ ભણો, ખૂબ આગળ વધો"ના આશીર્વાદ સાથે પૂરી થતી.

આજે પણ જ્યારે દીવાલ પર લગાવેલા દાદાના ફોટા સામે જોઉં છું તો, દાદાના મૃદુ અવાજનો ક્ષણભર કાનમાં ગુંજારવ થતો અનુભવું છું. દાદાને પેરાલિસિસ થવા છતાં મને કહેતા, "મારા વહાલા આરવ-આર્જવને અમેરિકા ભણવા મોકલવાનાં છે અને હું ઍરપૉર્ટ પર આવવાનો છું."

આવા હેતાળવા અને સંસ્કારસંપન્ન દાદા મેળવીને હું મારી જાતને ભાગ્યશાળી ગણું છું. પૂ. દાદા-દાદી અને પપ્પા-મમ્મી વગેરે કુટુંબીજનોનો અઢળક સ્નેહ મને મળી રહ્યો છે. પ્રિય દીપન અને સમગ્ર પરિવાર સાથેના મિલનને પરભવની પ્રીત તરીકે સ્વીકારું છું. જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત હોવા છતાં દાદા અક્ષરનિવાસી થયેલા છે તે કેમેયે ગળે ઊતરતું નથી. આવા દાદા ભવોભવ મળે તેવી ભગવાન અક્ષર પુરુષોત્તમને પ્રાર્થના.

**- ધારા દીપન પટેલ**
મો. 9909031693

૪૬

# પૂજ્ય દાદાજીને પદ્યમાં શ્રદ્ધા-સુમન...

ધારા દીપન પટેલ

1

## અમારા ઘરનો રૂતબો....



અમારું સાહસ, સન્માન અને પીઠબળ
અમારા દાદા,
અમારી ઓળખ, અમારી પૂંજી અમારા દાદા!
જેમ ઘૂઘવતો રહે સમુદ્ર, છતાંય શાંત તેનો કિનારો,
તેમ અમારી મુશ્કેલીઓની ઢાલ હંમેશાં બની રહ્યા
અમારા દાદા!
મૃદુભાષી, ઘેરું એવું વ્યક્તિત્વ,
જે ન હતો માત્ર અમારા ઘરનો રૂતબો!
ચાર ચાંદ લગાવતી તેમની હાજરી સર્વસ્વ!
જ્યાં જ્યાં પગ રાખ્યા,
ત્યાં ત્યાં મૂકતા ગયા ચંદનની સુવાસ!
કુદરત રાખે ઓગણીસ-વીસ સૌમાં,
અમારા દાદા તો હતા બત્રીસ લક્ષણા!
કદાચ ભગવાને આપ્યું ફળ અમારાં સદ્કર્મોનું,
અહોભાગ્ય પ્રાપ્ત થયું અમને તેમની છત્રછાયાનું!

**2**

## હૉસ્પિટલ બિછાને દાદા...

અચંભિત કરી દેતી એમની એ આભા,
અને મનમોહક વ્યક્તિત્વ !

ક્યાં ખબર હતી કે આંખોના પલકારામાં તે,
પોતાની અનોખી છાપને જ ઝાંખી કરતું જશે !

જે આંખો તેજથી છલકાતી,
તે જ આંખોમાં ઝાકળ જેવી ભીનાશ દેખાશે,
ક્યાં ખબર હતી !

આત્મવિશ્વાસ હતી જેમની ખુદની પરિભાષા,
તે જ પોતે, પોતાના વિશ્વાસ પર સવાલ કરવા લાગ્યા !

દુનિયા સામે પોતે ઉભારિયું પોતાનું ઉદાહરણ,
આજે ખુદની જ હસ્તી પોતે જ શોધવા લાગ્યા !

હશે ! વીતેલ જનમનો કોઈ બાકી હિસાબ-કિતાબ,
પણ હે ખુદા, શા માટે તમોએ ઉધારી રાખી ?
એમના વીતેલા જન્મારાનું, આ નિષ્પાપ જન્મે
એ ચૂકવવાની ?

તા. 29.11.20

3

## અલવિદા દાદા...

કહેવાય છે કે આકાશના દેખાતા તારા,
છે ધરતીના સર્વોત્તમ આત્માઓ સૌ !
ધરાથી દૂર, ગગનમંડળમાં તેઓ ટમટમે,
મંદ મંદ સ્મિત હળવેથી જાણે રેલાવે !
આજે એક તારો વધુ ઉમેરાયો,
જોજનો દૂર જઈ, તારલાની ટોળકીમાં એ ભળ્યો !
આજે જ જાણ્યું કે, છે ભગવાન પણ સ્વાર્થી !
ત્યારે આ પામર મનુષ્યનું ગજું શું રહે !
પ્રિય બન્યા એ સૌ મહાનુભાવો પ્રભુને એવા,
ને પ્રભુના નયનમાં વસ્યા,
પ્રભુ પણ આજે બન્યા વિહ્વળ મળવાને !
તેથી જ તો પોતાના વહાલસોયાને, બોલાવી લીધો પોતાની
પાસે,
પણ, હે પ્રભુ ! આપનાં તો અનેક વહાંલસોયાં હતાં
આપની પાસે,
અમારા તો એકમાત્ર "રામદાદા" હતા અમારી પાસે !
તો શા માટે એમને બોલાવવાનો રાખ્યો મોહ તમે ?
અને વ્યથિત કર્યાં અમ સૌને !
પ્રભુ, તમારાં દર્શન તો દુર્લભ હતાં અમારા માટે,
પણ "રામદાદા"ના સ્વરૂપે "રામ"ની હયાતી
અનુભવી હતી અમે જરૂરથી !
આજે લઈ લીધી છત્રછાયા એમની,
અમારા શિશ પરથી,

હવે એટલી દયા રાખ પ્રભુ,
અને આપ હિંમત કે
આ દર્દ જીરવી શકીએ સહેજે !
અને
એટલું જ માગું કે
અમારા દાદા મળે જનમોજનમ

તા. 13.3.21

4

## દાદાની પ્રથમ માસિક પુણ્યતિથિએ....

એ ઓરડો,
અગરબત્તીની સુવાસ સમી હાજરી પૂરતો ક્યારેક જે !
આમ જ સૂનમૂન લાગે આજે એ !

અવાજમાં હતો રણકાર જે,
આજે નીરવ શાંતિ લાગે તેના સ્થાને !

સૂરજની એ પહેલી કિરણ જાણે,
શોધે તે તેજ ચહેરાને પોતે જ પ્રતિબિંબિત થવાને જાણે,
ને આમ જ હરરોજ લે તે વિદાય ખાલી હાથે જાણે !
તો રાત્રીનોએ અંધકાર પણ દીઠે પાછી પાની કરતો જાણે !

ચિર નીંદરમાં પોઢતાં પહેલાં, દેતા ગયા શુભાશિષ સૌને,
આજે પણ જાણે તેમની અદશ્ય હાજરી સૌ અનુભવે તે ઓરડે !

એ ઓરડો,
ભલે દિશે આમ જ ખાલી-ખમ,
પણ, એ હજીય ભરેલો છે
એમની અણમોલ યાદોથી ભરપૂર !



*સર્વ વિદ્યાલય કેળવણીમંડળ દ્વારા આયોજિત શિક્ષકસન્માન સમારોહ પ્રસંગે*
*અન્ય મહેમાનશ્રીઓ સાથે ડૉ. રામભાઈ પટેલ*

**5**

છે અહોભાગ્ય અમારા કે,
સાંપડી છે અમારી જિંદગીને !
નિકટતા આપના શાલીન વ્યક્તિત્વની !

જાણું છું કે નથી હયાતી એ નશ્વર શરીરની ક્યાંય,
પરંતુ તમારા પરમ આત્માનો ભાસ ચોક્કસથી ક્યાંક !

યાદો છે, જે થાય ધૂંધળી આમ જ ક્યારેક,
જાણે વહેતા સમયનો લાગે છે તેને કાટ ક્યારેક !

તેથી જ આ કાળા ધોળા પાનાઓ ને જાણે,
દીધી છે વાચા આ પુસ્તક રૂપે અમો એ આજે !

માનો સૌ પળો જેને આજ મળ્યું શબ્દોનું એક માળખું,
જે હંમેશાં સજીવન રહેશે હદયમાં પૂરું આયખુ !

તા. 13.6.21
- **ધારા દીપન પટેલ**
મો. 9909031693




*પ્રમુખસ્વામીની પ્રતિમાને માલ્યાર્પણ કરતા*
*ડૉ. રામભાઈ પટેલ (તા. 30/8/2016)*



## ચારિત્ર્ય

ચારિત્ર્યહીન માણસોની આ દુનિયામાં કોઈ કીમત નથી, ચારિત્ર્ય હોય ત્યાં ભગવાન હોય. ચારિત્ર્ય એ પાયો છે. ચારિત્ર્ય ચૂક્યા તો જીવની ઇમારત પડતા વાર નહિ લાગે. આચાર-વિચાર શુદ્ધ રાખવા. જ્યાં જઈએ ત્યાં સંતોષ રાખવો. દોડ-દોડ ન કરવું. સમાજસેવા કરો ને ચારિત્ર્ય ન હોય તો તેની અસર થતી નથી. કોઈને વાત કરો ને તે તમારા જીવનમાં ન હોય તોપણ અસર થતી નથી. ભેગાં મળીને ડિસ્કો કરે, નાચે – તેનું મન ક્યાં જાય? સ્ત્રીમાં જ. પછી એ ભગવાનમાં ક્યાંથી વળે?

- પ્રમુખસ્વામી મહારાજ



"રામભાઈ, તમે સાધુ છો જ. તમારે સાધુ થવાની જરૂર નથી તમે કેળવણી અને લોકકલ્યાણનાં કામ કરો છો તે સાધુનું જ કામ છે."

– પ્રમુખસ્વામી મહારાજ

ભાગ્યજોગે અમે બંને એક જ વર્ગમાં ભણતા હતા. સત્સંગી હોવાને કારણે અમારે બંનેની પરમ મિત્રતા થઈ હતી, તેથી વર્ગમાં જ્યારે ફ્રી પિરિયડ હોય ત્યારે અમે સૌ સત્સંગી મિત્રો ફરતાં-ફરતાં રમતના મેદાન પર જતા ને સત્સંગ સંબંધી ગોષ્ઠિ કરતા. શ્રી રામભાઈએ ડૉક્ટર બન્યા બાદ કડીમાં દવાખાનું કર્યું. સેવાભાવી સ્વભાવને કારણે ગરીબ દર્દીઓને રાહતમાં કે સંપૂર્ણ ફ્રીમાં સારવાર આપતા. તેમના સરળ સ્વભાવને, યોગ્ય નિદાનને અને યોગ્ય સારવારને કારણે ખૂબ જ લોકપ્રિય બન્યા.

સર્વ વિદ્યાલયમાં કેળવણી લીધેલ તેથી તેનું સહેજે મમત્વ થાય, તેથી શ્રી માણેકલાલભાઈ સાથે રહી, સંસ્થાના વિકાસ માટે પ્રયત્નો કરતા. ત્યારે જ પોતે સંસ્થાના અધ્યક્ષ બન્યા ને સંસ્થાનો સર્વાંગી વિકાસ થાય તે માટે ખૂબ જ પરિશ્રમ કર્યો. શ્રી રામભાઈએ B.A.P.S. સંસ્થા પાસેથી 'પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજ' માટે દાન મેળવી આપ્યું હતું. તેમણે સ્વયં પણ પોતાના પરિવારજનોની સ્મૃતિ માટે પણ સંસ્થામાં સહાય કરેલ છે, તેમજ સમાજજીવનની વિવિધ સંસ્થાઓમાં પણ સારી સેવા કરી છે.



– સાધુ ભક્તિપ્રિયદાસ

(કોઠારીસ્વામી, સ્વામિનારાયણ મંદિર, દાદર, મુંબઈ)

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ
કડી -૩૮૨૭૧૫ (૨૦૨૨)